# પ્રસાદ નં. ૫૧

## પ્રવચનસાર ગાથા ૧૧૧ ટીકાના પ્રવચનમાંથી.

(માગશર વદ ૨, મંગળવાર)

આત્મા પોતે ગુણી છે. અસ્તિત્વ તેનો સ્વભાવ છે. પણ પ્રદેશે ભેદ નથી. આ પ્રમાણે નિર્દોષ લક્ષણવાળા આત્મદ્રવ્યની પર્યાયની ઉત્પત્તિ પરના હોવાપણાથી થતી નથી પણ પોતાના અસ્તિત્વસ્વભાવમાં થાય છે. બીજા દ્રવ્યમાં આત્માનો ઉત્પાદ થતો નથી. બીજાના અસ્તિત્વમાં બીજાનો ઉત્પાદ થાય છે. ગુણી પોતાના અસ્તિત્વસ્વભાવમાં ઉત્પાદ પામે છે. દ્રવ્ય ગુણ વડે ઉત્પાદ પામે છે. આવી રીતે દ્રવ્યગુણપર્યાય અખંડ લીધા છે. સમ્યગ્દર્શનનો ઉત્પાદ પોતાની સત્તા શક્તિ વડે થયો છે. કર્મ ટળ્યું માટે સમ્યગ્દર્શનનો ઉત્પાદ થયો નથી.

જ્યારે આત્મા અને પરમાણુ સત્તાગુણ વડે ઉત્પાદ પામે છે ત્યારે તે દ્રવ્યની સમય સમયની અવસ્થાના ઉત્પાદને સામાન્ય શક્તિવાનની કથની વખતે સદ્ભાવસંબંદ્ધ ઉત્પાદ કહે છે; અને સમકિત પર્યાય પૂર્વે પ્રગટ ન હતી ને વર્તમાન પ્રગટ થઈ, માટે અસદ્ભાવસંબદ્ધ ઉત્પાદ કહેવાય છે. બંને અપેક્ષામાં સંબંધ તો દ્રવ્ય સાથે જ છે.

પોતાની સત્તાના કારણે પોતામાં ઉત્પાદ થઈ રહ્યો છે—એમ નક્કી કરે તો બીજાથી પરિણામો થાય છે, તેવી ખોટી માન્યતા છૂટી જાય અને ધર્મ તથા સુખ માટે પોતાના દ્રવ્ય સામે જોવાનું રહે.

મિથ્યાત્વની પર્યાયનો નાશ કરી સમકિતની પર્યાયની ઉત્પત્તિ થાય છે તે પર્યાયને મુખ્ય ન કરવામાં આવે ને દ્રવ્યને મુખ્ય કરવામાં આવે ત્યારે સમકિતનો ઉત્પાદ દ્રવ્યમાં શક્તિ છે તેમાંથી થયો છે. માટે તે ઉત્પાદને સદ્ભાવસંબંદ્ધ ઉત્પાદ કહેવામાં આવે છે. તે દ્રષ્ટાંત દ્વારા સમજાવે છે :

સોનામાં સોનું જ કહેવામાં આવે—સોનાનાં કડાં, હાર વગેરે કહેવામાં ન આવે ત્યારે સોનામાં પીળાશ, ચીકાશ, વજન વગેરે એકસાથે રહેનારી અન્વયશક્તિઓ સામાન્ય સોનાને સાબિત કરે છે. કડાં, હાર વગેરે એક પછી એક અવસ્થાને પામતા સોનાને તે અવસ્થાઓ શક્તિઓ હતી તેમાંથી આવી છે—એમ શક્તિવાન દ્રવ્યને મુખ્ય કરી કહેવામાં આવે ત્યારે સોનાને સદ્ભાવસંબદ્ધ ઉત્પાદ થયો કહેવામાં આવે છે. પીળાશ, ચીકાશ વગેરે સદ્રશ્ય ગુણો છે તે વડે સોનું એકરૂપ સદ્રશ્ય રહે છે,–આમ સોનું સિદ્ધ કરીને પર્યાય છે એમ કહેવું તે સદ્ભાવસંબદ્ધ ઉત્પાદ છે.

## અસદ્‌ભાવસંબદ્ધ ઉત્પાદ.

જ્યારે અવસ્થાઓ જ કહેવામાં આવે છે—દ્રવ્ય નહિ, ત્યારે ઉત્પન્ન ને નાશ લક્ષણવાળી, એક પછી એક થતી, અવસ્થાને નિપજાવનારી વ્યતિરેક વ્યક્તિઓ વડે દ્રવ્યને અસદ્‌ભાવસંબદ્ધ જ ઉત્પાદ છે. ત્યારે પણ તે દ્રવ્યને, ઉત્પન્ન-નાશ ન થાય તેવી, એકી સાથે પ્રવર્તતી, દ્રવ્યને રચતી અન્વયશક્તિઓ સાથે સંબંધ રાખીને ઉત્પાદ થયો છે. અનેકરૂપ ભેદ અવસ્થા થવા છતાં દ્રવ્ય તેના ગુણોને છોડીને ભેદરૂપ થયું નથી.

અસદ્‌ભાવસંબદ્ધ=અહયાતી સાથે સંબંધવાળો. પર્યાયોની કથની વખતે પર્યાયોને મુખ્ય ને ગુણોને ગૌણ કરાતા હોવાથી દ્રવ્યને અસદ્‌ભાવસંબદ્ધ ઉત્પાદ એટલે અવિદ્યમાનનો ઉત્પાદ છે—એમ કહેવામાં આવે છે.

(૧) ઉત્પાદવિનાશવાળી : મિથ્યાત્વની પર્યાયનો ને સમકિતની પર્યાયનો ઉત્પાદ. શ્રુતજ્ઞાનની પર્યાયનો નાશ ને કેવળજ્ઞાનની પર્યાયનો ઉત્પાદ.

–આવી રીતે પર્યાયો ઉત્પાદ વિનાશ સહિત છે.

(૨) ક્રમે પ્રવર્તતી : એક પછી એક અવસ્થા થાય છે. ક્ષાયોપશમિક વખતે ક્ષાયિક અવસ્થા ન હોય; સ્વરૂપાચરણ ચારિત્ર વખતે યથાખ્યાતચારિત્ર ન હોય. તે એક પછી એક પ્રવર્તે છે.

દ્રવ્યમાં આવી પર્યાયો એક પછી એક થાય છે. તેમાં વર્તમાન પર્યાય પૂર્વે પ્રગટ ન હતી ને વર્તમાનમાં પ્રગટ થઈ એટલે પર્યાય અપેક્ષાએ દ્રવ્યને અસત્ ઉત્પાદ થયો કહેવામાં આવે છે. ઉત્પાદ થયો છે તો દ્રવ્ય ને શક્તિઓમાંથી પણ ઉત્પાદ પૂર્વે ન હતો ને વર્તમાનમાં થયો—એમ અવસ્થાને મુખ્ય કરી કથન કરવામાં આવે છે. નિમિત્ત અથવા પરપદાર્થ આવ્યા અથવા હતા તો અસદ્‌ભાવસંબદ્ધ ઉત્પાદ થયો—એમ નથી.

ભગવાનને કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતસુખ, અનંતવીર્ય પ્રગટ્યાં તે પૂર્વ અવસ્થામાં ન હતાં, પૂર્વે તો જ્ઞાન, દર્શન, વીર્ય વગેરે અધૂરાં હતાં. તે અધૂરાશનો વ્યય થઈ અનંત ચતુષ્ટય પ્રગટ થયાં એમ કહેવું તે અસત્ ઉત્પાદ છે. વજ્રર્ષભનારાચ સંહનન હતું માટે કેવળજ્ઞાનનો ઉત્પાદ થયો નથી, ચાર ઘાતીકર્મો ટળ્યાં માટે અનંત ચતુષ્ટાયનો ઉત્પાદ થયો નથી. અસત્ ઉત્પાદ પણ અનેક શક્તિઓથી રચાયેલા દ્રવ્ય સાથે સંબંધ રાખીને થયો છે. પર્યાયની મુખ્ય કથની વખતે શક્તિઓને ગૌણ કરેલ છે પણ તેથી શક્તિઓનો અભાવ વર્તે છે—એવું નથી; અથવા અસત્ ઉત્પાદ પૂર્વપર્યાયમાંથી થાય છે—એમ પણ નથી. અસત્ ઉત્પાદ નિમિત્તથી થયો નથી તેમજ પૂર્વપર્યાયમાંથી થયો નથી, પણ શક્તિઓ જે પડેલી છે તેની

સાથે સંબંધ રાખીને થયો છે પરંતુ કથન વિવક્ષામાં પર્યાયની મુખ્યતા કરી છે ને શક્તિને ગૌણ કરી છે. સોનાના દ્રષ્ટાંતે :–

જ્યારે કડાં, કુંડળ વગેરે અવસ્થાઓ જ કહેવામાં આવે છે—સોનું નહિ, ત્યારે કડાં, કુંડળ જેટલું ટકનારી, એક પછી એક થનારી અવસ્થા (કડાં વખતે કુંડળ નહિ ને કુંડળ વખતે કડાં નહિ)—એ અવસ્થાઓ વડે સોનાને અસદ્ભાવયુક્ત જ ઉત્પાદ છે. ત્યારે પણ તે કડાં વગેરે અવસ્થાઓ સોના જેટલી ટકનારી, એકસાથે પ્રવર્તતી, સોનાની પીળાશ, ચીકાશ વગેરે અન્વયશક્તિઓ સાથે સંબંધ રાખે છે. કુંડળ વગેરે અવસ્થાઓ સોનાની પીળાશ, ચીકાશને જુદી રાખીને થઈ નથી. પીળાશ, ચીકાશ વગેરે એક સોનાને સિદ્ધ કરે છે. પર્યાયો તેની સાથે સંબંધ રાખે છે. પૂર્વે કુંડળ ન હતું ને વર્તમાનમાં કુંડળ થયું—એમ કહેવું તે અસત્ ઉત્પાદ છે.

કોઈપણ પર્યાય નવી એકદમ કેમ થઈ? લીલી કેરીમાંથી પીળી કેરી એકદમ થઈ, શ્રુતજ્ઞાનમાંથી એકદમ કેવળજ્ઞાન થયું, આ બધાનું કારણ શું? સંયોગ ને નિમિત્ત આવ્યા માટે થઈ? કર્મ હઠ્યા માટે કેવળજ્ઞાન થયું?—કે ના. સંયોગ, નિમિત્ત કે કર્મ સાથે અસત્ ઉત્પાદ સંબંધ રાખતો જ નથી. અસત્ ઉત્પાદ પણ દ્રવ્ય સાથે સંબંધ રાખે છે. પહેલાં પ્રગટ ન હતો ને પછી પ્રગટ થયો માટે અસત્ ઉત્પાદ કહેવાય છે. જુદી જુદી પર્યાયોનો સંબંધ તો તે દ્રવ્ય સાથે છે.

શુભકર્મનો ઉદય આવ્યો માટે દેવગતિનો ઉત્પાદ થયો?—ના. દેવગતિની પર્યાયનો અસત્ઉત્પાદ તે જીવની સાથે સંબંધ રાખીને થયો છે, કર્મ સાથે સંબંધ રાખતો નથી. તેમ જ કર્મના પરમાણુનો ઉત્પાદ તે કર્મના પરમાણુ-પુદ્ગલદ્રવ્ય સાથે સંબંધ રાખીને થયો છે પણ જીવના શુભભાવને લીધે થયો નથી.

અહીં નિમિત્તને લીધે ઉત્પાદ થયો તે વાત લીધી નથી તેમજ પૂર્વપર્યાયના વ્યયની વાત પણ લીધી નથી. ક્રમે પ્રવર્તતા ઉત્પાદની વાત કરી છે.

કોઈ કહે કે જીવ હોય છે ત્યાં સુધી બોલાય છે, પછી કેમ બોલાતું નથી? જીવની ઇચ્છા નથી અથવા જીવ નથી માટે બોલાતું નથી—એમ નથી. ભાષાની પર્યાયની મૌનરૂપ અવસ્થા પહેલાં ન હતી ને પછી થઈ તે અસત્ઉત્પાદ દ્રવ્ય ને અન્વયશક્તિ-પરમાણુની સાથે સંબંધ રાખીને થયો છે. તેનો જીવ સાથે સંબંધ નથી.

જીવે હાથ અડાડ્યો માટે પરજીવ ડૂબતાં બચ્યો તે વ્યવહારનું કથન છે. સામો જીવ બચવાની ઉત્પાદપર્યાય તે પહેલાં ન હતી ને વર્તમાન થઈ તે તે જીવની શક્તિ સાથે સંબંધ ધરાવે છે પણ બીજા જીવ સાથે અથવા હાથ સાથે સંબંધ ધરાવતી નથી.

દુકાનની અવસ્થાનો ઉત્પાદ તે તે પરમાણુ ને તેના ગુણો સાથે સંબંધ રાખીને થયો છે. વર્તમાન અવસ્થા પૂર્વમાં ન હતી ને થઈ તેથી અસત્ ઉત્પાદ થયો છે પણ દુકાનનું ચાલવું જીવના રાગ સાથે સંબંધ ધરાવતું નથી.

હવે, પર્યાયોની કથની કરતી વખતે પણ અસત્ ઉત્પાદમાં તે તે જુદી જુદી અવસ્થાઓ અન્વયશક્તિઓ—જેમ કે આત્મામાં જ્ઞાન, દર્શન, વીર્ય વગેરે સદ્રશ્ય રહેનારા—ગુણોને પામતી થકી પર્યાયોને દ્રવ્યરૂપ કરે છે. દ્રષ્ટાંત :–આત્મામાં સમકિતની પર્યાય કે ચારિત્રની પર્યાય દ્રવ્યથી છૂટી પડીને એકલી રહેતી નથી. આ પર્યાય આ આત્માની છે—એમ સાબિત કરે છે, બીજા દ્રવ્યની છે એમ સાબિત કરતી નથી પણ તે પર્યાયો તે જ દ્રવ્યને સાબિત કરે છે. અસત્ ઉત્પાદ તેના દ્રવ્યને સાબિત કરે છે, બીજા દ્રવ્યને સાબિત કરતો નથી.

સોનામાંથી હાર, કુંડળ, કડાં વગેરે ઘાટ થાય છે તે ઘાટરૂપ અવસ્થાઓ પીળાશ, ચીકાશ, વજન વગેરે સોનાના ગુણોને પામતી (એરણ, હથોડા, સોનીના હાથ કે સોનીના રાગને નહિ પામતી) સોનાના દ્રવ્યને સાબિત કરે છે, સદ્રશ્ય શક્તિઓને સિદ્ધ કરે છે.

રોટલીરૂપ અવસ્થા લોટની સદ્રશ્ય શક્તિઓ સ્પર્શ, રસ, ગંધ, વર્ણને પામતી લોટના પરમાણુ દ્રવ્યને સાબિત કરે છે, બાઈ કે વેલણને સાબિત કરતી નથી. છોકરો ભણે છે તેના જ્ઞાનની ઉઘાડરૂપ અવસ્થા તેના સામાન્ય દ્રવ્યને બતાવે છે પણ હોશિયાર શિક્ષકને સાબિત કરતી નથી. ક્ષાયિક સમકિતની પર્યાય જેને પ્રગટ થઈ તેના આત્માને સિદ્ધ કરે છે પણ કેવળી ભગવાન અથવા શ્રુતકેવળીને સાબિત કરતી નથી.

દરેક દ્રવ્યની અવસ્થા તે તે દ્રવ્યને સિદ્ધ કરે છે, બીજાને સિદ્ધ કરતી નથી.

અહો! આવી સ્વતંત્રતાની વાત કહેવાતી હોય ત્યારે પણ સંયોગીદ્રષ્ટિવાળો જીવ સ્વભાવને નહીં જોતાં નિમિત્ત તથા સંયોગને જુએ છે, તે ખરેખર આશ્ચર્ય છે. સોની હતો તો સોનું ઘડાયું, ભગવાન હતા તો સમકિત થયું વગેરે વગેરે. એમ અનેક પ્રકારે તે સંયોગને જુએ છે. પણ ભાઈ! સંયોગ પણ એક વસ્તુ છે. સંયોગને પણ તેના સ્વભાવથી જો. તે સંયોગની ત્યાં હાજરી હોવાની અવસ્થાનો ઉત્પાદ તે સંયોગી દ્રવ્યને સાબિત કરે છે, બીજા દ્રવ્યને સાબિત કરતો નથી. સ્વભાવદ્રષ્ટિથી જ્ઞાન કરી જ્ઞેયને યથાર્થ જાણવાં તે સમ્યગ્જ્ઞાન છે.

***

# પ્રસાદ નં. પર

## પ્રવચનસાર ગાથા ૧૧૧ ટીકાના પ્રવચનમાંથી.

(માગશર વદ ૩, બુધવાર)

સામાન્ય શક્તિઓ જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે ક્રમે ક્રમે વ્યતિરેકોને પામીને દ્રવ્યને કરે છે ને દ્રવ્ય તે જ પર્યાયો છે. આત્મા અવસ્થા વખતે પર્યાયરૂપ જ થાય છે. પર્યાયથી જુદો રહેતો નથી. કર્મના ક્ષયોપશમની પર્યાય એના દ્રવ્યરૂપ થઈને રહે છે ને કર્મદ્રવ્ય પર્યાયરૂપ થઈને રહે છે.

પ્રશ્ન :—ઘંટીનું પડ નીચે સ્થિર છે ને ઉપલું પડ ફરે છે તેવી રીતે ધ્રુવ જુદું રહે ને ઉત્પાદ-વ્યય જુદા ફર્યા કરે, એવી રીતે હશે ?

ઉત્તર :—દ્રવ્ય ને તેની શક્તિઓ તટસ્થ રહીને પર્યાય થાય છે–એમ નથી. આખું દ્રવ્ય પર્યાયરૂપ થાય છે ને પર્યાય, દ્રવ્ય-ધ્રુવ સાથે રહે છે. દ્રવ્ય પર્યાયને છોડતું નથી અને પર્યાય દ્રવ્યને છોડતી નથી.

દ્રવ્યની કથની વખતે પણ, સત્—ઉત્પાદમાં દ્રવ્યની નિપજાવનારી અન્વયશક્તિઓ એક એક પછી એક અવસ્થારૂપે પામતી દ્રવ્યને અવસ્થારૂપે કરે છે. દ્રવ્ય પોતે જ પર્યાયરૂપ થાય છે.

જેમ સોનાની નિપજાવનારી અન્વયશક્તિઓ પીળાશ, ચીકાશ, વજનપણું વગેરે ક્રમપ્રવૃત્તિ પામીને અવસ્થાને પામતી સોનાને કુંડળ, કડાં વગેરે રૂપ કરે છે. સોનું પોતે તે અવસ્થારૂપ થાય છે.

આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે શક્તિઓ પોતે એક પછી એક અવસ્થાને પામીને મતિજ્ઞાનરૂપ, શ્રુતજ્ઞાનરૂપ, રાગરૂપ અથવા અવિકારી અવસ્થારૂપ થાય છે. આત્મા પોતે જ રાગાદિરૂપ અથવા શ્રુતજ્ઞાનરૂપ થાય છે. માટે દ્રવ્યાર્થિક નયથી સત્—ઉત્પાદ છે ને પર્યાયાર્થિક નયથી અસત્-ઉત્પાદ છે તે વાત દોષરહિત છે—બાધારહિત છે.

ભાવાર્થ :—જે પહેલા હયાત હોય તેની જ ઉત્પત્તિને સત્-ઉત્પાદ કહે છે અને જે પહેલાં હયાત ન હોય તેની ઉત્પત્તિને અસત્-ઉત્પાદ કહેવામાં આવે છે. જ્યારે અવસ્થાને ગૌણ કરી દ્રવ્યનું મુખ્યપણે કથન કરવામાં આવે જેમ કે : મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન વગેરે અવસ્થાને ગૌણ કરી આત્મદ્રવ્યનું કથન કરવામાં આવે તો જે હયાત છે તે જ ઉત્પન્ન થાય છે એટલે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર શક્તિઓ છે, તે જ ઉત્પન્ન થાય છે. જે છે તેમાંથી છે થયું છે, એટલે "આ આમ કેમ થયું" તે પ્રશ્ન રહેતો નથી. જે ગુણો છે તે પોતે જ વ્યક્તરૂપે થયા છે. તેથી દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યને સત્—ઉત્પાદ છે અને જ્યારે દ્રવ્યને ગૌણ કરીને પર્યાયોનું મુખ્યપણે કથન કરવામાં આવે છે ત્યારે

વર્તમાનપર્યાય પૂર્વે ન હતી તે ઉત્પન્ન થઈ છે, તેથી પર્યાયાર્થિકનયથી દ્રવ્યને અસત્—ઉત્પાદ કહેવામાં આવે છે. એક જ ઉત્પાદને બે સંબંધ લાગુ પડે છે. દ્રવ્ય સાથે સંબંધ કહેવો હોય ત્યારે સત્—ઉત્પાદ અને પર્યાય સાથે સંબંધ કહેવો હોય ત્યારે દ્રવ્યને અસત્—ઉત્પાદ થયો કહેવામાં આવે છે.

અહીં એ લક્ષમાં રાખવું કે દ્રવ્ય અને પર્યાયો જુદી જુદી વસ્તુઓ નથી. કેવળજ્ઞાન આત્માથી જુદું નથી ને આત્મા કેવળજ્ઞાનથી જુદો નથી. પુદ્ગલદ્રવ્યમાં કેરી પીળી અવસ્થાથી જુદી નથી ને પીળી અવસ્થા કેરીથી જુદી નથી. તેથી પર્યાયોની વિવક્ષા વખતે પણ અસત્—ઉત્પાદમાં, જે પર્યાયો છે તે જ દ્રવ્ય છે ને દ્રવ્યની વિવક્ષા વખતે પણ, સત્—ઉત્પાદમાં, જે દ્રવ્ય છે તે પર્યાયો જ છે.

ધ્રુવશક્તિ પર્યાયરૂપ થઈને રહે છે ને પર્યાય ધ્રુવ થઈને રહે છે.

પૈસાની પર્યાય જીવરૂપ થઈને રહેતી નથી પણ તેના ધ્રુવરૂપ થઈને રહે છે.

રોટલીની પર્યાય શરીરરૂપ થઈને રહેતી નથી પણ તેના ધ્રુવરૂપ થઈને રહે છે.

છોકરો તેના માબાપરૂપ થઈને રહેતો નથી પણ તેના આત્માની પર્યાય તેના આત્માના ધ્રુવરૂપ થઈને રહે છે ને શરીરની પર્યાય શરીરના ધ્રુવરૂપ થઈને રહે છે.

ધ્રુવસ્વભાવ સમયપૂરતો પર્યાયમાં આવે છે ને પર્યાયરૂપ થાય છે, જુદો રહેતો નથી. પહેલાં અવસ્થા ન હતી ને પછી થઈ માટે જુદી રહે છે—એમ નથી. અવસ્થા તેની સામાન્ય શક્તિનો સંબંધ રાખીને રહે છે.

જીવ સંભાળ રાખે તો ઘી સચવાઈ રહે—એવું નથી ને બેદરકારી રાખી માટે ઢોળાઈ ગયું—એમ નથી. જીવની બેદરકારીની પર્યાય તેના જીવધ્રુવને પામીને રહે છે. જીવ ઘીને રાખતો નથી, ઘીને સંભાળતો નથી, ઘીને ઢોળતો નથી. ઘીની પર્યાય તેના પરમાણુને પામીને રહેલ છે.

માટે દ્રવ્ય તેના પર્યાયને પામીને રહે છે ને પર્યાયો તેના દ્રવ્યને પામીને રહે છે—એમ સાબિત થાય છે. ૧૧૧.

* * *

હવે સર્વ પર્યાયોમાં દ્રવ્ય અનન્ય છે અર્થાત્ તેનું તે જ છે માટે તેને સત્—ઉત્પાદ છે, એમ સત્—ઉત્પાદને અનન્યપણા વડે નક્કી કરે છે :—

## ગાથા ૧૧૨

**જીવ પરિણમે તેથી નરાદિક એ થશે; પણ તે—રૂપે**
**શું છોડતો દ્રવ્યત્વને ? નહિ છોડતો ક્યમ અન્ય એ ?૧૧૨.**

અન્વયાર્થ :—જીવ અવસ્થા ધારણ કરતો હોવાથી મનુષ્ય, દેવ અથવા તિર્યંચનારક કે સિદ્ધ થશે. પરંતુ મનુષ્યદેવાદિક થઈને શું તે દ્રવ્યપણાને છોડે છે ?—તે દ્રવ્યપણાને છોડતો નથી તેથી તે જુદો કેમ હોય? અર્થાત્ તે જુદો નથી, તેનો તે જ છે.

ટીકા :—પ્રથમ તો દ્રવ્ય તેના ગુણને કદી છોડતું નથી તેથી હયત જ છે. આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય શક્તિઓને કદી છોડતો નથી. પુદ્ગલદ્રવ્ય સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગેરે શક્તિઓને કદી છોડતું નથી અને દ્રવ્યને જે પર્યાયભૂત વ્યતિરેક વ્યક્તિનો ઉત્પાદ થાય છે તેમાં પણ ગુણોનો સંબંધ રાખીને ઉત્પાદ થયો છે માટે દ્રવ્ય તેનું તે જ છે.

એક જીવ મનુષ્યમાંથી દેવ થાય અથવા નારકી થાય વગેરે જુદી જુદી અવસ્થા ધારણ કરે તેથી જીવની સામાન્ય શક્તિઓ જ્ઞાન, દર્શન, ચારિત્ર છૂટી જાય છે ? કર્મને લીધે નારકી થયો છે તે વાત તો લીધી જ નથી પણ તે રૂપ પોતાની યોગ્યતાથી થાય છે ત્યારે એનો એ જીવ રહે છે, જીવ બદલી જતો નથી.

કેરી લીલીમાંથી પીળી થાય અથવા અન્ય અવસ્થારૂપ થાય ત્યારે પરમાણુ જુદા રહેતા નથી. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગેરે શક્તિઓ સાથે સંબંધ રાખીને અવસ્થા થાય છે. ઉત્પાદ વખતે ગુણો નાશ ન થાય તેવા છે—નિશ્ચળ છે. માટે અનન્યપણા વડે દ્રવ્યનો સત્—ઉત્પાદ નક્કી થાય છે. દ્રવ્ય સાથે મેળવાળો ઉત્પાદ છે. આ વાતને દ્રષ્ટાંતથી સમજાવે છે.

જીવ દ્રવ્ય હોવાથી અને દ્રવ્ય અવસ્થાઓમાં વર્તતું હોવાથી જીવ દેવ, નારકી, તિર્યંચ, મનુષ્ય કે સિદ્ધપણામાંના કોઈ એક પર્યાયે જરૂર પરિણમશે—થશે.

જીવસામાન્ય, તેના ગુણો દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તેની નારક, મનુષ્ય કે કોઈપણ એક અવસ્થા—ત્રણે થઈને એક અખંડ દ્રવ્ય બતાવે છે. કર્મને લીધે નારકીપણું નથી તેમ જ કર્મના અભાવને લીધે સિદ્ધપણું નથી. નારકી વગેરેરૂપ તે જીવ થયો છે. કોઈ પણ પર્યાયરૂપ જરૂર રહેશે, બીજારૂપ રહેશે નહિ ને બીજાને લીધે પણ રહેશે નહિ.

જીવમાં નારકીપણારૂપની અવસ્થા નિશ્ચયે પોતાથી છે, પરથી નથી એમ બતાવી દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે થઈને અખંડ જ્ઞેય બતાવવું છે. બપોરે સમયસારમાં દ્રષ્ટિનો વિષય કરાવવા માટે ધ્રુવ સ્વભાવની વાત કરી હતી ત્યાં જીવસ્થાનો, ગુણસ્થાનો, જીવનું કાયમી સ્વરૂપ નહીં હોવાને લીધે તેને અજીવ બતાવ્યા હતા. અહીં પ્રવચનસારમાં એમ કહ્યું છે કે ક્રોધરૂપ, માનરૂપ, મિથ્યાત્વરૂપ, અજ્ઞાનરૂપ, માર્ગણાસ્થાનરૂપ, જુદા જુદા ગુણસ્થાનની દશારૂપ જીવ પોતે રહે છે. એમ અખંડ જ્ઞેય બતાવીને અંશી

એવું દ્રવ્ય બતાવવું છે. તેનું તે દ્રવ્ય ધ્રુવ શક્તિવાન રહે છે એમ ધ્રુવદ્રવ્ય બતાવવું છે. શક્તિવાન ઉપર જોર છે. દ્રવ્ય, ગુણ, પર્યાય એમ ત્રણેનું જ્ઞાન કરાવી દ્રવ્યદ્રષ્ટિ કરાવવી છે.

જીવ તે જુદી જુદી પર્યાયરૂપે થવા છતાં તે તેની શક્તિઓને છોડે છે?—છોડતો નથી. જો તે તેની શક્તિઓને છોડતો નથી તો જીવ જુદો કેમ હોય ? એટલે જુદો હોઈ શકે નહિ, તેનો તે જ રહે છે.

ભાવાર્થ :—જીવ મનુષ્ય વગેરે અવસ્થારૂપે થવા છતાં જુદો થઈ જતો નથી, તે જ રહે છે. એક સમયનો ઉત્પાદ તે જીવનો ન હોય તો દ્રવ્ય રહેતું નથી. કર્મને લીધે ઉત્પાદ માનવામાં આવે તો દ્રવ્ય રહેતું નથી. અંશ કર્મને લીધે હોય તો ઉત્પાદ બીજાનો થઈ જાય પણ એમ બનતું નથી. ઉત્પાદ વિનાનું દ્રવ્ય હોઈ શકે નહિ.

મનુષ્યઆયુકર્મનો વ્યય થયો માટે મનુષ્યપણાનો વ્યય થયો, એમ નથી.

દેવ આયુકર્મનો ઉદય થયો માટે દેવપણાનો ઉદય થયો, એમ નથી.

મનુષ્યપર્યાયનો પોતાનો ખસવાનો કાળ હતો માટે ખસ્યો ને જીવના દેવપણાના ઉત્પાદનો કાળ હતો માટે ઉત્પાદ થયો છે, કર્મને લીધે નથી.

અહીં તો કર્મને યાદ જ કર્યું નથી. અહીં જીવની મુખ્યતાથી વાત કરી, ગતિનો દાખલો આપ્યો છે.

ક્રોધના પરિણામ વખતે જીવ પોતે ક્રોધરૂપે પરિણમે છે,

માનના પરિણામ વખતે જીવ પોતે માનરૂપ પરિણમે છે,

લોભના પરિણામ વખતે જીવ પોતે લોભરૂપ પરિણમે છે,

કર્મના ઉદયને લીધે ક્રોધ, માન કે લોભરૂપ થતો નથી. જીવનું ભવનમાં એટલે ભવવું—થવું—પરિણમવું પોતાથી છે.

અનેકરૂપ પરિણામ થવા છતાં જીવ અનેરું દ્રવ્ય થઈ જાય છે ?–કે ના. જીવ એ નો એ રહે છે. એક એક સમયનો નવો નવો પર્યાય થાય છે.

ધ્રુવની સત્તા, પર્યાયરૂપ થવાની તે, પરથી થાય એમ માને તો જડ–મૂઢ થાય છે ને ધ્રુવની સત્તા માન્યા વગર એકલા અંશને માને તો પર્યાયમૂઢ થાય છે.

પુણ્યકર્મ બાંધે તો જીવ સ્વર્ગે જશે?–ના. કર્મ તો જડ છે. જડને લીધે જીવ સ્વર્ગમાં જતો નથી પણ જીવની પોતાની યોગ્યતાના કારણે જીવ સ્વર્ગમાં જાય છે. દેવની પર્યાયમાં જીવ તે રૂપ રહે છે ને દેવગતિ કર્મની પર્યાયનો ઉત્પાદ તો કર્મમાં તેરૂપ થઈને રહે છે.

તે જ આ દેવનો જીવ છે જે પૂર્વ ભવે મનુષ્ય હતો અને અમુક ભવે તિર્યંચ હતો–એમ જ્ઞાન થઈ શકે છે.

આ રીતે જીવની માફક દરેક દ્રવ્ય પોતાની સર્વ પર્યાયોમાં તેનું તે જ રહે છે, અન્ય થઈ જતું નથી. પૂર્વ અવસ્થાનો વ્યય થવા છતાં જ્ઞાન થઈ શકે છે, પૂર્વ અવસ્થા હોય તો જ જ્ઞાન થાય એવું નથી.

પરમાણુમાં લીલી પીળી અવસ્થા થવા છતાં પરમાણુ એના એ રહે છે, જુદા થઈ જતા નથી.

ગાથા ૧૧૧ માં દ્રવ્યને સત્–ઉત્પાદ અને અસત્–ઉત્પાદ હોવામાં અવિરોધ છે–એમ વાત કરી હતી. આ ગાથા ૧૧૨ માં સત્–ઉત્પાદને દ્રષ્ટાંત આપી સમજાવેલ છે.

આવી રીતે દ્રવ્યનું અનન્યપણું હોવાથી–જુદાપણું નહીં હોવાથી સત્–ઉત્પાદ નક્કી થાય છે.

***

# પ્રસાદ નં. ૫૩

## પ્રવચનસાર ગાથા ૧૧૩ના પ્રવચનમાંથી.

(માગશર વદ ૪, ગુરુવાર)

હવે અસત્–ઉત્પાદને અન્યપણા વડે (અન્યપણા દ્વારા) નક્કી કરે છેઃ–

**માનવ નથી સુર, સુર પણ નહિ મનુજ કે નહિ સિદ્ધ છે;**
**એ રીત નહિ હો તો થકો ક્યમ તે અનન્યપણું ધરે ? ૧૧૩.**

અન્વયાર્થ :–મનુષ્ય તે દેવ નથી, અથવા દેવ તે મનુષ્ય નથી કે સિદ્ધ નથી; એમ નહિ હો તો થકો અનન્ય કેમ હોય ?

જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ છ દ્રવ્યો છે. તેમાં પુદ્‌ગલ રૂપી છે, બાકીનાં પાંચ અરૂપી છે. અહીં મનુષ્યગતિનું દ્રષ્ટાંત આપીને સમજાવેલ છે.

જીવ પોતાની લાયકાતના કારણે મનુષ્યપર્યાયરૂપે હોય છે ત્યારે દેવની પર્યાયરૂપે હોતો નથી. સ્થૂલ–બહાર દેખાય છે તે તો શરીર છે, તે મનુષ્ય નથી. શરીર મનુષ્યપણું નથી, તેમ જ નામકર્મ જડ છે તેને લીધે પણ મનુષ્યપણું નથી. એ વખતની જીવની યોગ્યતા મનુષ્યરૂપની છે. જ્યારે પોતાના શુભભાવની યોગ્યતાથી દેવગતિની પર્યાય થાય છે ત્યારે મનુષ્ય ન હોય તેમ જ દેવની પર્યાયની યોગ્યતા વખતે સિદ્ધની પર્યાયની યોગ્યતા નથી. એક જીવને એક વખતે એક અવસ્થા હોય, બીજી ન હોય.

જીવ, શરીર, પૈસા વગેરે આ જગતના સત્તા સ્વભાવવાળા પદાર્થો છે. જે પદાર્થો 'છે' તેને કોઈ બનાવી શકે નહિ ને 'છે' તેનો કોઈ દિવસ નાશ થાય નહિ; જે પદાર્થો ન હોય તે નવા થાય નહિ. કોઈ પદાર્થને લીધે કોઈ પદાર્થની સિદ્ધિ નથી.

દરેક દ્રવ્ય પરિણામી નિત્ય છે. એકલા પરિણામી હોય તો નિત્ય વગર પરિણામ કોના ? ને એકલા નિત્ય હોય તો વિકાર કે અવિકાર સાબિત થતો નથી ને વિકાર પલટીને સિદ્ધદશા પ્રગટ કરવાનું રહેતું નથી.

આત્મા જ્ઞાતાદ્રષ્ટાસ્વરૂપ છે, અનંત શક્તિઓનો પિંડ છે. તેમાં સમયે સમયે અનેરી અનેરી અવસ્થા થાય છે. તે વખતે જીવ પણ પર્યાયદ્રષ્ટિએ તે રૂપ અનેરો અનેરો થાય છે, ધ્રુવ જુદો રહી જતો નથી.

ધ્રુવ વસ્તુસ્વભાવની દ્રષ્ટિએ જુઓ તો આત્મા એનો એ જ છે. જડ ચેતન થતું નથી ને ચેતન જડ થતું નથી પણ પોતામાં પોતાની અવસ્થા વખતે અવસ્થાદ્રષ્ટિએ આખું દ્રવ્ય પર્યાયરૂપ થાય છે. પર્યાય અનેરી અનેરી થાય છે ત્યારે દ્રવ્ય પણ આખું અનેરું અનેરું થાય છે. પર્યાયની જેમ ધ્રુવ

અનેરો અનેરો ન થાય તો પર્યાય અને દ્રવ્ય જુદા જુદા થઈ જાય–પણ એમ હોતું નથી.

લોભની પર્યાય વખતે લોભની પર્યાય છે ને સંતોષની પર્યાય વખતે સંતોષની પર્યાય છે. એક સમયનો લોભપર્યાય ફેરવીને સંતોષપર્યાય કરવાની પોતામાં તાકાત છે. વસ્તુ ધ્રુવ છે તે આખો આત્મા પર્યાયદ્રષ્ટિએ લોભ વખતે લોભરૂપ પરિણમે છે, ને સંતોષ વખતે સંતોષરૂપ પરિણમે છે, પર્યાયદ્રષ્ટિએ અનેરો અનેરો થાય છે.

સોનામાં કડા વખતે કડાની અવસ્થા છે ને કુંડળ વખતે કુંડળની અવસ્થા છે. સોનું અવસ્થાદ્રષ્ટિએ કડા વખતે કડારૂપ થયું છે ને કુંડળ વખતે કુંડળરૂપ થયું છે–એમ અનેરું અનેરું થાય છે.

વસ્તુ સ્વતંત્ર છે. સમયે સમયે સ્વતંત્ર અવસ્થા કરવા સમર્થ છે. દરેક વસ્તુ ટકીને બદલે છે. ભાવાંતર–રૂપાંતર થાય છે, પણ પોતાનો સર્વથા અભાવ થઈને રૂપાંતર થતી નથી. જે વસ્તુ બદલે છે તે પરપદાર્થ કે નિમિત્તને લીધે બદલતી નથી.

રૂપિયા જે જડ પુદ્‌ગલદ્રવ્ય છે તેની અવસ્થા એક પછી એક થયા કરે છે. એક દુકાને જવાની તેની જે અવસ્થા થાય છે તેમાં તે પુદ્‌ગલદ્રવ્યની અનેરી અનેરી અવસ્થા તે દ્રવ્યની લાયકાતને લીધે થાય છે ને પુદ્‌ગલદ્રવ્ય પણ અવસ્થાદ્રષ્ટિએ અનેરું અનેરું થાય છે. પણ જીવે પૈસા કમાવાનો ભાવ કર્યો માટે પૈસા ક્ષેત્રાંતર થયા નથી અને જીવે સંતોષ માન્યો માટે પૈસા આવતાં અટકી ગયા નથી. સામાન્યસ્વભાવની અપેક્ષાએ દરેક વસ્તુ એની એ રહે છે ને વિશેષ અપેક્ષાએ–પર્યાય અપેક્ષાએ અનેરી અનેરી એના પોતાના પર્યાયસ્વભાવના કારણે થાય છે.

શુદ્ધસ્વભાવ જો પ્રગટરૂપ હોય તો વર્તમાન પરમાનંદ પ્રગટ હોવો જોઈએ પણ વર્તમાનમાં સંસાર છે માટે આકુળતા છે ને સ્વભાવ શક્તિરૂપ સુખનો સાગર ન હોય તો આકુળતા મટી નિરાકુળતા પ્રગટે નહિ.

શુદ્ધસ્વભાવશક્તિ કાયમ રહીને અવસ્થામાં પલટન થયા કરે છે. ને પર્યાય થતી વખતે ધ્રુવ જુદું રહી જાય છે–એમ નથી, ને ધ્રુવ એકલું રહી પર્યાય બીજે થાય છે–એમ પણ નથી.

ટીકા :–ભેંસના આઉમાં દૂધ ભરેલું છે તેમાંથી દૂધ કાઢવામાં આવે છે, તેવી રીતે કુંદકુંદાચાર્યભગવાનના સૂત્રના શબ્દોમાંથી ભાવ ખેંચીને અમૃતચંદ્રાચાર્ય મહારાજ ટીકા લખે છે–વિશેષ સ્પષ્ટીકરણ કરે છે.

પર્યાયનો શબ્દાર્થ :–પરિ એટલે સમસ્ત પ્રકારે, આય એટલે પરિણમવું. પોતાના કારણે સમસ્ત પ્રકારે પરિણમવું તેને પર્યાય કહે છે; પરને લીધે પર્યાય થતી નથી.

જીવના ભાવને લીધે શરીર પરિણમતું નથી ને શરીરને લીધે આત્મા પરિણમતો નથી. આત્મા ધ્રુવ છે તે પણ પોતાને લીધે છે ને તેનું વર્તમાન પલટવું એટલે પર્યાય પણ પોતાને લીધે છે, પરને લીધે નથી. દ્રવ્ય ગુણ પર્યાય સ્વાવલંબી તત્ત્વો છે. જે તત્ત્વો હોય તે પરથી હોઈ શકે નહિ.

શરીર, મન, વાણીની ક્રિયા આત્મા કરી શકે છે એવી માન્યતા તે અધર્મની પર્યાય છે. અધર્મના કાળે અધર્મની પર્યાય છે. બીજે કાળે બીજી અધર્મની અથવા ધર્મની પર્યાય છે ને તે તે પર્યાય બીજે કાળે હોતી નથી. આત્મા નિત્ય રહે છે. નિર્દોષપર્યાય વખતે સદોષપર્યાય નથી ને સદોષપર્યાય વખતે નિર્દોષ પર્યાય નથી, બન્નેનો કાળ જુદો છે.

તેવી રીતે પરમાણુમાં આ આંગળીનો દાખલો લઈએ–આંગળીની સીધાપણાની અવસ્થામાંથી વક્રઅવસ્થા થઈ ને પરમાણુ કાયમ ટકી રહ્યા છે, તે સીધામાંથી વક્રતાની અવસ્થા આત્માની ઇચ્છાને લીધે થઈ નથી પણ તે વખતની તેની લાયકાતને લીધે થઈ છે. કારણ તે પદાર્થ અસ્તિસ્વરૂપ છે. વળી સીધા વખતે સીધાપણાનો સદ્‌ભાવ છે ને વક્રતાનો અભાવ છે અને વક્રતા વખતે વક્રતાનો સદ્‌ભાવ છે ને સીધાપણાનો અભાવ છે તથા આંગળી સીધી અવસ્થા વખતે સીધારૂપ થઈ છે અને વક્રઅવસ્થા વખતે વક્રરૂપ થઈ છે–એમ અનેરી અનેરી અવસ્થા પર્યાયદ્રષ્ટિએ દ્રવ્ય ધારણ કરે છે.

દરેક પર્યાયનો કર્તા દ્રવ્ય પોતે છે. પર્યાયનું સાધન દ્રવ્ય પોતે છે. ને પર્યાયનો આધાર પણ પોતે છે. એક પર્યાય એક સમયે સત્ છે, બીજા સમયે તે અસત્ છે.

આત્માની પોતાની વર્તમાન પર્યાય સત્ છે ને પૂર્વપર્યાય વર્તમાનમાં અસત્ છે, જેથી વર્તમાન રાગદ્વેષ અગર બીજી ગમે તે વર્તમાન અવસ્થા–તેનું કારણ વર્તમાન પર્યાય છે. પૂર્વ પર્યાય કારણ નથી તો પછી પરપદાર્થ કે નિમિત્ત વર્તમાન પર્યાયનું કારણ છે એમ કહેવું તે સ્થૂલ અજ્ઞાન છે.

અહીં છએ દ્રવ્યોની પર્યાયો સમયે સમયે સત્ બતાવી છે.

આ ભેદજ્ઞાન વગર સમજણ થાય નહિ ને સમજણ વગર ધર્મ ને શાંતિ પ્રગટે નહિ. સંસારના લોલુપી જીવો પૈસાની પ્રાપ્તિ કેમ થાય છે તેનું ધ્યાન રાખે છે–અથવા કોઈ ગાળ આપે કે અપમાન કરે તો ગાંઠે બાંધે છે (મનમાં નોંધી રાખે છે) પણ એકવાર દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે સત્ છે. એકેક પર્યાય સ્વતંત્ર છે એમ પૃથક્ પૃથક્ ભેદજ્ઞાન કરી ગાંઠે બાંધે એટલે પોતાના જ્ઞાનમાં સમ્યક્ રૂપે ધારી લ્યે તો સંસારનો અંત લાવી સુખી થાય.

દરેક પર્યાય તેના સ્વકાળે વ્યતિરેક પ્રગટતાના કાળે સત્ હોવાથી બીજા કાળે અસત્ છે; એક સમયનો ક્રોધ અથવા માન બીજા સમયે અસત્

છે; એક ચેતનદ્રવ્ય પોતાપણે છે ને બીજા ચેતનદ્રવ્ય અથવા પુદ્‌ગલદ્રવ્યરૂપે નથી–એમ આખી વસ્તુમાં અનેકાંત છે. તેવી જ રીતે એક સમયની પર્યાય પોતાપણે છે ને પૂર્વની અથવા ભવિષ્યની પર્યાયરૂપે નથી. એમ એક પર્યાયમાં અનેકાંત છે, એમ અનંતી પર્યાયોમાં અનંતા અનેકાંતધર્મ રહેલા છે. એક સમયની પર્યાય બીજા સમયની પર્યાયરૂપે હોય તો અસ્તિ–નાસ્તિરૂપ અનેકાંત ધર્મ રહેતો નથી. પર્યાયનો નાશ થતાં વસ્તુના નાશનો પ્રસંગ આવે. એક એક પર્યાય એક કાળે સત્ છે ને બીજે કાળે અસત્ છે–બીજે કાળે બીજી નવી પર્યાય સત્ છે–ત્રીજે કાળે ત્રીજી સત્ છે.

આત્મામાં લોભના પરિણામ થયા તે વખતે તે સત્ છે, બીજા સમયે તે અસત્ છે. એક એક પર્યાયનો કર્તા, કરણ ને આધાર તે વસ્તુ છે, બીજો કોઈ નથી. ત્રણ લોકના પદાર્થો પોતાપણે છે ને પરપણે નથી. તેમ જ એક એક પર્યાય પોતાપણે છે ને પરપણે નથી.

સર્વજ્ઞ ભગવાનને જ્ઞાનશક્તિ હતી તેમાંથી કેવળજ્ઞાન વ્યક્તરૂપે પ્રગટ થયું. ત્યારે પૂર્વની અલ્પજ્ઞ અવસ્થાનો નાશ થયો ને સર્વજ્ઞ અવસ્થાનો ઉત્પાદ થયો. સર્વજ્ઞ અવસ્થા વખતે સર્વજ્ઞપણાનો સદ્‌ભાવ છે ને અલ્પજ્ઞપણાનો અસદ્‌ભાવ છે તથા એક સમયની કેવળજ્ઞાન અવસ્થા બીજા સમયની અવસ્થા અપેક્ષાએ અસત્ છે ને દ્રવ્ય કાયમ રહે છે.

દરેક પદાર્થ સ્વતંત્ર છે ને તેનો પર્યાયકાળ જે વખતે છે તે જ વખતે હોય છે, આઘોપાછો હોતો નથી.

પ્રશ્ન :–આ સમજવામાં ધર્મ શું આવ્યો ?

ઉત્તર :–આવી સ્વતંત્રતા સમજવામાં જ ખરો ધર્મ છે. જે તારી વર્તમાન પર્યાય થાય છે તે તારી પોતાની પૂર્વ પર્યાયને લીધે નથી. તારામાં પણ આવી સ્વતંત્રતા છે. તારી પર્યાયને આઘીપાછી કરવા સમર્થ નથી. પર્યાયો ક્રમબદ્ધ થઈ રહેલી છે. તો પર પદાર્થને લીધે પોતામાં ફેરફાર થાય એમ માનવું તે સ્થૂલ અજ્ઞાન છે. આવી સાચી દ્રષ્ટિ થતાં અનંતા પર પદાર્થોમાંથી સુખ લેવાની પરાધીન સંયોગી દ્રષ્ટિ નાશ પામે છે ને પોતામાં પણ એક પછી એક થતી પર્યાયમાં એકમાં બીજાનો અભાવ છે. પર્યાય ક્ષણિક છે–અંશ છે–પલટતી વસ્તુ છે. ઘડીમાં શુભ અને ઘડીમાં અશુભ એમ પલટતી પર્યાયનો મોહ નાશ પામે છે, એટલે પર્યાયનો મોહ ટળી જાય છે અને પર્યાયદ્રષ્ટિ નાશ પામતાં ધ્રુવ ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટા સુખનો સાગર શક્તિનો ભરેલો સ્વભાવ પડેલો છે તે તરફ દ્રષ્ટિ થતાં સમ્યક્દર્શન, જ્ઞાન ને ચારિત્રની પર્યાય પ્રગટે છે ને ધર્મી જીવને આત્મભગવાનનો સાક્ષાત્કાર

થાય છે.–આવી રીતે સંયોગીદ્રષ્ટિ તથા પર્યાયદ્રષ્ટિ નાશ કરવી ને વસ્તુદ્રષ્ટિ–સ્વભાવદ્રષ્ટિ કરવી તે ધર્મ ને શાંતિનું કારણ છે.

શરીર, લક્ષ્મી, કુટુંબ, નાત–જાત, દેશ વગેરેનો એક સમયના પર્યાયનો જે કાળ હોય તે જ કાળ હોઈ શકે, બીજો કાળ હોઈ ન શકે. તે વસ્તુનો પોતામાં પણ પર્યાયનો કાળ ફરતો નથી. તો પછી અજ્ઞાની જીવ માને કે હું શરીરનું, નાતનું, જાતનું, દેશનું કુટુંબનું કરી દઉં અને એનામાં ફેરફાર કરી દઉં કે સુખી કરી દઉં ને તેમાંથી સુખ લઈ લઉં–એ મોટી ભ્રમણા છે.

આવો સત્ સ્વભાવ સમજે તો પરનો ને પર્યાયનો–અંશનો અહંકાર છૂટે ને નિરાકુળતા પ્રગટ થાય.

એક તત્ત્વનો બીજા તત્ત્વ ઉપર પ્રભાવ નથી. એક વસ્તુનો બીજી વસ્તુમાં અભાવ વર્તે છે. તેને કહેવું કે તે બીજી વસ્તુ ઉપર ભાવ કરે અથવા પ્રભાવ પાડે તે અજ્ઞાન છે કેમ કે એમ કદી બની શકે નહિ.

૧. વર્તમાન પર્યાયનો પૂર્વપર્યાયમાં અભાવ વર્તે છે તેને પ્રાગભાવ કહે છે. દ્રષ્ટાંત : કેવળજ્ઞાનની વર્તમાન પર્યાયનો પૂર્વની શ્રુતજ્ઞાનની પર્યાયમાં અભાવ વર્તે છે.

૨. વર્તમાન પર્યાયનો ભવિષ્યની પર્યાયમાં અભાવ વર્તે છે તેને પ્રધ્વંસાભાવ કહે છે. દ્રષ્ટાંત : કેવળજ્ઞાનની વર્તમાન પર્યાયનો પછીની કેવળજ્ઞાનની પર્યાયમાં અભાવ છે.

૩. એક પુદ્ગલદ્રવ્યના વર્તમાન પર્યાયનો બીજા પુદ્ગલ દ્રવ્યના વર્તમાનપર્યાયમાં જે અભાવ તેને અન્યોન્યઅભાવ કહે છે.

શરીરના એક પુદ્ગલ પરમાણુની વર્તમાન અવસ્થાનો બીજા પુદ્ગલ પરમાણુની અવસ્થામાં અભાવ વર્તે છે.

૪. એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં અત્યંત અભાવ છે. આત્મા અને શરીરને અત્યંત અભાવ છે. એક આત્મા અને બીજા આત્માને અત્યંત અભાવ છે.

પહેલા ત્રણ અભાવ પર્યાયો વચ્ચે છે ને છેલ્લો અભાવ બે દ્રવ્યો વચ્ચે છે.

જે વસ્તુ ને પર્યાય અભાવરૂપ હોય તેને ભાવરૂપ માનીને તે પ્રભાવ પાડે, એમ માનવું તે અધર્મ છે. જે તારામાં 'અ'–ભાવ છે તે તારામાં 'પ્રભાવ' પાડી દે એટલે વિશેષભાવ કરી દે એમ માનવું તે અજ્ઞાનભાવ છે.

આ વાત ન્યાયથી કહેવાય છે. ન્યાય શબ્દ **ની** ધાતુમાંથી નીકળે છે. **ની** નો અર્થ 'દોરી જવું'–એમ થાય છે. એક એક સમયનો પર્યાય

<u>પરપદાર્થથી નથી તેમ જ પૂર્વપર્યાયથી પણ નથી એમ સાચા જ્ઞાનપૂર્વક જ્ઞાનની પર્યાયને અભેદસ્વભાવ તરફ દોરી જાય તેને ન્યાય કહે છે.</u>

<u>અન્યાય :–એક એક સમયનો પર્યાય પરથી થાય અથવા પૂર્વ પર્યાયથી થાય એમ માને તે અજ્ઞાનને અન્યાય કહેવાય છે.</u>

જ્ઞાન ને વાણી બન્ને સ્વતંત્ર છે કોઈને લીધે કોઈની પર્યાય નથી.

એક એક સમયનો પર્યાય સત્ છે. વ્યવહારથી વ્યવહાર 'છે', કાંઈ સર્વથા અભાવ નથી, કેટલાય જીવો પર્યાયને તુચ્છઅભાવ માને છે તો તે વાત બરાબર નથી. પર્યાયકાળે પર્યાય સત્ છે, પરિણમનશીલ છે. ત્રિકાળી સ્વભાવ દ્રષ્ટિએ પર્યાયને ગૌણ કરવામાં આવે છે, પણ પર્યાય વખતે પર્યાય સત્ છે, ને જે વખતે જે પર્યાય હોય તે જ પર્યાય હોય. અણસમજણના કાળે સમજણનો કાળ ન હોય ને સમજણના કાળે અણસમજણનો કાળ ન હોય.

કેટલાક જીવો "બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા"–એમ માને છે, તે વાત બરાબર નથી. વસ્તુ ત્રિકાળ છે ને અવસ્થામાં એક સમય પૂરતું પલટન છે. અનંતા પદાર્થો સત્ છે, મિથ્યા નથી ને દરેક પર્યાય પણ સત્ છે. ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ પર્યાયને અસત્ કહેવાય છે અથવા પોતાની પૂર્વ પર્યાયની અપેક્ષાએ અસત્ કહેવાય છે, પણ પોતાની અપેક્ષાએ તો વર્તમાન પર્યાય સત્ છે–મિથ્યા નથી.

ત્રણે કાળના પદાર્થો તે તે કાળે છે. જીવના તે તે સમયના પર્યાયનો કર્તા, કરણ ને આધાર તે સમયનો જીવ છે અને બીજા સમયની પર્યાયનો કર્તા, કરણ ને આધાર બીજા સમયનો જીવ છે. પણ પુદ્ગલ તેનો કર્તા, કરણ કે આધાર નથી. એક સમયે એક પર્યાય સત્ છે. બીજે સમયે બીજી પર્યાય સત્ છે–આમ સ્વતંત્ર સિદ્ધ કર્યા છે. પરને લીધે તારો પર્યાય નહિ ને તારે લીધે બીજામાં પર્યાય થાય નહિ. તારામાં પણ એક પર્યાય તે બીજો પર્યાય નહિ ને પર્યાયનો સ્વકાળ ફરે નહિ.

આ જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર છે. સ્વજ્ઞેયને–સ્વદ્રવ્ય–ગુણને, સ્વપર્યાયને તેમ જ પરજ્ઞેયને–પરદ્રવ્ય–ગુણને, પર્યાયને જ્ઞાન કેવી રીતે જાણે છે તે સ્પષ્ટતા કરી છે.

પર્યાયો જે થાય છે તે દ્રવ્યત્વભૂત અન્વયશક્તિ સાથે સંબંધ રાખે છે. અન્વયશક્તિ એટલે ગુણો. જેમ કે આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્રની શક્તિઓ તેમ જ પરમાણુમાં સ્પર્શ, રસ, ગંધ વર્ણની શક્તિઓ તેના સત્તાગુણ સાથે સંબંધ રાખે છે.

દ્રવ્યમાં ગુણો–ધ્રુવ સદ્રશ્ય શક્તિઓ પડેલી છે. તેની સાથે સમય સમયનો પર્યાય ગુંથાએલ છે. અન્વય શક્તિઓ પર્યાયથી જુદી રહે–એમ

નથી. જ્ઞાન, દર્શન, ચારિત્ર એવા ધ્રુવ ગુણોની સાથે પર્યાય ગૂંથાએલો છે. ધ્રુવ ભિન્ન રહેતું નથી. તથા પર્યાયો ક્રમાનુપાતી સ્વકાળે ઉત્પાદ થાય છે. 'ક્રમાનુપાતી' શબ્દમાં વજન છે. એક એક પર્યાય ક્રમે ક્રમે ઉત્પન્ન થાય છે. એક સમયમાં બીજો પર્યાય લેવા જઈશ તો મળશે નહિ. એક સમયે જે પર્યાય છે તે જ પર્યાય છે ને આડોઅવળો નથી.

તારા દ્રવ્યમાં તારી વર્તમાન પર્યાય તારી પૂર્વપર્યાયને લીધે નથી તો પછી તારા દીકરાના શરીરની પર્યાયને અથવા પૈસાની પર્યાયને તું રાખી શકે ને ફેરવી શકે એ માન્યતા તો મહાઅજ્ઞાન છે.

અહીં તો કર્મને લીધે વિકાર થયો અથવા સંયોગને લીધે ફેરફાર થયો તે વાત યાદ કરી જ નથી. અહીં તો પોતાની પર્યાયની જ વાત કરી છે. તારી પૂર્વ પર્યાયને લીધે વર્તમાનપર્યાય નથી. કર્મને લીધે રાગ થયો એમ તો નથી પણ પૂર્વે રાગ ઘણો હતો તો વર્તમાન રાગ થયો–એમ પણ નથી, પૂર્વ પર્યાય વર્તમાન પર્યાયનું કારણ નથી. દરેક પર્યાય ક્રમાનુપાતી સ્વકાળે ઉત્પાદ થાય છે. આવી રીતે સ્વકાળે પર્યાય થાય છે એમ નક્કી કરતાં તે પર્યાય તો અન્વય ગુણો સાથે સંકળાયેલ છે–એમ દ્રવ્ય ને ગુણો તરફ દ્રષ્ટિ જાય છે. દ્રવ્યગુણ તો શુદ્ધ છે એમ શુદ્ધ દ્રવ્યની રુચિ થાય છે ને દ્રવ્યની રુચિ–દ્રવ્યદ્રષ્ટિ છે ને તે જ ધર્મ છે.

***

# પ્રસાદ નં. ૫૪

## પ્રવચનસાર ગાથા ૧૧૩ના પ્રવચનમાંથી.

(માગશર વદ ૫, શુક્રવાર)

દરેક આત્મા અને પરમાણુ વસ્તુ છે. એક સમયની અવસ્થા બીજે સમયે નથી, તેમ જ આઘીપાછી નથી. સદ્રશ્ય એટલે ધ્રુવ અપેક્ષાએ દરેક દ્રવ્ય એનું એ જ છે પણ પર્યાય અપેક્ષાએ અનેરું અનેરું થાય છે.

શ્રુતજ્ઞાન વખતે આત્મા આખો શ્રુતજ્ઞાનરૂપે થયો છે. તે વખતે કેવળજ્ઞાનરૂપે હોતો નથી. વર્તમાન વખતે ભૂત તથા ભવિષ્યની પર્યાયનો અભાવ છે. પુદ્‌ગલ દ્રવ્યમાં પણ કેરી લીલી થાય છે, તે વખતે તેની પૂર્વ તથા ભવિષ્યની અવસ્થાનો અભાવ છે.

“જ્ઞ” સ્વભાવી આત્મા પૂર્ણ છે. એનું આલંબન લઈ જે સ્વભાવપર્યાય વ્યક્ત થઈ તે પર્યાય તે જ કાળે હયાત છે, બીજા કાળે હયાત નથી. તેવી રીતે સિદ્ધપર્યાય–સ્વરૂપ આનંદની પર્યાય પ્રગટ થઈ તે કાળે જ તે સત્ છે, આગળ–પાછળ નથી. વર્તમાન પર્યાય વર્તમાન સમય સિવાયના બધા કાળમાં હયાત નથી. ત્રિકાળના જેટલા સમયો છે તેટલી દરેક દ્રવ્યની પર્યાયો છે. સમ્યક્જ્ઞાન ને કેવળજ્ઞાન એક સમયની પર્યાય છે, તે ગુણ નથી. જ્ઞાન ધ્રુવશક્તિ છે, તેમાંથી પર્યાય આવે છે. ગુણ ને પર્યાય બે થઈને આખું દ્રવ્ય છે.

આત્મા અને પરમાણુમાં અસત્ ઉત્પાદ છે તે વખતે ભૂત ને ભવિષ્યનો ઉત્પાદ નથી છતાં તે ઉત્પાદ પોતાના દ્રવ્યની અન્વયશક્તિ સાથે સંબંધ રાખીને અસત્ ઉત્પાદ થયો છે. જ્ઞાનગુણની અખંડતા તોડીને શ્રુતજ્ઞાનમાંથી કેવળજ્ઞાનનો અસત્ ઉત્પાદ થયો નથી. તેમ જ કેરી લીલીમાંથી પીળી થઈ છે તે તેના પરમાણુના ધ્રુવ ગુણ રસ, ગંધ, વર્ણ વગેરે સાથે સંબંધ રાખીને અસત્ ઉત્પાદ થયેલ છે.

પોતાનો એક સમયનો પર્યાય પોતામાં બીજે સમયે શોધવા જાય તો મળે તેમ નથી તો પછી પોતાનો પર્યાય સંયોગમાં શોધવા જાય તો પત્તો લાગશે જ નહિ. જે જે પર્યાય જે વખતે થવાની હોય છે તે સ્વકાળે જ થાય છે, નિમિત્તથી થતો નથી ને આડો અવળો થતો નથી.

પ્રશ્ન :–તો પછી સમકિત અથવા કેવળજ્ઞાન જ્યારે સ્વકાળે થવાનું હશે ત્યારે થશે, અમારે તો કાંઈ કરવાનું હવે રહેતું નથી ને ?

ઉત્તર :–**<u>સ્વકાળ</u>**ની વાત ક્યાંથી લાવીશ ? સ્વકાળ તો પર્યાય છે. જે વખતે મિથ્યાત્વનો સ્વકાળ છે તે વખતે સમકિતનો સ્વકાળ નથી. એક સ્વકાળમાં બે પર્યાય હોઈ શકે નહિ, તેમ જ એક સ્વકાળમાં બે પ્રકારની

પ્રતીતિ હોઈ શકે નહિ. સ્વકાળની મિથ્યાત્વની પર્યાય વખતે જ સમકિતની પર્યાય હોઈ શકે નહિ. કોના આધારે સ્વકાળ પ્રગટશે ? જેને સમકિતનો સ્વકાળ પ્રગટાવવો છે તેણે ધ્રુવસ્વભાવ તરફ લક્ષ કર્યા વગર–રુચિ કર્યા વગર સમકિતનો સ્વકાળ આવશે નહિ.

ધ્રુવ સામાન્યશક્તિનો પિંડ–દ્રવ્ય તે પર્યાયદ્રષ્ટિએ અનેરા અનેરાપણે થાય છે પણ પર્યાયદ્રષ્ટિએ તેની તે પર્યાય અનેરી અનેરી થતી નથી. પર્યાય તો એક સમયે એક જ હયાત છે. અનેરા અનેરા કાળે એનો અભાવ છે. એક સમયનો સ્વકાળ બીજા સમયે આવતો નથી. પર્યાયના સ્વકાળનો અનેરો સ્વકાળ હોઈ શકે જ નહિ. મિથ્યાદર્શનનો સ્વકાળ ફરીને સમ્યગ્દર્શનનો સ્વકાળ ક્યાંથી આવશે ? નિમિત્તથી થશે ? -ના. નિમિત્ત તો પર પદાર્થ છે. જે કાળ હયાત છે એટલે કે મિથ્યાદર્શનનો સ્વકાળ છે તેમાંથી સમકિતનો સ્વકાળ થશે ?–ના. પર્યાયમાંથી પર્યાય આવે નહિ. તેનો તો બીજે સમયે અભાવ થાય છે. ધ્રુવ દ્રવ્ય જે પડેલું છે તેની ઉપર દ્રષ્ટિ કરવાથી સમકિતનો સ્વકાળ ઉત્પન્ન થશે ને મિથ્યાત્વનો વ્યય થશે. માટે સ્વકાળમાં મોક્ષ થવાનો હશે તેમ થશે–એમ બોલનાર જીવ ધ્રુવ દ્રષ્ટિ કર્યા વગર માત્ર સ્વચ્છંદ સેવે છે. ધ્રુવદ્રષ્ટિ કરવાથી ધર્મ ઉત્પન્ન થાય છે. એ રીતે પર્યાયદ્રષ્ટિએ દ્રવ્ય અનેરું અનેરું થાય છે.

પર્યાયો એક પછી એક ક્રમાનુસાર સ્વકાળે થાય છે. તેમાં વર્તમાન-પર્યાયનો પૂર્વમાં અભાવ હતો એટલે પ્રાગભાવ હતો. દ્રવ્ય કે જે પર્યાયોથી જુદું નથી તે દ્રવ્ય પર્યાયનો કર્તા, કરણ અને આધાર હોવાને લીધે દ્રવ્યનો અસત્–ઉત્પાદ નક્કી થાય છે. દ્રષ્ટાંત :–આત્મા વર્તમાન અનાકુળ સ્વભાવવાળો થયો તે પૂર્વે આકુળતાવાળો હતો તે મટીને અનાકુળ સ્વભાવરૂપ થયો. માટે આત્મા પર્યાયદ્રષ્ટિએ અનેરો થયો છે. પર્યાય અનેરો થતો નથી.

આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે શક્તિઓ એવી ને એવી કાયમ રહે છે તે દ્રષ્ટિએ આત્મા સદ્રશ્ય કહેવાય છે ને પહેલા સમયે જે આત્મા હતો તે પછીના સમયે રહેશે નહિ–એમ પર્યાયદ્રષ્ટિએ વિસદ્રશ્ય કહેવાય છે.

બીજે સમયે જે પર્યાય નવો થાય છે તે વર્તમાન સિવાય બધા કાળમાં ન હતો ને પૂર્વના એક સમયમાં પણ ન હતો. માટે એક સમયનો પર્યાય બીજા સમયના પર્યાયનો કર્તા, કરણ ને આધાર નથી. પણ એક એક સમયની પર્યાયનો કર્તા, કરણ ને આધાર ધ્રુવશક્તિ સામાન્યનો પિંડ દ્રવ્ય છે ને ધ્રુવશક્તિ પર્યાયથી જુદી નથી માટે દ્રવ્યનો અસત્–ઉત્પાદ નક્કી થાય છે.

હવે ઉદાહરણ આપી સમજાવે છે.

મનુષ્યપણાની આત્માની લાયકાત તે મનુષ્યપણું છે. એવી રીતે દેવપણાની આત્માની લાયકાત તે દેવપણું છે. સદ્રશ્ય ચૈતન્ય સ્વભાવપણું હોવા છતાં મનુષ્ય તે દેવ નથી કે સિદ્ધ નથી. દેવ તે મનુષ્ય કે સિદ્ધ નથી.–એવી રીતે હોવાથી પર્યાય જે ગયો તે ને તે પર્યાય બીજે સમયે કેમ હોય?–ન જ હોઈ શકે પણ જીવદ્રવ્ય પોતે પર્યાયે પર્યાયે અનેરું અનેરું થાય છે.

જેવી રીતે સોનાની અવસ્થા જુદે જુદી છે, કુંડળ તે કંકણ નથી ને કંકણ તે કુંડળ નથી પણ સોનું તેના સદ્રશ્યભાવ–સોનાપણું, પીળાશ, ચીકાશ વગેરે રાખીને પર્યાયદ્રષ્ટિએ કંકણરૂપે, કુંડળરૂપે અનેરું અનેરું થાય છે. સોનું સદ્રશ્ય પોતે પરિણમ્યું છે, પર્યાય છોડીને રહ્યું નથી, ધ્રુવ પોતે જ પરિણમ્યું છે. તેવી રીતે મનુષ્ય, દેવ વગેરે અવસ્થા અનેરી અનેરી છે તેથી તે અવસ્થાને કરનારું જીવદ્રવ્ય પણ પર્યાય અપેક્ષાએ અનેરું અનેરું થાય છે.

દરેક દ્રવ્ય વર્તમાન છે. પહેલાં ન હતું ને બીજાને લીધે નથી. સ્વતંત્ર પર્યાય જોનારે ધ્રુવદ્રષ્ટિ કરવાની રહી ને ધ્રુવદ્રષ્ટિ તે જ વીતરાગતાનું કારણ છે.

પોતાની ધર્મ પર્યાય પરને લીધે નથી તેમ જ પૂર્વમાંથી વર્તમાન પર્યાય આવતી નથી–એમ નક્કી કરતાં પર ઉપરની નિમિત્તાધીન દ્રષ્ટિ અને અંશ ઉપરની પર્યાયદ્રષ્ટિ નાશ પામે છે ને ધ્રુવ તરફ લક્ષ કરતાં ધર્મપર્યાય ઉત્પન્ન થાય છે. તેમ જ બીજા દ્રવ્યની પર્યાય હું ફેરવી શકીશ નહિ, તેનો એક સમયનો પર્યાય બીજારૂપે થશે નહિ, તેનું દ્રવ્ય પોતે અનેરારૂપે થાય છે–એમ નક્કી થાય છે.

પોતાની પર્યાય બીજી પર્યાયરૂપે થતી નથી તો બીજાની પર્યાયને ફેરવી બીજારૂપ કરી શકાય એવું કદી બનતું નથી. આમ સાચું જ્ઞાન કરવાથી પરનો અહંકાર ટળી જાય છે.

અજ્ઞાની જીવ માને છે કે રોટલા શરીરમાં ન પડ્યા માટે ધર્મ થયો પણ એમ માનવું તે ભૂલ છે.

રોટલા ન આવ્યા તેથી શરીર નબળું પડ્યું નથી,

શરીર નબળું પડ્યું માટે પુણ્ય થયું–એમ નથી.

શુભભાવ થયો માટે શરીર દુબળું પડ્યું–એમ નથી.

પુણ્ય થયું માટે ધર્મ થયો–એમ પણ નથી.

દરેક આત્મા અને પરમાણુના સ્વકાળનો વર્તમાન ઉત્પાદ વર્તમાન સિવાય બધા કાળમાં નથી ને પૂર્વમાં પણ નથી, ને એકબીજાને લીધે પણ નથી.

ધ્રુવ સદ્રશ્યભાવ પોતાની બધી શક્તિઓની સાથે સંકળાયેલો સંબંધ રાખીને અવસ્થાદ્રષ્ટિએ અનેરો અનેરો થાય છે, એટલે અસત્–ઉત્પાદરૂપે પરિણમે છે.

ભાવાર્થ :–જીવ દ્રવ્યદ્રષ્ટિએ અનાદિઅનંત હોવા છતાં મનુષ્યની પર્યાય વખતે દેવપણાનો તેમ જ પૂર્ણાનંદ સિદ્ધ અવસ્થાનો અભાવ છે માટે દેવપર્યાય તથા સિદ્ધપર્યાય જુદેજુદી છે. આ રીતે પર્યાયો જુદેજુદી હોવાથી પર્યાયનો કરનાર, સાધન અને આધાર જીવદ્રવ્ય પર્યાય અપેક્ષાએ અનેરો અનેરો થાય છે. જો તે અનેરો થતો ન હોય તો પછી પર્યાય કોની ? માટે પર્યાયદ્રષ્ટિએ ધ્રુવ સ્વભાવ પોતે અધ્રુવ થાય છે. અધ્રુવનું અધ્રુવ નથી. આવી રીતે જ્ઞાનનું જ્ઞેય જે ધ્રુવસ્વભાવ તે પર્યાય અપેક્ષાએ અનેરો અનેરો થાય છે–એમ જ્ઞાન કરાવ્યું છે.

***

# પ્રસાદ નં. ૫૫

## પ્રવચનસાર ગાથા ૧૧૩ના પ્રવચનમાંથી.

(માગશર વદ ૬, શનિવાર)

દરેક આત્મા અને પરમાણુ પદાર્થ છે. તેનો એક એક સમયનો પર્યાય છે. એક સમયનો પર્યાય બીજે સમયે નથી. **એક જ પર્યાય અનેરારૂપે થતો નથી.** મિથ્યાત્વની પર્યાય સમકિતરૂપે થતી નથી પણ ધ્રુવ સ્વભાવ પોતે પલટીને અનેરારૂપ થાય છે. ધ્રુવસ્વભાવ પોતે સમકિતરૂપે અનેરો થયો છે. મિથ્યાત્વની પર્યાય સમકિતની પર્યાય પ્રગટ થઈ છે પણ મિથ્યાત્વની પર્યાયનો વ્યય થઈને સમકિતની પર્યાયનો કર્તા, કરણ ને આધાર નથી. તેમ જ દેવગુરુશાસ્ત્ર પણ સમકિતની પર્યાયના કર્તા, કરણ ને આધાર નથી. ધ્રુવસ્વભાવભાવ–ગુણો, શક્તિ, સદ્રશ્ય–તે પોતે જ સમ્યગ્દર્શનના કર્તા છે, તે જ કરણ છે ને તે જ આધાર છે.

અહીં ઉત્પાદને સિદ્ધ કરવો છે.

સોનાના કુંડળની અવસ્થાનો નાશ થઈ કડું થાય છે. તેમાં કડાનો કર્તા કોણ છે ? સોની કડાનો કર્તા છે ? હથોડી, એરણ વગેરે સાધનો કડાના કર્તા છે ? સોની, હથોડી, એરણ વગેરે નિમિત્તો તો કડાના કર્તા, કરણ અને સાધન તો નથી જ કારણ કે તેમનો સોનામાં અભાવ છે. પણ કુંડળરૂપ જે પૂર્વ અવસ્થા હતી તે નવી અવસ્થા–કડાનો કર્તા ખરી કે નહિ ?–કે ના. કારણ કે પૂર્વની કુંડળ અવસ્થાનો તો નાશ થયો છે તે વર્તમાન તો હયાત નથી. જે વસ્તુ હયાત ન હોય તે કર્તા કેવી રીતે થઈ શકે ?–ન જ થઈ શકે. કારણ કે પૂર્વપર્યાય તો વર્તમાનમાં આવતી નથી. માટે પૂર્વપર્યાય કર્તા, કરણ ને આધાર નથી. માત્ર સોનું દ્રવ્ય જ કડાની અવસ્થાનો કર્તા, કરણ ને આધાર છે. સોનાના ધ્રુવસ્વભાવ–ગુણસ્વભાવ પીળાશ, ચીકાશ, વજનપણું વગેરે શક્તિઓ પોતે પર્યાયદ્રષ્ટિએ કડાની અવસ્થારૂપે પરિણમ્યા છે. સોની, હથોડી કે બીજા કોઈ સાધનથી અથવા પૂર્વથી તે અવસ્થા થઈ નથી.

રૂપિયા એક ક્ષેત્રેથી બીજા ક્ષેત્રે આવ્યા તે પર્યાયના ઉત્પાદનો કર્તા જીવનો વિકલ્પ નથી, તેમ જ પૂર્વપર્યાય પણ નથી. રૂપિયાના દ્રવ્યના સત્તાસ્વભાવમાં થતો પર્યાયધર્મ તે છોડતો નથી. તેના પર્યાયધર્મને લીધે ક્ષેત્રાંતર થયા છે.

નિમિત્ત વસ્તુ અનેરારૂપ થઈ નથી, તેમ જ પૂર્વની પર્યાયને લીધે વર્તમાન પર્યાય અનેરારૂપ થઈ નથી પણ ધ્રુવસ્વભાવ–ગુણશક્તિઓ ભાષામાં અત્યંત અભાવ છે. તે ભાષા પૂર્વ પર્યાયમાંથી આવી નથી. પહેલાં તો પરમાણુ ભાષાવર્ગણા તરીકે હતા ને પછી ભાષા તરીકે આવ્યા તે હોઠને

લીધે અથવા જીવની ઇચ્છાને લીધે આવ્યા નથી. ભાષાના પરમાણુ, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જે શક્તિરૂપ છે તે જ વાણીની અવસ્થારૂપે થયેલ છે.

દ્રવ્યનો અસત્ ઉત્પાદ થયો છે, પર્યાયનો અસત્ ઉત્પાદ કહ્યો નથી. જે પહેલાં ભાવ હતો તે તો નાશ થયો છે. પર્યાય નાશ થયો તેને અનેરાપણું શું ? અથવા પર્યાયને લીધે અનેરાપણું શું ? પર્યાય તો એક સમયે એક જ છે. બીજા સમયે તે નથી પણ દ્રવ્ય અનેરા અનેરારૂપ પરિણમે છે. એટલે પૂર્વ પર્યાયના કારણે ઉત્પાદ નથી તો પછી નિમિત્તથી ઉત્પાદ થાય તે વાત તો સ્થૂલ અજ્ઞાન છે. નિમિત્તથી ઉત્પાદ થાય એમ કહો તો તો નિમિત્ત પોતે જ નિશ્ચય ને ઉપાદાન થઈ જાય છે પણ તે વાત ખોટી છે. અસત્ ઉત્પાદ પોતે જ નિશ્ચય છે–એવું સાચું જ્ઞાન કરે ત્યારે ક્યું નિમિત્ત હતું તેનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે. ૧૧૩. તદ્રૂ

હવે એક દ્રવ્ય સત્ ઉત્પાદ વખતે એ જ દ્રવ્ય છે અને અવસ્થા વખતે અનેરું અનેરું થાય છે, તેમાં કોઈ જાતનો વિરોધ આવતો નથી–એમ દર્શાવે છે :–

## ગાથા ૧૧૪

**દ્રવ્યાર્થિકે બધું દ્રવ્ય છે; ને તે જ પર્યાયાર્થિકે,**
**છે અન્ય, જેથી તે સમય તદ્રૂપ હોઈ અનન્ય છે. ૧૧૪.**

**અન્વયાર્થ** :–દ્રવ્યાર્થિકનય વડે સઘળું દ્રવ્ય છે; અને વળી વ્યવહારનયથી તે દ્રવ્ય અનેરું અનેરું થાય છે કારણ કે તે કાળે તન્મય હોવાને લીધે દ્રવ્ય અવસ્થાઓથી અનન્ય છે.

અહીં દ્રવ્યાર્થિકનય વડે જે દ્રવ્ય કહ્યું છે તે દ્રવ્યનો અર્થ ગુણ, અંશ, સામાન્ય શક્તિ, ધ્રુવશક્તિ કહી છે. દ્રવ્યાર્થિકનયથી ગુણો ધ્રુવરૂપ, અન્વયશક્તિઓ સદ્રશ્ય એવી ને એવી છે ને તે તે તે જ છે.

અવસ્થાદ્રષ્ટિએ જોવામાં આવે તો ગુણો અનેરી અનેરી અવસ્થાને ધારણ કરે છે તે કાળે દ્રવ્ય પર્યાયમાં તન્મય છે. આત્મામાં જ્ઞાનદર્શનની અવસ્થા વખતે જ્ઞાન, દર્શન ગુણો પર્યાયમાં તન્મય છે. પુદ્ગલમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગેરે ગુણોની અવસ્થા વખતે ગુણો પર્યાયમાં તન્મય છે, એટલે પર્યાય દ્રવ્ય સાથે તન્મય છે, પણ નિમિત્ત સાથે તન્મય નથી, તેમ જ પૂર્વ પર્યાય સાથે તન્મય નથી.

કેરી લીલી છે તે વખતે તેનો ધ્રુવ રંગસ્વભાવ લીલી પર્યાયમાં તન્મય છે. તે વખતે રંગનું બીજું સ્વરૂપ શોધશો તો હાથ આવશે નહિ. લીલીનો નાશ થાય છે ને પીળી થાય છે તો પીળી અવસ્થા ઘાસને લીધે થઈ નથી તેમ જ લીલીમાંથી પીળી આવતી નથી. ઘાસ પીળી અવસ્થાના કર્તા, કરણ ને આધાર નથી તેમ જ પૂર્વની લીલી અવસ્થા પણ પીળી

અવસ્થાના કર્તા, કરણ ને આધાર નથી. કેરી પોતે અસત્‌ઉત્પાદને પામતી પીળી અવસ્થાના કર્તા, કરણ ને આધાર છે.

ટીકા :–ખરેખર સર્વ વસ્તુ સામાન્ય–વિશેષાત્મક છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનો પિંડ તે વસ્તુ, એમ અહીં અર્થ સમજવો ને તે વસ્તુ પ્રમાણજ્ઞાનનો વિષય છે. દરેક વસ્તુ સામાન્ય તથા વિશેષ સહિત છે. ધ્રુવ-ગુણ-અન્વયશક્તિ-સદ્રશ્ય રહેનારી–તે તે તે રહેનારી શક્તિઓ–ટકતી શક્તિઓને સામાન્ય કહે છે અને અવસ્થા–અંશ–ભેદ–પલટતી અવસ્થા–એક પછી એક થનારી અવસ્થા–આ તે નહિ, આ તે નહિ–એવી વિસદ્રશ્ય રહેતી અવસ્થાઓને વિશેષ કહેવામાં આવે છે.–આવી રીતે સામાન્ય ને વિશેષ થઈને આખી વસ્તુ થાય છે. આવું વસ્તુસ્વરૂપ જોનારને અનુક્રમે સામાન્ય અને વિશેષને જાણનારાં બે જ્ઞાનચક્ષુ છે.

**(૧) દ્રવ્યાર્થિકનય :** જે શ્રુતજ્ઞાનનો અંશ સામાન્ય–ધ્રુવ–ગુણોના સમૂહને ખ્યાલમાં લે છે તેને દ્રવ્યાર્થિક નય કહે છે.

**(૨) પર્યાયાર્થિકનય :**—જે શ્રુતજ્ઞાનનો અંશ પર્યાયને–અવસ્થાને ખ્યાલમાં લે છે તેને પર્યાયાર્થિક નય કહે છે.

હવે અહીં તો વસ્તુને જોવાનું કહ્યું છે. સ્કંધને જોવાની વાત લીધી નથી. કર્મ તો અનંતા પરમાણુનો સ્કંધ છે. એક એક આત્મા તથા એક એક રજકણને વસ્તુ લીધી છે. હવે કઈ ચીજને જોવી છે ? તારે આત્માને જોવો છે કે કર્મને જોવાં છે ?

**આત્માને જોવો હોય ત્યારે** :–આત્મામાં દર્શન, જ્ઞાન વગેરે રહેનારી કાયમ શક્તિઓ છે તે ધ્રુવને જોનારો દ્રવ્યાર્થિકનય છે અને આત્મામાં પોતાની યોગ્યતાના કારણે રાગ, દ્વેષ, અલ્પજ્ઞતા વગેરે અવસ્થાઓ છે તે અવસ્થાને જોનારો પર્યાયાર્થિકનય છે.

આત્મા તરફ જોતાં અનુક્રમે આત્માનું સામાન્ય ને આત્માનું વિશેષ દેખાય છે પણ આત્મા તરફ જોતાં બીજો જીવ, કર્મ કે શરીર દેખાતાં નથી.

**કર્મ જોવાં હોય ત્યારે** :–કર્મ તો અનેક પરમાણુના સ્કંધરૂપ અવસ્થા છે. અહીં એક વસ્તુની જ વાત કરી છે. તેમાં એક કર્મનો પરમાણું છે, તેનું સામાન્ય સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગેરે કાયમ શક્તિઓ છે તે ધ્રુવશક્તિઓને જોનારો દ્રવ્યાર્થિકનય છે ને ક્ષેત્રાંતરની કે સ્પર્શ વગેરેની તેની અવસ્થાઓ છે, તેને જોનારો પર્યાયાર્થિકનય છે. કર્મમાં અનુક્રમે કર્મનું સામાન્ય ને વિશેષ દેખાય છે પણ કર્મની સાથે રાગી જીવ છે–એમ દેખાતું નથી.

નિગોદમાં અનંત આત્મા એક સાથે છે, તેને લીધા નથી પણ એક એક આત્મા લીધો છે ને એક એક આત્માને સ્વતંત્ર જોવાનો છે.

ધ્રુવ એટલે સામાન્ય ને પર્યાય એટલે વિશેષ–એમ સામાન્ય ને વિશેષ, બે અનુક્રમે જોવાનાં છે. નિમિત્તને લીધે અનુક્રમ નથી તેમ જ પૂર્વપર્યાયને લીધે અનુક્રમ નથી. ધ્રુવ ને પર્યાય વર્તે છે તેને અનુક્રમે જોવાનાં છે. વસ્તુ 'છે'–'છે'–'છે' એવી સદ્રશ્યવસ્તુને જોનારા જ્ઞાનને દ્રવ્યાર્થિકનય કહે છે ને 'તે નહિ', 'તે નહિ' એવી અનેરી અનેરી અવસ્થાને જોનારા જ્ઞાનને પર્યાયાર્થિકનય કહે છે. એક જ વસ્તુને બે પડખાંથી જોવાની વાત છે. એક વસ્તુને જોવાની વાત ચાલતી હોય ત્યારે વચમાં બીજી વસ્તુ જોવાની વાત કરે તો તે અજ્ઞાનભાવ છે. આત્માના રાગની પર્યાય જોવાની વાત ચાલતી હોય ત્યારે અજ્ઞાની કહે કે "ત્યારે નિમિત્ત તો હતું ને?" તેને કહે છે કે ભાઈ, આત્માને જોવાની વાત ચાલે છે ત્યાં બીજી ચીજની વાત વચમાં શું કામ કરે છે ? નિમિત્તને જોવું હોય ત્યારે નિમિત્તના ધ્રુવગુણો અને નિમિત્તની અવસ્થા એ બે દ્રષ્ટિથી નિમિત્તના સ્વભાવને જો. પણ નિમિત્તની વાત વખતે ઉપાદાનની વાતની ઘાલમેલ કરે છે ને ઉપાદાનનું જ્ઞાન કરતી વખતે નિમિત્તની વાત લાવી તારા જ્ઞાનમાં ઘાલમેલ કરે છે તો તે તારી ભૂલ છે.

આવી રીતે સ્વતંત્રપણે જેને જ્ઞાનમાં લેવાનું હોય તેને યથાર્થ જ્ઞાનમાં લેવું તે વીતરાગીવિજ્ઞાન છે; તેવા સાચા જ્ઞાનપૂર્વક વીતરાગ દ્રષ્ટિ થાય છે, પછી વીતરાગીચારિત્ર પૂરું થઈ, વીતરાગવિજ્ઞાન પુરું થઈ, સિદ્ધદશા પ્રગટ થાય છે.

પર્યાયાર્થિકનયને ગૌણ કરી એકલા દ્રવ્યાર્થિકનયથી જ્યારે વસ્તુનું જ્ઞાન કરવામાં આવે છે ત્યારે નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિ ને સિદ્ધપણામાં–એ બધી અવસ્થાઓમાં જીવસામાન્યપણાથી અવલોકતાં 'એ બધુંય જીવ છે'–એમ નક્કી થાય છે. એટલે તે બીજો જીવ નથી, તેમ જ અજીવ પણ નથી. જીવ એક ગતિંમાંથી બીજી ગતિમાં જાય તો તે કાંઈ બીજો જીવ થઈ જતો નથી.

એક કેરી લીલી, પીળી થાય છે તો દ્રવ્યાર્થિકનયથી એના એ પરમાણુનું સાદ્રશ્યપણું માલૂમ પડે છે. તેની સામાન્ય શક્તિ સ્પર્શ–રસ–ગંધ–વર્ણ એને એ સાદ્રશ્ય–એકરૂપ માલૂમ પડે છે. તેમ જીવ નરકમાં જાય કે મનુષ્યમાં જાય તો જીવનાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય વગેરે શક્તિઓ એની એ–સદ્રશ્ય-ધ્રુવ–નિત્ય છે, તે માલૂમ પડે છે. તે બધું દ્રવ્ય ગુણ જ છે, બીજું નથી.

અહીં તો ગતિનું દ્રષ્ટાંત આપ્યું છે. તેમ એક જીવ શુભરાગ કરે, વળી અશુભ રાગ કરે, ઘડીમાં ક્રોધ કરે, દ્વેષ કરે, માન કરે, માયા કરે–તે બધા પરિણામ વખતે દ્રવ્યદ્રષ્ટિથી જોવામાં આવે તો એક જ જીવ માલૂમ પડે છે.

જીવનાં જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે સામાન્ય શક્તિસ્વરૂપ–સાદ્રશ્ય એના એ માલૂમ પડે છે, બીજો જીવ માલૂમ પડતો નથી.

જ્યારે દ્રવ્યાર્થિકનયને ગૌણ કરીને પર્યાયાર્થિકનયથી જોવામાં આવે છે ત્યારે જુદી જુદી અવસ્થાને જોનાર નયથી તે દ્રવ્ય જુદું જુદું ભાસે છે. જેમ કે મનુષ્યપર્યાય તે દેવપર્યાય નથી, દેવપર્યાય તે સિદ્ધપર્યાય નથી–એમ અવસ્થાથી જોવામાં આવે તો જીવ અનેરો અનેરો ભાસે છે. કારણ તે વિશેષોના સમયે તન્મય હોવાને લીધે તે વિશેષોથી જુદો નથી પણ અનન્ય છે.

કેરી લીલી અવસ્થા વખતે આખી લીલાપણાથી તન્મય છે, પીળી વખતે પીળાપણાથી તન્મય છે. લીલી તે પીળી નથી ને પીળી તે લીલી નથી–એમ અવસ્થાદ્રષ્ટિએ કેરી અનેરી અનેરી થાય છે.

છાણાં, ઘાસ અને કાષ્ટમય અગ્નિની જેમ–છાણાંનો અગ્નિ છાણાંથી એકમેક છે. ઘાસનો અગ્નિ ઘાસથી એકમેક છે. કાષ્ટનો અગ્નિ કાષ્ટથી એકમેક છે–જુદો નથી. આખું દ્રવ્ય તે તે અવસ્થાના વિશેષોના સમયે તેમય થાય છે. દ્રવ્ય પર્યાયથી જુદું રહેતું નથી.

જીવદ્રવ્યને વિષે ક્રોધ થાય છે, માન થાય છે, તો તે અવસ્થાઓ વિષે જીવદ્રવ્ય આખો ક્રોધમય થાય છે, માનમય થાય છે. શુભભાવ વખતે શુભભાવમય થાય છે–એમ અવસ્થાદ્રષ્ટિએ જીવ અનેરો અનેરો ભાસે છે.

મુનિ છઠ્ઠે ગુણસ્થાને હોય છે. દેહ છૂટવાના સમયે છઠ્ઠે ગુણસ્થાને છે ને બીજે સમયે દેવપર્યાયમાં ચોથે ગુણસ્થાને હોય છે. અગિયારમાં ગુણસ્થાને મુનિનો દેહ છૂટી જાય તો દેવગતિમાં ચોથે ગુણસ્થાને થઈ જાય છે. તો ચોથા ગુણસ્થાનની પર્યાયનો કર્તા, કરણ ને આધાર પૂર્વની (અગિયારમાં ગુણસ્થાનની) પર્યાય નથી. ધ્રુવ જીવ ચોથા ગુણસ્થાનની પર્યાયનો કર્તા, કરણ ને આધાર છે. જીવ પોતે અનેરા અનેરારૂપ થાય છે.

બ્રહ્મદત્ત ચક્રવર્તીની હજારો દેવો સેવા કરતા, લશ્કર ઘણું હતું . દીકરા, દીકરી, જમાઈ ઘણા હતાં. કિંમતી પલંગમાં સૂતો હતો; મૃત્યુ પામ્યો તે જ સમયે સાતમી નરકમાં ગયો. કર્મના લીધે નરકમાં ગયો નથી. પૂર્વપર્યાય તો મનુષ્ય ચક્રવર્તીની છે. વર્તમાનપર્યાય નરકની છે. પૂર્વપર્યાય નરકમાં જવાનું કારણ નથી. બ્રહ્મદત્તનો જીવ પોતે પોતાની યોગ્યતાથી નરકમાં ગયો છે. તે વખતે તે તેનાથી એકમેક છે ને પર્યાયરૂપે અનેરો અનેરો થયો છે.

પ્રવચનસાર ગાથા ૧૦ (પાનું ૧૩) ટીકામાં બતાવ્યું છે કે ''પરિણામ વિના પદાર્થ નથી'' તેમ કહી પદાર્થમાં બધી જાતના પરિણામો બતાવવા હતા ને ગાથા ૧૮૬ (પાનું ૩૦૪)માં બતાવેલ છે કે જીવ પોતે જ અશુદ્ધ પરિણામનો કર્તા છે. ત્યાં दव्वजादस्स એટલે દ્રવ્ય પોતાથી ઉત્પન્ન થયેલા

અશુદ્ધ પરિણામનો કર્તા છે–એમ બતાવેલ છે, નિમિત્તથી ઉત્પન્ન થાય છે–એમ કહ્યું નથી. તે વખતના જ્ઞેયનું યથાર્થ જ્ઞાન કરાવેલ છે.

વિશેષોમાં રહેલા દ્રવ્યને જાણવું તે દ્રવ્યાર્થિકનય છે.

દ્રવ્યમાં રહેલા વિશેષોને જાણવું તે પર્યાયાર્થિકનય છે.

એક એક જ્ઞેયનો આવો સામાન્ય–વિશેષાત્મક સ્વભાવ છે. એક જ્ઞેયને જોવા વખતે બીજા જ્ઞેયને જોવા જાય તો તે યથાર્થ નથી. પણ એક જ્ઞેયને બંને પડખાંથી જાણી, સાચું જ્ઞાન કરે તો તે ધર્મનું કારણ થાય.

***

# પ્રસાદ નં. ૫૬

## પ્રવચનસાર ગાથા ૧૧૪ના પ્રવચનમાંથી.

(માગશર વદ ૭, રવિવાર)

દરેક આત્મા અને પરમાણુ વગેરે દ્રવ્ય પોતાની જે અવસ્થાપણે પરિણમે છે તે કાળે તે વસ્તુ તે પર્યાયથી એકાકાર–તન્મય હોવાથી, જુદી નથી. દેવ-નારકીપણાની પર્યાયપણે જીવની અવસ્થા પોતાની સ્વતંત્ર યોગ્યતાથી છે તેનાથી જીવ પોતે તન્મય છે, જુદો રહી ગયો–એમ નથી. દ્રવ્યદ્રષ્ટિથી જોઈએ તો સિદ્ધપર્યાયમાં કે સંસારપર્યાયમાં જીવ તેનો તે જ છે. નિત્ય–દ્રવ્ય–સામાન્યપણે જોવું તે એક આંખ છે. અનિત્ય–પર્યાય–વિશેષપણે જોવું તે પણ એક આંખ છે, તે એકદેશ અવલોકન છે. પ્રમાણરૂપ ઉભયદ્રષ્ટિથી દેખો તો પણ કોઈ દ્રવ્યને પર સાથે સંબંધ છે–એવું નથી. વિકલ્પથી–વ્યવહારથી લાભ થાય, નિમિત્તથી લાભ થાય એવું દેખે તે સુદ્રષ્ટિનું જ્ઞાન નથી.

સ્વતંત્ર દ્રવ્ય–પર્યાય બન્નેનું જ્ઞાન કરી ધ્રુવ તરફ લક્ષ કરે તો વિકલ્પ, ભેદ, પર્યાયનું જ્ઞાન તે વ્યવહાર કહેવાય. નિશ્ચય–વ્યવહાર બન્નેને ઉપાદેય માને તો બન્ને રહેતા નથી પણ પર્યાયને ગૌણ કરી તેને વ્યવહાર કહેલ છે. દ્રવ્ય સામાન્ય તરફ અભેદબુદ્ધિ કરાવવા પર્યાય–ભેદને ગૌણ કરીને સામાન્યને મુખ્ય કરીને તેને નિશ્ચય કહેલ છે.

વિકલ્પ તે જીવનું પરમાર્થસ્વરૂપ નથી. વિકલ્પ તે અસદ્‌ભૂત ઉપચારનયથી છે, ગુણ–ગુણીનો ભેદ તે સદ્‌ભૂત અનુપચાર છે. એ રીતે બધો વ્યવહાર વ્યવહાર માટે નથી પણ સ્વભાવમાં અભેદ દ્રષ્ટિ કરાવવા માટે છે; બીજાનો આશ્રય કે સંયોગી ચીજ જોવા માટે નથી.

સ્વનું જ્ઞાન થતાં પરનું જ્ઞાન પોતાના નિશ્ચયજ્ઞાનથી થાય છે. સ્વ–પરપ્રકાશક જ્ઞાનસ્વભાવ પોતાનો છે માટે નિશ્ચય છે, પર્યાય પણ નિશ્ચય છે. સામાન્ય ધ્રુવ પણ નિશ્ચય છે. વસ્તુને સર્વદેશ–(પ્રમાણજ્ઞાન)થી અવલોકન કરતાં સ્વતંત્ર એક એક દ્રવ્યમાં તેનું ભેદ અભેદપણું વિરોધ પામતું નથી. વિરોધ તો પરદ્રવ્યની જરૂરિયાત સ્વીકારનાર અજ્ઞાનમાં જ છે.

નિગોદ અવસ્થામાં હતો તે જીવ, સિદ્ધદશામાં દેખો તો પર્યાય અપેક્ષાએ અનેરો અનેરો અને દ્રવ્યાર્થિક દ્રષ્ટિથી અનન્ય–તેનો તે જ છે. તેમાં બીજા સંયોગને જોવાની વાત નથી. દરેક દ્રવ્યની વર્તમાન યોગ્યતા તે તેનું વિશેષ અને ધ્રુવતા તે સામાન્ય–તેમાં ને તેમાં દેખવો, બીજા વડે તેમાં કાંઈ ફેરફાર થવાનું જોવું તે મિથ્યા છે.

પરમાણુ સ્કંધની પર્યાયપણે પોતાની યોગ્યતાથી રહ્યો છે. તે તેની પર્યાયથી તન્મયપણે તેનો તે જ છે. તેમાં પરને જોવાથી તેની સાબિતી થતી નથી.

સંસારી જીવને એકક્ષેત્રે નિદ્ધત અને નિકાચિત કર્મના લોચા પડ્યા હોય તેને જોઈશ નહિ પણ તેની વર્તમાન યોગ્યતારૂપ પર્યાય અને તેનું ધ્રુવપણું જો; પરના સંબંધને ન જો. અચેત મહાસ્કંધ, આખા લોકમાં છે. તેમાં પણ દરેક પરમાણુને તેની પર્યાયમાં તે કાળે તેવી યોગ્યતાથી તન્મયપણું જો. દ્રવ્ય અને પર્યાયનું એક સાથે અવલોકન તે પ્રમાણદ્રષ્ટિ છે.

પરમાણુ પરમાણુપણે જ રહ્યો છે. સ્થૂળતામાં કે સૂક્ષ્મતામાં રહેવાની તે તે સમયની સ્વતંત્ર યોગ્યતા તેની છે. એક પરમાણુની પર્યાય બીજા પરમાણુની પર્યાયને સ્પર્શી નથી. એકેક પરમાણુ દ્રવ્ય પોતાની પર્યાયથી જોતાં અનેરું છે અને અભેદથી જોતાં તેનું તે છે.

કર્મ થવામાં પણ તે વખતની તે પરમાણુની લાયકાત છે. દરેક દ્રવ્ય તેનાથી સામાન્ય–વિશેષરૂપ છે તેથી દરેક દ્રવ્ય તેની બધી અવસ્થાઓમાં તેનું તે જ સામાન્યપણે ટકી રહે છે અને અવસ્થાવિશેષપણે તે જ બદલાય છે. તેને માટે બીજાનો આધાર માને તો કોઈ વસ્તુ સાબિત થાય નહિ. પાણીની અવસ્થા એની યોગ્યતાના કારણે જ ઊની થાય છે, અગ્નિના કારણે ઊની થવાનું માનનાર મૂઢ છે. અગ્નિની અસ્તિથી પાણીના ઊનાપણાની અસ્તિ છે એવું મિથ્યા અવલોકન લાવ્યો ક્યાંથી ?

પેટ્રોલને લઈને મોટરનું ક્ષેત્રાંતર નહિ, નીચેના પરમાણુને લઈને ઉપરના પરમાણુ નહિ. પ્રમાણજ્ઞાનથી તો દરેકનું સ્વતંત્રપણું દેખાય છે, તેમાં સંયોગપણું જોવામાં આવતું નથી.

હે ભાઈ ! તને એમ લાગતું હોય કે દેવ આયુનો ઉદય આવ્યો માટે સ્વર્ગમાં ગયો–તો તેમ નથી. પ્રમાણજ્ઞાન તો સ્વતંત્ર દ્રવ્ય અને તેની પર્યાયનો સંબંધ બતાવે છે. એની પર્યાય એનાથી છે, કોઈ અન્યથી નથી.

પર્યાયથી અનેરાપણું ને દ્રવ્યથી અનન્યપણું તેના તે જ એક દ્રવ્યમાં જ જોવામાં આવે છે; બીજા વડે તેનું વિલક્ષણપણું–અનેકપણું જોઈ શકાતું નથી. પ્રમાણજ્ઞાન તે ઉભયાત્મક છે. સિદ્ધમાં કે નિગોદમાં સામાન્ય–વિશેષ સમયે પોતાથી છે, પરથી નથી. લાકડું એના કારણે, એના કાળે ઊંચું થાય છે, તેમાં તે પર્યાયનું અનેરાપણું તે વિશેષ અને તેનું ધ્રુવ તે સામાન્ય એનાથી છે એમ પ્રમાણજ્ઞાન સ્વતંત્ર એક દ્રવ્યમાં ઉભયાત્મક છે તેવું જણાવે છે. અજ્ઞાની બીજા વડે માને છે તેણે સત્‌દ્રવ્ય માન્યું નથી.

દરેક દ્રવ્યનું તથા તેના અનંતા ગુણોનું પલટવું તેના અનેરાપણાના કારણે છે ને એનું ધ્રુવપણું–એકપણું પણ એને જ લઈને છે. એવું જ સર્વજ્ઞેય

છે ને જ્ઞાન તેને તેવું જાણનારપણે છે. ચૈતન્ય સ્વ–પરપ્રકાશક છે. સ્વ–પર જ્ઞાયકશક્તિ સ્વતંત્રપણે ટકીને પરિણમે છે એમ ન માન્યું તેણે આત્માને જ માન્યો નથી. જડપદાર્થ તેની સર્વશક્તિથી જડેશ્વર છે, ચૈતન્ય ચૈતન્યપણાથી પૂર્ણ ઈશ્વર છે.

દ્રવ્યાર્થિકનયથી દ્રવ્ય તેનું તે જ ભાસે છે, ને પર્યાયાર્થિકનયથી તે જ અનેરાપણે દેખાય છે. ક્યાં નિગોદ કે નારકી અને ક્યાં સિદ્ધદશા ? મનુષ્યશરીરમાં રસી થાય, લોહીનું પાણી થાય, ખીલ ફાટે, ઝેર ચડે એ વગેરે જડનો પર્યાયધર્મ એના કાળે એની યોગ્યતાના કારણે થાય છે. મતિ–શ્રુતજ્ઞાન પલટીને ક્ષણમાં પૂર્ણજ્ઞાન પ્રગટ થાય છે.

સામાન્ય–વિશેષ સ્વદ્રવ્યમાં જોવાનું છે, સંયોગથી જોવાનું નથી.

***

# પ્રસાદ નં. ૫૭

## પ્રવચનસાર ગાથા ૧૧૫

(માગશર વદ ૮, સોમવાર)

## શ્રી કુંદકુંદ ભગવાનને આચાર્યપદવી આરોહણ દિન.

આજે ભગવાન કુંદકુંદાચાર્યની આચાર્યપદવીનો મહાઉત્સવ દિન છે. તેઓ બે હજાર વર્ષ પહેલાં આ ભરતક્ષેત્રમાં વિચરતા હતા. તેમની તથા તે વખતના પાત્રજીવોની ઘણી તૈયારી હતી; કેવળી તથા શ્રુતકેવળીનો વિરહ હતો–પોતાને સમાધાન તો હતું જ પણ વિશેષ જાણવા મહાવિદેહક્ષેત્રમાં સાક્ષાત્ સર્વજ્ઞ પરમાત્મા શ્રી સીમંધર ભગવાન બિરાજે છે તેમની પાસે તેઓ ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. ત્યાંના ચક્રવર્તીએ ભગવાનને પૂછ્યું કે પ્રભુ ! આ કોણ ? ત્યારે સાક્ષાત્ સાંભળવામાં આવ્યું કે ભરતક્ષેત્રના મહાપવિત્ર મુનિરાજ છે. ત્યાં ચક્રવર્તીએ મહાપ્રમોદમાં આવી ઉત્સવ મનાવ્યો હતો. અહો ! કેટલી પાત્રતા ! એ આચાર્યદેવનાં સમયસારાદિ શાસ્ત્ર ભરતમાં અજોડ છે.

ૐ

હવે ચાલતો વિષય :–

વિશ્વમાં આત્માદિ જે સર્વ પદાર્થો છે તે સ્વયંસિદ્ધ સત્ તત્ત્વો છે. છે તેને કોઈએ બનાવેલાં હોય નહિ અને બનાવેલાં હોય તો તે નિત્ય હોય નહિ. સત્ તત્ત્વો ન હતાં એમ નથી. 'છે–છે–છે'. દરેક વસ્તુમાં અસ્તિ–નાસ્તિ આદિ ધર્મો સત્રૂપ છે તે એકેક ધર્મને મુખ્ય, ગૌણ, ક્રમ, યુગપદ્ વગેરે સાત પ્રકારે કહી શકાય છે. છે તેનું કથન હોય, ન હોય તેનું ન હોય.

### ગાથા ૧૧૫

**અસ્તિ, તથા છે નાસ્તિ, તેમ જ દ્રવ્ય અણવક્તવ્ય છે,**
**વળી ઉભય કો પર્યાયથી, વા અન્યરૂપ કથાય છે. ૧૧૫.**

દરેક દ્રવ્યનું પોતાથી હોવાપણું ને પરથી નહિ હોવાપણું છે. પર વડે પોતાનું હોવાપણું હોય તો કોઈનું સ્વરૂપ સત્ રહેતું નથી. શરીરનું ટકવું આત્માને લઈને નથી અને આત્મા શરીરને લઈને નથી. જડકર્મ જગતની સ્વતંત્ર વસ્તુ છે તે તેના સ્વરૂપે સત્ છે. આત્મારૂપે તે અસત્ છે. માટે તે આત્મામાં કોઈપ્રકારે લાભ–નુકશાન કરે નહિ.

દરેકનું સ્વરૂપે સત્પણું છે તે પરને લઈને, કર્મને લઈને કે ઈશ્વરને લઈને નથી, કારણ કે પરરૂપથી તે ત્રિકાળ અસત્ છે. જો પોતાથી છે તેમ

પરથી હોય તો કોઈ સત્ રહે નહિ. અસત્–નાસ્તિધર્મ પણ દરેક વસ્તુનો સ્વભાવ છે. સ્વચતુષ્ટયમાં પરચતુષ્ટય નથી. જડકર્મપણે આત્મા અસત્ અને આત્માની અપેક્ષાએ જડકર્મ વગેરે અસત્ છે. તો પછી કર્મ વગેરે પરચીજ આત્માને લાભ–નુકશાન કરે એમ બને જ નહિ. કોઈ તો ઈશ્વરને કર્તા માને અને જૈન નામધારી માને કે કર્મ જીવને રાગદ્વેષ મોહ કરાવે–રખડાવે તો તે જડકર્મને ઈશ્વર માને છે.

જડકર્મ તેનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી સત્ છે, જીવ માટે તે અસત્ છે અને કર્મ મને રાગદ્વેષ–ભ્રમણા કરાવે એવી માન્યતા અજ્ઞાની જીવમાં સત્ છે ને તે કર્મપણે અસત્ છે. કોઈનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળભાવનું સત્ કોઈને લઈને નથી. જીવના રાગને લઈને કર્મની પર્યાય સત્ છે–એમ નથી. જીવ રાગ ન કરે તો કર્મની પર્યાય થાય ? એમ કોઈ પ્રશ્ન કરે તો તેનું સમાધાન :–કર્મની પર્યાય તે પરમાણુના તે કાળની અપેક્ષાએ સત્ છે અને જીવના રાગપણે તે અસત્ છે. એક સમયપૂરતો પર્યાયનો કાળ છે તે ત્રિકાળીભાવ પૂરતો નથી–એમ એક દ્રવ્યમાં પણ અનેકાંત છે.

વળી જેમ વસ્તુ પોતાના સ્વરૂપે છે તેમ પરપણે પણ છે એમ કહો તો સ્વતંત્ર અસ્તિ નહિ રહે. એક સમયની વિકારીપર્યાય નિશ્ચય છે, જ્ઞેય છે. સ્વયંસિદ્ધ સત્ છે, તે પરને લઈને નથી. અહીં જ્ઞાનપ્રધાન વાત છે. જ્યાં રાગાદિને પુદ્ગલના કહ્યા ત્યાં ધ્રુવસ્વભાવમાં રાગાદિ વ્યાપતા નથી, એમ કહી અભેદદ્રષ્ટિ કરાવે છે. નિગોદ અવસ્થાથી ૧૪ ગુણસ્થાન સુધી સંસારનો ઉદયભાવ જીવને લઈને સત્ છે ને પરનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને લઈને નથી. એમ માને તેણે જ સત્ સપ્તભંગીનું પ્રયોજન જાણ્યું છે.

સર્વજ્ઞની વાણીમાં તથા જ્ઞાનમાં એમ આવ્યું કે દરેક વસ્તુ પોતાથી જ સત્ છે, પરરૂપે અસત્ છે. અહોહો ! કોઈ બીજાથી કાંઈ લાભ–નુકશાન થાય એવું જોવાનું જ ન રહ્યું. પરને લઈને નહિ, પોતાના દ્રવ્ય–ગુણને લઈને પણ નહિ, પણ પોતાની તે સમયની લાયકાત (-યોગ્યતા)થી રાગાદિ પર્યાયનું સત્પણું છે.

દરેક આત્મા વગેરેનું સ્વથી સત્પણું, પરથી અસત્પણું અનાદિઅનંત એ જ રીતે છે, બીજી રીતે નથી. સર્વજ્ઞે એમ જ જાણ્યું છે, તેમ જ તેમની વાણીમાં પણ એમ જ આવ્યું છે, તથા શ્રુતજ્ઞાનમાં–નયસપ્તભંગીમાં પણ તેમ જ છે.

નિમિત્તને લઈને નૈમિત્તિક સત્ નથી. ભુંડને તેનું બચ્ચું ધાવે તો જ દૂધ નીકળે એ નિમિત્તનું કથન છે. કાર્ય તો તે કાળે તેની યોગ્યતાથી થાય છે. ૠતુને લીધે પરમાણુ ટાઢા કે ઊના થાય એવું પર વડે અસ્તિત્વ

વસ્તુસ્વભાવમાં નથી. સ્યાત્કારરૂપી અમોઘ મંત્ર વડે સંસારવિષ નાશ થયા વિના રહે નહિ.

કોઈ માને છે કે વ્યવહારના ગ્રંથો જે કાંઈ કહે તેનો નિષેધ નિશ્ચયનય ન કરી શકે–નિશ્ચયનાં શાસ્ત્રો કહે કે દરેક વસ્તુ સ્વરૂપથી સત્ અને પરરૂપથી ત્રિકાળ અસત્ છે અને વ્યવહારની મુખ્યતાવાળાં શાસ્ત્ર કહે કે કદી પરથી પણ સત્પણું છે, નિમિત્તથી કે રાગથી લાભ થાય–એમ બન્નેને સમાન માને એ તો તેની મૂઢતા છે. તેનું નિરાકરણ સત્ શ્રુતજ્ઞાન વડે સપ્તભંગી કરે છે. નિદ્ધત કે નિકાચિત કર્મપર્યાય તેના કારણે તે સમયે સત્ છે, જીવના સ્વરૂપથી તે ત્રિકાળ અસત્ છે. આત્માએ શુદ્ધભાવ કર્યો માટે કર્મનો નાશ થયો–એમ નથી.

શરીરમાં ગૂમડું પાક્યું તે તેનાપણે સત્ છે. ત્યાં જો જીવ અશુભભાવ કરે તો તે પાપભાવ તે કાળે તેનાપણે સત્ છે. સંસાર પર્યાયકાળે તે પર્યાય સત્ છે ને તે કાળે મોક્ષપર્યાય અસત્ છે. અહીં જ્ઞાનપ્રધાન કથન છે. જીવ સ્વ–પર જ્ઞેયને યથાર્થ જાણે તો પરાશ્રય–રાગનો નિષેધ કરી સમ્યક્ એકાંતસ્વભાવમાં ઢળે.

જ્યારે જુઓ ત્યારે દરેક પદાર્થનું સ્વપણે ટકી રહેવું ને સ્વપણે બદલવું છે; કદી પણ પરપણે તેનું હોવું નથી. પરનો આધાર લેવો ને પરને આધાર દેવો એવું કોઈમાં નથી. આત્મા કર્મપરમાણુરૂપે થતો નથી માટે પરમાં જોવાનું રહેતું નથી. લોહી, માંસ, રોગ વગેરેમાં પરમાણુને દેખો કે છૂટો દેખો પણ તે તે કાળે તેની લાયકાતથી તે સ્વરૂપે છે, પરરૂપે નથી–એમ એકેક પદાર્થમાં અસ્તિ–નાસ્તિ સાધી શકાય છે.

કહેવા ધારેલ ધર્મને મુખ્ય અને બીજાને ગૌણ કરી, અસ્તિ અને નાસ્તિની મુખ્યતથી કહેતાં સાત પ્રકાર થાય છે. તે નીચે મુજબ :–

દ્રવ્ય (૧) સ્વરૂપની અપેક્ષાએ 'સ્યાત્અસ્તિ' છે. (૨) પરરૂપની અપેક્ષાએ 'સ્યાત્નાસ્તિ' છે. (૩) સ્વરૂપે અને પરરૂપે એકીસાથે કથાવું અશક્યછે માટે 'સ્યાત્ અવક્તવ્ય' છે. (૪) સ્વરૂપ અને પરરૂપના ક્રમની અપેક્ષાએ 'સ્યાત્ અસ્તિ–નાસ્તિ' છે. (૫) સ્વરૂપે અસ્તિ અને સ્વરૂપ–પરરૂપના યુગપદ્પણે કથાવું અશક્ય માટે 'સ્યાત્ અસ્તિ–અવક્તવ્ય' છે. (૬) પરરૂપે નાસ્તિ અને સ્વરૂપ–પરરૂપના યુગપદ્પણે કથાવું અશક્ય માટે 'સ્યાત્નાસ્તિ–અવક્તવ્ય' છે. (૭) સ્વરૂપ અને પરરૂપની અપેક્ષાએ અસ્તિ–નાસ્તિ અને બન્નેના યુગપદ્પણાની અપેક્ષાએ કથાવું અશક્ય માટે 'સ્યાત્ અસ્તિનાસ્તિ–અવક્તવ્ય' છે.

સાધકની દ્રષ્ટિમાં નિરંતર અભેદસ્વભાવ જ મુખ્ય રહે છે, ને ભેદ–વિકલ્પવ્યવહાર તો ગૌણ જ રહે છે. કદી પણ ભેદની મુખ્યતા થતી જ

નથી. જ્ઞાનથી વ્યવહારને જાણે કરો પણ આદર તો નિશ્ચયનો જ કરે છે.–એ રીતે સ્વતઃસિદ્ધ વસ્તુમાં, જ્ઞાનમાં, કથનમાં પ્રગટ થતાં સાત ભંગ દરેકમાં લાગુ પડતા હોવાથી સદાય સમ્યક્ રીતે કહેવામાં આવતા સ્યાત્કારરૂપી અમોઘ મંત્ર વડે ''જ''કારમાં રહેલા સઘળા વિરોધ વિષના મોહને દૂર કરે છે. બધું સ્વપણે છે જ એમ એક જ પક્ષ પકડી બધાને સરખા માનવા જાય તો તે મિથ્યા–એકાંતરૂપી ઝેર છે પણ દરેક વસ્તુ સ્વપણે છે ને પરપણે નથી એમ અસ્તિ–નાસ્તિરૂપ બન્ને અપેક્ષા જીવતી રાખવાથી એમાં સમ્યક્ અનેકાંત સ્વભાવનું અમૃત વહે છે.

કોઈપણ નિયમ બતાવવા માટે 'જ' શબ્દ વાપરે તો દોષરૂપ નથી. સ્વપણે છે તે જ વસ્તુ પરપણે નથી, એમ કહેતાં પરના અભાવની અપેક્ષા ખ્યાલમાં આવે છે. સંસારદશા જીવની પોતાની યોગ્યતાથી જ છે, પરથી નથી એવા 'જ'કારનો સપ્તભંગી હકાર રાખે છે. પણ પર વડે પોતાની પર્યાયનું અસ્તિત્વ માને તો અનેકાંત રહેતું નથી. 'છે' તે જ પરની અપેક્ષાએ 'નથી' એ સમ્યક્ છે. વિકાર સ્વથી થાય ને પરથી પણ થાય તે સંશયવાદ છે, કર્મ માર્ગ આપે તો મુક્તિ થાય ને કોઈ વેળા પુરુષાર્થથી મુક્તિ થાય–એમ માને તો મિથ્યાત્વ છે. કોઈને કોઈ કાળે પરાશ્રય કે રાગથી ધર્મ થાય ને કોઈને નિશ્ચયથી–વીતરાગતાથી ધર્મ થાય–એમ માનવું તે મિથ્યાત્વ છે. તે એકાંત ઝેરરૂપી માન્યતાના મોહને સમ્યક્ પ્રકારનો સ્યાદ્વાદ નાશ કરે છે.

***

# પ્રસાદ નં. ૫૮

## પ્રવચનસાર ગાથા ૧૧૬ના પ્રવચનમાંથી.

(માગશર વદ ૯, મંગળવાર)

દરેક આત્મા અને પરમાણુ વગેરે અનાદિ–અનંત, સ્વતઃસિદ્ધ હોવાથી સ્વચતુષ્ટયથી છે, પરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી નથી. માટે કોઈ બીજાનું કરી દે એ વસ્તુ સ્થિતિ કોઈ પ્રકારે નથી કારણ કે એકમાં બીજાનો અત્યંત અભાવ છે. દરેક પદાર્થ સ્વથી ટકીને પરિણમી રહ્યો છે. એ સ્વ ચતુષ્ટયની તાકાત સ્વથી છે, પરથી નથી.

આત્મા દ્રવ્યે–ગુણે, શુદ્ધ ત્રિકાળ છે. ને વર્તમાન પર્યાયમાં અશુદ્ધતા ક્યાંથી આવી ? કે પોતાની સ્વકાળની યોગ્યતાથી તે અશુદ્ધતા પણ સત્ છે, પરથી નથી. સંયોગને જોનાર પર વડે અશુદ્ધતા માને છે, પર કરે–કરાવે એમ માને છે, તેણે સ્વપરની ભિન્નતા જાણી નથી.

તેના ઉદાહરણ માટે ગાથા ૧૧૬માં કહે છે કે અશુદ્ધતા રૂપ ચારગતિના વિકારીભાવ જીવના સ્વચતુષ્ટયથી છે, તેમાં પર ચતુષ્ટય કારણ નથી. જો પર કારણ હોય તો પુરૂષાર્થ કરવાનું રહેતું નથી.

### ગાથા ૧૧૬

**નથી 'આ જ' એવો કોઈ, જ્યાં કિરિયા સ્વભાવ—નિષ્પન્ન છે;**
**કિરિયા નથી ફળહીન, જો નિષ્ફળ ધરમ ઉત્કૃષ્ટ છે. ૧૧૬.**

મનુષ્યાદિ પર્યાયોમાં વિભાવ સ્વભાવથી–જીવની સ્વકાળની લાયકાતથી ઉત્પન્ન થતી રાગદ્વેષમય ક્રિયા સંસાર ફળ માટે સફળ છે અને વીતરાગી શ્રદ્ધા અને ચારિત્રરૂપ પરમ ધર્મ સંસાર માટે અફળ છે. વીતરાગ-ભાવથી સંસાર નથી અને શુભાશુભ વિભાવ સ્વભાવથી સંસાર છે–એ નિયમ છે.

સંસાર અવસ્થામાં વિભાવ તેપણ પર્યાયનો સ્વભાવ છે. તે પરવડે રચાતો નથી કેમ કે સ્વચતુષ્ટયમાં પરચતુષ્ટય કોઈ પ્રકારે નથી. અહીં રાગદ્વેષમય ક્રિયાને સ્વભાવ નિષ્પન્ન કહેલ છે.

કર્મથી કે નિમિત્તથી વિકાર થાય એમ માનનારને વર્તમાન પર્યાયની સ્વતંત્રતા સ્વીકારવાની પણ તાકાત નથી તો પછી ત્રિકાળી દ્રવ્યગુણમાં વિકાર નથી એ વાત તો તે ખરી રીતે સ્વીકારી શકે નહિ. આત્મામાં સંસાર છે તે ઉદયભાવ સ્વતત્ત્વ છે, પણ ધ્રુવ સ્વભાવ નથી. પ્રથમ પર્યાયની સ્વતંત્રતા કબૂલ કરે કે વિકાર મારી નબળાઈથી અપરાધથી કરવામાં આવે તો થાય છે, કર્મથી નહિ. દ્રવ્ય શુદ્ધ જ છે અને પર્યાયમાં વિકાર પરથી થાય

છે, એમ માનીને જે સ્વચ્છંદી થાય છે તેણે સમજવું જોઈએ કે સ્વચતુષ્ટયમાં પરચતુષ્ટય ત્રિકાળ નથી અને એ સમજ્યા વિના ગોટા વાળે કે કર્મનો જેવો ઉદય આવે તેના પ્રમાણમાં જ રાગદ્વેષ કરવા પડે તો એની માન્યતા ઈશ્વરકર્તા માનનાર જેવી જ છે તે સ્વતંત્ર સત્‌ને જાણતો નથી.

રાગદ્વેષથી આત્માને પૃથક્ કરવો એમ કોઈ માને તો વર્તમાનમાં જે ઉત્પાદરૂપ છે તેને કેમ ટાળે ? અને બીજે સમયે તો તે ટળી જાય છે. તેને શું ટાળે અને જે થયો નથી, તેને શું ટાળે ? નિમિત્તનો તો આત્મામાં અત્યંત અભાવ છે, તે શું કરે ? માટે નિમિત્ત, વિકાર અને ભેદ ઉપરનું લક્ષ છોડી ધ્રુવ સ્વભાવમાં દ્રષ્ટિ કરે તો રાગાદિ ઉત્પન્ન થતાં જ નથી. તેનું નામ પૃથક્ કરણ છે.

આત્મામાં વર્તમાન એક સમય પૂરતો નવો નવો વિકાર કરે તે સ્વકાળની યોગ્યતાથી જ થાય છે. કોઈ કર્મ કે ઈશ્વર આદિ તેનો કરાવનાર નથી. પરથી થાય તો ટળી શકે નહિ. દર્શન મોહ કે ચારિત્રમોહ કર્મથી મિથ્યાત્વ રાગાદિની અસ્તિ નથી, તેના અભાવથી જીવમાં ધર્મની અસ્તિ નથી. સૌ પોતાના સ્વકાળની યોગ્યતાના કારણથી સ્વપણે છે, પરપણે નથી માટે સંસાર દશામાં વિભાવ સ્વભાવરૂપ ક્રિયા જીવના સ્વકાળમાં પોતાના અપરાધથી થાય છે ને તેથી સંસાર ફળે છે. પણ જ્ઞાતાદ્રષ્ટા, ચિદાનંદ છું એમ સ્વમાં દ્રષ્ટિ કરે તો અંશનું સ્વામિત્વ અને નિમિત્તાધીન દ્રષ્ટિરૂપ મિથ્યાત્વ ટળી વીતરાગી દ્રષ્ટિ અને ચારિત્ર પ્રગટે છે અને તે સંસાર માટે અફળ છે.

લાકડી તેના સ્વચતુષ્ટયથી ઊંચી થઈ છે. અજ્ઞાની તેના સ્વભાવને નહિ જોતા સંયોગને જુએ છે, તે તેનો ભ્રમ છે. ઇચ્છાને લઈને વાણી બોલાય એમ માને તો ભાષા વર્ગણાનો સ્વકાળ તે પરમાણને લઈને છે અને પરથી અસત્ છે ને ઇચ્છા જીવનો સ્વકાળે સત્‌પર્યાય છે. તે પણ પરથી નથી એમ ન માન્યું તેણે વસ્તુની સ્વતંત્રતા માની નહિ.

દરેક વસ્તુ પોતાના વર્તમાન સ્વકાળથી પરણમ્યા કરે છે. કોઈ કાળે વર્તમાનમાં વર્તવું છોડી ભૂત–ભવિષ્ય કાળમાં તે વર્તતી નથી. સ્વભાવને ભૂલી અજ્ઞાની સંયોગને જુએ છે. દરેક દ્રવ્યનો સ્વભાવ સ્વચતુષ્ટયથી છે. વિભાવ પણ જીવનો પર્યાય સ્વભાવ છે, તે બીજા વડે નથી. એમ વર્તમાન પર્યાય અને ત્રિકાળી સ્વરૂપને સ્વતંત્ર જાણી–પર્યાયમાં અપરાધથી કરવામાં આવતો ક્ષણિક વિકાર છે તે નિત્ય જ્ઞાયકમાં નથી, એમ માને તો સમ્યક્દર્શન થાય. દયા દાનના શુભ રાગથી ધર્મ માનનારને બાહ્યદ્રષ્ટિ છોડી અંદર પૂર્ણ સ્વભાવ છે, તેને જોવાનો, પ્રતીતિ કરવાનો અવસર નથી. વસ્તુનો સ્વભાવ છે તેવો સર્વજ્ઞે જાણ્યો છે. અનંતા જ્ઞાનીઓ પણ એમ જ

જાણીને કહે છે. વિભાવરૂપ પરિણામો ને સ્વભાવરૂપ પરિણામો પણ પરનાં ગ્રહણ–ત્યાગ કરવાની તાકાત જીવમાં કોઈ રીતે નથી. કારણ કે સ્વથી સત્ અને પર રૂપથી અસત્ એ વસ્તુસ્થિતિની ત્રિકાળીક સ્વાધીનતા છે. વિભાવ પરિણામ પણ ઊંધા પુરુષાર્થ વડે સ્વતંત્ર કર્તા–કરણ આદિ છ કારકોરૂપે પરિણમીને જીવ પોતે કરે છે. તે બીજા કારકોની અપેક્ષા રાખતો નથી એમ પંચાસ્તિકાય ગાથા–૬૨ની ટીકામાં કહ્યું છે, ને વસ્તુ સ્થિતિ પણ એમ જ છે.

ચારે અનુયોગના શાસ્ત્રોમાં કહેવાની અપેક્ષા જુદી હોય છે. પણ તેનું પ્રયોજન એક જ હોય છે. વ્યવહારથી પર કરાવે અને નિશ્ચયથી પોતે કરે એમ બે પ્રકારના આત્મા નથી. એક ઉપચાર કથન છે તે ઉપાદાનમાં કાર્ય થતાં નિમિત્ત કેવું હોય તે બતાવવા માટે છે, ને બીજું નિશ્ચયનયનું કથન સત્યાર્થ છે, તેવું જાણી સ્વીકારવા માટે છે. નિગોદ અવસ્થામાં કર્મનું જોર માન્યું તેણે ત્રણેકાળમાં પરનું જોર માન્યું–ગોમ્મટસારમાં કહ્યું છે કે–પ્રચુરભાવ કલંકરૂપ પોતાના અપરાધથી તે સ્થાન તેઓ છોડતા નથી. એક સમય પણ કર્મના પ્રમાણમાં જીવને કષાય થાય એ વાત જૂઠી છે.

ટીકા :–આ વિશ્વમાં અનાદિ કર્મોપાધિના સદ્‌ભાવનો આશ્રય કરવા વડે (પર આશ્રય દેતું નથી, સ્વને ચૂકીને જીવ પોતે પરાશ્રય કરે છે) પ્રતિક્ષણે વિભાવ વર્તે છે. એવા સંસારી જીવને અશુદ્ધપરિણમનરૂપ ક્રિયા ખરેખર સ્વભાવ નિષ્પન્ન છે. તેમાં બીજું કોઈ કર્મ પ્રેરણા કરાવતું નથી, સ્વતંત્રપણે પોતે નવો નવો વિકાર ઉભો કરે છે. પરને લઈને તો નહિ, પૂર્વ પર્યાયને લઈને પણ નહિ, પૂર્વે ઘણો કાળ પાપભાવ કર્યા માટે વર્તમાન થયા કરે એમ નહિ, પણ સમયે સમયે વર્તમાન પોતાની યોગ્યતાથી જેવા ભાવ કરે તેવા થાય છે. ચારે ગતિનું કારણ શુભાશુભ રાગ છે, તે મારી ભૂલનું કાર્ય છે. ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપમાં તે ક્ષણિક વિકાર નથી–એમ સ્વતંત્રતા સ્વીકાર્યા વિના પરમ ધર્મનું કારણ જે દ્રવ્યસ્વભાવ તેમાં રુચિ થઈ શકે નહિ.

***

# પ્રસાદ નં. ૫૯

## પ્રવચનસાર ગાથા ૧૧૬

(માગશર વદ ૧૦, બુધવાર)

આ વિશ્વમાં દ્રવ્ય-ગુણ-પર્યાય એ ત્રણ થઈને અખંડ જ્ઞેય છે. તેમાં સંસારી જીવને પોતાના અપરાધથી પરનો આશ્રય કરવારૂપ વિભાવ વર્તે છે. સ્વભાવને આશ્રયે વિકાર થાય નહિ, અને કર્મનો ઉદય છે માટે વિકાર છે–એમ પણ નથી. પોતે વિકાર કરે તો નિમિત્તને આરોપથી કારણ કહેવાય પણ પરથી વિકાર માને તેને વર્તમાન પર્યાયની સ્વતંત્રતાનું ભાન નથી તો તેને ત્રિકાળી દ્રવ્ય–ગુણ કે જે શુદ્ધ છે, તેની પ્રતીતિ ક્યાંથી આવે ? જડની અવસ્થા છે તો ચેતનની અવસ્થા છે–એમ હોય તો એકના સ્વચતુષ્ટયમાં બીજાનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવનો અત્યંત અભાવ છે, તે ક્યાં રહ્યું ? માટે જીવમાં વિભાવનું કારણ તે સમયની યોગ્યતા જ છે ત્યાં નિમિત્ત હોય છે પણ તેણે ઉપાદાનમાં કાંઈ કરાવ્યું નથી.

પ્રશ્ન :–નિમિત્તને કારણપણું કેમ કહ્યું ?

ઉત્તર :–સ્વઆશ્રય કરે તો વિકાર થાય નહિ પણ પરાશ્રય કરે તેમાં જે નિમિત્ત પડે તેમાં ઉપચાર આવે એવી યોગ્યતા છે. નિમિત્ત કાંઈ આશ્રય આપતું નથી. જેમ હાથ ગતિ કરે છે તો ધર્માસ્તિકાયને તેના નિમિત્તપણાનો આરોપ આવે છે, સ્થિતિ કરે તો અધર્માસ્તિકાયને આરોપ આવે છે. સ્થિતિ વખતે નિમિત્ત થવાની યોગ્યતા તેનામાં છે.

પ્રશ્ન :–નિમિત્ત એટલે શું ?

ઉત્તર :–ઉપાદાન સ્વયં કાર્ય કરે ત્યાં સહકારી–સાથે રહેનાર–સંયોગની ઉપસ્થિતિને નિમિત્ત કહે છે. સર્વ નિમિત્તોને ધર્માસ્તિકાયવત્ કહેલ છે. શાસ્ત્ર વાંચનારા સીધી રીતે તો નિમિત્તથી કર્તા–કર્મપણું ન માને પણ નિમિત્ત આવે તો કાર્ય થાય અને ન આવે તો ન થાય. એમ માને તો ત્યાં પણ કર્તા–કર્મપણું તેમના આશયમાં પડ્યું છે. અને એ જ નિમિત્ત નૈમિત્તિકમાં–મૂળમાં ભૂલ છે. નિમિત્તનો નિયમ તો સંયોગ બતાવવા માટે છે, પણ તેનાથી ઉપાદાનમાં કાર્ય થાય એમ બતાવવું નથી.

પ્રશ્ન :–અસ્તિમાત્રથી જ નિમિત્તપણું કહો તો તેની યોગ્યતા શી રહી?

ઉત્તર :–ગતિ નિમિત્તતા ધર્માસ્તિકાયમાં જ છે, બીજામાં નથી એ જ એનો અર્થ છે. નિમિત્ત મળે તો કાર્ય થાય એ તો પરાધીનદ્રષ્ટિ છે ને તે જ મૂળમાં ભૂલ છે.

જે જે સમયમાં સ્વકાળરૂપ યોગ્યતાથી જે પર્યાય થવાયોગ્ય હોય તે જ ક્રમબદ્ધ થાય છે, આડી–અવળી થતી નથી. ક્રમબદ્ધ પર્યાયનું કારણ દ્રવ્ય છે. ત્રણેકાળની પર્યાયનો પ્રવાહક્રમ તે દ્રવ્યમાં છે. વહેલું મોડું થાય કે નિમિત્ત ન આવે તો પર્યાય અટકી જાય, એમ માને તો વસ્તુની સ્વતંત્રતા રહેશે નહિ.

પ્રશ્ન :–નિમિત્તકારણને કર્તાના અર્થમાં અમે માનતા નથી પણ તે જોઈએ એમ માનીએ છીએ.

ઉત્તર :–નિમિત્ત આવે તો થાય, અને ન આવે તો ન થાય એ નિમિત્તાધીન દ્રષ્ટિનું જોર જ કર્તાકર્મના અર્થમાં જાય છે. નિમિત્તની રાહ જોવી પડે અગર નિમિત્ત આવે તો ઉપાદાનમાં કાર્ય થાય એમ હોય તો તેના સ્વકાળની યોગ્યતાનો નિયમ ન રહ્યો.

કર્મનો ઉદય તેના ક્રમે ઉદયમાં આવે, તેમાં જીવ જોડાય–રાગ કરે તો તે ઉદયને નિમિત્ત કહેવાય, પણ સત્તામાં રહેલાને નિમિત્તનો આરોપ અપાય એવી લાયકાત નથી માટે તેને નિમિત્ત ન કહેવાય. નિમિત્ત–નૈમિત્તિક સંબંધનો કાળ એક જ સમયનો હોવાથી છદ્મસ્થ તેને પકડી શકે નહિ. કેવળજ્ઞાન ગમ્ય છે. અલ્પજ્ઞાની તેની પ્રતીતિ કરી શકે.

સંસારી જીવને વિકારી ક્રિયા ખરેખર સ્વભાવ નિષ્પન્ન જ છે. તે પોતાથી જ પ્રાપ્ત થયેલ છે, પરથી નહિ. નિશ્ચયકારણ કાર્યરૂપે હોય તો બીજાને વ્યવહાર કારણ કહેવાય, અણારોપ હોય તો આરોપ અપાય. અહીં જીવની વિકારી અવસ્થા પણ નિશ્ચય સ્વજ્ઞેય છે, સામે કર્મનો ઉદય તે તેની (પુદ્ગલની) નિશ્ચયપર્યાયરૂપ જ્ઞેય છે. બન્નેમાં પરસ્પર અત્યંત અભાવ છે. જો નિમિત્ત ઉપાદાનમાં કાંઈ કરે તો તે જ ઉપાદાન–નિશ્ચય થઈ ગયું, બે જુદાં ન રહ્યાં.

કર્મના સ્વચતુષ્ટય કર્મમાં છે, તેનો ઉદય તે તેનો નિશ્ચય સ્વકાળ છે. અહીં જીવની વિભાવપર્યાય સ્વયોગ્યતા અનુસાર સ્વકાળે થઈ ત્યારે નિમિત્ત તેના કારણે ઉપસ્થિત છે. અહીં તો સમય સમયમાં બન્ને દ્રવ્ય જુદાં રહી પોતપોતની યોગ્યતાથી પરિણમે છે.

નિમિત્ત હોય તો ઉપાદાનમાં કાર્ય થાય તો બધાયને નિમિત્ત અનુસાર કાર્ય થવું જોઈએ, પણ એમ તો બનતું નથી. નિમિત્તનું કાર્ય પરે કર્યું તો નિમિત્તનો નિશ્ચય સ્વકાળ સ્વતંત્ર-જુદો ન રહ્યો અને ઉપાદાનનું કાર્ય નિમિત્તે કર્યું તો તે વસ્તુનું વર્તમાન ન રહ્યું. બન્નેના અભાવરૂપ દોષ આવ્યો. જો એક સમય પણ વસ્તુનું વર્તમાન સ્વતંત્ર ન રહ્યું તો ત્રણે કાળનું સ્વતંત્રપણું ન રહ્યું. ક્ષણિક ઉપાદાન અને ધ્રુવ ઉપાદાન બન્નેનો નાશ થાય છે.

પર નિમિત્ત આવે તો પરિણમન થાય, એમ જેણે માન્યું તેને પોતાની પર્યાયનો સ્વકાળ જોવાનું ન રહ્યું. વર્તમાન પરાધીન પર્યાયદ્રષ્ટિવાળાને ત્રિકાળી દ્રવ્ય-ગુણ શુદ્ધ છે એમ જોવાનો અવસર પણ ન રહ્યો. પર્યાય તો દરેક સમયે નવી નવી થયા કરે છે, તો પછી કઈ પર્યાયમાં કયું નિમિત્ત મેળવવું ?-કોણ કોને લાવે ? એક ચીજમાં બીજીનો અભાવ છે, ત્યાં અડે કોણ ? એક પરમાણુ બીજા પરમાણુને સ્પર્શતો પણ નથી તો પછી એકને લીધે બીજામાં કાર્ય થાય, એમ માનવું તે ભ્રમણા છે.

જીવને વિકાર થાય છે તે ખરેખર જીવની સ્વકાળરૂપ યોગ્યતાથી થાય છે. તે પારિણામિક ભાવની પર્યાય જ અહેતુકપણે વિકારરૂપે અટકે છે. એમ પ્રથમ અશુદ્ધતાને પણ અહેતુક-નિરપેક્ષ પર્યાય સત્‌રૂપે સાબિત કર્યા પછી બીજું જે આરોપિત કારણ હોય તેને નિમિત્ત કહેવાય છે. બન્નેની યોગ્યતા સ્વતંત્ર સ્વકાળે સત્ છે.

સંયોગના આશ્રયે જીવ વિકાર કરે છે. તેનું ફળ અનિત્ય એવી ચાર ગતિ છે. જે ભાવથી બંધન થાય તે વડે ધર્મ ન થાય. માટે નિમિત્ત-વિકારની રુચિ છોડી ત્રિકાળ જ્ઞાનાનંદ શુદ્ધ છું તેની અભેદરુચિ અને સ્થિરતા કરવી તે ધર્મ છે. અહીં તો સમય સમયનો વિકાર સ્વતંત્ર સિદ્ધ કરવો છે કે તે પોતાની લાયકાતથી થાય છે ને તેનું ફળ ધર્મ નથી, પણ ચાર ગતિ છે.

દયા, દાન, વ્રતાદિ પુણ્યાશ્રવ છે. હિંસા, જૂઠ, ચોરી વગેરે પાપઆશ્રવ છે. વીતરાગી શ્રદ્ધા-ચારિત્ર તે સંવર અને નિર્જરા છે, પૂર્ણ વીતરાગી પર્યાય તે મોક્ષતત્ત્વ છે. પરાશ્રય વિના એકલો જ્ઞાતાપણે સ્થિર થયો તે સંવર છે, જેટલી શુદ્ધિની વૃદ્ધિ કરી તે ભાવનિર્જરા છે અને સ્વભાવના આશ્રયે પૂર્ણશુદ્ધિ તે મોક્ષ છે. પુણ્ય-પાપ-બંધનના આશ્રયે સંવર નિર્જરા થતી નથી. પૂર્વની

પર્યાય, વર્તમાન નિર્મળપર્યાય તથા ગુણભેદના આશ્રયે પણ સંવર નિર્જરારૂપ પર્યાય થતી નથી.

પ્રશ્ન :-સંવરનાં કારણોમાં ગુપ્તિ–સમિતિ વગેરે આવે છે ને ?

ઉત્તર :–વીતરાગચારિત્ર હોય તો વચ્ચે શુભરાગ અને તેમાં નિમિત્તો કેવાં હોય તેની વાત છે. નિશ્ચયધર્મ પ્રગટ થયા વિના વ્યવહાર કોનો ? પર્યાયથી પર્યાય થતી નથી. નિશ્ચયસ્વભાવ આશ્રિત નિર્મળ પર્યાય પ્રગટે છે. જ્ઞાન સ્વ–પરપ્રકાશક છે તેથી તે સ્વને અને નિમિત્તને યથાર્થપણે જાણે છે, પણ નિમિત્ત અને વ્યવહાર જોઈએ. નિમિત્ત હોય તો કાર્ય થાય, ન હોય તો ન થાય–એમ જે માને તે તો સ્થૂળ મિથ્યાદ્રષ્ટિ છે.

શરીર ૩।। હાથનું હોય કે પાંચસો ધનુષ્યનું હોય તે વ્યંજનપર્યાય–ક્ષેત્રની સાથે ધર્મનો સંબંધ નથી પણ પોતાના ગુણરૂપ અર્થપર્યાય સાથે જ ધર્મ–અધર્મનો સંબંધ છે. ઉદય–ઉપશમ–ક્ષાયોપશમિક કે ક્ષાયિકભાવના આશ્રયે ધર્મ પ્રગટતો નથી પણ પારિણામિક સ્વભાવભાવના આશ્રયે જ શુદ્ધિનું ઊપજવું, વધવું ને ટકવું થાય છે.

જેટલો રાગ તેટલી સ્વરૂપમાં અસાવધાની છે અને ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ જ્ઞાતા જ છે. તેમાં જેટલો સાવધાન–એકાગ્ર છે તેટલો ધર્મ છે ને તેનાથી ચ્યુત થઈને તેટલો બહિર્મુખ છે તેટલો મોહ સાથે મળેલો રાગદ્વેષમય પરિણામ છે. તે જીવનો વર્તમાન પર્યાયસ્વભાવ છે. જે ભાવે ૧૪૮ કર્મપ્રકૃતિ બંધાય તે બધો વિકાર છે. ધર્મથી બંધન ન થાય.

જેમ બીજા અણુ સાથે જોડાયેલા કોઈ અણુની પરિણતિ બે અણુના બનેલા સ્કંધરૂપ કાર્યની નિપજાવનારી છે તેમ વર્તમાનપર્યાયમાં સ્વને ચૂકી પરભાવરૂપ મોહ સાથે મિલિત એવા આત્માને રાગની ઉત્પત્તિ થાય છે અને તે મનુષ્યાદિ કાર્યને નિપજાવનાર હોવાથી સફળ જ છે.

***

# પ્રસાદ નં. ૬૦

## પ્રવચનસાર ગાથા ૧૧૬ ટીકાના પ્રવચનમાંથી.

(માગશર વદ ૧૧, ગુરુવાર)

આત્મામાં મિથ્યાભ્રાંતિના કારણે ભ્રમણા, રાગ ને દ્વેષમાં જોડાણ છે ત્યાંસુધી નવી નવી ગતિ થયા કરે છે એટલે કે સંસાર ચાલુ રહે છે. પણ જેવી રીતે એક પરમાણુ બીજા પરમાણુથી છૂટો પડી જાય તો તે એકલા પરમાણુની સ્કંધરૂપ બનવાની અથવા સ્કંધ ઉત્પન્ન કરવાની તાકાત નથી; તેવી રીતે મોહનો નાશ થતાં પરમ ધર્મ પ્રગટ થાય છે અને તે મનુષ્યગતિ ઉત્પન્ન કરનાર નહિ હોવાથી તે સંસાર માટે અફળ છે એટલે કે ધર્મરૂપી ક્રિયાથી સંસાર ફળતો નથી.

અહીં "મોહ સાથે મિલનનો નાશ થતાં તે જ ક્રિયા" આ વાક્ય છે. આત્મા મોહ સાથે જોડાયેલ હતો ને પછી મોહ નાશ થયો એમ નથી. પણ પોતે જ્ઞાતાદ્રષ્ટા સાક્ષીસ્વરૂપ ચૈતન્યમૂર્તિનો આશ્રય કરી મોહની ઉત્પત્તિ થવા જ ન દીધી તે કાર્યને "મોહ સાથે મિલનનો નાશ કર્યો" એમ કથન કરવામાં આવે છે. આત્મા ભાષાનો કર્તા નથી, ભાષાના પરમાણુ સ્વતંત્ર તેના કારણે થાય છે.

જ્યાંસુધી જીવનું લક્ષ નિમિત્ત ઉપર, અંશ ઉપર એકત્વબુદ્ધિસહિત છે ત્યાંસુધી જીવને મોહ સાથે મિલન છે, તે મોહની ક્રિયા છે, તે અરૂપી ઉદયભાવ છે. ઉદયભાવ જડનો નથી, જડને લીધે નથી તેમ જ જડમાં નથી. જીવ પોતાની પર્યાયમાં પોતાના અપરાધથી સ્વયં ઉદયભાવ કરે છે ને તે મોહની ક્રિયા ચાર ગતિના સંસાર માટે સફળ છે, એટલે કે તેથી ચાર ગતિ મળે છે.

નિમિત્તાધીન દ્રષ્ટિથી કે વિકલ્પથી વીતરાગતાની પર્યાય આવતી નથી. સમ્યક્ દર્શન અથવા વીતરાગતા બહારથી આવતાં નથી.

(૧) સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર જે નિમિત્તો છે તેના લક્ષે સમ્યગ્દર્શન અથવા ધર્મની ક્રિયા થતી નથી કારણ તે પરદ્રવ્યો છે ને તેની સાથે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ એક સમયનો છે.

(૨) દયા, દાન, પૂજાના શુભભાવ જે ઔદયિક ભાવ છે. જે પોતાનો એક સમયનો વિકારી પર્યાય છે તેના આશ્રયે ધર્મની ક્રિયા થતી નથી કારણ કે તે એક સમયનો વિકારી પર્યાય છે.

(૩) કષાયની મંદતા અનુસાર જ્ઞાનનો ઉઘાડ–મતિશ્રુતજ્ઞાનમાં જે ક્ષાયોપશમિકભાવ છે તેના આશ્રયે ધર્મની ક્રિયા થતી નથી કારણ કે તે પણ એક સમયનો પર્યાય છે, અંશ છે. અંશના લક્ષે ધર્મ થાય નહિ.

ઉપર કહેલાં કારણોને લક્ષે મોહ સાથે મિલન થાય છે ને ચારગતિનું ફળ મળે છે. તો મોહમિલનનો નાશ કેવી રીતે થાય ?

(૪) પોતે ધ્રુવ જ્ઞાનસ્વભાવથી પરિપૂર્ણ છે તેવા સ્વભાવની રુચિ થતાં ને નિમિત્તની રુચિ, વિકલ્પ અથવા પુણ્યની રુચિ ને ઉઘાડ ઉપરની રુચિ ટળી જતાં પોતામાંથી ધર્મની ક્રિયા પ્રગટ થાય છે એટલે મોહ સાથેના મિલનનો નાશ થયો–એમ કહેવામાં આવે છે.

દ્રવ્ય ને ગુણો શુદ્ધ વર્તી રહ્યા હોવા છતાં એક સમયની પર્યાયનો અજ્ઞાનીને મોહ છે ને તેનો આશ્રય તે લ્યે છે. તેને મોહ વર્તી રહ્યો છે. પણ આત્મા શુદ્ધ છે એવી રુચિનું જોર વધતાં પહેલાં જે મિથ્યા અભિપ્રાય હતો ને પોતાને અંશ જેટલો માનતો તે સ્વભાવ તરફ વળ્યો ને મોહનો નાશ થયો; બન્ને એક જ સમયે છે.

જે અભિપ્રાય વર્તમાન અંશ પૂરતો પોતાનો માની અંશદ્રષ્ટિ કરી આખા અંશીનો અનાદર કરતો હતો તે અભિપ્રાય ફરી જતાં આખા અંશીની રુચિ કરતાં અંશ ને નિમિત્તની રુચિ છૂટી જાય છે.

પોતાના જ્ઞાનસ્વભાવ તરફ વળ્યો એટલે મોહ સાથે મિલનનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે ને તે જ્ઞાન ક્રિયા ગતિની નિષ્પાદક નથી. એટલે ગતિને ઉત્પન્ન કરતી નથી.

વીતરાગીદશા પ્રગટ થઈ એટલે મોહ નાશ થયો, એમ કહ્યું છે. ગાથા ૭ માં કહ્યું છે કે ચારિત્ર છે તે જ ધર્મ છે. ચારિત્ર = જ્ઞાતાદ્રષ્ટાના ભાનસહિત આનંદકંદ સ્વભાવમાં રમવું–ઠરવું. અરાગી–વીતરાગીદશા અંતર પ્રગટ થવી તે ચારિત્ર છે. શુભભાવ અથવા પંચમહાવ્રત અથવા શરીરની નગ્નદશા તે ચારિત્ર નથી.

આવા ચારિત્રનું મૂળ સમ્યક્ દર્શન છે. **दंसण मूलो धम्मो**–ધર્મનું મૂળ દર્શન છે. એટલે ચારિત્રનું મૂળ દર્શન છે. સમ્યક્દર્શન તે સાક્ષાત્ ધર્મ નથી પણ ધર્મનું મૂળ છે. સમ્યગ્દર્શનનું મૂળ ચારિત્ર નથી પણ ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન પ્રગટ કર્યા વિના સાચું ચારિત્ર હોઈ શકે નહિ.

વળી મોહનો નાશ કરવો એમ લખાણ આવે છે તો મોહનો નાશ શી રીતે કરવો ? બૈરાં છોકરાંને છોડી દેવાં ? અથવા સંસાર જે ઉદયભાવ વર્તમાન વર્તે છે, તેનો નાશ કરવો ? બૈરાં છોકરાં તો પર છે માટે તેને ગ્રહી કે છોડી શકાતાં નથી, ઉદયભાવ જે વખતે હોય તે વખતે તો તે છતો પદાર્થ છે. તે હોવા છતાં તેનો નાશ કરું છું, એમ માનવું તે મિથ્યાત્વ છે. પણ પોતે ધ્રુવ ચૈતન્યસ્વભાવી આત્મા છે, એવી દ્રષ્ટિ થતાં સમકિતનો તથા વીતરાગી પર્યાયનો ઉત્પાદ થાય છે. ત્યારે મિથ્યાદર્શન ઉત્પન્ન થતું નથી ને

અવ્રતભાવ ઉત્પન્ન જ થતો નથી, તેને રાગનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે.

શુદ્ધાત્માની પ્રાપ્તિ શાસ્ત્રના નિમિત્ત, શુભવિકલ્પ અથવા પરલક્ષી જ્ઞાનના ઉઘાડને આશ્રયે થતી નથી પણ જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધસ્વભાવના આશ્રયે શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્ર તો અજીવ છે; સર્વજ્ઞદેવ પણ આ જીવની અપેક્ષાએ બીજા જીવ છે. સર્વજ્ઞ આ જીવની અપેક્ષાએ અદ્રવ્ય છે, અક્ષેત્ર છે, અકાળ છે, અભાવ છે કારણ કે સર્વજ્ઞભગવાનનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આ જીવનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવમાં નથી.

બીજાનો જીવ આ જીવ નથી, પુણ્યનો વિકલ્પ આ જીવ નથી. ક્ષાયોપશમિક ભાવ આ જીવ નથી. સંવરતત્ત્વ પણ એક સમયની અવસ્થા છે તે પણ વ્યય થાય છે માટે તે જીવતત્ત્વ નથી. જ્ઞાતાદ્રષ્ટા અનાદિઅનંત ધ્રુવસ્વભાવ એક જ આ જીવ છે.

ગાથામાં રાગદ્વેષને સ્વભાવનિષ્પન્ન કહ્યા છે કારણ કે તે સ્વથી થએલા છે. નિમિત્તથી રાગ થયો નથી, કર્મના ઉદયથી થયો નથી. અજ્ઞાનીને મિથ્યાત્વના કારણે રાગ થયો છે ને જ્ઞાનીને પોતાની અસ્થિરતાના કારણે રાગ થયો છે. પોતે કરેલો છે માટે સ્વભાવ કહ્યો છે.

ધર્મની પર્યાયને પરમસ્વભાવભૂત કહી છે. રાગની પર્યાયમાં ‘‘ભૂત’’ શબ્દ વાપરેલો નથી કારણ કે રાગ પોતાની અવસ્થામાં થતો હોવા છતાં રાગ પોતાનો ત્રિકાળી સ્વભાવ નથી. રાગ વસ્તુસ્વભાવમાં નથી, રાગ પરમાં અટકીને થએલો છે જ્યારે ધર્મની પર્યાય તો સ્વભાવ સાથે અભેદ છે, સ્વભાવના આશ્રયે થાય છે માટે સ્વભાવભૂત કહી છે.

પોતાના જ્ઞાતાદ્રષ્ટાસ્વભાવ સાથે અભેદ થઈને અવિકારી શાંતદશા પ્રગટ થઈ તે પરમધર્મ કહેવાય ને તે મુક્તિનું કારણ છે, ને તે ક્રિયા ઉત્પન્ન થવાથી ભવ રહેતા નથી જેથી તે ગતિની નિષ્પાદક નથી, સંસારનું ફળ આપતી નથી માટે અફળ કહેલ છે.

અહીં તો બન્ને જ્ઞેયનું જ્ઞાન કરાવ્યું છે.

એક તો દ્રવ્ય–ગુણને સમજ્યા વિના મિથ્યાત્વ અને રાગમાં અટકતી પર્યાયવાળી–મોહમિલનવાળી દશા જે સંસાર માટે સફળ છે તે એક જ્ઞેય છે.

બીજું, દ્રવ્ય–ગુણ શુદ્ધ છે એમ યથાર્થ દ્રષ્ટિ કરીને જ્ઞાતાસ્વભાવમાં અભેદ થતી દશા જે સંસાર માટે અફળ છે, તે પણ એક જ્ઞેય છે.

આ રીતે બન્ને ક્રિયાને જ્ઞેય તરીકે જણાવીને જ્ઞાન કરાવ્યું છે.

સ્વજ્ઞેય અખંડ ચૈતન્યધાતુ છે તેની વિધિ જાણ્યા વિના ધર્મ થાય નહિ. અજ્ઞાનીની દ્રષ્ટિ નિમિત્ત ઉપર, સંયોગ ઉપર, અંશ ઉપર, વિકાર ઉપર

જાય છે ને તેને અંશનું માહાત્મ્ય આવે છે પણ સ્વભાવનું માહાત્મ્ય આવતું નથી. જ્યારે જ્ઞાનીને દરેક વખતે સ્વભાવનું માહાત્મ્ય આવે છે પણ નિમિત્ત તથા અશનું માહાત્મ્ય આવતું નથી.

શાસ્ત્રમાં નિમિત્તનાં કથનો ઘણા પ્રકારે આવે પણ તેનો ભાવ સમજવો જોઈએ. વાણીની રચના મુનિએ કરી નથી. વાણી વાણીના કારણે આવે છે. મુનિને શુભ વિકલ્પ આવે છે પણ તેઓ વિકલ્પના સ્વામી થતા નથી. સ્વભાવસન્મુખ વીતરાગી મુનિ છઠ્ઠી–સાતમી ભૂમિકાએ ઝૂલતા હોય છે.

સમયસારની છઠ્ઠી ગાથામાં ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે હું અપ્રમત્ત પણ નથી તેમ જ પ્રમત્ત પણ નથી, હું તો એક જ્ઞાયક ભાવ છું. ત્યાં સંયતિ કે અસંયતિ, અકષાયી કે સકષાયી, અયોગી કે સયોગી નથી–એમ કહ્યું નથી પણ અપ્રમત્ત કે પ્રમત્ત નથી–એમ કહ્યું છે. અપ્રમત્ત ને પ્રમત્ત શબ્દો કેમ લીધા ? પ્રયોજન વિના શબ્દ હોઈ શકે જ નહિ. પોતાની વર્તમાનપર્યાય પ્રમત્ત–અપ્રમત્ત દશાની વર્તે છે. ભાવલિંગી મુનિદશા વર્તે છે. છતાં તે સાધકદશા ઉપર દ્રષ્ટિ નથી, દ્રષ્ટિ તો એક જ્ઞાયક ભાવને જ સ્વીકારે છે. પરમધર્મ ચારિત્ર ગતિનું કારણ નથી, એમ આચાર્ય ભગવાન કહે છે, વિકલ્પ છે તેથી સ્વર્ગાદિ રહેશે પણ દ્રષ્ટિ તેના ઉપર નથી.

જ્ઞાનસ્વભાવ પરિપૂર્ણ પ્રગટ થાય ત્યાં અખંડ જ્ઞાન પ્રમાણ છે ને પરિપૂર્ણ પ્રગટ જ્ઞાન નથી ત્યાં સાધક છે. સાધક છે ત્યાં બાધક છે. પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવી આત્મા છે, એવું નિશ્ચયનું જ્ઞાન થયા પછી વ્યવહાર અને નિમિત્તનું જ્ઞાન કરાવે છે પણ વ્યવહારનયના આશ્રયે ધર્મ નથી. નિશ્ચય ને વ્યવહાર બન્નેનું જ્ઞાન કરવું પણ આશ્રય તો નિશ્ચયનો જ કરવો.

વિકલ્પ અને નિમિત્તથી લાભ માનો તો નિમિત્ત અને વ્યવહાર માન્યાં કહેવાય, એમ અજ્ઞાની માને છે પણ તે તેની ભૂલ છે. નિમિત્તથી લાભ માનવાથી વ્યવહાર પણ રહેતો નથી ને નિશ્ચય પણ સ્વતંત્ર રહેતો નથી. નિશ્ચયનું જ્ઞાન થયા પછી જે વૃત્તિ ઊઠે તેનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે.

વીતરાગી મુનિને છઠ્ઠે ગુણસ્થાને ૨૮ મૂલ ગુણના પાલનનો વિકલ્પ ઊઠે છે. તે વિકલ્પ તો રાગ છે, તે ધર્મ નથી. તે વિકલ્પથી કાંઈ છઠ્ઠું ગુણસ્થાન ટકેલું નથી. જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવની પ્રતીતિ કરી, લીનતા કરી, કષાયનો અભાવ કર્યો છે તેથી તે ગુણસ્થાન ટક્યું છે. વળી છઠ્ઠે ગુણસ્થાને તે ભૂમિકાને યોગ્ય હોય તેવો જ વિકલ્પ આવે. પાંચ મહાવ્રત વગેરેનું પાલન, બાહ્ય નગ્ન દિગંબર દશા ને તેના પાલનનો જ વિકલ્પ હોય તેથી વિરુદ્ધ વસ્ત્રસહિત મુનિપણું વગેરે હોઈ શકે નહિ છતાં તેવો ચોખ્ખો વ્યવહાર પણ છઠ્ઠું ગુણસ્થાન નથી. અંતર વીતરાગીદશા તે છઠ્ઠું ગુણસ્થાન છે.

મુનિને અંતરમાં ધ્રુવસ્વભાવનું જોર વર્તે છે તેથી પ્રમાદદશામાં આસક્તિ તીવ્ર થાય નહિ. કોઈ વિકલ્પની તીવ્રતા કે મંદતામાં ફેર પડે ને તેને લઈને અમુક વિધિ ન થાય અથવા શરીરની અવસ્થામાં નબળાઈ હોય ત્યારે શરીર પડ્યું રહે અને અમુક વિધિ ન દેખાય પણ તે બધી તેની ભૂમિકા અનુસાર જ હોય. પણ પાંચમાં ગુણસ્થાન અનુસાર તેમને પરિગ્રહનો વિકલ્પ આવે જ નહિ એટલું ધ્રુવ સ્વભાવનું જોર વર્તે છે.

શ્રાવકે નિર્દોષ આહાર બનાવ્યો હોય પણ જો મુનિને શંકા પડી જાય કે આ સદોષ છે તો તેઓ આહારનો વિકલ્પ તોડી નાખે છે, ને આહાર લેતા નથી. આહાર લ્યે તો દોષ લાગે છે.

આવી અંતરંગદશા પ્રગટે તેને ગતિ ફળતી નથી એટલે કે તે સંસાર માટે અફળ છે.

***

# પ્રસાદ નં. ૬૧

## પ્રવચનસાર ગાથા ૧૧૬ ભાવાર્થના પ્રવચનમાંથી.

(માગશર વદ ૧૩, શુક્રવાર)

જ્ઞાનસ્વભાવી ક્રિયા મોહરહિત હોવાના કારણે ગતિનું ફળ ઉપજાવતી નથી, એટલે કે સંસાર ફળતો નથી અને દર્શનમોહ સહિતની ક્રિયા ચાર ગતિનું ફળ આપે છે. મોહસહિતના ભાવો એક પ્રકારના હોતા નથી, અનેક પ્રકારના હોય છે તેથી તેના ફળરૂપ મનુષ્ય, દેવગતિ વગરે પર્યાયો ટંકોત્કીર્ણ, શાશ્વત, એકરૂપ હોતી નથી, અનેકરૂપ હોય છે. મોક્ષગતિ ટંકોત્કીર્ણ, શાશ્વત, એકરૂપ છે જ્યારે સંસારની ગતિ દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી વગેરે એકરૂપ નથી, અનેકરૂપ છે. ૧૧૬.

હવે, મનુષ્યાદિ પર્યાયો જીવને ક્રિયાનાં ફળ છે, એમ બતાવે છે :–

**ગાથા ૧૧૭**

**નામાખ્ય કર્મ સ્વભાવથી, નિજ જીવદ્રવ્ય—સ્વભાવને,**
**અભિભૂત કરી તિર્યંચ, દેવ, મનુષ્ય વા નારક કરે. ૧૧૭.**

અન્વયાર્થ :–ત્યાં 'નામ' સંજ્ઞાવાળું કર્મ પોતાના સ્વભાવ વડે જીવના સ્વભાવનો પરાભવ કરીને, મનુષ્ય, તિર્યંચ, નારક અથવા દેવ–એ પર્યાયોને કરે છે.

ટીકા :–જીવ પોતાની યોગ્યતાથી પોતાના શાંતસ્વભાવનો ઘાત કરે છે ત્યારે નામકર્મ જીવના સ્વભાવનો પરાભવ કરે છે, એમ કહેવામાં આવે છે.

આત્મા પોતાના અજ્ઞાનના કારણે રાગદ્વેષરૂપે પરિણમે છે. દયા, દાન, પૂજાના ભાવ ને કામ, ક્રોધાદિના ભાવ આત્મા પોતે કરે છે, જડ કરાવતું નથી તેથી 'ખરેખર' શબ્દ વાપરેલ છે. આત્મા પોતે કરે છે માટે આત્મા વડે પ્રાપ્ય હોવાથી આત્માનું કર્મ છે. શુભાશુભ ભાવો કર્મ વડે પ્રાપ્ય નથી પણ આત્માથી પ્રાપ્ય છે ને વિકારીભાવ તે આત્માનું કાર્ય છે, જડનું નથી. આત્મા પોતે શુભાશુભ ભાવોને પહોંચી વળે છે. અહીં જ્ઞેય સ્વતંત્ર સિદ્ધ કરવું છે. તે વિકારનું નિમિત્ત પામીને પુદ્‌ગલ પરમાણુઓ પોતાના ઉપાદાનના કારણે જડ કર્મરૂપે પરિણમે છે. તે જડનું કાર્ય છે. આત્માના વિકારી કાર્યને અને જડના કર્મરૂપી કાર્યને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે પણ બન્ને ભિન્ન ભિન્ન છે.

જડકર્મનું ફળ ચારગતિરૂપ સંસાર છે. સંસારની ચાર ગતિનું મૂળ કારણ તો 'પુણ્ય–પાપ મારાં' એવો અજ્ઞાનભાવ તે જ છે. જેટલા પ્રમાણમાં જીવ મિથ્યાત્વ ને રાગદ્વેષ કરે તેટલા પ્રમાણમાં જડકર્મ તેના કારણે બંધાય ને તે પ્રમાણે ગતિ આદિ બંધાય છે.

નિગોદના જીવો મન વગરના છે માટે પ્રચુર કર્મનું જોર છે, એમ નથી. પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ચૂકીને તે જીવો ઊંધા પરિણમે છે ને મોહની ક્રિયા જોરથી કરે છે, તેનું નિમિત્ત પામીને જડકર્મ પોતાના કારણે બંધાય છે ને ફળમાં નિગોદ ગતિ અજ્ઞાનના કારણે મળે છે. આત્મામાં નિગોદની યોગ્યતા છે. મનનો પ્રશ્ન જ નથી. સિદ્ધ ભગવાનને પણ મન નથી, તેઓ તો અનંત આનંદનો ભોગવટો કરી રહ્યા છે. સંપૂર્ણ જ્ઞાન તે સિદ્ધદશાનું કારણ છે ને તીવ્ર અજ્ઞાન તે નિગોદ દશાનું કારણ છે.

જે જીવો અનાદિથી નિગોદમાં છે તે પોતાના અજ્ઞાનભાવને કારણે છે, કર્મને લીધે નથી. જીવ પોતે અજ્ઞાનભાવ કરે છે તો કર્મથી અજ્ઞાનભાવ થયો, એમ આરોપમાત્ર આપવામાં આવે છે.

પુદ્‌ગલકર્મના કાર્યભૂત મનુષ્ય, તિર્યંચ આદિ પર્યાયો મળે છે, તેનું મૂળ કારણ તો જીવના અજ્ઞાનભાવ ને રાગદ્વેષ જ છે. માટે મોહ, રાગ ને દ્વેષરૂપ ક્રિયાનું ફળ ચાર ગતિ છે. આત્મા પોતે મોહ, રાગ, દ્વેષની ક્રિયા કરતો નથી ત્યારે પુદ્‌ગલ કર્મો કર્મરૂપે પોતાના કારણે પરિણમતાં નથી ને પુદ્‌ગલકર્મોનો અભાવ છે ત્યાં મનુષ્ય, તિર્યંચ આદિ અવસ્થાનો પણ અભાવ થાય છે.

એક દ્રવ્યનો બીજા દ્રવ્ય ઉપર પ્રભાવ પડતો નથી કારણ કે એકબીજામાં અત્યંત અભાવ વર્તે છે.

સમવસરણમાં ઉંદર ને સર્પ વૈર ભૂલી જાય છે. કેવળીભગવાનનાં પુણ્યપ્રભાવથી તેઓ વૈર ભૂલતા નથી પણ તે તે જીવો પોતાની યોગ્યતાથી વૈર ભૂલી જાય છે. ભગવાનને પરિપૂર્ણ અહિંસા પ્રગટી છે માટે ઉંદર ને સર્પ વૈરનો ત્યાગ કરી શાંતિનો ભાવ પ્રગટ્યો–એમ નથી. સુકોશલ મુનિને વાઘણ ફાડી ખાય છે. મુનિને અંતરમાં નિશ્ચય અહિંસા વર્તે છે, જ્ઞાનસ્વભાવમાં રમી રહ્યા છે ને બાહ્યથી અહિંસા મહાવ્રતનું પાલન કરે છે તેવા અહિંસાવાદીની અસર તે પ્રાણી ઉપર કેમ ન થઈ ? તેણે તો વૈરભાવ ચાલુ રાખ્યો ને મુનિના શરીરને ફાડી ખાધું. જો અહિંસાવાદીની અસર પર જીવ ઉપર પડતી હોય તો વાઘણ ઉપર કેમ ન પડી ? માટે સૌ પોતપોતાની યોગ્યતા અનુસાર ભાવ કરે છે.

અજ્ઞાની જીવ પરપદાર્થથી લાભ–નુકશાન માની પોતાની પર્યાયમાં વૈર ઊભું કરે છે. તેલમાં શાક તળાતાં કેટલાએ જીવો એકીસાથે મૃત્યુ પામે છે. નિમિત્તને લીધે તે જીવો મરી ગયા નથી, પણ બધાની દેહ છૂટવાની યોગ્યતા જ એવી છે. દરેકનો પર્યાય સ્વતંત્ર છે. પર વસ્તુ હાજરમાત્ર છે.

ઉપાદાનમાં કામ થાય માટે બીજી ચીજને ખેંચાઈને હાજર થવું પડે એવું નથી. બધું થઈને એક પરમબ્રહ્મ છે, તેમ જ વિકારી પર્યાય થતી જ નથી, જોકે જડ કર્મ સંસારદશામાં હોતાં જ નથી તથા મનુષ્યાદિ ગતિ છે જ નહિ, એમ માનનાર અજ્ઞાની જીવને કહેવામાં આવે છે કે જીવને

સંસારદશામાં મિથ્યાત્વ, રાગદ્વેષ, વિકારવાળી અવસ્થા છે. તેનું નિમિત્ત પામીને જડકર્મ એકક્ષેત્રાવગાહ સંબંધે બંધાય છે. તેના ફળરૂપ ચાર ગતિ છે. આ બધુંય છે. 'બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા' એવું નથી. અનિત્યતા પણ પર્યાયનો છતો સ્વભાવ છે, આત્મા ટકતો–પરિણામી સ્વભાવવાળો છે. સર્વથા ધ્રુવ નથી, સર્વથા પરિણામી નથી. પરિણામ અનુસાર ચાર ગતિ વ્યવહારે છે એટલું જે જીવ સ્વીકારતો નથી તે ગતિરહિત મોક્ષદશા પામી શકે નહિ. વર્તમાનમાં વિકાર નથી, એમ માનવામાં આવે તો વર્તમાન પ્રગટ આનંદ હોવો જોઈએ, ને વર્તમાન વ્યક્ત આનંદ ને સુખ નથી તો રાગદ્વેષ પર્યાયમાં વર્તે છે–એમ નક્કી થાય છે. અશુદ્ધતા પર્યાયમાં પોતાના કારણે છે ખરી અને તે દુઃખદાયક છે. ધ્રુવસ્વભાવ દુઃખદાયક હોય તો આકુળતા આત્માનો ત્રિકાળી સ્વભાવ થઈ જાય ને આકુળતા મટીને નિરાકુળતા કદી થાય નહિ.

૧. ધ્રુવ ત્રિકાળી સ્વભાવ શુદ્ધ, આનંદ ને સુખમય છે.

૨. પણ અવસ્થામાં રાગદ્વેષ પોતાનાં અજ્ઞાન તથા અસ્થિરતાના કારણે છે.

૩. તેનું નિમિત્ત પામીને જડકર્મ પોતાના કારણે બંધાય છે.

૪. તેનાં ફળમાં ચાર ગતિ મળે છે.

નરકમાં જીવ દુઃખી થઈ રહ્યો છે તે ક્ષેત્રને લીધે દુઃખી નથી પણ પોતાના અજ્ઞાનના કારણે છે. પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ચૂકીને 'પરપદાર્થો મારાં' એવા મોહભાવનું તેને દુઃખ છે. પ્રતિકૂળ સંયોગો તે દુઃખનું કારણ નથી ને પ્રતિકૂળ સંયોગનો વિયોગ તે સુખનું કારણ નથી.

આ વસ્તુસ્વભાવ છે, સર્વજ્ઞથી સિદ્ધ છે. અજ્ઞાનીને વસ્તુસ્થિતિનું ભાન નથી.

**"તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ,**
**ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ."** શ્રીમદ્ રાજચંદ્ર

તે તે ભોગવવા લાયક જુદા જુદા પ્રકારનાં સ્થાન (નિમિત્ત) થવાનો જડ અને ચેતન પદાર્થોનો પોતપોતાનો ભાવ છે. હે શિષ્ય ! આ વાત ઘણી ઊંડી છે, તોપણ તદ્દન ટૂંકામાં અહીં કહી છે.

નરકમાં અગ્નિ છે તે એટલી બધી તીવ્ર છે કે લોઢાના ગોળા ઘીની જેમ ઓગળી (પીગળી) જાય, એમ શાસ્ત્રમાં કહ્યું છે, તે તો નિમિત્તની યોગ્યતા બતાવે છે પણ નિમિત્તે નરકના જીવોના પરિણામમાં ફેરફાર કર્યો એવું વસ્તુસ્વરૂપ છે જ નહિ. અગ્નિનો પર્યાય અગ્નિમાં છે, શરીરનો પર્યાય શરીરમાં છે, નારકીના આત્માનો પર્યાય તેના આત્મામાં છે. ત્રણે ચીજો ભિન્ન છે. એક ચીજ બીજી ચીજને અડતી નથી તો પછી એકબીજાને શું કરે ? નરકનો જીવ પોતાનો ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ચૂકે છે ને પોતાના કારણે મિથ્યાભ્રાંતિ, રાગદ્વેષ, આકુળતા કરે છે. વિભાવ સંયોગમાં નથી; વિભાવ

<u>નિમિત્તમાં (કર્મમાં) નથી, વિભાવ પોતાના ત્રિકાળી સ્વભાવમાં નથી; પણ વિભાવ પોતાની એક સમયની અવસ્થામાં પોતાના અજ્ઞાનના કારણે છે.</u>

સોય લોહચુંબકની હાજરીમાં ખેંચાય છે તે સોયની યોગ્યતાના કારણે ખેંચાય છે. એકબીજાને કોઈ ખેંચતું નથી. સમય સમયની સોયની ખેંચાવાની યોગ્યતાના કારણે ખેંચાય છે. ઉપાદાનના સો ટકા ઉપાદાનમાં છે ને નિમિત્તના સો ટકા નિમિત્તમાં છે.

“ત્યાં, તે મનુષ્યદેવ આદિ પર્યાયો કર્મનાં કાર્ય કેવી રીતે છે?” આત્મા પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ચૂકે છે ને પરપદાર્થમાં મારાપણું માની મોહરૂપી ક્રિયા કરે છે. તેનું નિમિત્ત પામી જડકર્મ બંધાય છે ને જડકર્મનાં ફળમાં મનુષ્યાદિ પર્યાય મળે છે; માટે કર્મના સ્વભાવથી જીવના સ્વભાવનો પરાભવ થયો, એમ કહેવામાં આવે છે.

અગ્નિના સ્વભાવથી તેલ બળી જાય છે ને દીવો થાય છે તેથી દીવો અગ્નિનું કાર્ય છે; તેમ જીવ પોતામાં વિકાર કરે છે ને વિકારના ફળમાં કર્મબંધ થાય છે. તેથી જીવના સ્વભાવનો પરાભવ થાય છે ને મનુષ્યાદિ ગતિ મળે છે, તેથી મનુષ્યાદિ પર્યાયો કર્મનાં કાર્ય છે–એમ કહેવામાં આવે છે.

ભાવાર્થ :–૧૧૬ મી ગાથામાં કહેલી મોહની ક્રિયા જે પોતાનો સ્વભાવ ચૂકીને જીવ કરે છે તે ક્રિયાનું ફળ મનુષ્યાદિ પર્યાયો છે. કારણ કે વિકારી પરિણામથી કર્મ બંધાય છે અને કર્મ જીવના સ્વભાવનો ઘાત કરીને મનુષ્ય આદિ ગતિ ઉપજાવે છે. મનુષ્ય પર્યાયનું ખરેખર કારણ તો રાગદ્વેષ જ છે પણ રાગદ્વેષથી જડકર્મ બંધાય છે માટે જડ કર્મને લીધે જીવના સ્વભાવનો ઘાત થાય છે ને ગતિઓમાં જીવ ભમે છે–એમ ઉપચાર કરવામાં આવે છે. ॥૧૧૭.॥

હવે મનુષ્યાદિ પર્યાયોમાં જીવને સ્વભાવનો પરાભવ ક્યા કારણે થાય છે, તેનો નિર્ધાર કરે છે :–

## ગાથા ૧૧૮

**તિર્યંચ—સુર—નર—નારકી જીવ નામકર્મ—નિષ્પન્ન છે;**
**નિજ કર્મરૂપ પરિણમનથી જ સ્વભાવલબ્ધિ ન તેમને. ૧૧૮.**

અન્વયાર્થ :–મનુષ્ય, નારક, તિર્યંચ અને દેવરૂપ જીવો ખરેખર નામકર્મથી નિષ્પન્ન છે. ખરેખર તેઓ પોતાના વિકારી ભાવરૂપી કર્મરૂપે પરિણમતા હોવાથી તેમને સ્વભાવની ઉપલબ્ધિ નથી.

ટીકા :–પ્રથમ તો, મનુષ્ય, તિર્યંચ, નારક ને દેવ–આ ચાર ગતિઓ નામકર્મના નિમિત્તથી મળેલી છે, પરંતુ આટલાથી પણ ત્યાં જીવને સ્વભાવનો પરાભવ નથી. શરીરની પ્રાપ્તિ થઈ તે દુઃખનું કારણ નથી. જેવી રીતે સોનામાં જડેલા માણેકવાળા કંકણોમાં માણેક સોનામાં જડ્યું છે માટે માણેકનો સ્વભાવ બદલી જતો નથી તેમ જીવને મનુષ્ય વગેરે શરીર

એકક્ષેત્રાવગાહ સંબંધે મળ્યું છે, તે કારણોસર જીવ વિકારી થતો નથી, એટલે કે શરીરના કારણસર તેનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ તે ચૂકી જતો નથી. પોતે જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવી છે, પોતાનાં સુખ ને આનંદ પોતામાં છે એમ પોતાના સ્વભાવનો અનુભવ કરતો નથી તે જીવ શરીર મારું, પર પદાર્થથી સુખ થાય એવી પોતાની અજ્ઞાન માન્યતાના કારણે વિકારી પરિણામરૂપે પરિણમે છે.

જેવી રીતે પાણીના પૂરનો વ્યંજનપર્યાય એટલે આકૃતિનો સ્વભાવ તો પૂરરૂપે વહેવું તેવો છે ને અર્થપર્યાય એટલે સ્પર્શ, રસ, ગંધ વગેરેનો પર્યાય તો સ્વાદિષ્ટપણે રહેવું તેવો છે. તોપણ પોતાની યોગ્યતાના કારણે લીમડો અને ચંદન વગેરે વૃક્ષોની હારરૂપે પરિણમે છે. આકાર ઊંચા ને પહોળારૂપે અને કડવારૂપે કે સુગંધીદાર વગેરે પર્યાયરૂપે પોતાના કારણે પરિણમે છે. લીમડાના ઝાડના કારણે પાણી ઊંચું ચડતું નથી અથવા કડવારૂપે થતું નથી પણ પોતાની યોગ્યતાના કારણે લાંબા–પહોળા આકારે ને કડવા વગેરે સ્વાદરૂપે પાણી પરિણમે છે, તેથી પ્રવાહીપણે રહેવું જે તેની મૂળ આકૃતિ છે તેને તથા સ્વાદિષ્ટપણું જે પાણીનો મૂળ સ્વભાવ છે તેને તે પ્રાપ્ત કરતું નથી; તેવી રીતે આત્મા પોતે પોતાની લાયકાતથી વિભાવ વ્યંજનપર્યાયરૂપ એટલે જુદા જુદા આકારે–મનુષ્ય, દેવ વગેરે આકારે પરિણમે છે ને જ્ઞાન દર્શનની ઓછીવત્તી અવસ્થારૂપે તથા રાગદ્વેષની અવસ્થારૂપે પોતાની લાયકાતથી પરિણમે છે તેથી પોતાના અરૂપીપણા અને નિર્વિકાર–વિશુદ્ધિવાળા સ્વભાવને પામતો નથી.

કોઈ પ્રશ્ન કરે કે મનુષ્યનું શરીર મળ્યું માટે મનુષ્યના આત્માનો આકાર તે રૂપે થયો ?

ઘણા જીવ વચ્ચે એક નિગોદનું શરીર મળ્યું માટે નિગોદના આત્માનો આકાર એવો થયો ?

કાનખજૂરાને ઘણા પગવાળું શરીર મળ્યું માટે તેના આત્માનો આકાર એવો થયો ?

–કે ના. દરેક આત્માની વ્યંજનપર્યાય પોતાની લાયકાતના કારણે થાય છે, શરીરના કારણે નહિ.

તેવી રીતે કર્મનો ઉદય આવ્યો માટે જ્ઞાનની હીણી દશા થઈ ? અથવા રાગદ્વેષ થયા ?–કે ના. દરેક આત્માની અર્થપર્યાય પોતાની લાયકાતના કારણે હીણી થાય છે. જેમ પાણી લોટમાં નાખવામાં આવે તો પાણી લોટાની આકૃતિ જેવો આકાર પોતાના કારણે ધારણ કરીને રહે છે, લોટાને લીધે નહિ; તેમ જ શરીર લોટા સમાન છે, જીવ પોતાની યોગ્યતાના કારણે જેવાં જેવાં શરીર મળ્યાં તેવા તેવા આકારે પોતાની યોગ્યતાના કારણે રહે છે.

ગાથા ૧૧૬–૧૧૭માં જીવની અર્થપર્યાય બતાવી હતી, આ ૧૧૮ મી ગાથામાં વ્યંજનપર્યાય અને અર્થપર્યાય બન્ને બતાવી છે.

આ આંગળી ફરે છે ને સીધામાંથી વાંકી થાય છે તે તેની વ્યંજનપર્યાય ફરે છે. અંદર આત્માના પ્રદેશો ફર્યા માટે આંગળી ફરે છે–એમ નથી. પાણી લીમડાના આકારરૂપે ને કડવારૂપે પરિણમે છે. તે લીમડાના લીધે ફરતું નથી, પણ પોતાના કારણે ફરે છે. સમયે સમયે જીવના આકારની અવસ્થા થયા કરે છે.

પ્રદેશત્વગુણ ક્યા સમયે નથી ? ગુણ છે તો તેનો કોઈને કોઈ આકાર અવશ્ય હોય. આત્મા એક દ્રવ્ય છે, તેથી તેને પણ આકાર છે. આત્માને જડનો આકાર નથી માટે નિરાકાર કહેવામાં આવે છે પણ ખરી રીતે પોતે અસંખ્ય પ્રદેશાત્મક હોવાથી આકાર સહિત છે. આકાશ પણ આકાર સહિત છે. બધાં સ્વયંસિદ્ધ દ્રવ્યો છે.

આ જ્ઞેયઅધિકાર છે. જ્ઞેયની એક એક સમયની વ્યંજનપર્યાય ને અર્થપર્યાય કેવી સ્વતંત્ર હોય છે, તેનું યથાર્થ જ્ઞાન કરાવે છે.

ભાવાર્થ :–મનુષ્ય, તિર્યંચ આદિ ચાર અવસ્થામાં જડ કર્મ કાંઈ જીવના સ્વભાવનો ઘાત કરતું નથી પણ જીવ પોતે જ પોતાના અજ્ઞાનના કારણે મિથ્યાભ્રાંતિ તથા રાગદ્વેષરૂપ પરિણમે છે, તેથી તેને સુખની પ્રાપ્તિ થતી નથી.

પાણીનું પૂર પ્રદેશ અપેક્ષાએ વૃક્ષના આકારે થાય છે ત્યારે પોતાના અસલ પ્રવાહીપણારૂપ સ્વભાવને પ્રાપ્ત કરતું નથી ને સ્વાદની અપેક્ષાએ કડવા અથવા ખાટા વૃક્ષરૂપે પરિણમી જાય છે ત્યારે પોતાના સ્વાદિષ્ટ સ્વભાવને પ્રાપ્ત કરતું નથી; તેવી રીતે આત્મા પણ પ્રદેશની અપેક્ષાએ પોતાની વિભાવવ્યંજનપર્યાયરૂપે પરિણમતો હોવાથી જેમ કે મનુષ્યપર્યાય, દેવપર્યાય વગેરે રૂપે પરિણમે છે ત્યારે પોતાના અમૂર્તસ્વભાવને પ્રાપ્ત કરતો નથી અને ભાવની અપેક્ષાએ પોતાની અર્થપર્યાયની યોગ્યતા અનુસાર પરિણમે છે. જેમ કે શ્રુતજ્ઞાનરૂપે અથવા શુભાશુભ ભાવરૂપે પરિણમી જાય છે ત્યારે પોતાના વીતરાગ, સર્વજ્ઞ પરિપૂર્ણ સ્વભાવને પામતો નથી.

અહીં સાબિત કરવામાં આવ્યું કે આત્માની વ્યંજનપર્યાયમાં ફેરફાર થાય અથવા અર્થપર્યાય હીણી પડે કે વધે તે પોતાના વિકારી પરિણામને લીધે છે, પણ કર્મ અથવા બીજા પદાર્થને લીધે નથી.

એક રજકણને લીધે બીજા રજકણમાં ફેરફાર થાય નહિ,
એક રજકણને લીધે બીજા આત્મામાં ફેરફાર થાય નહિ,
એક આત્માને લીધે રજકણમાં ફેરફાર થાય નહિ,
એક આત્માને લીધે બીજા આત્મામાં ફેરફાર થાય નહિ.

દરેકની વ્યંજનપર્યાય ને અર્થપર્યાયનો સ્વકાળ છે તે પોતપોતાના કારણે છે.

સમાનજાતીય દ્રવ્યપર્યાય બે અથવા તેથી વધારે પરમાણુની બનેલી છે–એમ કહેતાં તે પરમાણુઓ પૃથક્ છે, એમ બતાવે છે. એકને લીધે બીજો નથી અને અસમાન જાતીય દ્રવ્યપર્યાય કહેતાં આત્મા ને શરીર અસમાન છે, બન્ને પૃથક્ છે–એમ બતાવે છે. શરીરને લીધે આત્મા નથી ને આત્માને લીધે શરીર નથી.

એક લાકડી છે તે અનંત પરમાણુની અવસ્થા છે, સ્થૂલપણે એક એક પરમાણુની એવા જ રૂપે રહેવાની યોગ્યતા છે. પરમાણુ છૂટો થાય ત્યારે સૂક્ષ્મપણે રહેવાની એવી જ યોગ્યતા છે. સૂક્ષ્મ વખતે જેવી યોગ્યતા છે તેવી યોગ્યતા સ્થૂલરૂપે છે તે વખતે નથી. અને સ્થૂલ વખતે જેવી યોગ્યતા છે તેવી યોગ્યતા સૂક્ષ્મરૂપે છે તે વખતે નથી. સૂક્ષ્મ કે સ્થૂલરૂપ યોગ્યતા પોતાના કારણે છે, પરને લીધે નથી.

ગાથામાં જીવનું દ્રષ્ટાંત આપ્યું છે. પોતાના સ્વ–પર પ્રકાશક સ્વભાવનો યથાર્થ ખ્યાલ જીવને આવતાં પોતાની પરપ્રકાશક શક્તિના કારણે બધાં જ્ઞેયોનો યથાર્થ ખ્યાલ–દ્રવ્ય ગુણ પર્યાય, વ્યંજન ને અર્થપર્યાય સહિત ખ્યાલ આવી જાય છે.

આથી નક્કી થાય છે કે નિત્ય નિગોદના જીવથી લઈને દેવ સુધીના જીવો પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવને અનુભવતા નથી, તેનું કારણ પોતાનો જ વિકાર ભાવ છે. પોતાના દોષને લીધે, વીતરાગપણું ને સર્વજ્ઞપણું પામતા નથી. તીવ્ર કર્મનો ઉદય અથવા શરીર, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, પરિવાર કોઈ પણ પર વસ્તુ પોતાના રાગદ્વેષનું કારણ છે જ નહિ.

“કર્મ જીવના સ્વભાવનો પરાભવ કરે છે” એમ કહેવું તે તો ઉપચારકથન છે, ખરેખર એમ નથી. જીવ પોતાના અપરાધના કારણે પોતાના વીતરાગી શુદ્ધ–આત્મસ્વભાવનો પરાભવ કરે છે તે ખરેખર કારણ છે. પોતે ભૂલે છે ત્યારે કર્મ ઉપર ઉપચાર આવે છે.

જૈનદર્શન વસ્તુસ્વભાવ દર્શન છે. જૈનદર્શનમાં ચૈતન્યસ્વભાવ પ્રધાન છે. જૈનદર્શન વિકાર પ્રધાન નથી, જૈનદર્શન કર્મ પ્રધાન પણ નથી. ચૈતન્યસ્વભાવ જાણતાં વિકાર ને કર્મ વગેરે પરવસ્તુ જણાઈ જાય છે.

***

# પ્રસાદ નં. ૬૨

## પ્રવચનસાર ગાથા ૧૧૯ના પ્રવચનમાંથી.

(માગશર વદ ૧૪, શનિવાર)

હવે જીવનું દ્રવ્યપણે સ્થિરપણું હોવા છતાં પર્યાયોથી અસ્થિરપણું પ્રકાશે છે :–

**નહિ કોઈ ઊપજે વિણસે ક્ષણભંગસંભવમય જગે,**
**કારણ જનમ તે નાશ છે; વળી જન્મ નાશ વિભિન્ન છે. ૧૧૯.**

**અન્વયાર્થ :**–ક્ષણેક્ષણે ઉત્પાદ ને વિનાશવાળા જીવલોકમાં કોઈ ઉત્પન્ન થતું નથી ને નાશ પામતું નથી. કારણ કે જે ઉત્પન્ન થાય છે તે જ નાશ પામે છે; વળી ઉત્પન્ન અને નાશ એમ તેઓ અનેક (ભિન્ન) પણે છે.

**ટીકા :—**પ્રથમ તો આ લોકમાં કોઈ દ્રવ્ય જન્મતું નથી અને કોઈ દ્રવ્ય નાશ પામતું નથી, કારણ કે ધ્રુવદ્રષ્ટિએ જીવ એનો એ રહે છે. છતાં મનુષ્ય, દેવ, તિર્યંચ ને નારકીના જીવો સમયે સમયે પરિણામી હોવાથી સમયે સમયે થતા ઉત્પાદ ને વ્યય સાથે જોડાયેલ છે, તેમાં વિરોધ આવતો નથી. ચારે ગતિમાં સમયે સમયે પરિણામ થયા કરે છે પણ કર્મને લીધે પરિણામ થાય છે તે વાત લીધી જ નથી. પૂર્વ અવસ્થાનો નાશ થાય છે ને નવી અવસ્થાનો ઉત્પાદ થાય છે, જીવ બન્નેમાં ધ્રુવપણે ટકે છે. જીવ જુદો રહેતો નથી, એનો એ રહે છે માટે ધ્રુવદ્રષ્ટિએ જીવ અવસ્થિત છે ને ક્ષણે ક્ષણે અવસ્થા બદલે છે તેથી અવસ્થાદ્રષ્ટિએ અનવસ્થિત છે એટલે અસ્થિર છે–એમ અવસ્થાદ્રષ્ટિએ કહ્યું છે પણ કર્મને લીધે અસ્થિર છે, એમ કહ્યું નથી. નિગોદથી લઈને સર્વાર્થસિદ્ધિના દેવો સુધીના જીવો ને એકેન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધીના જીવો પોતાના કારણે સંસારમાં પરિણમી રહ્યા છે, એવો પોતાનો સ્વભાવ છે. દરેક જીવ સમયે સમયે ઉત્પાદ–વિનાશ સાથે જોડાયેલ છે એમ કહ્યું છે, પણ ક્ષણે ક્ષણે કર્મના ઉદય સાથે જોડાયેલ છે એમ કહ્યું નથી. જ્યારે ઉદ્‌ભવ ને વિલયનું એકપણું છે ત્યારે પૂર્વપક્ષ છે જેમ કે એક જીવ મનુષ્ય પર્યાયનો વ્યય કરી દેવમાં ઉત્પન્ન થયો ત્યારે એનો એ જીવ છે એની અપેક્ષા લેવામાં આવે તો તે જીવ જન્મ્યો પણ નથી ને મર્યો પણ નથી, જીવ તેનો તે જ છે–તેને જીવનું દ્રવ્યપણે અવસ્થિતપણું કહેવામાં આવે છે ને ઉત્પાદ ને વ્યયનું અનેકપણું છે ત્યારે ઉત્તરપક્ષ છે. જેમ કે મનુષ્યની પર્યાયનો નાશ થયો ને દેવની પર્યાયનો ઉત્પાદ થયો તેમાં જૂની અવસ્થા ટળીને નવી થઈ એમાં અનેકપણું છે. તેને જીવનું પર્યાયપણે અનવસ્થિતપણું કહેવામાં આવે છે. એક અને અનેકપણું પોતામાં લાગુ પડે છે. જીવ એનો એ રહે તે જીવનો દ્રવ્યસ્વભાવ છે; ને જૂની અવસ્થા ટળીને નવી અવસ્થા થઈ તે જીવનો પર્યાયસ્વભાવ છે.

આત્મા પોતાના દ્રવ્ય ને પર્યાયસ્વભાવ યથાર્થ સમજે તો આત્મા પોતાનો બન્ધુ છે ને અજ્ઞાનના કારણે પરાધીનતા માને ને ન સમજે તો પોતે પોતાનો વૈરી છે.

અહીં એકલી સ્થૂળ ગતિની વાત કરી નથી પણ સમયસમયનાં પરિણામની વાત કરી છે. જીવ દ્રવ્યપણે સ્થિર છે ને સમય સમયના પરિણામની અપેક્ષાએ અસ્થિર છે. આવી રીતે દરેક જ્ઞેયમાં દ્રવ્ય અપેક્ષાએ સ્થિરપણું અને પર્યાય અપેક્ષાએ અસ્થિરપણું હોવામાં વિરોધ નથી. એમ જ્ઞેયનું જ્ઞાન કરાવે છે.

જે ઘડો છે તે જ કૂંડું છે–એમ કહેવું હોય તો ઘડાનું સ્વરૂપ ને કૂંડાનું સ્વરૂપ તો જુદુંજુદું છે, છે તેને એકપણું લાગુ નહીં પડે. ઘડા ને કૂંડામાં એકપણું સાબિત કરવું હોય તો માટીની અપેક્ષાએ એકપણું છે કેમ કે માટી તેમાં અવસ્થિત છે.

જે ઉત્પાદ છે તે જ વ્યય છે–એમ કહેવું હોય ત્યારે ઉત્પાદ ને નાશમાં બેપણું સાબિત થાય છે, એકપણું સાબિત થતું નથી. પણ ઉત્પાદ ને નાશના આધારભૂત ધ્રુવ બન્નેમાં એક છે. ધ્રુવમાં એકપણું સાબિત થાય છે, એનો એ સ્થિર રહે છે; તેવી રીતે દેવ અવસ્થાનો ઉત્પાદ થતાં ને મનુષ્યપર્યાયનો નાશ થતાં જે ઉત્પાદ છે તે જ વિલય છે એવી અપેક્ષાથી કહેવું હોય ત્યારે દેવ ને મનુષ્યમાં તે અપેક્ષા આવી શકશે નહિ, એમાં તો અનેકપણું આવશે, પણ તે બેનો આધાર જીવ સામાન્ય સાબિત થાય છે. જીવ એનો એ રહે છે. જીવ અવસ્થિત સાબિત થાય છે.

આ બન્ને અવસ્થા છે તે કોની ? તેમ પ્રશ્ન કરતાં નક્કી થાય છે કે ધ્રુવ કાયમી ટકાઉ તત્ત્વ બન્નેમાં રહેલું છે. ધ્રુવ શાશ્વત નિત્ય આનંદસ્વભાવની દ્રષ્ટિ અને જ્ઞાન થતાં ધ્રુવદ્રષ્ટિ ઉત્પન્ન થાય છે ને પર્યાયદ્રષ્ટિ નાશ પામે છે. એ જ ધર્મ છે. આ જ્ઞાનપ્રધાન સમકિતનો વિષય છે.

અને વળી ‘‘અન્ય ઘડો છે અને અન્ય કૂંડુ છે’’ એમ કહેવું હોય ત્યારે બન્નેનો આધાર જે માટી છે તે માટીમાં અનેકપણું સાબિત થતું નથી પણ ઘડાને કૂંડાનું અનેકપણું પ્રગટ થાય છે. માટીમાં પર્યાયદ્રષ્ટિએ અનવસ્થિતપણું થાય છે. માટી ઘડારૂપે, કૂંડારૂપે તેના પર્યાયસ્વભાવના કારણે થઈ છે પણ કુંભાર, ચાકડો, દંડ વગેરેને લીધે અનેરારૂપે થઈ નથી.

એક આંગળી સરલમાંથી વક્ર થઈ તે આંગળીના પરમાણુનું અનવસ્થિતપણું સાબિત કરે છે, તેનો પર્યાયધર્મ સાબિત કરે છે પણ બીજો જીવ હતો માટે વક્ર થઈ, એમ સાબિત કરતું નથી.

એક જીવે ઇચ્છા કરી ને પછી તે ઇચ્છાનો વ્યય કર્યો તે અનેકપણું અથવા અસ્થિરપણું જીવનું જીવને લાગું પડે છે પણ બીજા સંયોગ આવ્યા માટે ઇચ્છા તૂટી એમ લાગુ પડતું નથી કારણ અહીં એક અખંડ જ્ઞેય સાબિત કરવું છે. સંયોગની વાત લીધી જ નથી, સ્વભાવની વાત લીધી છે.

“અન્ય ઉત્પાદ છે અને અન્ય વિલય છે.” એમ કહેવું હોય ત્યારે તે બન્નેનો આધાર જે ધ્રુવ છે તેમાં અનન્યપણું છે. અન્યત્વ અસંભવિત છે. ઉત્પાદ ને વ્યય બે લેવામાં આવે તો બેનું જુદું જુદું સ્વરૂપ નક્કી થાય છે. તેવી રીતે દેવની પર્યાય ઉત્પન્ન થતાં અને મનુષ્યની પર્યાય નષ્ટ થતાં “અન્ય ઉત્પાદ છે ને અન્ય વ્યય છે”–એમ કહેવું હોય ત્યારે તે બન્નેનો આધાર જીવ છે તેમાં અનન્યપણું છે, જુદાપણું સંભવિત નથી, માટે જુદાની અપેક્ષા લેતી વખતે આ દેવપર્યાય પ્રગટ થાય છે ને આ મનુષ્યપર્યાય વ્યય થાય છે, એમ ખ્યાલમાં આવે છે.

જીવના પોતાના પર્યાય સ્વભાવના કારણે–અનવસ્થિત સ્વભાવના કારણે પૂર્વ અવસ્થાનો નાશ થાય છે ને નવી અવસ્થાનો ઉત્પાદ થાય છે. પણ પર પદાર્થને લીધે ઉત્પાદ કે વ્યય થતા જ નથી. ઉત્પાદ વ્યયરૂપ થવું તે બધાં દ્રવ્યનો પર્યાય અપેક્ષાએ અનવસ્થિત ધર્મ છે. સ્વભાવની જ વાત છે.

મિલની જૂની વ્યવસ્થાનો નાશ થયો ને નવી સુંદર વ્યવસ્થાનો ઉત્પાદ થયો તેમાં મિલના પરમાણુ સાબિત થયા છે કારણ કે પરમાણુ તેના અનવસ્થિત ધર્મના કારણે તે વ્યવસ્થારૂપ પરિણમ્યા છે. પણ તે વ્યવસ્થા મિલના શેઠને સાબિત કરતી નથી. ભાષાના પરમાણુ પરિણમ્યા ને જૂની અવસ્થા નાશ થઈ તે પરમાણુના પર્યાયધર્મને સાબિત કરે છે પણ જીવની ઇચ્છાને સાબિત કરતા નથી. દીનતાની પર્યાયનો ઉત્પાદ થયો ને અધિકારીપણાની અવસ્થા નાશ થઈ તે જીવદ્રવ્યના અનવસ્થિત ધર્મને સાબિત કરે છે પણ રાજ્યના સંયોગોને સાબિત કરતું નથી. રાજ્ય ચાલ્યું ગયું માટે દીનતા આવી, તે વાત તદ્દન ખોટી છે.

લોટની પર્યાયનો વ્યય થયો ને રોટલીની પર્યાયનો ઉત્પાદ થયો તે પરમાણુના પર્યાયધર્મને સાબિત કરે છે પણ રાંધનાર બાઈને સાબિત કરતા નથી. શેઠ ગેરહાજર હતા માટે દુકાન ચાલી નહિ ને શેઠ હાજર થયા તો દુકાન ચાલે છે, તે વાત તદ્દન ખોટી છે. શેઠનો જીવ પોતામાં પોતાના પર્યાયસ્વભાવરૂપ થાય છે ને દુકાન દુકાનના પર્યાયસ્વભાવરૂપ થાય છે.

પરનો પ્રભાવ કોઈ વસ્તુ ઉપર પડે તે વાત જ ખોટી છે. કોઈને લીધે કોઈની અવસ્થામાં ફેરફાર છે જ નહિ. માટે પ્રતિક્ષણે અવસ્થાદ્રષ્ટિએ જીવ અનવસ્થિત છે, પર પદાર્થથી અનવસ્થિતપણું છે જ નહિ.

કર્મની પર્યાય ઉત્પાદ વ્યયરૂપ કર્મના પર્યાયસ્વભાવને લીધે છે, જીવના રાગને લીધે નથી.

જીવના રાગનો ઉત્પાદ–વ્યય જીવના પર્યાયસ્વભાવને લીધે છે, કર્મને લીધે નથી.

જીવમાં એકપણું જોવું હોય તો તેના ધ્રુવસ્વભાવથી એકપણું છે,

જીવમાં અનેકપણું જોવું હોય તો તેના અધ્રુવસ્વભાવથી અનેકપણું છે.

બન્ને જીવના પોતાના સ્વભાવ છે, પરને લીધે નથી.–આમ જ્ઞેયના બન્ને સ્વભાવ સ્વતંત્ર છે, એમ યથાર્થ જ્ઞાન કરવું તે સમ્યગ્જ્ઞાન છે ને તે ધર્મનું કારણ છે.

***

# પ્રસાદ નં. ૬૪

## પ્રવચનસાર ગાથા ૧૨૦ના પ્રવચનમાંથી.

(પોષ સુદ ૧, સોમવાર)

હવે જીવના અનવસ્થિતપણાનો હેતુ પ્રકાશે છે :–

**તેથી સ્વભાવે સ્થિર એવું ન કોઈ છે સંસારમાં;**
**સંસાર તો સંસરણ કરતા દ્રવ્ય કેરી છે ક્રિયા. ૧૨૦.**

**અન્વયાર્થ** :–તેથી સંસારમાં સ્વભાવથી અવસ્થિત એવું કોઈ નથી અર્થાત્ સંસારમાં કોઈનો સ્વભાવ કેવળ એકરૂપ રહેવાનો નથી; સંસાર તો પલટન પામતા દ્રવ્યની ક્રિયા છે.

સંસાર શું છે, ક્યાં રહે છે તે આ ગાથામાં બતાવે છે. આત્માનો શુદ્ધ સ્વભાવ તો જ્ઞાનાનંદ છે. તે સ્વભાવને ચૂકીને પોતાની પર્યાયમાં વિકારીભાવ કરે છે તે સંસાર છે. સ્ત્રી, કુટુંબ વગેરે સંસાર નથી. તેમ જ પોતાના દ્રવ્ય–ગુણમાં સંસાર નથી. દ્રવ્ય–ગુણ તો શુદ્ધ જ છે. પોતાની એક સમયની પર્યાયમાં સંસાર છે. ચાર ગતિરૂપ થવું તે સંસાર છે.

**ટીકા** :–ખરેખર જીવ દ્રવ્યપણે અવસ્થિત છે એટલે સ્થિર છે પણ અવસ્થાથી અસ્થિર છે. તેથી એમ નક્કી થાય છે કે સંસારમાં કોઈ પણ સ્વભાવથી એકરૂપ નથી, સંસારમાં દરેક સમયે નવી નવી અવસ્થા થયા જ કરે છે. સંસાર બે સમયનો નથી, એક જ સમયનો છે. પૂર્વના સંસારનો વ્યય થાય છે ને નવો સંસાર ઉત્પન્ન કરે છે. સંસાર સ્થિર એકરૂપ રહે તેવો તેનો સ્વભાવ નથી.

નિત્ય નિગોદમાં અનંતા જીવો છે ત્યાંપણ તે જીવોના દ્રવ્ય–ગુણો તો શુદ્ધ જ છે, પણ તેની એક સમયની પર્યાય વિકારી છે. નિત્યનિગોદના જીવને અનાદિનો સંસાર એક સાથે ભેગો થયો નથી. ત્યાં પણ પોતાના જ્ઞાનસ્વભાવને ચૂકીને સમય સમયનો સંસાર નવો નવો ઊભો કરે છે. નિગોદથી લઈને કેવળજ્ઞાની તેરમાં ગુણસ્થાવાળા જીવો ને ચૌદમાં ગુણસ્થાન સુધી સંસાર છે તે પોતાના આત્માના અપરાધને લીધે છે. કર્મ, શરીર આદિ સંસારનું કારણ છે જ નહિ.

દ્રવ્યદ્રષ્ટિથી આત્મામાં સંસાર છે જ નહિ ને પર્યાયદ્રષ્ટિએ સંસાર અવસ્થામાં છે. અહીં જીવનું એકરૂપ નહીં રહેવું તે જ સંસારહેતુ છે. મનુષ્યનું શરીર તે મનુષ્યગતિ નથી પણ આત્મામાં મનુષ્યની યોગ્યતા તે મનુષ્ય પર્યાય છે. ચારે ગતિમાં સંસારી જીવ અનેકરૂપ ધારણ કરે છે ને એક ગતિમાં પણ અનેક પ્રકારના વિકારી પરિણામો કરે છે. ક્રોડ પૂર્વ સુધી પણ મનુષ્યનું આયુષ્ય હોય છે ત્યાં પણ એક સમયે એક ભાવ, ને બીજા સમયે બીજો ભાવ એમ અનેકપણું ધારણ કરી રહ્યો છે, કારણ સંસારનું સ્વરૂપ જ

એવું છે. ત્યાં જીવ સમયે સમયે પરિણમે છે. તેમાં પૂર્વના વિકારનો ત્યાગ ને નવા વિકારનું ગ્રહણ એવો જે 'ક્રિયા' નામનો પરિણામ તે સંસારનું સ્વરૂપ છે.

બૈરાં, છોકરાં, શરીર એ તો પરવસ્તુ છે. એને આત્મા ગ્રહી શકતો નથી તેમ જ છોડી પણ શકતો નથી. અજ્ઞાની જીવ માને છે કે બૈરાં છોકરાં છોડ્યાં, દુકાન છોડી એટલે સંસાર છોડ્યો પણ તે અજ્ઞાનભાવ છે. પર વસ્તુ તો આત્મામાં અત્યંત અભાવસ્વરૂપ છે, તે તો છૂટી જ પડેલી છે. કર્મ, શરીર, છોકરાં વગેરે અભાવસ્વરૂપ જ છે. તેનો શું ત્યાગ કરવો ? પોતાનો જ્ઞાતાદ્રષ્ટાસ્વભાવ ચૂકીને શરીર–બૈરાં–છોકરાં વગેરે મારાં છે, એવો મમતાભાવ પર્યાયમાં ગ્રહણ કરે છે ને પૂર્વનો વિકારી ભાવ ત્યાગે છે.–આવા અજ્ઞાન, રાગ, દ્વેષના ભાવને તથા ગતિની યોગ્યતાના ભાવને સંસારની એક સમયની વિકારી ક્રિયા કહી છે.

આવો અજ્ઞાનભાવ કુદેવ, કુગુરુ મળ્યા માટે થયો–એમ પણ નથી પણ પોતે અજ્ઞાનભાવ ઊભો કરે છે, કોઈ કાળલબ્ધિના કારણે નથી. સંસારજડને લીધે નથી, કર્મને લીધે નથી, કર્મ છે માટે નથી, કર્મ તો પરજ્ઞેય છે, સ્વજ્ઞેયમાં પરજ્ઞેય આવતું નથી.

આ જ્ઞેયતત્ત્વ–પ્રજ્ઞાપન અધિકાર છે. આત્મામાં એક સમયનો વિકારી પર્યાય સ્વજ્ઞેયતત્ત્વ છે, તેમ યથાર્થ જ્ઞાન કરાવે છે. આમ સાચું જ્ઞાન કરી, આત્મા કે જે જ્ઞાનદર્શનનો પિંડ છે તેની રુચિ કરે તો સંસારની રુચિ છૂટી જાય છે.

પ્રશ્ન :–તીર્થંકર ભગવાન સંસાર છોડીને ચાલી નીકળ્યા ને દીક્ષા લીધી હતી ને ?

ઉત્તર :–ભગવાને પણ પર પદાર્થો ગ્રહ્યા નહોતા તેમ જ છોડ્યા પણ નહોતા. પોતે જ્ઞાનાનંદસ્વભાવી છે એવું ભાન તો હતું જ એટલે સંસાર અભિપ્રાયથી છૂટી ગયો હતો પણ અસ્થિરતાના રાગદ્વેષ છોડી આત્મામાં સ્થિર થયા તેને કુટુંબકબીલા છોડ્યા, એમ કથન કરવામાં આવે છે.

નિગોદના અનંતા જીવો એક શરીરમાં સાથે રહે છે. ત્યાં પણ શ્વાસ, ઈન્દ્રિય, આહારનાં ગ્રહણ ત્યાગ તેમને છે જ નહિ કારણ કે તે તો પરવસ્તુ છે. ત્યાં પોતાના વિકારી અજ્ઞાનભાવને છોડે છે ને નવો અજ્ઞાનભાવ ગ્રહણ કરે છે. ત્યાં કર્મને લીધે સંસાર નથી. કર્મને લીધે સંસાર હોય તો કર્મ છૂટે ત્યારે સંસાર છૂટે, પણ તે વાત ખોટી છે. પોતાના અજ્ઞાનભાવે સંસાર છે. અજ્ઞાન છોડે ત્યારે સંસાર છૂટે ને નિર્વિકારીદશા પ્રાપ્ત કરે.

હવે, પરિણામાત્મક સંસારમાં ક્યા કારણે પુદ્‌ગલકર્મનો સંબંધ થાય છે કે જેથી સંસારમાં મનુષ્ય વગેરે પર્યાય હોય છે, તેનું અહીં સમાપન વર્ણવે છે :–

## ગાથા ૧૨૧

**કર્મે મલિન જીવ કર્મસંયુત પામતો પરિણામને,**
**તેથી કરમ બંધાય છે; પરિણામ તેથી કર્મ છે. ૧૨૧.**

**અન્વયાર્થ** :–કર્મથી મલિન આત્મા કર્મસંયુક્ત પરિણામને (દ્રવ્ય કર્મના સંયોગે થતા અશુદ્ધપરિણામને) પામે છે, તેથી કર્મ ચોંટે છે. (દ્રવ્યકર્મ બંધાય છે) માટે પરિણામ તે કર્મ છે.

'સંસાર' નામનો જે આ આત્માનો તે પ્રકારનો પરિણામ તે જ દ્રવ્યકર્મ વળગવાનો હેતુ છે. અહીં **તથાવિધ** શબ્દ કહ્યો છે. સંસાર એક સમયનો સત્ છે. સંસાર બિલકુલ અસત્ છે અથવા અશુદ્ધતા પર્યાયમાં છે જ નહિ એમ માને અને કહે કે 'બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા' તો આવી માન્યતા ભૂલભરેલી છે અને અશુદ્ધતા કર્મને લીધે થાય છે એમ કહે તો પણ તે માન્યતા ભૂલભરેલી છે. **તથાવિધ પરિણામ** કહ્યા છે એટલે આત્માની પર્યાયમાં પોતાના અજ્ઞાનના કારણે રાગદ્વેષના પરિણામ એક સમયપૂરતા છે–એમ નક્કી કરાવે છે.

અશુદ્ધ ઉપાદાન અથવા પોતાની એક સમય પૂરતી વિકારી યોગ્યતા નવાં દ્રવ્યકર્મ વળગવાનો હેતુ છે. હવે અશુદ્ધ ઉપાદાનનું કોણ નિમિત્ત છે ? જૂનાં દ્રવ્યકર્મ અશુદ્ધતાનું નિમિત્ત છે. પોતે જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ચૂકે છે ને સંયોગનો આશ્રય કરી રાગદ્વેષ કરે છે તો જૂનાં દ્રવ્યકર્મ હેતુ છે એટલે નિમિત્ત છે–એમ કહેવામાં આવે છે. ઉપાદાનકારણ તો પોતાની યોગ્યતા છે ને નિમિત્તકારણ જૂનાં જડકર્મ છે. પોતે વિકાર ન કરે તો કર્મ નિમિત્ત કહેવાતાં નથી. દ્રવ્યકર્મના સંયોગમાં જ અશુદ્ધ પરિણામ હોય છે. દ્રવ્યકર્મ વિના અશુદ્ધતા કદી હોતી નથી તેથી દ્રવ્યકર્મ અશુદ્ધ પરિણામનું નિમિત્ત છે–એમ કહ્યું છે. અહીં જૂના કર્મને લીધે રાગ થાય છે એ બતાવવું નથી કારણ કે રાગ તો આત્માની પર્યાય છે તે ચેતન છે. ને કર્મનું દ્રવ્ય પણ જડ, તેના ગુણો પણ જડ ને તેની પર્યાય પણ જડ છે. તે વિકાર કરાવતાં નથી, કારણ કે ચેતનમાં જડનો અભાવ છે. અહીં તો નિમિત્તનૈમિત્તિક સંબંધ બતાવી દ્રવ્યકર્મના સંયોગમાં જ વિકાર હોય છે, એમ બતાવેલ છે. સંયોગ કહેતાં જ ભિન્નતા બતાવે છે.

એક અસિદ્ધ બાબતને સિદ્ધ કરવા માટે બીજી અસિદ્ધ બાબતનો આશ્રય લેવામાં આવે અને વળી તે બીજી બાબતને સિદ્ધ કરવા માટે પહેલીનો આશ્રય લેવામાં આવે એ તર્કદોષને ઇતરેતરાશ્રય દોષ કહેવામાં આવે છે.

દ્રવ્યકર્મનું કારણ અશુદ્ધ પરિણામ કહ્યા, પછી તે અશુદ્ધ પરિણામના કારણ વિષે પૂછવામાં આવતો તેનું કારણ પાછું દ્રવ્યકર્મ કહ્યું તેથી શંકાકારને શંકા થાય છે કે આ વાતમાં ઇતરેતરાશ્રય દોષ આવે છે.

સમાધાન :–ઇતરેતરાશ્રય દોષ આવતો નથી કારણ કે–નવાં દ્રવ્યકર્મનું કારણ અશુદ્ધ આત્માના પરિણામ છે અને તે અશુદ્ધ આત્મપરિણામનું કારણ તો તેનું તે જ દ્રવ્યકર્મ નથી અર્થાત્ નવું દ્રવ્યકર્મ નથી પણ પહેલાનું જૂનું દ્રવ્યકર્મ છે માટે ત્યાં ઇતરેતરાશ્રય દોષ આવતો નથી.

આત્માના વિકારી પરિણામ જૂનાં દ્રવ્યકર્મનું નિમિત્ત પામીને થાય છે ને તે પરિણામ તેને તે જ જૂનાં કર્મ બંધાવવામાં નિમિત્ત થતા હોય તો દોષ આવે ને તો શંકાકારની શંકા વ્યાજબી ગણાય પણ જૂનાં દ્રવ્યકર્મ તો ટળી જાય છે ને અશુદ્ધ પરિણામના નિમિત્તે તો નવાં બીજાં કર્મો બંધાય છે માટે દોષ આવતો નથી.

(૧) જૂનાં કર્મનું નિમિત્ત પામીને જીવ વિકાર કરે તો વિકારમાં જૂનાં કર્મ નિમિત્ત કહેવાય છે ને જીવ વિકાર કરે છે ત્યારે નવાં કર્મ બંધાય છે તેમાં જીવનો વિકાર નિમિત્ત કહેવાય છે.

(૨) જીવ વિકાર ન કરે તો જૂનાં કર્મ નિમિત્ત કહેવાતાં નથી. ને જીવ વિકાર કરતો નથી તો નવાં કર્મ પણ બંધાતાં નથી.

આત્માનો પોતાનો સ્વભાવ તો જ્ઞાતાદ્રષ્ટા છે, સ્વભાવમાં વિકાર છે જ નહિ. પોતે પોતાનો સ્વભાવ ભૂલે છે ને વિકાર કરે છે ત્યારે પૂર્વકર્મને નિમિત્ત કહેવાય છે.

આત્મા સાથે કર્મનો સંબંધ અનાદિથી છે, એમ કબૂલ રાખીને વાત કરી છે.

(૧) વિકાર જૂનાં કર્મને લીધે થતો હોય એમ માનવામાં આવે તો આત્મા પરાધીન થાય છે તો પછી કર્મ ખસે ત્યારે વિકાર ટળે. એટલે પરાધીનતા કદી ટળે નહિ; પણ તે વાત સાચી નથી.

(૨) સંસારદશામાં અશુદ્ધતા વખતે કર્મની સંયોગરૂપે હાજરી જ નથી એમ માનવામાં આવે તો અશુદ્ધતા પોતાનો કાયમી સ્વભાવ થઈ જાય તો પછી મોક્ષ કરવાનું રહે નહિ; માટે તે વાત પણ સાચી નથી.

આ જ્ઞેય અધિકાર છે. તેમાં વિકારી પરિણામ તથા કર્મને કેવો સંબંધ હોય છે, તેનું યથાર્થ જ્ઞાન કરાવેલ છે.

પોતે વિકારી પરિણામ કરે તો જૂનાં કર્મ નિમિત્ત કહેવાય છે ને વિકારી પરિણામ કરે તો નવાં કર્મમાં વિકારી પરિણામ નિમિત્ત કહેવાય છે.

પોતે નવા વિકારી ભાવ કર્યા માટે જૂનાં કર્મ આવ્યા–એમ નથી. જૂનાં કર્મમાં તો પૂર્વના વિકારનું નિમિત્ત હતું, ને નવા વિકારી ભાવ કરે છે તેનું નિમિત્ત પામી નવાં કર્મ બંધાય છે, જૂનાં બંધાતાં નથી માટે તેમાં ઇતરેતરાશ્રય દોષ આવતો નથી.

શાસ્ત્રમાં નિમિત્તનાં લખાણ ઘણાં આવે છે. તેમાં જ્ઞાનાવરણીય કર્મે જ્ઞાનને રોક્યું–એમ આવે છે, તો શું કર્મ જ્ઞાનને રોકતું હશે ?–ના. પોતે જ્ઞાન હીણું કરે છે તો કર્મને નિમિત્ત કહેવાય છે. અજીવની પર્યાયને લીધે જીવની પર્યાય રોકાય તેવું કદી બનતું નથી. દરેક જીવ પોતાના કારણે વિકાર કરે છે પણ વિકાર સ્વભાવમાં નથી. પોતાના સ્વભાવની શ્રદ્ધા કરે તો વિકાર ટળી શકે છે.

આ રીતે આત્માના વિકારી પરિણામનું કાર્ય નવાં જડકર્મનું આવવું છે ને વિકારી પરિણામ જૂનાં દ્રવ્યકર્મના નિમિત્તે થાય છે તેથી વિકારી પરિણામને ઉપચારથી દ્રવ્યકર્મ કહેવામાં આવ્યા છે.

વિકારી પરિણામ ન થાત તો જૂનાં કર્મને નિમિત્ત પણ ન કહેવાત અને નવા કર્મ પણ બંધાત નહિ. પણ વિકાર પરિણામ કરે છે તેથી નવું દ્રવ્યકર્મ તેનું કાર્ય છે ને વિકાર પરિણામ કરે છે તેથી જૂનાં દ્રવ્યકર્મ તેના કારણભૂત છે. આવા આત્માના પરિણામ હોવાથી તેને (ભાવકર્મને) દ્રવ્યકર્મ ઉપચારથી કહ્યા છે. અશુદ્ધ નિશ્ચયનયથી આત્મા પોતાના પરિણામનો કર્તા છે. ને જડકર્મ જડકર્મની પર્યાયનો કર્તા છે. પણ વિકાર કરે છે ને તેના નિમિત્તે દ્રવ્યકર્મ બંધાય છે. તેથી આત્માને દ્રવ્યકર્મનો કર્તા ઉપચારથી કહેવામાં આવે છે.

અહીં જ્ઞાનપ્રધાન કથન છે. રાગપર્યાયનું તથા કર્મનું યથાર્થ જ્ઞાન કરાવી રાગ ને કર્મ ઉપરથી દ્રષ્ટિ હઠાવી વીતરાગી અભેદ સ્વભાવનું જ્ઞાન કરાવવાનું પ્રયોજન છે.

***

# પ્રસાદ નં. ૬૫

## આત્મા દ્રવ્યકર્મનો કર્તા નથી.

(પ્રવચનસાર ગાથા ૧૨૨.......પોષ સુદ ૨, મંગળવાર)

હવે, પરમાર્થે આત્માને દ્રવ્યકર્મનું અકર્તાપણું પ્રકાશે છે :—

**પરિણામ પોતે જીવ છે, ને છે ક્રિયા એ જીવમયી,**
**કિરિયા ગણી છે કર્મ; તેથી કર્મનો કર્તા નથી. ૧૨૨.**

**અન્વયાર્થ :**–પરિણામ પોતે આત્મા છે, અને તે જીવમયી ક્રિયા છે; ક્રિયાને કર્મ માનવામાં આવી છે; માટે આત્મા દ્રવ્યકર્મનો કર્તા નથી.

દયા, દાન, પૂજાના ભાવ પોતે કરે છે માટે તે પોતે જ આત્મા છે. સમયસારમાં દ્રવ્યદ્રષ્ટિ કરાવવા રાગ પોતાનું કાયમી સ્વરૂપ નથી, એ અપેક્ષાએ રાગને અચેતન કહ્યો છે. પણ અહીં તો પર્યાયનું જ્ઞાન કરાવવું છે તેથી વિકારી ભાવને જીવમયી કહ્યા છે. તે ક્રિયાને કર્મ માનવામાં આવી છે. એટલે કે તેને ભાવકર્મ કહેવામાં આવે છે અને જીવ તેનો કર્તા છે પણ દ્રવ્યકર્મનો કર્તા નથી.

જીવ જેટલા પ્રમાણમાં રાગદ્વેષ કરે છે તેટલા પ્રમાણમાં જ દ્રવ્યકર્મ બંધાય છે. મંદ રાગદ્વેષ કરે તો કર્મ મંદ બંધાય ને તીવ્ર રાગદ્વેષ કરે તો કર્મ તીવ્ર બંધાય. આવો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ હોવા છતાં જીવ દ્રવ્યકર્મનો કર્તા નથી.

રાગદ્વેષ ને દ્રવ્યકર્મમાં નિમિત્તનૈમિત્તિક સંબંધ ઘણે ભાગે બને છે. ત્યાં પણ આત્મા દ્રવ્યકર્મનો કર્તા નથી, તો પછી રાગદ્વેષ તથા બહારના પદાર્થોની ક્રિયામાં કેટલીકવાર નિમિત્તનૈમિત્તિક સંબંધ બનતો જ નથી, ત્યાં જીવ બહારના પદાર્થોનો કર્તા થાય ને શરીર વગેરેને ચલાવી દે–એમ માનવું તે તો સ્થૂલ અજ્ઞાનભાવ છે.

**ટીકા :**–આત્માના પરિણામ જેવા કે મિથ્યાત્વ–રાગ–દ્વેષ–અવ્રતના ભાવ, પ્રમાદના ભાવ–આત્માના પ્રદેશોનું કંપન થવું તે ખરેખર પોતે આમાં છે. અહીં પર્યાયને આત્મામાં અભેદ કરીને કહ્યું કે રાગદ્વેષ વગેરેના પરિણામ તે આત્મા જ છે. કારણ કે આત્મા પોતે પરિણામી છે. એટલે પરિણમનારો છે. દયા, દાન વગેરે શુભ પરિણામ ને હિંસા, જૂઠું, ચોરી વગેરે અશુભ પરિણામનો કરનાર આત્મા પોતે જ છે માટે આત્મા પોતાના પરિણામથી જુદો નથી–અનન્ય છે. એટલે કે આત્મા પોતાના પરિણામથી તન્મય છે. તેરૂપે થયેલ પરિણામ છે, તે જીવમયી જ ક્રિયા છે. કર્મને લીધે કે બહારના સંયોગોને લીધે આત્માના પરિણામ નથી—એમ પર્યાયનું યથાર્થ જ્ઞાન

કરાવવું છે. ગુણસ્થાનો ''मोहजोग भवा'' એમ ગોમ્મટસાર શાસ્ત્રમાં પાઠ છે. મોહ તથા યોગને લીધે ગુણસ્થાનો છે. (કર્મને લીધે ગુણસ્થાનો નથી) નિગોદથી લઈ ચૌદ ગુણસ્થાન સુધીના જીવોની અશુદ્ધતાવાળી ક્રિયા છે તે આત્માના પોતાના પરિણામને લીધે છે. દરેક આત્મા પોતાની અશુદ્ધતામાં તન્મય થયેલો છે, પોતમય નક્કી કરવામાં આવી છે અને વળી જે ક્રિયા કરે છે તેને આત્મા સ્વતંત્રપણે પહોંચી વળે છે. જ્ઞાન-દર્શનની હીણીદશા-રાગદ્વેષના વિકારી ભાવો, જોગનું કંપન વગેરે પરિણામોને આત્મા સ્વતંત્રપણે પહોંચી વળે છે, તે પરિણામોને કર્મ પહોંચી વળતાં નથી.

કરણાનુયોગમાં કર્મનું નિમિત્ત બતાવવા કથન આવે કે કર્મના ઉદયને લીધે જ્ઞાનની હીણી દશા થઈ અથવા રાગદ્વેષ થયા-એમ લખાણ આવે તો ત્યાં શું આત્મા બીજા પ્રકારનો હશે ? ને દ્રવ્યાનુયોગમાં આત્મા શુદ્ધસ્વભાવી છે-એમ લખાણ આવે ત્યાં શું આત્મા કરણાનુયોગના આત્માથી જુદો હશે ? સમાધાન : ના. દ્રવ્યાનુયોગમાં દ્રવ્યદ્રષ્ટિથી અભેદ શુદ્ધ આત્માનું કથન છે ને કરણાનુયોગમાં-કર્મનું નિમિત્ત બતાવી વિકારી પરિણામ તું કર તો થાય છે-એમ બતાવે છે. કથનશૈલિમાં ફેર છે-આશય તો એક જ છે. જે જીવ પોતાની પર્યાય જે અંશ છે તેને સ્વતંત્ર સ્વીકારતો નથી તે અંશી એવા આત્માની સ્વતંત્રતા સ્વીકારી શકે નહિ, પોતાની પર્યાય બીજા કરી આપે એવી પરાધીન હોય તો પર્યાય સ્વતંત્ર રીતે સ્વભાવ તરફ કદી વળી શકે નહિ. માટે ખરેખર આત્મા પોતાના વિકારી ભાવનો-પ્રતિજીવી ગુણોની અશુદ્ધ અવસ્થાનો-ક્રિયાવર્તી આદિ શક્તિની અવસ્થાનો-બધા પરિણામનો પોતે જ કર્તા છે. કર્મનો તીવ્ર ઉદય છે માટે રાગદ્વેષ વગેરેના પરિણામ કરવા પડ્યા, તેમ કહ્યું નથી. પોતે ભાવકર્મનો કર્તા છે, પરંતુ જડકર્મનો તો કર્તા નથી.

હવે અહીં પ્રશ્ન થાય છે કે 'જીવ ભાવકર્મનો જ કર્તા છે તો પછી દ્રવ્યકર્મનો કર્તા કોણ છે ?' તો કહે છે કે :—પુદ્‌ગલના પરિણામ ખરેખર પુદ્‌ગલ જ છે, કારણ કે પરિણામી એવું પુદ્‌ગલદ્રવ્ય પોતે જ પરિણામનો કર્તા હોવાથી પરિણામથી જુદું નથી પણ એકમેક છે અને પુદ્‌ગલના તેરૂપ પરિણામ છે તે પુદ્‌ગલમયી જ ક્રિયા છે, કારણ કે સર્વ દ્રવ્યો પોતપોતાની પરિણામસ્વરૂપ ક્રિયાને પહોંચી વળે છે. બીજા દ્રવ્યના પરિણામને પહોંચી વળતાં નથી.

જ્ઞાનદર્શન હીણાં પડ્યાં માટે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મ બંધાયા ને ?.......... ના.

રાગદ્વેષ કર્યા માટે મોહનીય કર્મ બંધાયું ને ?.......... ના.

પુદ્‌ગલકર્મનું બંધાવું તે રાગદ્વેષને આધીન નથી. પુદ્‌ગલદ્રવ્ય તેના પર્યાયના કાળે સ્વતંત્રપણે કર્મરૂપે પરિણમી જાય છે, રાગ થયો માટે પુદ્‌ગલોને આવવું પડ્યું એવું પુદ્‌ગલદ્રવ્ય પરાધીન નથી. રાગદ્વેષ સ્વતંત્ર છે ને પુદ્‌ગલકર્મ પણ સ્વતંત્ર છે; કોઈ પરાધીન નથી. આ જ્ઞેયઅધિકાર છે. દ્રવ્યકર્મ સ્વતંત્રપણે પરિણમે છે ને જીવ પણ સ્વતંત્રપણે રાગ કરે છે–એમ જ્ઞેયનું યથાર્થ જ્ઞાન કરાવે છે. માટે ખરેખર પુદ્‌ગલદ્રવ્ય જ દ્રવ્યકર્મનો કર્તા છે.

વળી પુદ્‌ગલદ્રવ્ય આત્માના અશુદ્ધ પરિણામનો કર્તા નથી. કર્મનો ઉદય આવ્યો માટે આત્માને પરિણામ કરવા જ પડે એવો આત્મા પરાધીન નથી. પુદ્‌ગલ પુદ્‌ગલરૂપે પરિણમે છે, પુદ્‌ગલ આત્માને પરિણમાવતા નથી.

તેથી એમ સમજવું કે આત્મા આત્મસ્વરૂપે પરિણમે છે, પુદ્‌ગલસ્વરૂપે પરિણમતો નથી. માટે આત્મા દ્રવ્યકર્મનો કર્તા નથી. ાા૧૨૨ાા

હવે, આત્મા જે રૂપે પરિણમે છે તે શું સ્વરૂપ છે, તે કહે છે :–

## જ્ઞાનચેતના, કર્મચેતના ને કર્મફળચેતના તે આત્માના જ પરિણામ છે.

## ગાથા ૧૨૩

**જીવ ચેતનારૂપ પરિણમે; વળી ચેતના ત્રિવિધા ગણી;**
**તે જ્ઞાનવિષયક, કર્મવિષયક, કર્મફળવિષયક કહી. ૧૨૩.**

**અન્વયાર્થ :**–આત્મા ચેતનારૂપે પરિણમે છે. વળી ચેતના ત્રણ પ્રકારે માનવામાં આવી છે, અને તેને જ્ઞાનસંબંધી, કર્મસંબંધી અથવા કર્મફળસંબંધી–એમ કહેવામાં આવી છે.

ત્રણ પ્રકારની ચેતના છે. જ્ઞાનચેતના–જ્ઞાનસંબંધ જાગૃતિ તે જ્ઞાનચેતના છે, વિકાર પરિણામમાં ચેતનાનું અટકી જવું તે કર્મચેતના છે અને હરખશોકરૂપે ચેતનાનું અટકી જવું તે કર્મફળચેતના છે.

**ટીકા :—**ચેતન તે સ્વભાવવાન્ છે ને ચૈતન્ય તે જીવનો સ્વભાવ છે–ગુણ છે. ચૈતન્ય આત્માના પોતાના બધા ધર્મોમાં ફેલાએલ છે. (અહીં ધર્મનો અર્થ શુદ્ધિ અથવા નિર્જરા ન સમજવી. અહીં ધર્મ એટલે પર્યાયસ્વભાવની વાત છે) તેથી ચેતના જ આત્માનું સ્વરૂપ છે. આત્મા પોતે ચેતનારૂપે પરિણમે છે. આત્માના કોઈપણ પરિણામ ચેતનાને છોડતા નથી. ચૈતન્યસ્વભાવ પોતે વિસ્તાર પામી જ્ઞાનરૂપે પરિણમે છે, રાગદ્વેષરૂપી કર્તા થઈ પરિણમે છે ને હરખશોકના ફળરૂપે પરિણમે છે.

ગાથા ૧૧૬ (પાનું ૨૦૧)માં કહ્યું હતું કે "ક્રિયા ચેતનના પૂર્વોત્તરદશાથી વિશિષ્ટ ચૈતન્યપરિણામસ્વરૂપ છે." કામ, ક્રોધ, મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિભાવ, આર્તધ્યાન, રૌદ્રધ્યાન, શુક્લલેશ્યાના પરિણામ, જોગકંપન વગેરે બધા પરિણામ–શુદ્ધ હો અથવા અશુદ્ધ હો–કોઈપણ પરિણામ ચેતનાને ઉલ્લંઘીને થતા નથી. એક જીવના પરિણામ બીજા જીવના થઈ જતા નથી તેમ જ બીજા જીવને લીધે અથવા કર્મને લીધે થતા નથી. આત્માનો કોઈપણ પરિણામ ચેતનાને છોડતો નથી.

સમયસારમાં માર્ગણાસ્થાન, ગુણસ્થાન વગેરેને અચેતન કહ્યા છે અને અહીં તે બધા પરિણામો ચેતનાને છોડતા નથી એમ કહો છો ?

સમાધાન :–ભાઈ, સમયસારમાં વિકારી પરિણામ ને અશુદ્ધતા તે પોતાનું કાયમી સ્વરૂપ નથી ને આત્મામાંથી નીકળી જાય છે માટે તેના ઉપરનું લક્ષ છોડાવવા, ત્રિકાળી સ્વભાવની રુચિ કરાવવા તેને અચેતન કહ્યા છે પણ તે કોણ કહી શકે ?–કે જે પર્યાયમાં થતો વિકાર આત્મા પોતે સ્વતંત્રપણે કરે છે, એમ યથાર્થ માને તે પછી ત્રિકાળી સ્વભાવનું લક્ષ કરી શકે. અત્યારે પ્રવચનસારમાં પર્યાયનું યથાર્થ જ્ઞાન કરાવવું છે. જ્ઞાનરૂપે પરિણમે તોપણ તું, રાગરૂપે પરિણમે તોપણ તું ને હરખશોકના ભાવરૂપે પરિણમે તો પણ તું. કર્મના કારણે તારા પરિણામ નથી એમ સ્વપર્યાય જે જ્ઞેય છે, તેનું જ્ઞાન કરાવે છે.

આ પ્રમાણે સંસારમાં પહેલા ગુણસ્થાનથી ચૌદમાં ગુણસ્થાન સુધીના અશુદ્ધ પરિણામ જીવના છે–એમ આ ગાથાનું તાત્પર્ય છે, પણ કર્મને લીધે આત્માની અશુદ્ધતા છે–એમ આ ગાથાનું તાત્પર્ય નથી. વળી "વિકાર તારો છે, વિકાર તારો છે" એમ બતાવીને પણ તું વિકારમાં ઊભો રહેજે એમ <u>વિકારમાં ઊભો રાખવાનું શાસ્ત્ર તાત્પર્ય નથી પણ દ્રવ્ય–ગુણો જે શુદ્ધ સ્વરૂપ જ છે તેના ઉપર લક્ષ કર તો વિકાર ને સંસાર ટળી જશે–એમ કહેવાનું શાસ્ત્રનું તાત્પર્ય છે. તાત્પર્ય બે પ્રકારનાં છે.</u>

**(૧) સૂત્ર તાત્પર્ય :** દરેક ગાથામાં જે પ્રમાણે ગાથાનો અર્થ સ્વતંત્ર હોય તે પ્રમાણે બરાબર સમજે. જેમ કે આ ગાથામાં રાગદ્વેષ અશુદ્ધતા આત્મા પોતે કરે છે. બીજું કર્મ અથવા આત્મા કરાવતા નથી–એમ <u>ગાથાનો યથાર્થ ભાવ સમજવો તે સૂત્ર તાત્પર્ય.</u>

**(૨) શાસ્ત્ર તાત્પર્ય :** દરેક ગાથાનો યથાર્થ ભાવ સમજી આખા શાસ્ત્રનો ભાવ શું છે તે સમજવું. તે શાસ્ત્ર તાત્પર્ય છે. દ્રષ્ટાંત :–અહીં ગાથામાં કહ્યું કે અશુદ્ધતાના પરિણામ જીવ પોતે સ્વતંત્રપણે કરે છે–એટલો સૂત્રનો ભાવ સમજ્યો પણ પોતે અશુદ્ધ પરિણામ કરે છે એટલું માત્ર જ્ઞાન કરી લ્યે પણ દ્રવ્યગુણ જે શુદ્ધ છે તેની દ્રષ્ટિ કરી વીતરાગી પરિણામ પ્રગટ કરવા તે

આખા શાસ્ત્રનો સાર છે, તે ન સમજે તો શાસ્ત્ર તાત્પર્ય સમજ્યો નથી. શાસ્ત્રનું તાત્પર્ય પરિપૂર્ણ વીતરાગતા ને કેવળજ્ઞાન છે. પણ જે જીવ સૂત્ર તાત્પર્ય સમજવામાં ભૂલ કરતો હોય ને પર્યાય પરાધીન માનતો હોય તે શાસ્ત્ર તાત્પર્યને સમજી શકશે નહિ ને વીતરાગતા પ્રગટ કરી શકશે નહિ. અને જે જીવ એકલા સૂત્ર તાત્પર્યમાં જ રોકાઈ જાય ને શાસ્ત્ર તાત્પર્યને ન સમજે ને વીતરાગતા પ્રગટ ન કરે તો તે પણ સૂત્રના તાત્પર્યને ખરેખર રીતે સમજ્યો કહેવાતો નથી.

સૂત્ર તાત્પર્ય યથાર્થ સમજી આખા શાસ્ત્રનું તાત્પર્ય જે સમ્યક્દર્શનપૂર્વક વીતરાગીદશા છે તે પ્રગટ કરવી–એમ જ્ઞાની પુરુષો કહે છે.

વળી ચેતના ત્રણ પ્રકારે છે–જ્ઞાનચેતના, કર્મચેતના, કર્મફળચેતના.

**જ્ઞાનચેતના :**–પોતે જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધસ્વભાવી છે. શરીર, કર્મ, પરપદાર્થ મારા નથી ને વિકાર મારું સ્વરૂપ નથી–એમ પર પદાર્થ ને વિકારથી ભેદ પાડી જે જ્ઞાનની પરિણતિ અભેદ સ્વભાવની પ્રતીતિ કરી સ્થિર થાય છે, તે જ્ઞાનચેતના છે ને તે આત્મધર્મ છે.

**કર્મચેતના :**—પોતે જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધસ્વભાવી છે એવું ભાન નહીં કરતાં પર પદાર્થની ક્રિયા કરવારૂપ ભાવ તથા પુણ્યપાપના વિકારીભાવોરૂપ કાર્ય તે કર્મચેતના છે. જ્ઞાનનું વિકારી પરિણામ વિષે અટકી જવું તે કર્મચેતના છે, તે અધર્મભાવ છે.

**કર્મફળચેતના :**—પોતે સુખ–આનંદસ્વરૂપ છે એવું ભાન નહીં કરતાં સુખ ને આનંદનો ભોગવટો નહીં કરતાં હરખ–શોકમાં ઉત્સાહ વર્તી હરખશોકનો ભોગવટો કરવો તે કર્મફળચેતના છે. તે પણ અધર્મભાવ છે.

ચેતનાના આ ત્રણ પ્રકાર છે. તેના વિશેષ અર્થો હવે પછીની ગાથામાં કહેશે.

સંપૂર્ણ જ્ઞાનચેતના કેવળી ભગવાનને હોય છે. સાધકદશામાં મુખ્યપણે જ્ઞાનચેતના હોય છે, અસ્થિરતાના રાગદ્વેષમાં તથા હર્ષશોકમાં જોડાણ છે એટલી કર્મચેતના ને કર્મફળચેતના ગૌણપણે કહેવામાં આવે છે. મિથ્યાદ્રષ્ટિને જ્ઞાનચેતના હોતી નથી, તેને કર્મચેતના ને કર્મફળચેતના જ હોય છે. કર્મચેતના ને કર્મફળચેતના એકી સમયે છે. જે વખતે વિકારી ભાવ કરે છે તે જ વખતે હરખશોકને ભોગવે છે. અહીં પરપદાર્થ ભોગવવાની વાત જ નથી કારણ પરને જીવ ભોગવી શકતો નથી, હરખશોકને ભોગવે છે. કર્તાપણા ને ભોક્તાપણામાં સમયભેદ નથી. બન્ને એકી સમયે છે. આવી રીતે આત્મા ચેતનારૂપે પરિણમે છે ને તે ત્રણ પ્રકારે છે, એમ કહ્યું. ।।૧૨૩।।

**હવે જ્ઞાનચેતના, કર્મચેતના ને કર્મફળચેતનાનું સ્વરૂપ કહે છે :–**

## ગાથા ૧૨૪

### છે ‘જ્ઞાન’ અર્થવિકલ્પ, ને જીવથી કરાતું ‘કર્મ’ છે,
### –તે છે અનેક પ્રકારનું, ‘ફળ’ સૌખ્ય અથવા દુઃખ છે. ૧૨૪.

**અન્વયાર્થ :—**અર્થવિકલ્પ (અર્થાત્ સ્વ-પર પદાર્થોનું ભિન્નતાપૂર્વક યુગપદ્ અવભાસન) તે જ્ઞાન છે; જીવ વડે જે કરાતું હોય તે કર્મ છે, તે અનેક પ્રકારનું છે; સુખ અથવા દુઃખ તે કર્મફળ કહેવામાં આવ્યું છે.

### જ્ઞાનચેતનાનું સ્વરૂપ.

**ટીકા :—**પદાર્થોનું ભેદપૂર્વક જ્ઞાન થવું તે જ્ઞાન છે. સમસ્ત પદાર્થોમાં સ્વ ને પર એવા બે વિભાગ છે. જે જાણનાર આત્માનું પોતાનું હોય તે સ્વ છે અને બીજું બધું પર છે. તે પદાર્થો જેવા છે તેવા જાણવા, તેને વિકલ્પ કહે છે. અહીં રાગદ્વેષને વિકલ્પ કહેતા નથી પણ વિ = વિશેષપૂર્વક; કલ્પ = જાણવું = ભેદપૂર્વક જાણવું તેને વિકલ્પ કહે છે.

આકારનો અર્થ વ્યંજનપર્યાય નથી પણ આકાર એટલે વિશેષતાઓ. આ જ્ઞેયઅધિકાર છે. તેમાં સ્વનાં દ્રવ્ય-ગુણ-પર્યાય તે સ્વજ્ઞેય ને પરનાં દ્રવ્ય-ગુણ-પર્યાય તે પરજ્ઞેય–બન્નેને વિશેષતાથી જાણવા તેને વિકલ્પ કહે છે. જ્ઞાનનો જ સ્વભાવ વિકલ્પ છે. જેથી કેવળજ્ઞાનને પણ વિકલ્પાત્મક કહેવામાં આવે છે.

જેવી રીતે દર્પણના પોતાના વિસ્તારમાં સ્વ ને પરના ભેદો એકી સાથે જણાય છે, તેવી રીતે જેમાં સ્વ ને પર–તેના ભેદો સહિત યુગપદ્ જણાય છે, તેને અર્થવિકલ્પ કહે છે અથવા જ્ઞાનચેતના કહે છે.

કોઈ કહે કે ‘‘અમે એકલો આત્મા જાણ્યો છે પણ વિકાર અને પર પદાર્થોને જાણ્યા નથી અથવા તે ખ્યાલમાં આવતા નથી’’ તો તેણે આત્મા પણ યથાર્થ જાણ્યો નથી. તેને જ્ઞાનચેતના કહેવાતી નથી અને કોઈ કહે કે ‘‘અમોએ પરપદાર્થ અને નિમિત્તોને તથા વિકારને જાણ્યો છે પણ અમોને આત્માનો ખ્યાલ આવતો નથી.’’ તો તેણે પરપદાર્થોને પણ યથાર્થ જાણ્યા નથી. તેને જ્ઞાનચેતના કહેવાતી નથી.

સ્વને યથાર્થ જાણતાં પર ન જણાય એમ બને જ નહિ અને સ્વના ભાન વિના એકાંત પરસંબંધી જ્ઞાનના ઉઘાડને મિથ્યાજ્ઞાન કહે છે.

પોતે જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધસ્વભાવી વસ્તુ છે, પર જીવો ને પુદ્ગલ પદાર્થો બીજી વસ્તુઓ પણ છે, તેનાથી આ આત્મા જુદો છે. આ આત્મા શક્તિસ્વરૂપે પરિપૂર્ણ છે, પણ પર્યાયમાં પોતાના કારણે રાગદ્વેષ છે. રાગદ્વેષ પરને લક્ષે થાય છે ત્યારે પર એવાં જડકર્મ નિમિત્તરૂપે હોય છે. ને જડકર્મના નિમિત્તે બીજા નોકર્મો આદિ પદાર્થો છે. સ્વના લક્ષે સંવર પ્રગટ કરી શુદ્ધતા થઈ

શકે છે. એવી રીતે બહારના પદાર્થોમાં સ્વ ને પરની વહેંચણી તેમ જ પોતામાં જ્ઞાતાદ્રષ્ટાસ્વભાવ પરિપૂર્ણ તે હું ને વિકારી કે અધૂરી અવસ્થા તે પર–એમ સ્વ–પર વહેંચણીપૂર્વક યથાર્થજ્ઞાનને જ્ઞાનચેતના કહે છે.

સમ્યગ્દ્રષ્ટિ જીવને સ્વ–પરનું જ્ઞાન યુગપદ હોય છે. જ્યારે ધર્મી જીવનો ઉપયોગ પર પદાર્થોમાં હોય છે ત્યારે સ્વનું જ્ઞાન જે લબ્ધમાં છે તે તે જ પર્યાયમાં લબ્ધરૂપ પડ્યું છે. તે જ્ઞાનની પર્યાય લબ્ધને મુકીને એકાંત પર ઉપયોગરૂપ થઈ નથી અને જ્યારે ઉપયોગ સ્વ આત્મામાં હોય છે ત્યારે પર પદાર્થનું જ્ઞાન જે લબ્ધમાં છે તે તે જ પર્યાયમાં લબ્ધરૂપ પડ્યું છે તે જ્ઞાનની પર્યાય લબ્ધને મૂકીને એકાંત સ્વ–ઉપયોગરૂપ થઈ નથી. જ્ઞાનનું લબ્ધ ને ઉપયોગપણું એક જ પર્યાયમાં એકી સમયે છે. ને એક જ પર્યાયમાં છે માટે સાધક એટલે ધર્મી જીવોને સ્વ–પર પદાર્થોનું પ્રકાશવું એટલે જ્ઞાન હોવું–યુગપદ્ છે, એકી સમયે છે, સમયભેદ નથી. સ્વપદાર્થના ઉપયોગરૂપ જ્ઞાન વખતે પરના લબ્ધરૂપ જ્ઞાનનો નાશ નથી પણ પરના લબ્ધરૂપ જ્ઞાનનો તે જ પર્યાયમાં તે જ સમયે સદ્ભાવ છે. ને પર પદાર્થના ઉપયોગરૂપ જ્ઞાન વખતે સ્વના લબ્ધરૂપ જ્ઞાનનો નાશ નથી પણ સ્વના લબ્ધરૂપ જ્ઞાનનો તે જ પર્યાયમાં તે જ સમયે સદ્ભાવ છે માટે સાધકદશામાં પણ જ્ઞાનચેતના યુગપદ્ સ્વ–પર પ્રકાશે છે.

આ પ્રમાણે **જ્ઞાનચેતનાનું** સ્વરૂપ કહેવાયું.

***

# પ્રસાદ નં. ૬૬

## જ્ઞાનચેતના—કર્મચેતના—કર્મફળ ચેતનાનું સ્વરૂપ.

(પ્રવચનસાર ગાથા ૧૨૪ ટીકા. પોષ સુદ ૩, બુધવાર)

આત્મા ને પરપદાર્થોનો યથાર્થ વિભાગ કરી જે જ્ઞાનની પર્યાય આત્મા સાથે અભેદ થાય તેને જ્ઞાનચેતના કહે છે.

**કર્મચેતના :**—આત્મા વડે જે પરિણામ થાય છે તે પરિણામને કર્મ કહે છે. દયાદાનના વિકારીભાવ કે જ્ઞાનદર્શનની શુદ્ધતાના ભાવ-પરિણામ આત્મા પોતે જ કરે છે, ને તે વિકારી કે અવિકારી ભાવોને આત્મા પોતે જ પહોંચી વળે છે માટે તે આત્માનું કર્મ છે. જડ કર્મ તથા બીજા પદાર્થો તે ભાવોને પહોંચતા નથી. કર્મનો સદ્‌ભાવ છે માટે જીવ વિકારી થાય છે ને કર્મનો અભાવ થાય છે માટે વીતરાગી થાય છે-એવા આત્માના ભાવ પરાધીન નથી. રાગી અથવા અરાગી પરિણામને આત્મા પોતે જ પહોંચી વળે છે. તેથી તે પરિણામ આત્માનું કાર્ય છે. કર્મ અથવા કાર્ય એક જ પ્રકારનું છે છતાં દ્રવ્યકર્મરૂપ ઉપાધિની સમીપતાના સદ્‌ભાવ અને અસદ્‌ભાવને કારણે અનેક પ્રકારનું છે. મૂળ ગાથામાં તો કર્મની એટલે કાર્યની જ વાત કરી છે. ટીકામાં સ્પષ્ટતા કરી વિકારી પરિણામ-કર્મ વખતે દ્રવ્યકર્મનો સદ્‌ભાવ ને અવિકારી કર્મ વખતે દ્રવ્યકર્મનો અભાવ બતાવી નિમિત્તનું પણ જ્ઞાન કરાવેલ છે.

### કર્મચેતનાના બે પ્રકાર.

(૧) આત્મા પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવની શ્રદ્ધા કરી શુદ્ધદશારૂપે પરિણમે છે ત્યારે દ્રવ્યકર્મનો અભાવ હોય છે. કર્મનો અભાવ છે માટે શુદ્ધ દશા થઈ એમ નથી, પણ શુદ્ધદશા થાય છે ત્યારે દ્રવ્યકર્મનો અભાવ તેના કારણે હોય છે.-એમ જ્ઞાન કરાવેલ છે. તે આત્માનું અવિકારી શુદ્ધ કર્મ છે ને તે ધર્મનું કારણ છે.

(૨) આત્મા પોતાનો જ્ઞાતાદ્રષ્ટાસ્વભાવ ચૂકીને દયાદાન આદિ પુણ્યપાપરૂપ વિકારી કાર્યરૂપે પરિણમે છે ત્યારે દ્રવ્યકર્મની એકક્ષેત્રાવગાહ નિકટતા હોય છે. કર્મ નિકટ છે માટે રાગદ્વેષરૂપી કાર્ય થાય છે-એમ નથી. પણ પોતે રાગદ્વેષરૂપી કાર્ય કરે છે ત્યારે દ્રવ્યકર્મ નિમિત્તરૂપ તેના કારણે હોય છે-એમ જ્ઞાન કરાવેલ છે. ને તે આત્માનું વિકારી અશુદ્ધ કર્મ છે. તે અધર્મનું કારણ છે.

## કર્મ ફળ ચેતના.

તે કર્મ વડે એટલે પરિણામો વડે નિપજાવવામાં આવતું સુખ કે દુઃખ તે કર્મફળ છે. પરપદાર્થને ભોગવવાની વાત જ નથી કારણ પરપદાર્થને આત્મા ભોગવી શકતો નથી. આત્મા પોતાના વિકારીભાવ–હરખશોક વગેરેને ભોગવે છે અથવા જ્ઞાતાદ્રષ્ટા સુખસ્વરૂપ નિર્વિકારી ભાવને ભોગવે છે.

## કર્મફળચેતનાના બે પ્રકાર.

(૧) પોતે જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધસ્વભાવી વસ્તુ છે એવી શ્રદ્ધા કરીને પોતાના જ્ઞાનસ્વભાવમાં ઠરતાં અંતરમાં નિરાકુળતા પ્રગટ થાય છે તે સ્વાભાવિક સુખ છે. વીતરાગી શાંતિ પ્રગટી છે. દ્રવ્યકર્મોનો અભાવ થયો માટે વીતરાગી સુખ પ્રગટ્યું–એમ નથી પણ આત્માના આનંદ વખતે દ્રવ્યકર્મોનો અભાવ હોય છે એમ નિમિત્તના અસદ્‌ભાવનું જ્ઞાન કરાવ્યું છે. આ આત્માનું સહજ આનંદસ્વરૂપ સુખ છે ને તે ધર્મનું ફળ છે.

આત્મા પોતે જ્ઞાતાદ્રષ્ટા સુખસ્વરૂપ ને આનંદસ્વરૂપ છે. તે સુખ તથા આનંદને ભૂલીને પર પદાર્થમાં સુખ માનીને હરખ–શોકની લાગણી ઊભી કરે છે. તે પદાર્થો હરખ–શોકનો ભોગવટો કરાવતા નથી પણ જીવ પોતાના કારણે આકુળતાના ભાવને ભોગવે છે ત્યારે દ્રવ્યકર્મ નિમિત્તરૂપે હોય છે. કર્મોએ ભોગવટો આપ્યો એ વાત જ નથી પણ પોતે આકુળતાને ભોગવે છે ત્યારે કર્મો નિમિત્તરૂપે હોય છે–એમ જ્ઞાન કરાવ્યું છે. આ આત્માનું વિકારભૂત દુઃખ છે–આકુળતા છે કારણ કે ત્યાં આનંદસ્વરૂપનો અભાવ છે. ત્યાં વીતરાગી શાંતિ નથી. આકુળતા તે અધર્મનું ફળ છે.

કર્મચેતના અને કર્મફળચેતનાને સમય ભેદ નથી. જે વખતે કર્મચેતના વિકારરૂપે છે તે જ વખતે કર્મફળચેતના આકુળતાના ફળરૂપે પરિણમે છે. ને કર્મચેતના અવિકારરૂપે છે તે જ વખતે કર્મફળચેતના શાંતિના ફળરૂપે પરિણમે છે.

જ્ઞાનચેતના અને શુદ્ધ અવિકારી ભાવકર્મરૂપી કર્મચેતના બન્નેમાં શુદ્ધતાના પરિણામ છે. અભેદ અપેક્ષાએ બંનેમાં ફેર નથી પણ જ્ઞાનગુણની મુખ્યતાથી જ્ઞાન સ્વ–પરનો વિવેક કરી આત્મામાં અભેદ થાય તે જ્ઞાનપર્યાયને જ્ઞાનચેતના કહે છે અને કર્તાગુણની મુખ્યતાથી કહેવામાં આવે કે આત્મા પોતાની નિર્મળ પર્યાયને–શુદ્ધતાને કરે છે તે અપેક્ષાએ શુદ્ધભાવરૂપકર્મ અથવા અવિકારી કર્મચેતના કહેવાય છે. ને કર્મફળચેતના કે જેને સ્વાભાવિક સુખ કહે છે તે શુદ્ધતાના પરિણામનું ફળ છે ને તે ભોક્તાગુણની મુખ્યતાથી કહેવામાં આવે છે. જ્ઞાન કરનારો, નિર્મળ પર્યાયનો (શુદ્ધતાનો) કરનારો, ને નિરાકુળ સુખનો ભોગવનારો અભેદ

અપેક્ષાએ આત્મા એક જ છે પણ ગુણભેદની અપેક્ષાએ જુદા ભેદ દર્શાવ્યા છે.

આ પ્રમાણે જ્ઞાનચેતના, કર્મચેતના ને કર્મફળચેતનાનું સ્વરૂપ કહ્યું.

**ભાવાર્થ –જ્ઞાનચેતના** :–આત્મા સ્વ છે ને શરીર, કર્મ વગેરે પદાર્થો પર છે એવા ભેદપૂર્વક જ્ઞાન થાય તેને જ્ઞાનચેતના કહે છે. જડથી વિકાર થાય ને વિકાર થાય માટે કર્મને આવવું પડે એવી ઊંધી દ્રષ્ટિવાળા જીવને જ્ઞાનચેતના હોતી નથી. જીવ નિર્વિકારરૂપે પરિણમે તે પણ સ્વતંત્ર છે ને જડકર્મ ટળે તે પણ સ્વતંત્ર છે. એ પ્રમાણે સ્વ–પરની સ્પષ્ટતાપૂર્વક વહેંચણી તેને જ્ઞાનચેતના કહે છે.

**કર્મનું સ્વરૂપ** :—જીવથી થતા વિકારી કે અવિકારી પરિણામ–બન્ને જીવનાં કાર્ય છે એટલે ભાવકર્મ છે–તેના બે પ્રકાર છે :–

**(૧) શુદ્ધભાવરૂપ કર્મ** :—આત્મા જ્ઞાતાદ્રષ્ટા પરિપૂર્ણ છે એવા ભાનપૂર્વક આત્માના આશ્રયે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રના શુદ્ધ પવિત્ર વીતરાગી પરિણામ પ્રગટે તે શુદ્ધભાવરૂપ કર્મ કહે છે. શુદ્ધભાવરૂપ કર્તવ્ય–કાર્યરૂપી આત્માની દશા છે, જડની વાત નથી. જડ કર્મ તો આત્માથી જુદા છે. સ્વાભાવિક શુદ્ધભાવરૂપી કર્મ તે આત્માનો ધર્મ છે.

**(૨) ઔપાધિક = શુભાશુભ ભાવરૂપ કર્મ** :—દયા, દાન, વ્રત, પૂજાના ભાવો તથા હિંસા, જૂઠું, ચોરીના પરિણામો તે અરૂપી ઔપાધિક–શુભાશુભ ભાવો છે. જડકર્મની વાત નથી તેમ જ જડકર્મ આ ભાવો આત્માને કરાવતું નથી. અશુભ ભાવ તો ઉપાધિ છે પણ શુભભાવ પણ ઉપાધિ છે. આત્મા પોતે વિકારરૂપે પરિણમે છે ને પર લક્ષે કરે છે માટે ઔપાધિક–શુભાશુભ ભાવરૂપ કર્મ છે અને તે અધર્મ છે.

આ કર્મ વડે એટલે ઉપર કહ્યા તે શુદ્ધભાવરૂપ કર્મ ને શુભાશુભ ભાવરૂપ કર્મ વડે નીપજતું સુખ અથવા દુઃખ તે કર્મફળ છે. તે બે પ્રકારે છેઃ-

**(૧) સ્વભાવભૂત સુખ** :—જીવનું દ્રવ્યકર્મમાં જોડાણ નથી ત્યારે પોતાના આત્માના આશ્રયે જે ઉપાધિરહિત શુદ્ધ પરિણામ પ્રગટ થાય છે. વીતરાગી દશા પ્રગટ થાય છે તેનું ફળ સ્વભાવભૂત સુખ છે કે જેનું લક્ષણ નિરાકુળતા છે. આત્માના આશ્રયે, મન અને પુણ્યના અવલંબન વગર શુદ્ધ કાર્ય થાય તેનું ફળ શાંતિ ને આનંદ છે. શુદ્ધતાના પરિણામનું એટલે કે ધર્મનું ફળ અબંધ છે. પરિણામ અને ફળ એકી સમયે છે.

**(૨) વિકારભૂત દુઃખ** :—જીવ પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ચૂકે છે ને દ્રવ્યકર્મરૂપ ઉપાધિ તરફ લક્ષ કરીને શુભાશુભ ભાવ કરે છે તે ઔપાધિક શુભાશુભભાવરૂપ કર્મ છે. તેનું ફળ વિકારભૂત દુઃખ છે કારણ કે તેમાં શાંતિ નથી પણ આકુળતા છે. અશુભભાવ તીવ્ર કષાય છે ને શુભભાવ મંદ કષાય

છે. અશુભથી બચવા શુભ આવે પણ તે સુખ નથી. શુભને સુખરૂપ માનવું તે મિથ્યાત્વ છે. શુભાશુભ ભાવ કરે છે તે જ વખતે દુઃખ છે. ભવિષ્યમાં દુઃખ આવશે તેની વાત જ નથી. પોતાનો શાંતસ્વભાવ ચૂકીને વિકલ્પ ઊઠે છે પછી તે અશુભ હો કે શુભ હો–તે વૃત્તિનું ઉત્થાન જ દુઃખરૂપ છે. શુભાશુભ ભાવોનું ફળ એટલે અધર્મનું ફળ આકુળતા છે. શુભાશુભ ભાવો અને તેનું ફળ એકી સમયે છે, આગળ પાછળ નથી.

આ રીતે જ્ઞાન, કર્મ અને કર્મફળનું સ્વરૂપ કહ્યું. ॥૧૨૪॥

હવે જ્ઞાન, કર્મ અને કર્મફળને આત્માપણે નક્કી કરે છે :–

## ગાથા ૧૨૫

**પરિણામ—આત્મક જીવ છે, પરિણામ જ્ઞાનાદિક બને;**
**તેથી કરમફળ, કર્મ તેમ જ જ્ઞાન આત્મા જાણજે. ૧૨૫.**

**અન્વયાર્થ :**—આત્મા પરિણામાત્મક છે; પરિણામ જ્ઞાનરૂપ, કર્મરૂપ અને કર્મફળરૂપ થાય છે. તેથી જ્ઞાન, કર્મ અને કર્મફળ આત્મા છે–એમ જાણવું.

આત્મા પરિણામસ્વરૂપ છે. પરિણામ અથવા પર્યાય ત્રણ પ્રકારના છે.

(૧)પોતે જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધસ્વભાવી છે એવા જ્ઞાનરૂપ પરિણામ કરે તે જ્ઞાનરૂપ,

(૨)પોતે અવિકારી કાર્યરૂપે અથવા વિકારી કાર્યરૂપે પરિણમે તે કર્મરૂપ.

(૩)પોતે અવિકારી–શાંતિના ફળરૂપે અથવા વિકારી–આકુળતારૂપે પરિણમે તે કર્મફળરૂપ.

આ ત્રણે પરિણામો આત્માથી જુદા નથી.

આ જ્ઞેય અધિકાર છે. સ્વપર્યાય જ્ઞેય છે તેની જુદી જુદી અવસ્થાનું જ્ઞાન કરાવે છે.

શુભાશુભ ભાવો આત્મા પોતે કરે છે, જડ કર્મ કરાવતા નથી. શુભાશુભ પરિણામ તે પોતે જ આત્મા છે.

આત્મા નિત્ય પરિણામી છે, પોતે ટકીને બદલે છે. પોતાનો નાશ થઈને બદલતો નથી, કાયમ રહીને બદલે છે. કર્મથી બદલતો નથી, પોતે પલટવાના સ્વભાવવાળો છે. વિકારરૂપે થવું કે અવિકારરૂપે થવું તે આત્માનો સ્વભાવ છે.

**ટીકા :**—પ્રથમ તો આત્મા ખરેખર પરિણામસ્વરૂપ જ છે, કારણ કે ભગવાન કુંદકુંદાચાર્યે પોતે ૧૨૨ મી ગાથામાં કહ્યું છે કે ''પરિણામ પોતે આત્મા છે.'' પરિણામ ચેતનાસ્વરૂપ છે. માટે

(૧) જ્યારે જીવ જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવે પરિણમે ત્યારે ચેતના તે–મય એટલે જ્ઞાનમય હોય છે, ચેતના તે પરિણામથી જુદી હોતી નથી.

(૨) જ્યારે જીવ વિકારી કે અવિકારી કાર્યરૂપે પરિણમે છે ત્યારે ચેતના તે–મય એટલે કે વિકારી કાર્યમય કે અવિકારી કાર્યમય હોય છે, ચેતના તે પરિણામથી જુદી હોતી નથી.

(૩) જ્યારે જીવ આકુળતાના ફળરૂપે અથવા શાંતિના ફળરૂપે પરિણમે છે ત્યારે ચેતના તે–મય એટલે આકુળતામય અથવા શાંતિમય હોય છે. ચેતના તે ફળથી જુદી હોતી નથી. આકુળતા તે જ ક્ષણે છે. સંયોગો પ્રતિકૂળ કે અનુકૂળ મળે તે સુખદુઃખનાં ફળની વાત જ નથી કારણ કે તે તો પર પદાર્થ છે, તેને આત્મા મેળવી શકતો નથી અને ભોગવી શકતો નથી. પૈસા, સ્ત્રી, કુટુંબમાં સુખ નથી છતાં, તે પદાર્થો હોય તો મને સુખ થાય એવો અજ્ઞાનીનો ભાવ પોતે જ દુઃખરૂપ છે.

અશુભભાવ ને શુભભાવ બન્ને દુઃખરૂપ છે. અશુભથી બચવા શુભ આવે તે જુદી વાત છે પણ શુભ તે સુખનું કારણ છે, એમ કદી બને નહિ. પુણ્ય–પાપ બન્ને દુઃખ છે. પરપદાર્થમાં સુખ નથી, પુણ્યમાં સુખ નથી પણ પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સુખસ્વભાવ છે એવી શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા કરવી તે સુખ છે.

જે સમયે પરિણામ થયા તે જ સમયે તેનું ફળ છે. કર્તા–ભોક્તાપણું એક જ સમયે પોતાની પર્યાયમાં છે, બહારના પદાર્થમાં કર્તા–ભોક્તાપણું છે જ નહિ.

પ્રશ્ન :–શરીર કેવી રીતે ચાલે છે ?

ઉત્તર :–શરીર અજીવ પુદ્‌ગલદ્રવ્ય છે. તે જડ પદાર્થમાં અનંત શક્તિ છે તે તેની ક્રિયાવતી શક્તિના કારણે ચાલે છે. આત્માથી શરીર ચાલે છે, એમ માનવું તે ભૂલ છે. આત્મા અને શરીર બન્ને ભિન્ન ભિન્ન તત્ત્વો છે ને બન્નેની પર્યાયો પણ ભિન્ન ભિન્ન છે.

પ્રશ્ન :–આત્મા નીકળી જાય ત્યારે શરીર કેમ ચાલતું નથી ?

ઉત્તર :–શરીર તે પુદ્‌ગલદ્રવ્ય છે, તેમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે છે. આત્મા એકક્ષેત્રાવગાહ હો કે ન હો તો પણ શરીર જે જડ પદાર્થ છે તેની હાલવા–ચાલવારૂપ અવસ્થા અથવા સ્થિર રહેવારૂપ અવસ્થા તેના દ્રવ્ય–ગુણના કારણે થાય છે, આત્માના કારણે શરીરમાં કાંઈ થતું નથી. આત્મા ઇચ્છા કરે તો પણ કેટલીય વાર પક્ષઘાત અથવા બીજા કારણે શરીર ચાલતું નથી એમ પ્રત્યક્ષ દેખાય છે, એટલે આત્માની હાજરીનો પ્રશ્ન જ રહેતો નથી. આત્મા હોય તો પણ ઘણીવાર ચાલતું દેખાતું નથી, સ્થિર દેખાય છે. શરીર અનેક પરમાણુનો સ્કંધ છે, તેની એક એક અવસ્થા તેના કારણે થાય છે, આત્માને લીધે નહિ.

જગતને ઈશ્વરે બનાવ્યું–એમ માનનાર જીવ ભ્રાંતિમાં છે. તેણે પદાર્થો સ્વતંત્ર ન માન્યા તેથી તેને ધર્મ થતો નથી, તેવી રીતે આત્મા શરીરની ક્રિયાનો કર્તા છે–એમ માનનાર જીવ પણ એવી જ ભ્રાંતિમાં છે, કારણ કે જીવ ને શરીર બન્ને જુદા સ્વતંત્ર પદાર્થો છે, તેમ તે માનતો નથી. તેથી તેને પણ ધર્મ થતો નથી. બાહ્યથી જગતકર્તા ઈશ્વરની માન્યતા ન હોવા છતાં જે જીવ શરીરની ક્રિયાનો કર્તા આત્મા છે, એમ માને છે તે બાહ્યથી જૈન હોવા છતાં તેનામાં અને જગત્કર્તા ઈશ્વરની માન્યતાવાળા જીવમાં કાંઈ ફેર નથી, તે પણ ભ્રાંતિમાં છે ને તેને બિલકુલ ધર્મ થતો નથી.

પ્રશ્ન :–કર્તા તો તમો પણ કહો છો.

ઉત્તર :–ભાઈ, શરીરની કોઈપણ ક્રિયાનો આત્મા કર્તા નથી. જડથી આત્માનું કાર્ય થાય ને આત્માથી જડનું કાર્ય થાય, એમ માનવું તે અધર્મ છે. આત્મા અરૂપી જ્ઞાન, દર્શન, વીર્ય વગેરે શક્તિનો પિંડ છે. તેનું જ્ઞાન કરે તો જ્ઞાનની પર્યાયનો આત્મા કર્તા છે, ને અજ્ઞાન કરે તો પુણ્ય–પાપનો આત્મા કર્તા છે તથા પર્યાયમાં સુખ–દુઃખનાં ફળનો આત્મા ભોક્તા છે પણ જડપદાર્થ જેવા કે રોટલી, દાળ, ભાતને જીવ ભોગવતો નથી, પોતાના સંકલ્પ-વિકલ્પ તથા આકુળતાને ભોગવે છે. અને જડની ક્રિયા મારી નથી, હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું એમ શ્રદ્ધાજ્ઞાન કરે તો નિરાકુળ શાંતિને આત્મા ભોગવે છે. આત્મા નિશ્ચયથી કે વ્યવહારથી પર પદાર્થનો કર્તા–ભોક્તા છે જ નહિ.

આત્મા પોતાનું જ્ઞાન કરે તો તેરૂપ આત્મા જ છે, આત્મામાં પોતામાં વિકારી કે અવિકારી પરિણામ કરે તો તેરૂપ પણ આત્મા જ છે. આત્મા પોતે નિરાકુળતારૂપી શાંતિને વેદે કે આકુળતારૂપી ફળને ભોગવે તો તેરૂપ પણ આત્મા જ છે.

માટે જ્ઞાનરૂપે, કર્મરૂપે ને કર્મફળરૂપે આત્મા તન્મય જ છે–બીજો કોઈ નથી.

આવી રીતે સ્વપર્યાય જે પોતાનું જ્ઞેય છે તેનું યથાર્થ જ્ઞાન કરે તો તે જ્ઞાન ધર્મનું કારણ છે.

***

# પ્રસાદ નં. ૬૭

## પ્રવચનસાર ગાથા ૧૨૫ના પ્રવચનમાંથી.

(પોષ સુદ ૪, ગુરુવાર)

આ આત્મા પરિણામસ્વભાવી છે. શુદ્ધતાના પરિણામ, શુભાશુભ પરિણામ ને હરખ-શોકની લાગણીઓરૂપ આત્મા જ પરિણમે છે. આત્મા તે પરિણામોથી જુદો નથી માટે જ્ઞાન, કર્મ ને કર્મફળ આત્મા જ છે, બીજો કોઈ નથી.

આ આત્મા પર પદાર્થથી જુદો છે, એમ નક્કી કરતાં જ શુદ્ધ દ્રવ્ય નક્કી થાય છે. પર પદાર્થ સામે જોવાનું રહ્યું નહિ ને સ્વપરિણતિ પોતાથી થાય છે તેનું યથાર્થ ભાન સ્વના ભાન વગર થઈ શકે નહિ. આ રીતે ખરેખર શુદ્ધદ્રવ્યના કથનમાં પરદ્રવ્યના સંપર્કનો અભાવ છે. આત્મા અનંત શક્તિનો પિંડ છે. તેને પરદ્રવ્યના સંપર્કનો અભાવ હોવાથી અનંતગુણોનું પરિણમન પોતાનું છે, એમ નક્કી થતાં, દ્રવ્ય–ગુણો શુદ્ધ છે તેનો ખ્યાલ આવતાં, વિકારી પર્યાય ઉપરનું લક્ષ છૂટી જાય છે ને દ્રવ્ય તરફ દ્રષ્ટિ થાય છે. દ્રવ્યદ્રષ્ટિ થતાં વિકારી પર્યાય ગૌણ થાય છે ને અવિકારી પર્યાય દ્રવ્ય સાથે અભેદ થાય છે. આ વિકારી પર્યાય છે ને તેને ટાળીને અવિકારી પ્રગટ કરું એમ પણ રહેતું નથી. દ્રવ્ય તરફ એકાકાર થતાં અવિકારી પર્યાય પ્રગટ થાય છે ને તે દ્રવ્ય સાથે અભેદ થાય છે.

ધ્રુવસદ્રશ સ્વભાવ પોતે જ પર્યાયદ્રષ્ટિએ વિસદ્રશ્યરૂપે થઈ પરિણમ્યો છે. અજ્ઞાનદશામાં પોતે રાગના કર્તારૂપે પરિણમતો ને રાગ મારું કાર્ય એમ માનતો અને હરખ-શોકના ભોગવટારૂપે પોતે પરિણમતો તે હવે જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવની દ્રષ્ટિ થતાં જ્ઞાતારૂપે પરિણમ્યો–શુદ્ધભાવરૂપે પરિણમ્યો ને પોતાના નિરાકુળ સુખને ભોગવવા લાગ્યો. ત્યાં આખો આત્મા શુદ્ધ દ્રવ્ય જ રહે છે.

નિમિત્ત, કર્મ ને સંયોગો હોય તો વિકાર થાય ને સંયોગો તથા કર્મ ટળે તો વિકાર ટળે એવી જેની ઊંધી દ્રષ્ટિ છે તે જીવ સંયોગ સામે જ જોયા કરે છે. પણ આત્મા વસ્તુ છે, શક્તિવાન છે, તેની અનંત શક્તિઓ છે ને શુદ્ધ અથવા અશુદ્ધ તેની પર્યાય છે–એમ ત્રણ થઈને પોતાનું અખંડ દ્રવ્ય છે તેના સામું તે જોતો નથી અર્થાત્ તેને દ્રવ્યદ્રષ્ટિ થતી નથી.

સ્વની પ્રતીતિ વિના દ્રવ્ય-ગુણ-પર્યાયની અખંડતાનો ખ્યાલ આવી શકે નહિ ને વિકાર મારા પોતાના કારણે છે, એમ નક્કી કર્યા વિના સ્વની પ્રતીતિ થાય નહિ.

આત્મામાં પર વસ્તુનો અભાવ છે. પર વસ્તુને ગૌણ કરવાની રહેતી નથી. વિકારી પર્યાય પોતાનો એક સમય પૂરતો ભાવ છે તેને ગૌણ કરી દેવાનો છે. અત્યંત અભાવરૂપ વસ્તુ હોય તેને ગૌણ શી રીતે કરાય ? જેથી શુદ્ધ દ્રવ્યની મુખ્યતાએ રાગદ્વેષ વગેરેને ગૌણ કરી, વ્યવહાર કહી, દ્રવ્યદ્રષ્ટિ કરાવવા રાગદ્વેષને સમયસારમાં અભૂતાર્થ કહ્યા છે. રાગદ્વેષનો સર્વથા અભાવ છે–એમ કહ્યું નથી. પ્રયોજનવશાત્ રાગને ગૌણ કર્યો છે. ગૌણ મુખ્ય ન હોય તો સાધકદશા રહેતી નથી, કેવળજ્ઞાન હોવું જોઈએ. કેવળી ભગવાનને મુખ્ય–ગૌણ નથી કારણ વીતરાગતા સહિત આખું પ્રમાણ જ્ઞાન વર્તે છે પણ સાધકદશામાં મુખ્ય–ગૌણ હોય છે, પરંતુ યથાર્થપણે મુખ્ય–ગૌણ કોણ કરી શકે ?–જે જીવ એમ માને છે કે પર્યાય એટલે અંશ તે અંશીનો છે, પરને લીધે નથી. ધ્રુવ તે સામાન્ય ને ઉત્પાદ–વ્યય તે સામાન્યના જ વિશેષો છે એમ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેની અખંડતાનું યથાર્થ જ્ઞાન આ પ્રવચનસારમાં કહ્યું છે તેમ યથાર્થ જ્ઞાન કરે તે જ જીવ સમયસારમાં કહ્યા પ્રમાણે દ્રવ્યદ્રષ્ટિ કરવા અવસ્થાના રાગદ્વેષને ગૌણ કરે છે ને દ્રવ્ય–ગુણ શુદ્ધ છે તે તરફ દ્રષ્ટિ કરે છે ને એ દ્રષ્ટિ થતાં નિર્મળતાની પર્યાય પ્રગટે છે તે આત્મા સાથે અભેદ થાય છે. આ દ્રવ્ય છે ને આ શુદ્ધ પર્યાય છે, એવો ભેદ પણ રહેતો નથી.

આવી રીતે પર્યાયો દ્રવ્યની અંદર અત્યંત લીન થઈ જતાં હોવાથી આત્મા શુદ્ધ દ્રવ્ય જ રહે છે.

આત્મા જ્ઞાનરૂપ પણ છે અને જ્ઞેયરૂપ પણ છે. આ જ્ઞેયતત્ત્વપ્રજ્ઞાપન અધિકારને વિષે અહીં દ્રવ્યસામાન્યનું નિરુપણ ચાલે છે તેમાં આત્મા જ્ઞેયભૂતપણે સમાવેશ પામ્યો છે. આત્માનાં દ્રવ્ય, ગુણ અને વિકારી કે અવિકારી પર્યાય–એમ ત્રણે થઈને આખો આત્મા જ્ઞેય તરીકે છે. તેને જ્ઞાને જાણ્યો. ઉપર કહ્યું તે પ્રમાણે જ્ઞેયને જાણતાં અને આત્માની શુદ્ધતાનો નિશ્ચય કરતાં જ્ઞાનતત્ત્વની સિદ્ધિ થાય છે.

વિકાર કર્મને લીધે થાય છે, એમ જો માનવામાં આવે તો જ્ઞેય સ્વતંત્ર રહેતું નથી. તેથી જ્ઞેય પણ સિદ્ધ થતું નથી ને જ્ઞેયને યથાર્થ ન જાણતાં જ્ઞાન પણ યથાર્થ સાબિત થતું નથી. અને જ્ઞાનની યથાર્થતા વગર ધર્મ થઈ શકે નહિ. વિકારી પર્યાય આત્માનો છે, એમ નક્કી કરતાં, જેવું છે તેવું જ્ઞેયને જ્ઞાને જાણતાં દ્રવ્ય–ગુણ શુદ્ધ છે તેનું યથાર્થ જ્ઞાન થાય છે; જ્ઞેયને યથાર્થ જાણતાં જ્ઞાનતત્ત્વ સિદ્ધ થાય છે ને જ્ઞાનતત્ત્વની સિદ્ધિ થતાં શુદ્ધ આત્માની પ્રાપ્તિ–અનુભવ થાય છે.

આ રીતે આચાર્ય ભગવાન પોતાના આત્માની શુદ્ધતાના નિર્ણયને ધન્યવાદ આપે છે. જ્ઞાનપ્રધાન નિર્ણયની વાત છે. હવે દ્રવ્ય સામાન્યના વર્ણનનો ઉપસંહાર કરે છે :–

## ગાથા ૧૨૬

**'કર્તા, કરમ, ફળ, કરણ જીવ છે' એમ જો નિશ્ચય કરી,**
**મુનિ અન્યરૂપ નવ પરિણમે, પ્રાપ્તિ કરે શુદ્ધાત્માની. ૧૨૬.**

**અન્વયાર્થ :—**જો શ્રમણ 'કર્તા, કરણ, કર્મ અને કર્મફળ આત્મા છે' એવા નિશ્ચયવાળો થયો થકો અન્યરૂપે ન જ પરિણમે, તો તે શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરે છે.

### યથાર્થ જ્ઞાન કરનારને શુદ્ધાત્માનો અનુભવ એટલે કે ધર્મ થાય છે.

**ટીકા :—**આત્મા પોતે પોતાના પરિણામનો કર્તા છે. આત્મા પોતાના પરિણામનું સાધન છે, આત્મા પોતે જ પરિણામરૂપી કર્મ છે, આત્મા પોતે જ પરિણામનું ફળ છે. કર્તા, કરણ, કર્મ ને કર્મફળ આત્મા જ છે, પુદ્‌ગલાદિ નથી એટલે કે આત્માને પરદ્રવ્યો સાથે સંબંધ નથી–એમ જે જીવે યથાર્થ જ્ઞાન દ્વારા નક્કી કર્યું છે, તે જીવ ખરેખર વિકારરૂપે પરિણમતો નથી. પરદ્રવ્ય તથા કર્મ સાથે સંપર્ક અટકી ગયો છે, તેનો અભિપ્રાય નિમિત્તથી ખસ્યો એટલે શુદ્ધ આત્મામાં આવ્યા વિના રહેશે નહિ એટલે કે તે જીવ શુદ્ધ આત્માને અનુભવે છે.

બીજી વાત એ છે કે કર્તા, કરણ, કર્મ ને કર્મફળ વગેરે ભેદો વિકલ્પવાળી દશા વખતે પર્યાયમાં પડે છે ખરા, પણ તે પર્યાય ઉપરની દ્રષ્ટિ ખસતાં ને અભેદ શુદ્ધ દ્રવ્યની દ્રષ્ટિ થતાં અભેદ દ્રષ્ટિમાં એ ભેદો નાશ પામે છે. એ બધુંય આત્મા જ છે એમ નક્કી કરતાં પર્યાયો દ્રવ્યની અંદર ડૂબી જાય છે ને શુદ્ધ આત્માનો અનુભવ થાય છે.

પરંતુ બીજો કોઈપણ પુરુષ શુદ્ધ આત્માના અનુભવને પામતો નથી એટલે કે તેને ધર્મ થતો નથી.

### "અયથાર્થ જ્ઞાન કરનારને શુદ્ધાત્માનો અનુભવ એટલે કે ધર્મ થતો નથી."

(૧) કર્મને લીધે વિકાર થાય, તીવ્ર ઉદય હોય તો તીવ્ર રાગ થાય ને મંદ ઉદય હોય તો મંદ વિકાર થાય ને નિમિત્ત ટળે તો સંસાર ટળે–એમ માનનાર સ્થૂલ અજ્ઞાની જીવ છે.

(૨) વળી વિકાર કરે પોતે પણ નિમિત્ત છે માટે વિકાર થાય છે, ને નિમિત્તની હાજરી હોય તો જ ઉપાદાનમાં કાર્ય થાય–એમ માનનાર જીવ

પણ અજ્ઞાની જ છે. તે બન્ને પ્રકારના જીવોની દ્રષ્ટિ નિમિત્ત ઉપરથી ખસશે નહિ ને સ્વ તરફ વળશે નહિ.

(૩) પુણ્યથી ધર્મ થશે, પુણ્ય–પાપ એ જ મારું સ્વરૂપ છે ને અંશ જેટલો જ હું છું–એમ માનનાર જીવને અંશ ઉપરની દ્રષ્ટિ ખસશે નહિ, તે પણ સ્વ અંશી તરફ વળશે નહિ.

માટે આવા અજ્ઞાનીને આત્માનો અનુભવ થતો નથી. તે સ્પષ્ટ રીતે સમજાવવામાં આવે છે.

મૂળ ગાથામાં તો જડકર્મ જે નિમિત્ત છે તેની વાત જ લીધી નથી. ટીકામાં અમૃતચંદ્રાચાર્યદેવ સંસારદશામાં જડકર્મ નિમિત્ત હોય છે તેનું જ્ઞાન કરાવે છે. કર્મનું જ્ઞાન કરાવે છે. કર્મના જ્ઞાનથી મૂંઝવણ થતી નથી, કર્મ તરફની એકત્વબુદ્ધિ મૂંઝવણ કરાવે છે. જ્ઞાન તો મૂંઝવણ ટાળે છે કેમ કે જ્ઞાન તો સમાધાનસ્વરૂપ છે.

અજ્ઞાનદશામાં પણ હું આત્મા એકલો જ રાગનો કર્તા, કર્મ વગેરે હતો, બીજો કોઈ પર પદાર્થ પોતાના અજ્ઞાન રાગદ્વેષનો કર્તા ન હતો, તેમ પહેલાં અજ્ઞાનદશાનું જ્ઞાન કરાવે છે.

અહીં ધર્મી જીવ પૂર્વની અવસ્થાનું જ્ઞાન કરી સંધિ કરે છે ને જ્ઞાનને વિશેષ દ્રઢ કરે છે.

“જ્યારે અનાદિના દ્રવ્યકર્મની નજીકતાના નિમિત્તે થતા મારા વિકારી ભાવથી મારી સ્વ પરિણતિ મેલી હતી, કારણ કે વિકારો સ્વભાવભૂત ન હતા પણ ઉપાધિના નિમિત્તે નવા થયેલા હતા. વસ્તુસ્વભાવમાં રાગદ્વેષ નથી પણ મારી પર્યાયબુદ્ધિના કારણે રાગદ્વેષ થતા હતા, ત્યારે કર્મ વડે વિકાર થતો એમ આરોપ આપવામાં આવતો ત્યારે હું સંસારી હતો.”

સ્ફટિકમણિમાં પોતામાં લાલરૂપે થવાની યોગ્યતા છે ત્યારે જાસુદ પુષ્પે સ્ફટિકને લાલ કર્યું–એમ કહેવામાં આવે છે. જાસુદ પુષ્પે સ્ફટિકમણિને લાલ કર્યું નથી પણ સ્ફટિકમણિ પોતે લાલરૂપે પરિણમે છે ત્યારે જાસુદપુષ્પની નિકટતાથી ઉત્પન્ન થયેલી લાલાશ વડે સ્ફટિકમણિ લાલ થયું–એમ કહેવામાં આવે છે.

## નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અને અનુકૂળ તથા અનુરૂપ એટલે શું ?

દ્રવ્યમાં પરિણામની પોતાની યોગ્યતા ને નૈમિત્તિક. તેને અનુરૂપ કહેવામાં આવે છે ને તે વખતે પર પદાર્થની હાજરીને–નિમિત્તને અનુકૂળ કહેવામાં આવે છે. અહીં દ્રષ્ટાંતમાં સ્ફટિકમણિની લાલાશ અનુરૂપ છે ને જાસુદપુષ્પ તે નિમિત્ત અનુકૂળ છે.

ઘડારૂપ પર્યાય જે વખતે થઈ તે અનુરૂપ છે ને હાથનું ગોળગોળ ફરવું તે નિમિત્ત ઘડાને અનુકૂળ છે. હાથના કારણે ઘડો થયો નથી પણ બન્નેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે.

આત્માના થયેલા વિકારી ભાવને અનુરૂપ કહેવામાં આવે છે ને કર્મને અનુકૂળ નિમિત્ત કહેવાય છે. આત્મા પોતાના કારણે જ્ઞાનની હીનતા કરે છે ત્યારે જ્ઞાનાવરણીય કર્મ નિમિત્ત કહેવાય છે, તેમાં જ્ઞાનની હીનતા અનુરૂપ છે ને જ્ઞાનાવરણીય કર્મ અનુકૂળ નિમિત્ત છે. પણ જ્ઞાનની હીનતાને મોહનીયકર્મ નિમિત્ત કહેવાતું નથી કારણ મોહનીય કર્મ જ્ઞાનની હીનતામાં અનુકૂળ થવાની લાયકાતવાળું નથી. મોહના પરિણામ વખતે મોહનીયકર્મ જ અનુકૂળ નિમિત્ત છે.

તેવી રીતે વીર્યાંતરાયનો ઉદય હોય ને અહીં જીવના પરિણામમાં જ્ઞાનની હીનતા હોય–એમ બને નહિ. કારણ જ્ઞાનની હીનતાના પરિણામ વીર્યાંતરાયના ઉદયને અનુરૂપ નથી પણ ઊંધા પુરુષાર્થના પરિણામ જ વીર્યાંતરાયના ઉદયને (જીવ જોડાય તો) અનુરૂપ છે.

જ્ઞાનવરણીયનો ઉદય હોય ને વીર્યની હીનતા થાય એમ બને નહિ.

વીર્યાંતરાયનો ઉદય હોય ને જ્ઞાનની હીનતા થાય એમ બને નહિ.

જ્ઞાનની હીનતા કરે ત્યારે જ્ઞાનાવરણીય કર્મનો જ ઉદય હોય.

એવી રીતે અનુરૂપ ને અનુકૂળનો ખુલાસો સમજવો. સમયસાર ગાથા ૮૬ માં પણ અનુરૂપ ને અનુકૂળની વાત આવેલ છે.

અહીં જડ કર્મ આત્માને પરિણામ કરાવે છે, તે વાત છે જ નહિ. તેમ જ આત્માએ પરિણામ કર્યા માટે જડ કર્મને આવવું પડ્યું તે વાત પણ છે જ નહિ. પણ નૈમિત્તિક એવા આત્માના પર્યાયમાં અનુરૂપ થવાની પોતાના કારણે કેવી યોગ્યતા છે ને ક્યા કર્મમાં અનુકૂળ નિમિત્ત થવાની પોતાના કારણે કેવી યોગ્યતા છે, તેનું જ્ઞાન કરાવી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવ્યો છે.

જ્યાં પુષ્પની હાજરીમાં જેમ સ્ફટિકમણિ પોતાની લાયકાતના કારણે લાલાશરૂપે પરિણમે છે, તેમ અનાદિ કર્મના સંયોગમાં કર્મ તરફના મારા વલણને લીધે, મારા સ્વભાવમાં વિકાર ન હોવા છતાં મારી પર્યાયબુદ્ધિના કારણે વિકારવાળો હતો ને કર્મ વડે આરોપાયેલો હતો, તેથી સંસારી હતો.

## અજ્ઞાનદશામાં અથવા અધર્મદશામાં પણ કર્તા, કરણ, કર્મ અને કર્મફળ આત્મા જ છે.

ધર્મી જીવ વિચારે છે કે અજ્ઞાનદશામાં પણ મારું કોઈપણ સંબંધી નહોતું.

**કર્તા :—**અજ્ઞાનદશામાં પણ મારામાં થતા મિથ્યાત્વ, રાગ ને દ્વેષનો હું એકલો જ કર્તા હતો. જીવે ને કર્મે, બન્નેએ ભેગાં થઈને કામ કર્યું નથી. નિગોદથી લઈને નવમી ગ્રૈવેયક સુધીના શુભાશુભ બધા પરિણામોનો કર્તા આત્મા પોતે જ છે. કાળે અથવા કર્મે શુભાશુભ ભાવ કરાવ્યા ન હતા પણ મારા કારણે જ હું શુભાશુભનો કર્તા હતો.

**કરણ :—**રાગદ્વેષના પરિણામનું ઉત્કૃષ્ટ સાધન હું જ હતો. શરીર, કુટુંબ વગેરે સાધન હતા તો અશુભ પરિણામ થયા અથવા દેવ–ગુરુ–શાસ્ત્ર સાધન હતા તો શુભ પરિણામ થયા–એ વાત ખોટી છે. કેમ કે એ તો પરવસ્તુ છે. હું એકલો જ મારા મલિન પર્યાયસ્વભાવથી રાગદ્વેષનું ઉત્કૃષ્ટ સાધન હતો.

**કર્મ :—**શુભાશુભ પરિણામરૂપે હું જ પરિણમતો હતો, સંસારી પર્યાયરૂપે હું જ હતો. મલિનરૂપ પરિણમવાના મારા પર્યાય સ્વભાવને લીધે હું જ તે કાર્યરૂપે પ્રાપ્ત થવાયોગ્ય હતો.

**કર્મફળ :—**અનાકુળ સુખથી ઊલટા લક્ષણવાળા આકુળતાના ફળરૂપે હું જ થયો હતો. કારણ કે વિકૃત સ્વભાવે પરિણમવાના મારા પર્યાયસ્વભાવ વડે હું હરખ–શોક વગેરે રૂપે થતો હતો. નિગોદથી લઈ કાગડા, કૂતરા, મનુષ્ય કે દેવ વગેરેના બધા ભવોમાં જુદાં–જુદાં ક્ષેત્રો મળ્યાં, તે ફળ ન હતું અને તે ક્ષેત્રોને હું ભોગવતો ન હતો પણ મારા હરખ–શોકના ફળને હું ભોગવતો ને હું જ તેરૂપ થતો હતો.

અહીં કોઈ પ્રશ્ન કરે કે મુનિ આ અજ્ઞાનભાવનો વિચાર કેમ કરતા હશે?

સમાધાન :–જ્ઞાની પુરુષોને સમ્યક્જ્ઞાન થતાં, સ્વ–પર પ્રકાશક સ્વભાવ ખીલતાં પૂર્વની અજ્ઞાનદશા કેવી હતી, તેનું યથાર્થ જ્ઞાન તેઓ વિશેષ દ્રઢતા માટે કરે છે.

## હવે શુદ્ધદશાનું વર્ણન કરે છે.

‘‘હવે વળી અનાદિના કર્મબંધની નિકટતા નહીં હોવાના કારણે એટલે કર્મ તરફ વલણ છૂટી ગયું હોવાથી મારી સ્વભાવિક શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ છે.’’

કર્મ દૂર થયા માટે શુદ્ધતા પ્રગટ થઈ છે, એમ શુદ્ધતા પરાધીન નથી. પણ શુદ્ધતા પ્રગટ થાય છે ત્યારે કર્મો આત્માના એકક્ષેત્રાવગાહ સંબંધરૂપે હોતાં નથી, એમ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવ્યું છે.

જેવી રીતે સ્ફટિકમણિની પાસે જાસુદ પુષ્પ નજીક હોતું નથી ત્યારે સ્ફટિકમણિ પોતાના નિર્મળ સ્વભાવે પ્રકાશી રહ્યું છે. તેવી રીતે મારામાં

શુદ્ધતા પ્રગટવાથી પર વડે આરોપાએલો વિકાર મારામાં અટકી ગયો છે એવો હું સર્વથા મોક્ષનો ઇચ્છક છું. વિકાર તરફનું વલણ નાશ થયું એટલે કર્મ વડે આરોપાયેલો વિકાર મારામાં અટકી ગયો છે કારણ કે તે મારો ખરેખર સ્વભાવ ન હતો.

અજ્ઞાનદશામાં મારું કોઈ ન હતું ને હમણાં પણ જ્ઞાનદશામાં ખરેખર મારું કોઈ પણ નથી.

## જુઓ, મુનિ એકત્વ ભાવના ભાવે છે.

પૂર્વે સંસારદશામાં હું એકલો હતો. સ્ત્રી, કુટુંબ, શરીર કોઈ પણ મારો સંબંધી ન હતો ને ત્યાં મારા રાગદ્વેષ વગેરે પરિણામનો કર્તા, કર્મ, સાધન ને ફળરૂપે હું જ હતો. જડ કર્મ અથવા બીજા પદાર્થને લીધે અજ્ઞાન, રાગદ્વેષ ન હતાં. અહીં જ્ઞાનદશામાં પણ હું એકલો જ છું. દેવ–ગુરુ–શાસ્ત્ર પણ મારાં નથી. અહીં જ્ઞાનદશામાં નિર્મળપર્યાયનો કર્તા, નિર્મળ શુદ્ધતારૂપી કાર્ય, શુદ્ધતાનું સાધન ને શુદ્ધતાના ફળનો ભોગવનાર હું જ છું.

## આત્માની શુદ્ધતાનો અથવા ધર્મની અવસ્થાનો કર્તા, કરણ, કર્મ ને કર્મફળ આત્મા જ છે.

**કર્તા :**–જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધસ્વભાવી વસ્તુ છે તેવો નિર્ણય કરીને મારી શુદ્ધતાનો કરનાર સ્વતંત્રપણે હું જ છું. કાળલબ્ધિ પાકે તો ધર્મ થાય, એ વાત જ ખોટી છે. કોનો કાળ ? પર કાળનો તો આત્મામાં અભાવ છે. મારી ધર્મ પર્યાયનો કર્તા બીજો કોઈ પદાર્થ નથી. મારામાં સ્વકાળ પાક્યો એટલે જાગૃત થયો માટે હું જ સ્વાધીનપણે શુદ્ધતાનો કર્તા છું.

**કરણ :**–ધર્મરૂપી કાર્ય પ્રગટ થવામાં સાધન આત્મા જ્ઞાનસ્વરૂપી હું જ છું. મારો સ્વભાવ જ જ્ઞાતાદ્રષ્ટા રહેવાનો છે ને તે જ ઉત્કૃષ્ટ સાધન છે. નીરોગી શરીર, મનુષ્ય દેહ, દેવગુરુશાસ્ત્રનાં સંયોગો તે સાધન જ નથી. હું પોતે જ ધર્મનું સાધન છું.

આવી રીતે મુનિ એકત્વભાવના ભાવે છે.

બીજા બે બોલ હવે પછી કહેવાશે.

***

# પ્રસાદ નં. ૬૮

## મુનિની એકત્વભાવના.

(પ્રવચનસાર ગાથા ૧૨૬. પોષ સુદ ૫, શુક્રવાર)

"મારી શુદ્ધદશામાં ધર્મરૂપી કાર્યનો કર્તા હું છું ને ધર્મદશા માટે સાધન પણ હું જ છું" એ વાત ગઈ કાલે કહેવાઈ ગઈ છે.

**કર્મ :**—મુમુક્ષુદશામાં શુદ્ધ પરિપૂર્ણ ભાવરૂપ કાર્ય થવું એ જ મારું કાર્ય છે, બીજું કોઈ મારું કાર્ય નથી; કારણ કે એકલો—કોઈની મદદ વિના, કર્મના અભાવની મદદ વિના, શુભરાગની મદદ વિના, મારા સુવિશુદ્ધ ચૈતન્યરૂપે પરિણમવાના સ્વભાવને લીધે હું જ મારાથી પ્રાપ્ય છું. મારા સ્વભાવથી શુદ્ધતારૂપી કાર્ય મળે તેવું છે, બીજું કાર્ય મળે તેમ નથી. કાર્ય તે જ કર્મ છે ને તે જ હું છું.

**કર્મફળ :**—હું મારા જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવરૂપે પરિણમ્યો તે મારા કાર્યનાં ફળમાં આકુળતા રહિત સુખ ઊપજે છે માટે સુખ તે કર્મફળ છે. સુખ મારા આત્માની જ અવસ્થા હોવાથી હું જ પોતે કર્મફળ છું. સંયોગો કે પર પદાર્થ મળવા તે સુખ નથી, તે તો પરવસ્તુ જ છે પણ પોતામાં શાંતિ પ્રગટ થવી, તે ધર્મનું ફળ છે. શાંતિ તે જ આત્મા છે માટે કર્મફળ આત્મા જ છે.

હવે, એકત્વની ભાવના ભાવનાર જીવને સુવિશુદ્ધતા થાય છે.

### એકત્વની ભાવનાનું ફળ આત્માની શુદ્ધતા અથવા સુખ.

આ રીતે વિકારી દશામાં વિકારનો કર્તા આત્મા છે. વિકાર થવામાં કરણ આત્મા છે, વિકારરૂપી કાર્ય આત્મા છે, ને વિકારનું ફળ આકુળતા તે પણ આત્મા છે. તેમ, શુદ્ધતાની દશામાં શુદ્ધતાનો કર્તા આત્મા છે, શુદ્ધતા થવામાં સાધન આત્મા છે, શુદ્ધતારૂપી કાર્ય આત્મા છે ને શુદ્ધતાનું ફળ સુખ તે પણ આત્મા છે.—આમ ધર્મી જીવ વિચાર કરે છે. આત્મા સંસારમાં એકલો છે ને મોક્ષમાર્ગમાં પણ એકલો છે.

જ્ઞાની જીવને કે અજ્ઞાની જીવને પરપદાર્થ સાથે સંબંધ નથી. કર્મના સદ્‌ભાવને લીધે સંસાર નથી તેમ જ કર્મના અભાવને લીધે મોક્ષ નથી. પોતે પોતાનું જ્ઞાતાદ્રષ્ટા વીતરાગીસ્વરૂપ ચૂકીને આત્મા રાગનો કર્તા, કર્મ ને સાધન થઈને વિકારી ફળને ભોગવતો હતો. હવે મોક્ષમાર્ગમાં આત્મા પોતે મુક્ત થાય છે, પોતાથી મુક્ત થાય છે, પોતાને મુક્ત કરે છે ને નિરાકુળ સુખને પોતે ભોગવે છે.

મિથ્યાદ્રષ્ટિ જીવ આથી ઊંધું જ્ઞાન કરે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર હોય તો ધર્મ થાય, કાળ સારો હોય તો ધર્મ થાય, કર્મ ખસે તો ધર્મ થાય, એવી

માન્યતા હોવાથી તે સંયોગ—કર્મ અને શુભરાગની ભાવના ભાવે છે તેથી તેને ધર્મ થતો નથી.

પણ અહીં તો ધર્મી જીવની વાત છે. સાધકદશામાં વિકલ્પ ઊઠે છે ત્યારે કહે છે કે ''હું સમજ્યો તો પણ મારા ભાવથી. (દેવ-ગુરુ-શાસ્ત્રથી નહિ) અને રખડ્યો તોપણ મારા ભાવથી (કર્મના ઉદયને લીધે નહિ અથવા બૈરાં છોકરાંને લીધે નહિ).''

એક પરમાણુને બીજા પરમાણુ સાથે સંબંધ નથી. તે સ્વયંસિદ્ધ પદાર્થ છે તેમ આત્મા એકલો છે. સ્વયંસિદ્ધ સુખસ્વરૂપ છે. સ્ત્રી–કુટુંબ અને દેવ-ગુરુ-શાસ્ત્ર સાથે મારે સંબંધ નથી—આમ એકત્વભાવનાને જે જીવ ભાવે છે, અનુભવે છે, સમજે છે—ચિંતવે છે તે જીવને વિકાર બિલકુલ થતો નથી.

એક પરમાણુ એકલો રહે છે ત્યાંસુધી સ્કંધરૂપ અશુદ્ધ અવસ્થાને પામતો નથી. તેમ એકત્વની ભાવના ભાવનાર જીવને પોતાના સુખ અને આનંદ માટે પર પદાર્થ ઉપર જોવાનું નહીં રહેતાં પરના સંગવાળો થતો નથી અને પરદ્રવ્યો સાથે અસંગપણું થતાં એટલે સંયોગીબુદ્ધિ ટળતાં સ્વભાવબુદ્ધિ ઉત્પન્ન થાય છે એટલે શુદ્ધદશા થાય છે.

વળી શુદ્ધદશાનાં કર્તા, કરણ, કર્મ ને કર્મફળ આત્મા જ છે, એવા ભેદોને પણ ધર્મી જીવ ભાવતો નથી, પણ એ ચારેમાં સામાન્ય રહેલા અભેદ આત્માને જ ભાવે છે ને અનુભવે છે. તેથી તે પુરુષ પર્યાયોથી ખંડિત થતો નથી. જ્યાંસુધી વિકલ્પનો આશ્રય હતો ત્યાંસુધી કર્તા, કરણ વગેરે ચાર ભેદો પડતા ને પર્યાયથી ખંડિત થતો હતો પણ **અભેદ આત્માપણે** થયો એટલે વિકલ્પનું ઉત્થાન થતું નથી અર્થાત્ રાગવાળી પર્યાય ઉત્પન્ન થતી નથી, પણ ધર્મની નિર્મળ પર્યાય પ્રગટ થાય છે અને તે આત્મા સાથે અભેદ થાય છે તેથી પર્યાયના ભેદોથી ખંડિત નહીં હોવાના કારણે આત્મા સુવિશુદ્ધ હોય છે.

એકત્વભાવનાનું ફળ અનાકુળ સુખ બતાવ્યું.

હવે શ્લોક દ્વારા આ જ આશયને બતાવતા શુદ્ધનયનો મહિમા કરવામાં આવે છે :—

## શ્લોક ૭

**द्रव्यान्तरव्यतिकरादतसारितात्मा**
**सामान्यमज्जितसमस्त विशेष जातः ।**
**इत्येष शुद्धनय उद्धतमोहलक्ष्मी—**
**लुण्टाक उत्कटविवेकविविक्ततत्त्वः ।।७।।**

## શુદ્ધનયનો મહિમા.

નય આત્માના શ્રુતજ્ઞાનની અવસ્થાનો અંશ છે. જે નય પરિપૂર્ણ શુદ્ધ આત્માને બતાવે તેને શુદ્ધનય કહે છે.

અર્થ :—શુદ્ધનય આત્માને પરપદાર્થો—જેવા કે સ્ત્રી, કુટુંબ તથા દેવ-ગુરુ-શાસ્ત્ર, શરીર અને કર્મથી ખસેડે છે એટલે કે તેનાથી જુદો દર્શાવે છે. અહીં ક્ષેત્રથી ખસેડવાની વાત નથી. સંયોગબુદ્ધિ, નિમિત્તાધીન બુદ્ધિ ટળીને સ્વભાવબુદ્ધિ થઈ તે ભાવને પરદ્રવ્યથી આત્માને ખસેડ્યો—એમ કહેવામાં આવે છે; તથા શુદ્ધનય પર્યાયના ભેદને સ્વીકારતો નથી, એકલા અભેદ આત્માને જ સ્વીકારે છે. આત્મા વિકારનો ટાળનાર છે ને શુદ્ધતાનો પ્રગટ કરનાર છે—એવા ભેદો શુદ્ધસ્વભાવમાં નથી. કર્તા, કરણ વગેરેના ભેદો પર્યાયમાં પડે છે તે સ્વભાવ તરફ દ્રષ્ટિ રાખતાં નાશ પામે છે ને પર્યાયો દ્રવ્યની અંદર ડૂબી જાય છે. તેથી શુદ્ધનય વિશેષોને દ્રવ્યસામાન્યમાં મગ્ન કરે છે એટલે કે પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિ, રાગબુદ્ધિ નાશ કરે છે ને સ્વભાવબુદ્ધિ ઉત્પન્ન કરે છે.

આવો શુદ્ધનય વર્તમાન પર્યાયને અભેદ શુદ્ધસ્વભાવમાં લીન કરે છે, તેથી મિથ્યાત્વ રાગદ્વેષ ઉત્પન્ન થતા નથી. મૂળ લખાણમાં છે કે **“શુદ્ધનય ઉદ્ધત મોહની લક્ષ્મીને લૂંટી લેનારો છે.”** જાણે કોઈ માણસ સામે ઊભો હોય ને લૂંટી લેવાતો હોય તેમ મોહ ઊભો હોય ને તેને લૂંટી લેવાતો હશે? એમ હશે? ચૈતન્ય અનંતગુણનો પિંડ છે, એક એક ગુણ સ્વતંત્ર છે, એકને લીધે બીજો ગુણ નથી, પરનો અભાવસ્વભાવ છે, વિકાર એનું સ્વરૂપ નથી—એવા જ્ઞાનસ્વભાવમાં એકાકાર થતાં સંસારની શોભા નાશ પામે છે, મિથ્યાત્વ, રાગદ્વેષ ઉત્પન્ન થતા નથી એવા ભાવને “શુદ્ધનય—મોહની લક્ષ્મીને લૂંટનારો છે”—એમ કથન કરવામાં આવ્યું છે.

શુદ્ધનયે આત્મસ્વરૂપને રાગદ્વેષ તથા ગુણભેદથી સમ્યગ્જ્ઞાન દ્વારા જુદું કર્યું છે. જેટલો જેટલો જીવ શુદ્ધનય દ્વારા અભેદ આત્મામાં એકાકાર થાય છે તેટલો તેટલો આત્મા પર્યાયમાં શુદ્ધ થતો જાય છે ને સંપૂર્ણ એકાકાર થતાં પરિપૂર્ણ વીતરાગતા ને કેવળદશા પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે શુદ્ધનયનો મહિમા કહ્યો.

હવે શુદ્ધનય વડે શુદ્ધ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરનાર આત્માનો મહિમા શ્લોક દ્વારા કરી, દ્રવ્ય સામાન્યના વર્ણનની પૂર્ણાહુતિ કરવામાં આવે છે.

### શ્લોક ૮

**इत्युच्छेदात्परपरिणतेः कर्तृकर्मादिभेद—**
**भ्रान्तिध्वंसादपि च सुचिराल्लब्ध शुद्धात्मतत्त्वः ।**

**सञ्चिनमात्रे महसि विशदे मूर्च्छितश्चेतनोऽयं**
**स्थास्यत्युद्यत्सहजमहिमा सर्वदा मुक्त एव ॥८॥**

## શુદ્ધદશાને પામેલો આત્મા સદા મુક્ત જ રહેશે.

**અર્થ** :–ગાથા ૧૨૯ માં કહ્યું હતું કે અનાદિથી અનંતકાળ સુધી મારાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવમાં હું ને હું જ છું; પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ ને પરભાવમાં હું નથી—ચોથો કાળ હોય તો આત્માને કેવળજ્ઞાન થાય, સમ્મેતશિખરના ક્ષેત્રને લીધે શુભભાવ થાય, નારકીનું ક્ષેત્ર દુઃખ કરાવે—વગેરે ભાવો અજ્ઞાનીના છે. વસ્તુસ્વરૂપ એવું નથી—એમ નિર્ણય થતાં પરના સંગે જે ભ્રાંતિ રાગદ્વેષ ઉત્પન્ન થતા હતા તેનો સાચા જ્ઞાન દ્વારા આત્માએ નાશ કર્યો છે. આત્મા શુદ્ધતાનો કર્તા છે, કરણ છે, કર્મ છે, કર્મફળ છે એવા ચાર ભેદો રાગમિશ્રિત વિચારમાં થતા ને તે ભેદોવાળી કે રાગવાળી દશા જેટલું મારું સ્વરૂપ છે, એવી મિથ્યાભ્રાંતિનો પણ નાશ કરી શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિ કરી છે.

અનુકૂળ દ્રવ્ય—ક્ષેત્રથી આત્માને લાભ થશે અને પ્રતિકૂળ દ્રવ્યક્ષેત્રથી આત્માને નુકશાન થશે, એવી માન્યતા તો સ્થૂલ ભ્રાંતિ છે પણ આત્માની શુદ્ધતાનો રાગસહિત વિચાર કરતાં કર્તા, કરણ વગેરે ભેદો પાડીને તે ભેદથી અભેદ આત્મામાં જવાશે ને જે જ્ઞાન ભેદમાં અટકતું તેનાથી હળવે હળવે સ્વભાવની અંદર જવાશે તે માન્યતા પણ મિથ્યાભ્રાંતિ છે. આવી ભ્રાંતિનો પણ શુદ્ધ અભેદ આત્માના આશ્રયે નાશ કર્યો છે, એવો આ આત્મા પોતાના જ્ઞાનસ્વભાવમાં જ લીન રહેતો હોવાથી, પોતાના સ્વાભાવિક મહિમાના પ્રકાશમાનપણે સર્વદા મુક્ત જ રહેશે.

શુદ્ધ આત્મા સર્વથા મુક્ત થયા પછી ભક્તોની ભીડ ભાંગવા અથવા દુષ્ટોને દંડ દેવા ફરી જન્મતો નથી. જે જન્મે તે મુક્ત થયો નથી.

આ પ્રમાણે શુદ્ધ થયેલો આત્મા સર્વદા મુક્ત જ રહેશે—એમ કહ્યું.

હવે શ્લોક દ્વારા નવા વિષયનું—દ્રવ્યવિશેષના વર્ણનનું સૂચન કરવામાં આવે છે.

## શ્લોક ૯

**द्रव्यसामान्यविज्ञाननिम्नं कृत्वेति मानसम् ।**
**तद्विशेषपरिज्ञानप्राग्भारः क्रियतेऽधुना ॥९॥**

**અર્થ** :–એ રીતે દ્રવ્યસામાન્યના જ્ઞાનથી, વસ્તુનું સ્વરૂપ જ આવું છે એવું મનથી દ્રઢ કરીને દ્રવ્યવિશેષના વિસ્તારપૂર્વક જ્ઞાનનો પ્રારંભ કરવામાં આવે છે. દ્રવ્યના વિશેષો જાણતાં જ્ઞાન વિશેષ નિર્મળ થાય છે, તે જ્ઞાનની નિર્મળતા વીતરાગતાનું કારણ છે.

આમ શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર શાસ્ત્રની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત તત્ત્વદીપિકા નામની ટીકામાં જ્ઞેયતત્ત્વપ્રજ્ઞાપનને વિષે દ્રવ્યસામાન્યપ્રજ્ઞાપન સમાપ્ત થયું.

હવે દ્રવ્યવિશેષનું પ્રજ્ઞાપન કરે છે અર્થાત્ દ્રવ્યવિશેષોને એટલે દ્રવ્યના ભેદોને જણાવે છે. સર્વજ્ઞ ભગવંતે પોતાના કેવળજ્ઞાનમાં જોયેલા ને એમની દિવ્યધ્વનિ દ્વારા કહેલા છ દ્રવ્યોનું વાસ્તવિક સ્વરૂપ કહે છે. પ્રથમ દ્રવ્યના બે ભેદ જીવ અને અજીવ કહે છે. આ જગતમાં એકલા જીવ જ નથી તેમ જ એકલા અજીવ પણ નથી.

હવેની ગાથાઓમાં બબ્બે ભેદ પાડીને અથવા દ્વૈતથી વસ્તુનું સ્વરૂપ કહેશે. દ્રવ્ય અપેક્ષાએ બધાં દ્રવ્ય છે પણ તેનાં લક્ષણથી દ્રવ્યો બે પ્રકારનાં છે. તે કહે છે :—

## ગાથા ૧૨૭

**છે દ્રવ્ય જીવ, અજીવ; ચિત—ઉપયોગમય તે જીવ છે;**
**પુદ્‌ગલપ્રમુખ જે છે અચેતન દ્રવ્ય, તેહ અજીવ છે. ૧૨૭.**

**અન્વયાર્થ** :—દ્રવ્ય જીવ અને અજીવ છે. ત્યાં જ્ઞાતાદ્રષ્ટા ઉપયોગવાળો જીવ છે અને પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ અચેતનદ્રવ્યો અજીવ છે.

આત્માનો સ્વભાવ જાણવા—દેખવાનો છે તે ઉપયોગમય છે. આત્મા વિકારમય છે, એમ કહ્યું નથી. પુદ્‌ગલ વગેરે પાંચ પદાર્થો અચેતન છે.

## દ્રવ્યના બે ભેદ—જીવ અને અજીવ.

**ટીકા** :—'આ' શબ્દ વિદ્યમાનતા બતાવે છે. આ જગતમાં જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ એવાં છ દ્રવ્યો છે. નિત્ય છે. નિત્ય હોય તેને કોઈએ કરેલાં નથી. કોઈએ કરેલાં હોય તો નિત્ય છે—એમ રહેતું નથી. કોઈ કહે છે કે આ સૃષ્ટિ કોઈએ બનાવી છે. સૃષ્ટિ તો પર્યાય છે, પર્યાય સરજાય છે પણ તે પરથી સરજાતી નથી પણ પોતાથી સરજાય છે. દ્રવ્યો સરજાતાં નથી એ તો અનાદિઅનંત છે.

હવે દ્રવ્યોને દ્રવ્યપણે ઓળખીએ તો તેમાં ભેદ પડતો નથી. દ્રવ્યપણું બધામાં હોવા છતાં દરેક દ્રવ્ય વિશેષ લક્ષણની હયાતીને લીધે જુદું પડે છે. દ્રવ્ય એટલું જ કહેતાં જીવ—અજીવ જુદાં પડતા નથી પણ વિશેષથી જુદા પડે છે. તેથી જીવ અને અજીવ એવા બે ભેદ પડે છે.

જીવનો, આત્મદ્રવ્ય જ એક ભેદ છે. જીવનું લક્ષણ ચેતના ઉપયોગમય છે ને આખા લોકમાં અનંતા જીવ રહેલાં છે. અજીવના પાંચ ભેદો—પુદ્‌ગલદ્રવ્ય, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, કાળદ્રવ્ય તથા આકાશદ્રવ્ય છે.

## જીવનું વિશેષલક્ષણ ચેતના-ઉપયોગમયપણું છે.

જીવનું વિશેષલક્ષણ ચેતનામયપણું અને ઉપયોગમયપણું છે. જીવનો સ્વભાવ બધાં જ્ઞેયોને એક સમયમાં જાણવાનો છે. એક જ્ઞેયને જાણવાનો નકાર કરે તો જ્ઞાનસ્વભાવનો નકાર થાય છે, ને તો ચેતનાઉપયોગ સાબિત થતો નથી. આત્મામાં જાગૃતશક્તિ છે.

૧. ચેતના જીવના અસ્તિત્વ, વસ્તુત્વ, અગુરુલઘુત્વ વગેરે અનંત ધર્મોમાં વ્યાપેલી છે તેથી જીવના સ્વરૂપને પ્રકાશે છે.

૨. ચેતનાનો કોઈ દિવસ પણ નાશ થતો નથી. જીવની ગમે તે અવસ્થા હોય, ભલે નિગોદની હોય તો ત્યાં પણ ચેતના અવિનાશિની છે.

૩. ચેતના મહિમાવાળી છે—બીજો કોઈ પદાર્થ મહિમાવાન નથી.

૪. ચેતના સંવેદનરૂપ છે એટલે અનુભવમાં આવે એવી છે.

૫. ચેતનાના પરિણામસ્વરૂપ ઉપયોગ જીવદ્રવ્યની પરિણતિ છે.

ઉપરોક્ત લક્ષણવાળી ચેતના વડે તથા ઉપયોગ વડે જે દ્રવ્ય રચાએલું છે તે જીવદ્રવ્ય છે. જીવદ્રવ્યમાં જુઓ તો ચેતના ભરેલી પડી છે ને પર્યાયમાં જુઓ તો ચેતનાનો ઉપયોગ જ વસે છે. જીવના અનંતા ગુણોમાં દરેક ગુણે ગુણે ને પર્યાયે પર્યાયે ચેતના વસી રહી છે, તેને જીવ દ્રવ્ય કહે છે. આવું ચેતનપણું શરીર, વાણી અથવા બીજાં જડ દ્રવ્યમાં ઊતરેલું ભાસતું નથી.

## અજીવનું લક્ષણ અચેતનપણું છે.

ઉપર કહેલા લક્ષણવાળી ચેતના તથા ચેતનાના ઉપયોગનો જે દ્રવ્યના ગુણોમાં તથા પર્યાયોમાં હોવાથી જેમાં અચેતનપણું ઊતરેલું દેખાય છે તેને અજીવ કહે છે. અજીવના ગુણો પણ અચેતન છે ને પર્યાય પણ અચેતન છે. અજીવદ્રવ્ય અચેતનપણાથી જ બાહ્ય ને અંતર વસેલું છે. શરીર, વાણી, ઈન્દ્રિયો આદિ બધાં અચેતનપણાથી જ ભરેલાં છે માટે તે પદાર્થો અજીવ છે.

એકાંત મતવાળા—એકાંત અદ્વૈતવાદી—એકાંત નિત્ય કે એકાંત અનિત્ય આત્માને માનવાવાળા સાથે વસ્તુસ્વરૂપનો મેળ ખાય તેમ નથી. 'બ્રહ્મ સત્ય જગત્ મિથ્યા' અથવા 'બધા થઈને એક જ આત્મા છે' એવું વસ્તુસ્વરૂપ જ નથી.

૧) "જીવ છે"—એમ કહેતાં જ બીજા અજીવ પદાર્થો છે—એમ સિદ્ધ થાય છે, "તું છો" એમ કહેતાં જ તારા સિવાયના બીજા પદાર્થો સાબિત થાય છે. તું સમજ્યો નથી ને સમજવા માગે છે તો તને સમજાવનાર

બીજો જીવ પણ સાબિત થાય છે. માટે બધા થઈને અદ્વૈત નથી. તેમ જ જીવોમાં પણ બધા થઈને એક જીવ નથી.

૨) જેનામાં ચેતના છે તે જીવ છે તો જેમાં ચેતનાનો અભાવ છે તે અજીવ છે. સામાન્ય અપેક્ષાએ બધાં દ્રવ્યો છે ને વિશેષ અપેક્ષાએ જીવ ને અજીવ છે. વળી જીવોમાં તું તારા જીવપણે છો ને બીજા જીવપણે ને અજીવપણે નથી. બધા થઈને એક જીવ હોય તો એક વિકાર કરે તો બીજાને પણ એટલો જ વિકાર થવો જોઈએ—પણ એમ નથી માટે દરેક જીવ સ્વતંત્ર છે.

૩) તું સમજવા માગે છે એ ઉપરથી નક્કી થાય છે કે તું સમજ્યો નથી. એવું પણ તને જ્ઞાન થયું માટે તું જીવ છો. વળી તું સમજ્યો નથી એવું અજ્ઞાન તારી વર્તમાનદશામાં હયાતી ધરાવે છે. વર્તમાન અજ્ઞાન રાગદ્વેષ સર્વથા ભ્રમ છે, એ વાત ખોટી નક્કી થાય છે. સંસારદશા, પર્યાય અપેક્ષાએ સત્ છે.

૪) તું સંસારદશામાં અજ્ઞાનમાં છો તો તે દશા વખતે તારા અજ્ઞાનના કારણે પરમાં સુખની કલ્પના કરતો હોઈશ કારણ સ્વનું તો તને ભાન નથી માટે પર પદાર્થો ને ક્રમ વગેરે ચીજો પણ સાબિત થાય છે કે જેને લક્ષે તું રાગદ્વેષ કરે છે.

૫) તું અત્યારે સમજ્યો નથી પણ પછી તું સમજી શકીશ, એમ તને લાગ્યું છે માટે તું અહીં સમજવા આવ્યો છો. આથી તારી અવસ્થામાં પલટનપણું છે—એમ નક્કી થાય છે.

૬) હવે અણસમજણમાંથી સમજણ થઈ શકે છે—એમ નક્કી કર્યું પણ કર્મ અથવા પર પદાર્થો ખસે તો સમજણ થાય એવી માન્યતા હોય તો કોઈ દિવસ તને સમજણ થશે નહિ કારણ કે કર્મ ને પર પદાર્થો તો અનાદિઅનંત રહેવાના જ છે.

૭) તો સમજણ ક્યાંથી આવશે ? બહારના પદાર્થો દેવ-ગુરુ-શાસ્ત્રમાંથી આવશે ?—કે ના. કેમ કે તે તો તારાથી નાસ્તિરૂપે છે. ત્યારે વર્તમાન અણસમજણ છે તેમાંથી સમજણ આવશે ?—ના. સમજણ તો તું શુદ્ધ જ્ઞાનદર્શનનો પિંડ દ્રવ્ય છો તે તરફ લક્ષ કર તો સમજણની અવસ્થા ઉત્પન્ન થશે.

૮) અણસમજણ વખતે પણ તું હવો ને હવે સમજણ વખતે પણ તું નો તું છો. તારી અવસ્થામાં બદલો થયો છે પણ બન્નેમાં રહેનારો કાયમી તો તું ટક્યો છો. માટે તારો આત્મા ધ્રુવ નિત્ય શુદ્ધ સાબિત થાય છે.

૯) તું દ્રવ્યે એક છો પણ અણસમજણ ને સમજણની પર્યાય કરીને અનેક છો—એમ નક્કી થાય છે.

૧૦) તું સમજતો ન હતો ને હવે સમજવા લાગ્યો—વિશ્વાસ બેઠો પણ તું તે બધી વાતને આચરણમાં તુરત મૂકી શકતો નથી એમ તને લાગે છે, એ ઉપરથી દ્રવ્યે એક હોવા છતાં તારામાં ગુણના ભેદ માલૂમ પડે છે. જો તારામાં ગુણભેદ ન હોય તો સમજવાની સાથે કેવળજ્ઞાન થવું જોઈએ. પણ તેમ થતું દેખાતું નથી માટે શ્રદ્ધાગુણ, જ્ઞાનગુણ, ચારિત્રગુણ, વીર્યગુણ એવા ગુણભેદે તારામાં ભેદ છે. તારું હોવાપણું—અસ્તિત્વ, બીજારૂપે નહિ હોવાપણું વગેરે તારામાં અનંતગુણો છે છતાં તે ગુણોથી તું સર્વથા જુદો નથી માટે કથંચિત્ ગુણગુણીભેદ છે.

૧૧) તું થોડું સમજ્યો ને તને જ્ઞાન થયું તો હવે તે જ્ઞાન વિકાસ પામીને સંપૂર્ણ થઈ શકે એમ છે.

૧૨) તે ઉપરથી સર્વજ્ઞદશાને ધરનાર પણ કોઈ પુરુષ તારી પહેલાં થઈ ગયા હોવા જોઈએ—એમ નક્કી થાય છે ને તેવી સર્વજ્ઞદશાની પ્રાપ્તિની ઇચ્છાવાળા પણ સાધકજીવો સાબિત થાય છે.

૧૩) સર્વજ્ઞે જાણેલું છે પણ તે વાણીમાં ન આવી શકે, એમ તારું કહેવું છે પણ “વાણીમાં ન આવી શકે” એટલું પણ વાણીમાં આવ્યું છે માટે એ ઉપરથી વસ્તુસ્વરૂપ કથંચિત્ વાણીગોચર છે—એમ નક્કી થાય છે.

૧૪) સર્વજ્ઞ થયા પછી તુરત બધા સિદ્ધ થઈ જતા હોય તો વસ્તુસ્વરૂપ આવું છે, એવું કોની વાણીથી જાણી શકાય ? કારણ કે વીતરાગ ને સર્વજ્ઞ સિવાય કોઈ પરિપૂર્ણ હોઈ શકે નહિ માટે વાણીનો યોગ હોય એવા સર્વજ્ઞ પણ સિદ્ધ થાય છે.

૧૫) સિદ્ધ થઈ ગયા પછી બધા જીવો જ્યોતમાં જ્યોત મળી જાય તેમ એકમેક થઈ જતા હોય તો પોતાનું અસ્તિત્વ જ રહેતું નથી. વળી પોતે પુરુષાર્થ કરી સિદ્ધદશા જે પ્રગટ કરી તેનો—નિરાકુળ સુખનો સ્વતંત્ર ભોગવટો તારી માન્યતા મુજબ રહે નહિ. માટે તારી તે વાત પણ ખોટી છે. ત્યાં પણ સર્વે સિદ્ધ જીવો જુદા છે ને પોતાના સુખનો સ્વતંત્ર ભોગવટો કરી રહ્યા છે.

આવી રીતે વસ્તુસ્થિતિ છે ને સર્વજ્ઞના જ્ઞાનમાં તેમ જ વાણીમાં પણ એમ જ આવ્યું છે.

વસ્તુસ્વરૂપથી અન્યથા એકાંત માન્યતાવાળા જીવને વસ્તુસ્વભાવ સાથે મેળ ખાશે નહિ.

**ભાવાર્થ :**—દ્રવ્યપણારૂપ સામાન્યની અપેક્ષાએ દ્રવ્યોમાં એકપણું છે તોપણ વિશેષ લક્ષણોની અપેક્ષાએ દ્રવ્યોના જીવ અને અજીવ એવા બે ભેદ

છે. જે દ્રવ્ય મહિમાવંત ચેતનાસહિત અને ચેતનાના ઉપયોગસહિત છે તે જીવ છે અને જે ચેતનારહિત હોવાથી અચેતન છે તે અજીવ છે.

જીવનો એક જ ભેદ છે. કોઈ એક જ અનાદિઅનંત અલ્પજ્ઞ સદાય રહે ને સર્વજ્ઞ સદાય રહે એવા ભેદ નથી. જીવ પુરુષાર્થ વડે પર્યાયમાં સર્વજ્ઞપણું પ્રગટ કરી શકે છે. ને પર્યાયમાં અલ્પજ્ઞ હોય ત્યારે પણ તેની સર્વજ્ઞશક્તિ રાખીને રહે છે. ભગવાનના ભક્ત થઈને સદાય અલ્પજ્ઞ રહે એવું વસ્તુસ્વરૂપ નથી. સર્વજ્ઞશક્તિ વ્યક્ત કરી સર્વજ્ઞ થઈ શકાય છે. આવી રીતે જીવનો એક ભેદ છે ને અજીવના પાંચ ભેદ છે.—આ બધાનો વિસ્તાર આગળ આવશે.

***

# પ્રસાદ નં. ૬૯

## પ્રવચનસાર ગાથા ૧૨૮

ગાથા ૧૨૭માં કહ્યું હતું કે દ્રવ્યના બે ભેદ છે. વસ્તુ ચેતન છે, એમ કહેતાં બીજી અચેતન વસ્તુ સાબિત થાય છે. બન્ને પદાર્થો જુદા જુદા લક્ષણવાળા અનાદિઅનંત સાબિત કરેલ છે. હવે દ્રવ્યના ક્ષેત્રથી બે ભેદ કહે છે :—

## ગાથા ૧૨૮

**આકાશમાં જે ભાગ ધર્મ—અધર્મ—કાળ સહિત છે,**
**જીવ—પુદ્ગલોથી યુક્ત  છે, તે સર્વકાળે લોક છે. ૧૨૮.**

**અન્વયાર્થ :**—આકાશમાં જે ભાગ જીવ ને પુદ્ગલમાંથી સંયુક્ત તથા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય ને કાળથી સમૃદ્ધ છે, તે સર્વકાળે લોક છે. (બાકીનું એકલું આકાશ તે અલોક છે.)

## દ્રવ્યોના ક્ષેત્ર અપેક્ષાએ બે ભેદ.

**ટીકા :**—ખરેખર દ્રવ્યના ક્ષેત્ર અપેક્ષાએ બે ભાગ છે. એક લોક ને બીજો અલોક. જેમ જીવનું લક્ષણ ચેતન અને અજીવનું લક્ષણ અચેતન છે, જુદેજુદું છે તેમ લોક અને અલોકના ક્ષેત્રનું લક્ષણ જુદેજુદું છે.

## લોકનું લક્ષણ

લોકનું લક્ષણ છ દ્રવ્યોના સમુદાયસ્વરૂપપણું છે. લોકમાં છ દ્રવ્યોનો સમુદાય હોય જ. સર્વ દ્રવ્યોમાં વ્યાપનારા પરમ મહાન આકાશને વિષે જેટલામાં જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, કાળ રહે તેટલું આકાશ તથા બીજા પાંચ દ્રવ્યો એમ છ દ્રવ્યોનો સમુદાય, તે લોકનું લક્ષણ છે.

(૧—૨) આકાશમાં બધાં દ્રવ્યો રહેલાં છે. તેમાં ગતિ તથા સ્થિતિના સ્વભાવવાળા જીવ અને પુદ્ગલો છે. અહીં જીવ ને પુદ્ગલોનો સ્વભાવ બતાવે છે કે તેઓનો સ્વભાવ ગતિ તથા સ્થિતિ કરવાનો છે પણ ધર્માસ્તિકાયને લીધે ગતિ કરે છે ને અધર્માસ્તિકાયને લીધે સ્થિતિ કરે છે— એમ નથી. જીવ અને પુદ્ગલ કોઈ વાર ગતિ કરે ને કોઈ વાર સ્થિર રહે તો, આમ કેમ ? તે પ્રશ્ન રહેતો નથી કારણ તે તેનો સ્વભાવ છે.

કોઈ પ્રશ્ન કરે કે સિદ્ધના જીવો સર્વશક્તિમાન હોવા છતાં અલોકમાં કેમ જતા નથી ? અલોકમાં ધર્માસ્તિકાય નથી માટે નથી જતાને ? તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે ધર્માસ્તિકાયના અભાવને લીધે સિદ્ધના જીવો લોકમાં જતા નથી.

સમાધાન :–ભાઈ, લોકનું દ્રવ્ય અલોકમાં જાય નહિ તેવો તેનો સ્વભાવ છે. સિદ્ધનો જીવ પણ લોકનું દ્રવ્ય છે તેથી અલોકમાં નહીં જવાનો સિદ્ધના જીવનો પોતાનો સ્વભાવ છે. ધર્માસ્તિકાયનો અભાવ છે તેથી નથી જતા તે તો નિમિત્તનું જ્ઞાન કરાવવા તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે. અહીં લોકમાં પણ જે જીવ અથવા પુદ્‌ગલ સ્વયં ગતિ કરે છે તેને ધર્માસ્તિકાય નિમિત્ત છે. ધર્માસ્તિકાય ગતિ કરાવી દેતું નથી. ભાઈ, દરેક વસ્તુને સ્વભાવથી જુઓ, નિશ્ચય હોય તો વ્યવહાર નામ પામે છે. ઉપાદાન હોય ત્યાં નિમિત્ત હોય છે, નિમિત્તને લીધે ઉપાદાન નથી.

(૩–૪) જીવ અને પુદ્‌ગલ પોતાની યોગ્યતાના કારણે સ્વયં ગતિ કરે છે ત્યારે ધર્માસ્તિકાય નામનું અખંડ અરૂપી દ્રવ્ય નિમિત્ત થાય છે ને તે લોકાકાશમાં વ્યાપીને રહેલું છે. જીવ અને પુદ્‌ગલ પોતાની યોગ્યતાના કારણે સ્વયં સ્થિતિ કરે છે ત્યારે અધર્માસ્તિકાય નામનું અખંડ અરૂપી દ્રવ્ય નિમિત્ત થાય છે ને તે લોકાકાશને વ્યાપીને રહેલું છે.

(૫) છ દ્રવ્યો પોતાના વર્તમાન સ્વભાવને કારણે પરિણમન કરે છે ત્યારે કાળાણુ નામનો અરૂપી પદાર્થ નિમિત્ત થાય છે. લોકાકાશના એક એક પ્રદેશે એક એમ અસંખ્ય કાળાણુ છે.

કોઈ પ્રશ્ન કરે કે કાળદ્રવ્યને લીધે સિદ્ધને પણ પરિણમન કરવું પડે છે ને ? કાળ ન હોય તો પરિણામ અટકી જાય કે નહિ ? સમાધાન : સિદ્ધ સહિતના બધા જીવોનો પરિણમવું–પલટવું એવો સ્વભાવ છે. જે જેનો સ્વભાવ છે તે કદી છૂટતો હશે ? આ ન હોત તો ? એવો પ્રશ્ન છે તે જ અસ્થાને છે. સ્વભાવમાં પ્રશ્ન ન હોય. દરેક દ્રવ્ય પોતાના કારણે પરિણમન કરે છે ત્યારે કાળ નિમિત્ત હોય છે એમ જ્ઞાન કરાવ્યું છે. પરાધીન દ્રષ્ટિવાળા પરાધીનપણું જ શોધે છે ને સ્વભાવદ્રષ્ટિવાળા સ્વભાવ શોધે છે.

## અલોકનું પ્રમાણ

આકાશના જેટલા ભાગમાં જીવ તથા પુદ્‌ગલ પોતાના કારણે ગતિ તથા સ્થિતિ કરતાં નથી, ધર્મ અધર્મ દ્રવ્યો પોતાના કારણે નથી અને જ્યાં કાળાણુ નથી તેટલું કેવળ આકાશ જેનું સ્વલક્ષણ છે તેને અલોક કહે છે. અલોકમાં લોકાકાશ સિવાયનો બાકીનો આકાશમાત્ર છે, બીજું કોઈ દ્રવ્ય નથી. આ પ્રમાણે અલોકનું સ્વરૂપ કહ્યું.

લોક મર્યાદિત છે ને અલોક અમર્યાદિત છે. આ પ્રમાણે જ્ઞેયો જેમ છે તેમ ન જાણે તો જ્ઞાન ઊંધું થાય ને જ્ઞાન જેનું ઊંધું હોય તેને ધર્મ થાય નહિ. આ જગતમાં એક જ બ્રહ્મ છે ને બીજી કોઈ વસ્તુ જ નથી, એમ માનવાથી પોતાનું જ્ઞાન વિપરીત થાય છે. જ્ઞાનની બહોળતા માટે જ્ઞેયોના વિશેષો જેમ છે તેમ સમજવા જોઈએ. ॥૧૨૮॥

હવે ‘‘ક્રિયા’’રૂપ અને ‘‘ભાવ’’રૂપ એવા જે દ્રવ્યના ભાવો છે તે અપેક્ષાએ દ્રવ્યોના ભેદ નક્કી કરે છે :–

## ગાથા ૧૨૯

**ઉત્પાદ, વ્યય ને ધ્રુવતા જીવપુદ્‌ગલાત્મક લોકને**
**પરિણામ દ્વારા, ભેદ વા સંઘાત દ્વારા થાય છે. ૧૨૯.**

**અન્વયાર્થ :—**પુદ્‌ગલ–જીવાત્મક લોકને પરિણામ દ્વારા અને સંઘાત વા ભેદ દ્વારા ઉત્પાદ, ધ્રૌવ્ય અને વિનાશ થાય છે.

## ભાવવતી અને ક્રિયાવતી શક્તિની અપેક્ષાએ દ્રવ્યોના બે ભેદ.

**ટીકા :—**કોઈ દ્રવ્યો ભાવ તથા ક્રિયાવાળાં હોવાથી અને કોઈ દ્રવ્યો કેવળ ભાવવાળા હોવાથી તે અપેક્ષાએ દ્રવ્યોના બે ભેદ છે. ત્યાં પુદ્‌ગલ તથા જીવ ભાવવાળા તથા ક્રિયાવાળા છે કારણ કે (૧) પલટન દ્વારા તથા (૨) છૂટા થવું ને ભેગું થવું–તે દ્વારા તેઓ ઊપજે છે, ટકે છે ને નાશ પામે છે. બાકીનાં ધર્મ, અધર્મ, આકાશ ને કાળ–દ્રવ્યો માત્ર પલટવાની ક્રિયા દ્વારા ઊપજે છે, ટકે છે ને નાશ થાય છે–એમ નક્કી છે.

ત્યાં ભાવનું લક્ષણ પલટન પામવું એટલું જ માત્ર છે અને ક્રિયાનું લક્ષણ ભેગા થવું ને છૂટા પડવું એ છે.

## ‘ભાવ’વાળા છયે દ્રવ્યો છે.

બધાં દ્રવ્યો ભાવવાળા છે કારણ કે બધાનો સ્વભાવ પલટવાનો છે. તેના પલટવાના સ્વભાવના પરિણામને લીધે અન્વય અને વ્યતિરેકોને પામતા થકા તેઓ ઊપજે છે, ટકે છે અને નાશ પામે છે. અન્વય ટકવાપણું બતાવે છે અને વ્યતિરેક ઊપજવાપણું તથા નાશ થવાપણું બતાવે છે.

કોઈ જીવ કહે કે ‘ચૈત્યાલયને લીધે શુભભાવ થયો’. ‘નરકની ભૂમિને લીધે દુઃખ થયું’. ‘ભોગભૂમિ છે માટે જુગલિયાંને વ્રતના પરિણામ ન થયા’, ‘આત્માને લીધે શરીર ચાલ્યું’. ‘શરીરની ક્રિયા થઈ તો ધર્મ થયો’–આમ માનનાર જીવ અજ્ઞાની છે કારણ કે જીવ પોતાના પરિણામસ્વભાવના કારણે શુભ–અશુભરૂપ પરિણમે છે પણ પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ ને પરભાવના કારણે જીવમાં પરિણામ ફરે એમ માનવું, તે અજ્ઞાન છે. બધાં દ્રવ્યો ભાવવાળા છે તેથી આ દ્રવ્ય હતું તો આત્માને ભાવ થયો, એ પ્રશ્ન જ રહેતો નથી.

અહીં એક એક સમયના પરિણામની વાત છે. બે સમયના પરિણમનની વાત જ નથી.

'જીવ છે માટે લાકડી ઊંચી થાય છે'. 'પેટ્રોલ નથી માટે મોટર અટકી છે', 'ભગવાનને લીધે હરણ સિંહ શાંત થઈ જાય છે'. 'પાંચમાં આરાને લીધે કેવળજ્ઞાન અટક્યું છે'. 'સવાર સાંજે અમુક સમયને લીધે સામાયિક વગેરેના ભાવ થાય છે'.–આ બધો પરાધીન ભાવ અજ્ઞાનદશા સૂચવે છે. દરેક દ્રવ્ય પોતાના પરિણામસ્વભાવને લીધે ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ થાય છે. બીજાથી આનો ભાવ થાય તો તે ચીજનો ભાવ જે તેનો સ્વભાવ છે, તે ક્યાં જશે ? માટે દરેક દ્રવ્ય પોતાના સ્વભાવના કારણે પલટન પામી રહ્યું છે–એમ જ્ઞેયનો સ્વભાવ યથાર્થ નક્કી કરવો.

## ક્રિયાવાળા દ્રવ્યો—જીવો ને પુદ્‌ગલ—બે છે.

**પુદ્‌ગલદ્રવ્ય :**—પુદ્‌ગલદ્રવ્ય પલટનસ્વભાવ ઉપરાંત ક્ષેત્રાંતર થવાની ક્રિયાવાળા છે. તેની ક્ષેત્રાંતર થવાની લાયકાતના કારણે છૂટા પરમાણુ ભેગા થાય છે અને ભેગા પરમાણુ છૂટા થાય છે. આવી રીતે છૂટા થતાં હોવાથી અને ભેગા મળતાં હોવાથી પુદ્‌ગલદ્રવ્યો ઊપજે છે, ટકે છે ને વિનાશ પામે છે.

લાડવાના પરમાણુ પહેલાં લોટરૂપે છૂટા હતા. પછી લાડવારૂપે ભેગા થયા ને પાછા ખાતી વખતે છૂટા થયા. તે પુદ્‌ગલની ક્રિયાવતી શક્તિના કારણે છૂટા કે ભેગા થાય છે, જીવને કારણે નહિ. પરમાણુઓ પહેલાં છૂટા હતા, વળી કર્મરૂપે–સ્કંધરૂપે થયા ને પાછા છૂટા થયા તે ક્રિયાવતીશક્તિના કારણે છૂટા–ભેગા થાય છે પણ જીવને લીધે નહિ.

આવી રીતે છૂટું થવું, ભેગું થવું, ટકવું–થયા જ કરે છે એવી ક્રિયાવતી શક્તિ પુદ્‌ગલમાં રહેલી છે ને તે શક્તિના કારણે ક્ષેત્રાંતર થવાનું થયા જ કરે છે. પણ અજ્ઞાની જીવ પુદ્‌ગલનો 'ક્રિયા' સ્વભાવ છે, તે સ્વભાવને નહીં જોતાં સંયોગોને જુએ છે ને નિમિત્ત હતું તો ક્રિયા થઈ–એમ તે માની રહ્યો છે.

"આત્માના ભાવને લીધે જડકર્મ બંધાયાં ને શુદ્ધભાવથી કર્મ વીખરાયાં"–એમ નથી. જડકર્મ તેના પરિણામસ્વભાવને કારણે મળે છે ને છૂટા પડે છે, આત્માને લીધે નહિ. ચપ્પુથી લીલોતરીના (શાકના) ટુકડા થયા તે ચપ્પુથી નથી થયા પણ શાકની ક્રિયાવતીશક્તિના કારણે થયા છે.

શરીરનું ધ્રૂજવું થાય છે, તે આત્માને લીધે નહિ પણ પુદ્‌ગલની કંપન શક્તિના કારણે થાય છે. પુસ્તકનું ઊંચું–નીચું થવું તે આત્માની ઇચ્છાને લીધે અથવા હાથને લીધે થતું નથી પણ પુસ્તકના કંપન સ્વભાવના કારણે તે ઊંચું–નીચું થાય છે.

અહીં કંપનનો અર્થ ક્ષેત્રાંતર સમજવો.

શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે ‘‘એક તણખલાના બે ટુકડા કરવાની અમારી તાકાત નથી’’. ત્યાં પુદ્‌ગલનો સ્વભાવ બતાવી, પરમાં આ જીવ કાંઈપણ કરવાને સમર્થ નથી, એમ કહી દરેકનો સ્વભાવ સ્વતંત્ર બતાવ્યો છે.

**જીવદ્રવ્ય :**—જીવનો સમયે સમયે પરિણમન સ્વભાવ તો છે, તે ઉપરાંત જીવમાં ક્રિયાવતી શક્તિ રહેલી છે. પોતાના કંપન સ્વભાવના કારણે તે ઊપજે છે, ટકે છે ને બદલે છે. જ્ઞાનાવરણાદિ કર્મરૂપ અને શરીરાદિ નોકર્મરૂપ પુદ્‌ગલો સાથે એકક્ષેત્રાવગાહ ભેગો થયેલો જીવ કંપન વડે પાછો છૂટો પડે છે. ત્યાં તે પુદ્‌ગલો સાથે ભેગાપણે નષ્ટ થયો, જીવપણે તે ટક્યો ને તેમનાથી છૂટાપણે તે ઊપજ્યો.

કર્મ ગયાં માટે જીવ છૂટો થઈ ગયો અને કર્મ બંધાયાં માટે બંધાયો– એમ નથી. જીવ પોતામાં ક્ષેત્રાંતર થવાની લાયકાતથી ક્ષેત્રાંતર કરે છે ત્યારે કર્મો તેની (કર્મની) ક્રિયાવતી શક્તિના કારણે છૂટાં પડતાં હોય છે એટલે કર્મોથી છૂટાપણે ઊપજ્યો એમ કહેવાય છે, તેવી રીતે કર્મો તેની (કર્મની) ક્રિયાવતી શક્તિના કારણે એકક્ષેત્રાવગાહ બંધાય છે ને જીવ પોતાના કારણે ત્યાં હોય છે એટલે કર્મોથી ભેગો થયો, એમ કહેવામાં આવે છે.

શરીર સંકોચાતાં આત્મા સંકોચાતો દેખાય છે ને શરીર વધતાં આત્મા સ્થૂલપણે થયો દેખાય છે. બન્નેમાં સ્થૂલ અથવા સૂક્ષ્મરૂપ થઈ ક્ષેત્રાંતર થવું તે એકબીજાને પરાધીન નથી પણ શરીર શરીરના કારણે સંકોચ–વિસ્તાર થઈ ક્ષેત્રાંતર કરે છે. ચૌદમે ગુણસ્થાને જોગ કંપન નથી છતાં આત્માને છૂટા પડવારૂપ પરિસ્પંદ છે ને કર્મો એના કારણે છૂટાં પડી જાય છે.

શરીર અને આત્માની ક્રિયાવતીશક્તિ બરાબર જ્ઞાનમાં લ્યે તો આ પદાર્થ બીજાને લીધે ચાલ્યો તથા જીવ નથી માટે મડદું ચાલતું નથી, એવી ઊંધી માન્યતા રહેતી નથી. બન્ને દ્રવ્યો ક્રિયાવતી શક્તિની ચલનરૂપ અથવા સ્થિરરૂપ રહેવાની લાયકાત પોતાના કારણે ધરાવે છે–આવો સ્વતંત્ર જ્ઞેયોનો સ્વભાવ છે, એમ જ્ઞેયનું યથાર્થ જ્ઞાન કરે તે સમ્યક્જ્ઞાનનું કારણ છે. પરિણમન શક્તિ ને ક્રિયાવતી શક્તિ તે જ્ઞેયોનો સ્વભાવ જ છે, એમ નક્કી કરતાં અનાદિકાળથી પર પદાર્થોને ચલાવવાનો, હલાવવાનો, પરિણમન કરાવવાનો અને પર પદાર્થો હોય તો પોતામાં પરિણામ થાય વગેરે ઊંધી માન્યતા છે, તે સાચું જ્ઞાન કરતાં નાશ પામે છે ને પોતામાં ધર્મદશા પ્રગટે છે.

***

# પ્રસાદ નં. ૭૦

## પ્રવચનસાર ગાથા ૧૩૦

(પોષ સુદ ૭, રવિવાર)

હવે, ગુણવિશેષથી દ્રવ્યવિશેષ છે એટલો ગુણોના ભેદથી દ્રવ્યોનો ભેદ બતાવે છે :–

**જે લિંગથી દ્રવ્યો મહીં જીવ અજીવ એમ જણાય છે,**
**તે જાણ મૂર્ત—અમૂર્ત ગુણ, અતત્પણાથી વિશિષ્ટ જે. ૧૩૦.**

**અન્વયાર્થ :**—જે લિંગો વડે દ્રવ્ય જીવ અને અજીવ તરીકે જણાય છે, તે અતદ્ભાવ વિશિષ્ટ (દ્રવ્યથી અતદ્ભાવ વડે ભિન્ન એવા) મૂર્ત–અમૂર્ત ગુણો જાણવા. લિંગ એટલે ગુણ-ચિહ્ન, એક જ અર્થ છે. જીવ અને અજીવનાં લક્ષણો જુદાં છે.

### મૂર્ત અને અમૂર્ત ગુણોથી દ્રવ્યના બે ભેદો.

**ટીકા :**—ગુણો પોતાના દ્રવ્યનો આશ્રય કરે છે, પરનો આશ્રય કરતા નથી. આત્માના ગુણો આત્માનો આશ્રય કરે છે ને પુદ્ગલના ગુણો પુદ્ગલનો આશ્રય કરે છે. પુદ્ગલના ગુણો આત્માનો આશ્રય કર્યા વિના રહે છે ને આત્માના ગુણો પુદ્ગલનો આશ્રય કર્યા વિના રહે છે. જેનાથી દ્રવ્ય ઓળખી શકાય એવા લિંગ તે ગુણો છે.

### દ્રવ્ય અને ગુણને અતદ્ભાવ છે.

વળી દ્રવ્ય છે તે ગુણો નથી અને જે ગુણો છે તે દ્રવ્ય નથી. જો કે દ્રવ્ય અને ગુણોને પ્રદેશભેદ નથી તોપણ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ ભેદે ભેદ છે.

૧) બન્નેનાં નામ જુદાં છે–એકનું નામ દ્રવ્ય છે, બીજાને ગુણ કહે છે તેથી સંજ્ઞા ભેદે ભેદ છે.

૨) દ્રવ્ય સંખ્યાએ એક છે. ગુણો સંખ્યાએ અનંત છે તેથી સંખ્યા ભેદે ભેદ છે.

૩) દ્રવ્ય તે સામાન્ય છે, ગુણો તે વિશેષ છે.

દ્રવ્ય તે આશ્રય આપનાર છે ને ગુણો આશ્રય લેનાર છે, તેથી લક્ષણ ભેદે ભેદ છે.

દ્રવ્યમાં ગુણો હોઈ શકે પણ એક જ ગુણમાં દ્રવ્ય ન હોઈ શકે, તેથી લક્ષણ ભેદે ભેદ છે.

દ્રવ્ય અનંતગુણનો પિંડ છે ત્યારે ગુણમાં એક ગુણ છે. તેથી લક્ષણ ભેદે ભેદ છે.

## દ્રવ્યનું લક્ષણ ગુણ છે માટે ગુણો દ્રવ્યોમાં ભેદ પાડે છે.

આવી રીતે દ્રવ્ય અને ગુણને અતદ્ભાવ–કથંચિત્ તે પણે નહિ હોવાપણું છે. તે કારણે કથંચિત્ જુદા વર્તે છે. તેથી ગુણ તે લિંગ એટલે ચિહ્ન છે અને દ્રવ્ય તે લિંગી એટલે લક્ષણથી ઓળખવા યોગ્ય છે. તેથી ગુણો તે દ્રવ્યનાં લક્ષણ છે.

ગુણો 'આ જીવદ્રવ્ય છે' અને 'આ અજીવદ્રવ્ય છે' એવો દ્રવ્યોમાં ભેદ ઉત્પન્ન કરે છે કારણ કે ગુણો પોતાપણે હોવાથી–વિશેષતાવાળા હોવાથી વિશેષને પ્રાપ્ત કરે છે. જેમ કે ચેતનપણું તે જીવદ્રવ્યની વિશેષતા છે ને અચેતનપણું તે અજીવદ્રવ્યની વિશેષતા છે જેથી ચેતન ને અચેતન દ્રવ્યોનો ભેદ પડે છે. બન્નેનું જુદાપણું બતાવે છે, તેવી રીતે મૂર્તદ્રવ્યો એટલે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિવાળાં પુદ્ગલદ્રવ્યો છે અને અમૂર્તદ્રવ્યો જીવ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ છે. મૂર્તદ્રવ્યોમાં મૂર્ત ગુણો છે ને અમૂર્ત દ્રવ્યોમાં અમૂર્તત્વ અરૂપીપણું છે. તે ગુણોમાં રૂપીપણું ને અરૂપીપણું–એમ વિશેષતા હોવાથી–જુદાપણું હોવાથી પુદ્ગલદ્રવ્યમાં રૂપીપણું છે ને જીવ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળમાં અરૂપીપણું છે–એમ નક્કી કરવું તે જ્ઞાનની નિર્મળતાનું કારણ છે.

હવે મૂર્ત અને અમૂર્ત ગુણોનાં લક્ષણ તથા સંબંધ અર્થાત્ તેમને ક્યાં દ્રવ્યો સાથે સંબંધ છે તે કહે છે :–

### ગાથા ૧૩૧

**ગુણ મૂર્ત ઈન્દ્રિયગ્રાહ્ય તે પદ્ગલમયી બહુવિધ છે;**
**દ્રવ્યો અમૂર્તિક જેહ તેના ગુણો અમૂર્તિક જાણજે. ૧૩૧.**

**અન્વયાર્થ :—**ઈન્દ્રિયગ્રાહ્ય એવા મૂર્ત ગુણો પુદ્ગલદ્રવ્યાત્મક અનેકવિધ છે; અમૂર્ત દ્રવ્યોના અમૂર્ત ગુણો જાણવા.

## મૂર્ત અને અમૂર્ત ગુણોનું લક્ષણ.

**ટીકા :—**મૂર્ત ગુણોનું લક્ષણ ઈન્દ્રિયોથી જણાય તેવું છે જેમ કે : સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગેરે પાંચ ઈન્દ્રિયોથી જણાય છે માટે તે મૂર્ત ગુણો છે અથવા રૂપી છે.

અમૂર્ત ગુણો ઈન્દ્રિયોથી જણાતા નથી પણ આત્માથી જણાય છે. જેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નથી એવું અરૂપીપણું તે ઈન્દ્રિયોથી જણાતું નથી.

મૂર્ત ગુણો પુદ્ગલ દ્રવ્યના છે કારણ કે પુદ્ગલદ્રવ્ય એક જ મૂર્ત છે અને અમૂર્ત ગુણો બાકીના પાંચ દ્રવ્યો–એટલે જીવ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળના છે કારણ કે પુદ્ગલ સિવાય બાકીના પાંચે દ્રવ્યો અમૂર્ત છે.

આવી રીતે આત્મામાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નથી એમ બીજા ચારમાં પણ નથી, એમ જ્ઞેયોને મૂર્ત–અમૂર્તપણાના ભેદથી યથાર્થ જાણવાં તે જ્ઞાનની વિશેષતાનું કારણ છે.

હવે મૂર્ત પુદ્‌ગલદ્રવ્યના ગુણો કહે છે :–

## ગાથા ૧૩૨

**છે વર્ણ તેમ જ ગંધ વળી રસ—સ્પર્શ પુદ્‌ગલદ્રવ્યને,**
**–અતિસૂક્ષ્મથી પૃથ્વી સુધી; વળી શબ્દ પુદ્‌ગલ, વિવિધ જે. ૧૩૨.**

**અન્વયાર્થ** :–વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ એ ગુણો સૂક્ષ્મથી માંડીને પૃથ્વી પર્યંતના સર્વ પુદ્‌ગલને હોય છે. જે વિવિધ પ્રકારનો શબ્દ તે પુદ્‌ગલ એટલે કે પુદ્‌ગલની પર્યાય.

## પુદ્‌ગલના ગુણો.

**ટીકા** :—ટાઢો, ઉનો વગેરે સ્પર્શ, ખાટો–મીઠો વગેરે રસ, સુગંધ–દુર્ગંધ, સફેદ, લાલ, પીળો વગેરે વર્ણ ઈન્દ્રિયોથી જાણી શકાય છે, કારણ કે તે ઈન્દ્રિયોના વિષયો છે.

એક પરમાણુ તથા કાર્મણવર્ગણા વગેરે જે સૂક્ષ્મ સ્કંધો છે તે વર્તમાન ઈન્દ્રિયથી ગ્રાહ્ય થતા નથી તોપણ તે પરમાણુ ને સૂક્ષ્મ સ્કંધોમાં પણ ઈન્દ્રિયથી જણાવાની યોગ્યતા છે. વર્તમાનમાં પ્રગટ યોગ્યતા નથી પણ શક્તિરૂપ યોગ્યતા ઈન્દ્રિયોથી જણાવાની તેનામાં પડી છે, કારણ કે જે પરમાણુ છૂટો પડ્યો છે તે સ્થૂલ સ્કંધરૂપ થાય ત્યારે તેમ જ સૂક્ષ્મ સ્કંધો ફેરફાર થઈને સ્થૂલરૂપ ધારણ કરે છે ત્યારે તેઓ ઈન્દ્રિયથી જણાય છે. જો તેનામાં ઈન્દ્રિયથી જણાવાની તાકાત ન હોત તો સ્થૂલરૂપ ધારણ કરે ત્યારે પણ ઈન્દ્રિયથી જણાવા ન જોઈએ પણ સ્થૂલ થતાં ઈન્દ્રિયથી જણાય છે માટે તેનામાં સૂક્ષ્મ અવસ્થા વખતે પણ ઈન્દ્રિયથી જણાવાની તાકાત રહેલી છે–એમ નક્કી થાય છે.

માટે એક પુદ્‌ગલદ્રવ્યની સૂક્ષ્મપર્યાયરૂપ પરમાણુથી લઈને અનેક દ્રવ્યાત્મક સ્થૂલપર્યાયરૂપ પૃથ્વીસ્કંધ સુધીના–એક પરમાણુથી લઈ અચેત મહાસ્કંધ સુધીના – બધા પુદ્‌ગલમાં સામાન્યપણે અર્થાત્ કોઈ પુદ્‌ગલને બાકી રાખ્યા વગર બધામાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, વિશેષ ગુણો હોય છે અને તે ગુણો ઈન્દ્રિયગ્રાહ્ય હોવાને લીધે બાકીના પાંચ દ્રવ્યોમાં વર્તતા નથી, એટલે કે સ્પર્શાદિ ગુણો પુદ્‌ગલના જ વિશેષ ગુણો છે તેથી તે ગુણો પુદ્‌ગલને જણાવે છે.

કોઈ પ્રશ્ન કરે કે જીવ અને અજીવ બધું થઈને એક જ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ બધું અદ્વૈત જ છે એમ કહો ને ? આ બધા ભેદો જાણવાનું શું પ્રયોજન છે ?

**સમાધાન :—**ભાઈ, જ્ઞેયોનો સ્વભાવ જેવો છે તેવો જાણવો જોઈએ. જેવી છે તેવો જાણે તો જ્ઞાન યથાર્થ થાય. બધું થઈને એક જાણે તો જ્ઞાન યથાર્થ થતું નથી ને યથાર્થ જ્ઞાન વગર ધર્મ થતો નથી. બધા થઈને એક દ્રવ્ય નથી તેમજ બધા આત્મા થઈને એક આત્મા નથી.

આ જગતમાં છ દ્રવ્યો છે. બધાં થઈને એક દ્રવ્ય નથી.

૧. દ્રવ્યની અપેક્ષાએ તેઓ સામાન્ય છે પણ ચેતના ઉપયોગવાળો તે જીવ છે ને ચેતના રહિત તે અજીવ છે–એમ દ્રવ્યમાં ભેદ છે.
૨. વળી લોક અને અલોક–એમ ક્ષેત્ર અપેક્ષાએ બે ભેદ છે.
૩. ભાવવતી અને ક્રિયાવતી શક્તિની અપેક્ષાએ દ્રવ્યોમાં ભેદ છે.
૪. મૂર્તગુણો અને અમૂર્તગુણોની અપેક્ષાએ દ્રવ્યો જુદાં જુદાં છે–એમ ગુણની અપેક્ષાએ દ્રવ્યમાં ભેદ છે.
૫. વળી દ્રવ્ય તે ગુણ નથી, ગુણ તે દ્રવ્ય નથી, બન્નેમાં કથંચિત્ અતદ્‌ભાવ છે.

આવી રીતે એક દ્રવ્ય ને બીજા દ્રવ્યમાં શું ભેદ છે તે તથા પોતાના દ્રવ્યમાં ભેદાભેદસ્વરૂપ કેવું છે, તે જાણવું જોઈએ. બધું થઈને એક માને તો તેનું જ્ઞાન ખોટું ઠરે છે.

## શબ્દ ગુણ નથી પણ અનેકદ્રવ્યાત્મક પુદ્‌ગલપર્યાય છે.

શબ્દ ઈન્દ્રિયથી જણાય છે માટે ગુણ હશે એમ શંકા કરવી નહિ. શબ્દની વિવિધતા અનેક પ્રકારની છે.

**૧. ભાષાત્મક શબ્દ :**–મનુષ્ય વગેરે જે શબ્દો બોલે છે, તેને ભાષાત્મક શબ્દ કહે છે. તેમાં મનુષ્યની ભાષા અક્ષરી છે ને બે ઈન્દ્રિયથી ચાર ઈન્દ્રિયવાળા તથા તિર્યંચની ભાષા અનક્ષરી છે, અને તે બન્ને પ્રાયોગિક છે.

**૨. અભાષાત્મક શબ્દ :**–બે વસ્તુના આઘાતથી ઉત્પન્ન થાય તે અભાષાત્મક શબ્દ છે તેના પ્રાયોગિક અને વૈસ્રસિક બે ભેદ છે.

**૩. પ્રાયોગિક :**–જો શબ્દ ઊપજવામાં પુરુષ નિમિત્ત હોય તેને પ્રાયોગિક કહે છે. જેમ કે : નગારાં અથવા ઘંટનો અવાજ.

**૪. વૈસ્રસિક :**–જે શબ્દ પુરુષની અપેક્ષારહિત સ્વાભાવિકપણે ઊપજે છે તેને વૈસ્રસિક કહે છે–જેમ કે મેઘગર્જના.

આવી રીતે શબ્દ અનેક પ્રકારની વિવિધતા બતાવે છે તો પણ શબ્દને અનેક પુદ્‌ગલોની બનેલી અવસ્થા તરીકે માનવામાં આવી છે. શબ્દ તે ગુણ નથી. તેમ જ એક ગુણની પર્યાય નથી. શબ્દ અનેક પુદ્‌ગલદ્રવ્યો ને સ્પર્શાદિ બધા ગુણોની ભેગી થયેલી અવસ્થા છે.

શબ્દને પુદ્‌ગલની અવસ્થા માનવામાં ન આવે પણ ગુણ માનવામાં આવે, તો શું દોષ આવે ? તેનું સમાધાન :–

## (૧) શબ્દને અમૂર્ત દ્રવ્યનો ગુણ માને તો ? એવી શંકાનું સમાધાન :

શબ્દ અમૂર્ત દ્રવ્યનો ગુણ નથી. કેટલાક જીવો શબ્દને આકાશનો ગુણ માને છે, પણ તે માન્યતા ખોટી છે, કારણ કે ગુણ અને ગુણીના પ્રદેશો જુદા નથી, એક જ પ્રદેશ છે. ગુણ–ગુણી એક જ પ્રદેશ હોવાના કારણે ગુણ જે ઈન્દ્રિયથી જણાય તે જ ઈન્દ્રિયથી ગુણી પણ જણાવો જોઈએ. શબ્દ તો કાને સાંભળી શકાય છે એટલે ઈન્દ્રિયથી જણાય છે માટે શબ્દને આકાશનો ગુણ માનો તો આકાશ જે ગુણી થયો તે પણ કાનથી સાંભળી શકાવો જોઈએ, પણ આકાશ કાનથી સંભળાતો નથી તેમ જ કોઈપણ ઈન્દ્રિયથી આકાશ જણાતું નથી.

વળી શબ્દને આકાશનો ગુણ માનવામાં આવે તો શબ્દ જેમ ફોનોગ્રાફ, રેડીયો વગેરેમાં ઊતરે છે તેમ આકાશ પણ ફોનોગ્રાફમાં ઊતરવું જોઈએ.

કાન અને શબ્દને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ફોનોગ્રાફ ને શબ્દને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ આકાશને કાન સાથે અથવા ફોનોગ્રાફ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી. માટે નક્કી થાય છે કે શબ્દ તે પુદ્‌ગલની પર્યાય છે પણ આકાશ વગેરે અમૂર્તિક દ્રવ્યોનો ગુણ નથી.

## (૨) શબ્દને મૂર્ત દ્રવ્યનો ગુણ માને તો ? એવી શંકાનું સમાધાન :

શબ્દ તે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગેરે ગુણોની પર્યાય છે. શબ્દ જે પર્યાય છે તે પર્યાયના લક્ષણથી ગુણનું લક્ષણ ઉત્થાપિત થાય છે માટે શબ્દ ગુણ નથી પણ પર્યાય છે. તે નીચે પ્રમાણે છે :–

અવસ્થાનું લક્ષણ અનિત્યપણું એટલે ક્ષણિકપણું છે. અવસ્થા સદાય રહેતી નથી. ગુણનું લક્ષણ નિત્યપણું એટલે ત્રિકાળ રહેવું તે છે. આવી રીતે **ગુણ તથા અવસ્થામાં લક્ષણભેદે ભેદ છે.**

કોઈવાર શબ્દ સંભળાય છે ને કોઈવાર શબ્દ સંભળાતો નથી એટલે કે તેની અવસ્થા સદાય હોતી નથી માટે શબ્દ અનિત્ય છે જ્યારે સ્પર્શ, રસ,

ગંધ, વર્ણ આદિ જે પુદ્‌ગલના ગુણો છે તે તો સદાય હોય જ છે. કોઈ વખતે કોઈપણ પુદ્‌ગલમાં આ ગુણો ન હોય એમ બને જ નહિ.

હવે જો શબ્દને ગુણ માનવામાં આવે તો ગુણનું લક્ષણ તો નિત્યપણું છે તો શબ્દ નિત્ય રહેવો જોઈએ, પણ શબ્દ નિત્ય તો દેખાતો નથી. ભાષા અથવા ખખડાટરૂપી શબ્દ કોઈવાર હોય છે ને કોઈવાર હોતો નથી. માટે જે કોઈવાર હોય ને કોઈવાર ન હોય તેને નિત્ય કહી શકાય નહિ. માટે શબ્દ અનિત્ય છે–એમ નક્કી થાય છે અને અનિત્ય તો પર્યાયનું લક્ષણ છે. અનિત્યપણું ગુણનું લક્ષણ નથી માટે શબ્દ અનિત્ય હોવાના કારણે પુદ્‌ગલની પર્યાય છે પણ ગુણ નથી.

વળી જે ત્યાં નિત્યપણું છે તે શબ્દને ઊપજાવનારાં પુદ્‌ગલદ્રવ્યો અને તેના સ્પર્શાદિક ગુણોનું જ છે. કારણ કે પુદ્‌ગલદ્રવ્યો ને તેના ગુણો તો ત્રિકાળ રહેલાં છે, નાશ પામતાં નથી જ્યારે શબ્દ તો નાશ પામે છે ને ઊપજે છે માટે ક્ષણિક છે તેથી શબ્દપર્યાયનું નિત્યપણું નથી.

કેટલાય જીવો શબ્દ ભીંતમાંથી આવે છે અથવા પહાડની બાજુમાં પડઘા પડે ત્યારે પહાડમાંથી આવે છે અથવા આકાશમાંથી આવે છે, એમ માને છે પણ તે માન્યતા ખોટી છે. શબ્દ તો અનેક પુદ્‌ગલોની અવસ્થા છે– એમ અતિ દ્રઢપણે જાણવું.

## (૩)શબ્દ પુદ્‌ગલની પર્યાય છે તો બધી ઈન્દ્રિયોથી જણાવો જોઈએ, એવી શંકાનું સમાધાન :

વળી શબ્દ પુદ્‌ગલની અવસ્થા હોય તો પૃથ્વીના સ્કંધની જેમ બધી ઈન્દ્રિયોથી જણાવો જોઈએ. પૃથ્વીનો સ્કંધ સ્પર્શથી ટાઢો–ઊનો માલૂમ પડે છે, પૃથ્વીના ઢેફાનો કોઈ સ્વાદ જીભથી માલૂમ પડે છે. તેની સુગંધ અથવા દુર્ગંધ નાકથી માલૂમ પડે છે, તેનો રંગ સફેદ અથવા કાળો આંખથી માલૂમ પડે છે. એટલે જેવી રીતે પૃથ્વી જે પુદ્‌ગલની પર્યાય છે તે સર્વ ઈન્દ્રિયોથી જણાય છે તેવી રીતે શબ્દ પણ પુદ્‌ગલની પર્યાય હોય તો તે પણ સર્વ ઈન્દ્રિયોથી જણાવો જોઈએ–એમ શંકા કરે છે.

સમાધાન :–ભાઈ, તારી વાત બરાબર નથી. પુદ્‌ગલની પર્યાય છે માટે તે પર્યાય બધી ઈન્દ્રિયો દ્વારા વ્યક્તરૂપે જણાવી જ જોઈએ, એવો નિયમ નથી. તેનાં દ્રષ્ટાંતો :–

(૧) પાણી પુદ્‌ગલની અવસ્થા હોવા છતાં નાકથી સુંઘાતું નથી. પાણીમાં જે સુગંધ અથવા દુર્ગંધ છે તે તો તેની સાથે મિશ્રણ રહેલા બીજા પદાર્થની છે. પાણીની ગંધ વ્યક્ત નથી. પાણીમાં સ્પર્શ, રસ ને વર્ણ

વ્યક્ત છે પણ ગંધ વ્યક્તરૂપે નથી તેથી પાણી ઘ્રાણેન્દ્રિયનો વિષય નથી છતાં તે પુદ્ગલની અવસ્થા છે.

(૨) અગ્નિ પુદ્ગલની અવસ્થા હોવા છતાં નાકથી સુંઘાતી નથી તેમ જ જીભથી ચખાતી નથી. (નાકમાં કોઈવાર બળતરા થાય છે તે ત્યાં સ્પર્શથી માલૂમ પડે છે, તેમ જ અગ્નિથી જીભ બળી જાય છે પણ અગ્નિનો રસ જણાતો નથી) અગ્નિમાં સ્પર્શ તથા વર્ણ વ્યક્તરૂપે છે પણ રસ અને ગંધ વ્યક્તરૂપે નથી તેથી અગ્નિ ઘ્રાણેન્દ્રિય તથા રસનેન્દ્રિયનો વિષય નથી તોપણ અગ્નિ તે પુદ્ગલની અવસ્થા છે.

(૩) પવન પુદ્ગલની અવસ્થા હોવા છતાં જીભથી ચખાતો નથી, નાકથી સુંઘાતો નથી, તેમ જ આંખોથી દેખાતો નથી. પવનમાં ગરમ–ઠંડો સ્પર્શ એક જ વ્યક્તરૂપે છે પણ રસ, ગંધ, વર્ણ વ્યક્તરૂપે નથી તેથી પવન રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય તથા ચક્ષુઈન્દ્રિયનો વિષય નથી તોપણ પવન પુદ્ગલની અવસ્થા છે.

વળી એમ નથી કે પાણી ગંધ વિનાનું છે તેથી નાકથી જણાતું નથી, અગ્નિ ગંધ તથા રસ વિનાની છે તેથી નાકથી અને જીભથી જણાતી નથી અને પવન ગંધ, રસ તથા વર્ણ વિનાનો છે તેથી નાક, જીભ તથા આંખથી જણાતો નથી.

પાણીમાં ગંધ અવ્યક્ત કહી તથા બીજા અવ્યક્તના દાખલા આપ્યા, તેનો ખુલાસો એમ છે કે તે ગુણો તો સદાય હયાતી ધરાવે છે પણ ઈન્દ્રિયો વર્તમાનમાં કોઈ કોઈ ગુણની અવસ્થાને પકડી શકતી નથી એ અપેક્ષાએ અવ્યક્ત કહેલ છે. રસગુણ આગળ આવ્યો ને વર્ણ પાછળ રહી ગયો–એમ નથી. કારણ કે સર્વ પુદ્ગલો, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ સહિત સ્વીકારવામાં આવ્યા છે. માત્ર ફેર એટલો છે કે પૃથ્વીમાં ચારે ગુણો વ્યક્ત છે, પાણીમાં ગંધ અવ્યક્ત છે, અગ્નિમાં ગંધ તથા રસ અવ્યક્ત છે અને વાયુમાં ગંધ, રસ તથા વર્ણ અવ્યક્ત છે.

આ વાતની સિદ્ધિ માટે યુક્તિ આ પ્રમાણે છે :

(૧) જેને સ્પર્શ–રસ–ગંધ–વર્ણ ચારે વ્યક્ત છે એવા ચંદ્રકાંતમણિરૂપ પૃથ્વીમાંથી પાણી ઝરે છે કે જે પાણીમાં ગંધ અવ્યક્ત છે.

(૨) અરણિના લાકડામાંથી જે પુદ્ગલો અગ્નિ થાય છે કે જે અગ્નિમાં ગંધ તથા રસ અવ્યક્ત છે.

(૩) જવ ખાવાથી પેટમાં વાયુ થાય છે કે જેમાં ગંધ, રસ તથા વર્ણ અવ્યક્ત છે.

માટે નક્કી થાય છે કે (૧) ચંદ્રકાંતમણિમાં, (૨) અરણિમાં અને (૩) જવમાં રહેલા ચારે ગુણો (૧) પાણીમાં, (૨) અગ્નિમાં અને (૩) વાયુમાં હોવા જોઈએ, માત્ર ફેર એટલો જ કે તે ગુણોમાંથી કેટલાક અપ્રગટરૂપે પરિણમ્યા છે.

વળી પાછા

(૧) પાણી જેમાં ગંધ અવ્યક્ત છે ને ત્રણ ગુણ પ્રગટ છે તે જ પાણી મોતીરૂપ પૃથ્વીકાયપણે નીપજતાં

અથવા

(૨) અગ્નિ જેમાં રસ તથા ગંધ અવ્યક્ત છે ને બે જ ગુણ પ્રગટ છે તે જ અગ્નિ કાજળરૂપ પૃથ્વીકાય નીપજતાં

ચારે ગુણ પ્રગટ થતાં જોવામાં આવે છે.

માટે આ દ્રષ્ટાંતો ઉપરથી નક્કી થાય છે કે જે પુદ્‌ગલની પર્યાયો છે તે બધી ઈન્દ્રિયો દ્વારા વ્યક્ત નહીં હોવા છતાં તેને પુદ્‌ગલની પર્યાયો કહેવામાં બાધા પહોંચતી નથી. શબ્દ ભલે કર્ણેન્દ્રિય દ્વારા ગ્રાહ્ય થાય ને બીજી ઈન્દ્રિય દ્વારા ગ્રાહ્ય ન થાય તોપણ શબ્દની પર્યાયમાં સ્પર્શાદિ ગુણો અંતર રહેલા છે, તેથી શબ્દ પુદ્‌ગલની જ પર્યાય છે.

વળી કોઈ પર્યાયમાં કોઈ ગુણના વિચિત્ર પરિણામને લીધે કોઈવાર પ્રગટપણું કે કોઈવાર અપ્રગટપણું તેના નિત્ય દ્રવ્યસ્વભાવનો ઘાત કરતું નથી. પાણીમાં ગંધ દેખાતી નથી માટે ગંધનું નિત્યપણું જતું નથી પણ ગંધનું નિત્યપણું તો પાણીમાં હોય જ છે; અગ્નિમાં રસ–ગંધ દેખાતાં નથી માટે રસ, ગંધનું નિત્યપણું જતું નથી પણ રસ ને ગંધનું નિત્યપણું તો અગ્નિમાં હોય જ છે; તેવી રીતે શબ્દમાં સ્પર્શ, રસ વગેરે વ્યક્ત દેખાતાં નથી માટે સ્પર્શાદિનું નિત્યપણું જતું નથી પણ સ્પર્શાદિ ગુણોનું નિત્યપણું શબ્દની પર્યાયમાં રહેલું જ છે.

જેમ પાણીમાં ગંધ વ્યક્ત નથી તોપણ પાણીમાં ગંધગુણ છે તેમ જ્યારે શબ્દ વ્યક્ત નથી હોતો ત્યારે શબ્દ નામનો એક ખાસ ગુણ પુદ્‌ગલની અંદર રહેતો હોય તો ? એમ કોઈ પ્રશ્ન કરે, તો તેનું સમાધાન :–

જો શબ્દ ગુણ હોય તો તે નિત્ય રહેવો જોઈએ અને એક છૂટા પરમાણુમાં પણ તે હોવો જોઈએ. એક પરમાણુ છૂટું હોય છે ત્યારે કોઈ દિવસ શબ્દરૂપે તે પરિણમતું નથી. એક પરમાણુમાં સ્પર્શાદિ ચારે ગુણો રહેલા છે. પણ એક પરમાણુમાં શબ્દ નામનો જુદો ગુણ હોતો નથી. અનેક પરમાણુઓ ભગા થાય તો, અને તે પણ ક્યારેક ક્યારેક શબ્દ સંભળાય છે માટે નક્કી થાય છે કે શબ્દ નામનો ગુણ અંદરમાં અવ્યક્ત રહેલો નથી પણ

ઘણા પરમાણુ અને તેના સ્પર્શાદિ બધા ગુણોની અવસ્થા ભેગી થઈને શબ્દ થાય છે.

જેમ પરમાણુમાં કર્મ નામનો ગુણ નથી પણ ઘણા પરમાણુ ભેગા થઈને કર્મરૂપે પરિણમે છે; તેમ પરમાણુમાં શબ્દ નામનો ગુણ નથી પણ ઘણા પરમાણુ ભેગા થઈને શબ્દરૂપે પરિણમે છે.

આવી રીતે શબ્દ તે અમૂર્ત દ્રવ્યોનો ગુણ નથી તેમ જ મૂર્ત દ્રવ્યોનો પણ ગુણ નથી પણ શબ્દ તે પુદ્ગલોની અવસ્થા છે–એમ નક્કી થાય છે.

શબ્દનું આટલું બધું વિવેચન કર્યું, તેમાં ધર્મ શું આવ્યો ? એમ કોઈ પ્રશ્ન કરે, તો તેનું સમાધાન :–

અનાદિકાળથી જીવ ભ્રમણાથી માને છે કે આત્મા બોલી શકે છે ને શબ્દને પરિણમાવી શકે છે–એમ મૂર્તિક અવસ્થાનો આત્મા અજ્ઞાનથી કર્તા થાય છે પણ સાચું જ્ઞાન કરતાં પુદ્ગલની પર્યાયનો આત્મા કર્તા નથી પણ જ્ઞાતા છે–એમ નક્કી કરતાં, શબ્દના કર્તૃત્વનું અભિમાન ટળી જાય છે ને પોતે જ્ઞાતા રહે છે.

વળી પ્રશંસાના શબ્દોને લીધે કે નિંદાના શબ્દોને લીધે ભ્રમણાથી જીવ રાગદ્વેષ કરતો કે અમુક શબ્દો આત્માને સુખકર્તા છે ને અમુક શબ્દો આત્માને દુઃખકર્તા છે–એમ માનતો, પણ શબ્દ ગમે તે હો તે તો પુદ્ગલની અવસ્થા છે ને તે તો જ્ઞેય છે અને આત્મા તેનો જાણનાર છે–એવું જ્ઞેયતત્ત્વનું સાચું જ્ઞાન થતાં એકત્વબુદ્ધિના રાગદ્વેષ ટળીને પોતામાં શાંતિ પ્રગટ થાય છે ને તે જ ધર્મ છે.

આ જ્ઞેયતત્ત્વ અધિકાર છે. શબ્દ તે પુદ્ગલની અવસ્થા છે ને તે એક જ્ઞેય છે. તે અવસ્થાને કરવી કે તેનાથી સુખ–દુઃખ માનવું તે આત્માનું કર્તવ્ય નથી પણ તેને જ્ઞેય તરીકે જાણી લેવું, તે જ આત્માનું કર્તવ્ય છે અને એ જ ધર્મ છે.

***

# પ્રસાદ નં. ૭૨

## પ્રવચનસાર ગાથા ૧૩૩—૧૩૪.

(પોષ સુદ ૯, મંગળવાર)

હવે અમૂર્ત એવાં બાકીનાં દ્રવ્યોના ગુણ કહે છે :–

**અવગાહ ગુણ આકાશનો, ગતિહેતુતા છે ધર્મનો,**
**વળી સ્થાનકારણતારૂપી ગુણ જાણ દ્રવ્ય અધર્મનો. ૧૩૩.**
**છે કાળનો ગુણ વર્તના, ઉપયોગ ભાખ્યો જીવમાં,**
**એ રીત મૂર્તિવિહીનતા ગુણ જાણવા સંક્ષેપમાં. ૧૩૪.**

**અન્વયાર્થ :—**આકાશનો અવગાહ, ધર્મદ્રવ્યનો ગમનહેતુત્વ અને વળી અધર્મદ્રવ્યનો ગુણ સ્થાનકારણતા છે. કાળનો ગુણ વર્તના છે, આત્માનો ગુણ ઉપયોગ કહ્યો છે. આ રીતે અમૂર્તદ્રવ્યોના ગુણો સંક્ષેપથી જાણવા.

## પુદ્‌ગલના ગુણો જાણવાનું ફળ.

ગઈકાલે પુદ્‌ગલદ્રવ્યની વાત કહેવાઈ ગઈ છે. તેમાં પુદ્‌ગલોની વાત કરી હતી. શબ્દ તે પુદ્‌ગલની પર્યાય છે ને તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ રહેલા છે, તેમ જાણવું. પણ શબ્દ આત્માને જ્ઞાન કરાવી આપે છે તથા આત્માને સુખ આપે છે–એમ સમજવું નહિ. નિંદાના શબ્દથી મને દુઃખ થાય છે અને પ્રશંસાના શબ્દથી સુખ થાય છે–એમ સમજવું નહિ. બન્ને શબ્દો છે ને તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જ ભરેલા છે.

પ્રશ્ન :–શાતાવેદનીય કર્મ સુખ આપે છે ને ?

ઉત્તર :–શાતાવેદનીય કર્મ સુખ આપતું નથી પણ તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ છે–એમ સમજવું.

વળી, પુદ્‌ગલ દ્રવ્ય આત્માથી ચાલે છે કે તેનાથી આત્માને સુખ થાય, તેમ સમજવું નહિ. પુદ્‌ગલનો પોતાનો ક્ષેત્રાંતર થવાનો ગુણ છે તેથી તે ચાલે છે. વળી તે સ્પર્શ, રસ, આદિરૂપે પરિણમે છે પણ બીજાને સુખ આપવાનો તેનામાં ગુણ નથી. અજ્ઞાની જીવ પોતાના ભ્રમના કારણે સુખની કલ્પના કરી જડ પદાર્થોમાં સુખ માને છે પણ તેમાં વાસ્તવિક સુખ છે જ નહિ.

વળી આત્મા બીજાને ચલાવી દે એવો આત્માનો સ્વભાવ નથી. પર પદાર્થનાં ગ્રહણ–ત્યાગની વાત આત્મામાં છે જ નહિ. વળી આત્મા છે તો ભાષા બોલાય છે, તે પણ અજ્ઞાનભાવ છે. ભાષા જડની પર્યાય છે, તેમ સાબિત કરેલ છે. આત્મા તેનો કર્તા નથી.

આવી રીતે ગઈકાલે પુદ્ગલોના ગુણોની વાત કરી તેનો આ સાર છે ને તે સાર સમજે તો પર પદાર્થનો કર્તૃત્વ ભાવ મટી પોતામાં ધર્મદશા પ્રગટ થાય ને સુખ શાંતિ થાય.

આજે તો અમૂર્તદ્રવ્યોના ગુણોની વાત શરૂ થાય છે.

## અમૂર્ત દ્રવ્યોના ગુણો.

કોઈ કહે કે માત્ર મૂર્ત દ્રવ્યોને જાણી શકાય અને અમૂર્તને જાણી ન શકાય પણ એમ માનવું ખોટું છે. જડમાં બિલકુલ જ્ઞાન નથી. આત્મામાં પરિપૂર્ણ જ્ઞાન છે, તે કોને ન જાણે ? માટે આત્મા બધાં મૂર્ત અને અમૂર્ત દ્રવ્યોને જાણી શકે છે.

ટીકા :–**આકાશનો ગુણ**—બધાં દ્રવ્યોને એકી સાથે અવગાહ આપવાનું હેતુપણું આકાશનો વિશેષ ગુણ છે. હેતુપણું એટલે નિમિત્તપણું. બીજા દ્રવ્યો પોતાના કારણે અવગાહ લ્યે છે ત્યારે આકાશ નિમિત્ત કહેવાય છે. આકાશ વ્યાપક છે. બધાંને અવગાહમાં નિમિત્ત થવાનો તેનો ગુણ છે. આકાશ અનંત પ્રદેશી લોક અને અલોક પ્રમાણ અખંડ અરૂપી દ્રવ્ય છે.

**ધર્મદ્રવ્યનો ગુણ :**—જીવો અને પુદ્ગલો પોતાના કારણે ગમન કરે ત્યારે એકી સાથે તે બધાને ગમનમાં નિમિત્તરૂપ થવાનો વિશેષગુણ–ગતિહેતુત્વ ધર્મદ્રવ્યમાં છે. ને તે ધર્મદ્રવ્ય અસંખ્યપ્રદેશી લોકપ્રમાણ અરૂપી દ્રવ્ય છે. ધર્મદ્રવ્ય જીવ તથા પુદ્ગલને ગતિ કરાવતું નથી પણ જીવ પુદ્ગલ ગતિ કરે ત્યારે નિમિત્ત થાય છે.

**અધર્મદ્રવ્યનો ગુણ :**—જીવો અને પુદ્ગલો પોતાના કારણે ગતિપૂર્વક સ્થિતિ કરે ત્યારે એકીસાથે બધાને સ્થિરતામાં નિમિત્તરૂપ થવાનો વિશેષગુણ સ્થિતિહેતુત્વ અધર્મદ્રવ્યમાં છે ને તે અધર્મદ્રવ્ય અસંખ્યપ્રદેશી લોકપ્રમાણ અરૂપી દ્રવ્ય છે. અધર્મદ્રવ્ય જીવ પુદ્ગલને સ્થિર કરી દેતું નથી પણ જીવ પુદ્ગલ સ્થિર થાય ત્યારે નિમિત્ત કહેવાય છે.

**કાળદ્રવ્યનો ગુણ :**—જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ પાંચે દ્રવ્યોને દરેક પર્યાયે પલટવામાં નિમિત્તપણું–વર્તના હેતુત્વ કાળનો વિશેષગુણ છે. લોકાકાશના એક એક પ્રદેશે એક એક કાળાણુ છે. એવા અરૂપી અસંખ્ય કાળાણુ લોકમાં છે.

કોઈ કહે છે કે ‘‘સિદ્ધ ભગવંતોએ કાળદ્રવ્યને આધીન થઈને પરિણમવું પડે છે.’’ તો તે માન્યતા ભૂલભરેલી છે. કોઈ દ્રવ્ય પરાધીન નથી. કાળદ્રવ્ય કોઈને પરિણમાવી દેતું નથી પણ દ્રવ્યો પોતાના પરિણામસ્વભાવને કારણે પલટે છે ત્યારે કાળ નિમિત્ત કહેવાય છે. કારણ કે પરિણામનું હેતુપણું એટલે નિમિત્તપણું તે કાળનો વિશેષગુણ છે.

**જીવદ્રવ્યનો ગુણ** :—ચૈતન્ય પરિણામ એટલે જાણવું-દેખવું તે જીવનો વિશેષગુણ છે. બીજા પદાર્થો છે તેથી જીવ જાણે છે, એમ નથી. તેમ જ કોઈ પદાર્થને ન જાણે તેમ પણ નથી. અસંખ્યપ્રદેશી એક એક જીવ એવા અરૂપી અનંતા જીવો લોકમાં છે.

જ્ઞાનનો સ્વભાવ સામાન્ય ને વિશેષ બધું જાણવાનો છે. આટલા બધા વિશેષો જાણવાથી રાગ ઉત્પન્ન થશે, એમ માની અજ્ઞાની જીવ પોતાના જ્ઞાનસ્વભાવનો નકાર કરે છે. જ્ઞાન સ્વ–પર પ્રકાશક છે. એક સાથે બધું જાણવાની તાકાત જીવમાં છે. વિશેષનું જ્ઞાન રાગનું કારણ નથી પણ પોતાની રાગની યોગ્યતા જ રાગનું કારણ છે.

પરનું ભલું–બૂરું કરી દે તેવો જીવનો સ્વભાવ નથી. પરમાણુને હેરવવું–ફેરવવું તે પણ તેનો સ્વભાવ નથી. રાગદ્વેષ દયાદાન વગેરે પણ તેનો સ્વભાવ નથી, તે તો કૃત્રિમ અવસ્થામાં ઉપાધિ છે, ખરો સ્વભાવ નથી. જ્ઞાતાદ્રષ્ટા જીવનો ખરો સ્વભાવ છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે 'દ્રવ્યસંગ્રહ'માં જીવને મૂર્ત કહ્યો છે ને ? સમાધાન :–જીવમાં મૂર્તપણું નથી પણ સંસારદશામાં જીવને કર્મ તથા શરીરનો સંયોગ હોય છે તેથી ઉપચારથી મૂર્ત કહ્યો છે. જીવ ત્રણે કાળે અમૂર્ત ચૈતન્યગુણથી ઓળખાય છે.

મિત્રમાં અનુકૂળતા ને શત્રુમાં પ્રતિકૂળતા જીવ અજ્ઞાનભાવે કલ્પે છે. તે તો તારાથી જુદા જીવદ્રવ્ય છે. તેને તેના ચેતના પરિણામથી ઓળખવા. તેનાં શરીરો તથા ભાષા વગેરેને તેના જીવથી જુદા છે–એમ ઓળખવાં. પણ કોઈ જીવ બીજાને લાભ–નુકશાન કરે છે, એમ ન ઓળખવું.

આ પ્રમાણે અમૂર્ત દ્રવ્યોના વિશેષ ગુણોનું સંક્ષેપ જ્ઞાન થતાં અમૂર્ત દ્રવ્યોને જાણવાનાં લક્ષણ પ્રાપ્ત થાય છે એટલે કે તે તે લક્ષણથી અમૂર્ત દ્રવ્યોનું હોવાપણું સાબિત થાય છે.

આવી રીતે દ્રવ્યોનું લક્ષણ દ્વારા ભેદજ્ઞાન કરવું-નિર્ણય કરવો તે સમ્યગ્દર્શન–જ્ઞાન ને ચારિત્રનું કારણ છે.

હવે સ્પષ્ટતાપૂર્વક સમજાવે છે.

## આકાશનું લક્ષણ અવગાહહેતુત્વ.

ત્યાં એક જ કાળે સર્વે દ્રવ્યોને સામાન્ય અવકાશની પ્રાપ્તિમાં આકાશ નિમિત્ત છે. બીજાં દ્રવ્યો જેમ કે જીવ–પુદ્‌ગલ સર્વવ્યાપક નથી, કાળાણુ એક પ્રદેશી છે તથા ધર્મ ને અધર્મ લોકાકાશમાં હોવા છતાં અલોકાકાશમાં નથી તેથી તે દ્રવ્યો સર્વવ્યાપક નથી માટે સર્વને અવગાહનમાં તે દ્રવ્યો નિમિત્ત થઈ શકે નહિ. માત્ર આકાશ ક્ષેત્રે સર્વથી મોટું છે ને લોક તથા અલોકમાં

સર્વવ્યાપક છે તે જ બધાને અવગાહ આપવામાં નિમિત્ત થઈ શકે એવું છે. એવો તેનો સ્વભાવ છે ને ભગવાનના કેવળજ્ઞાનમાં એમ જ આવ્યું છે.

## ધર્મદ્રવ્યનું લક્ષણ ગતિહેતુત્વ.

એક જ કાળે ગતિરૂપે પરિણમેલાં સમસ્ત જીવ ને પુદ્ગલો લોક સુધી ગમન કરે ત્યારે ગમનમાં નિમિત્તપણું ધર્મદ્રવ્યને જણાવે છે.

કાળ ને પુદ્ગલ એકપ્રદેશી છે તેથી તેઓમાં ગતિહેતુત્વ સંભવતું નથી. જીવ (સમુદ્ઘાત સિવાય) લોકના અસંખ્યમા ભાગમાત્ર હોવાથી તેને તે સંભવતું નથી કારણ કે જે દ્રવ્ય લોકાકાશ પ્રમાણ અખંડ હોય તેમાં જ તે સંભવી શકે.

લોક ને અલોકની મર્યાદા નક્કી હોવાથી આકાશને ગતિહેતુત્વ સંભવતું નથી. આકાશમાં ગતિહેતુત્વ હોય તો લોકનાં જીવ-પુદ્ગલોને અલોકમાં જવાનો પ્રસંગ આવે ને તે અલોકમાં જાય તો લોક ને અલોકની મર્યાદાનું લક્ષણ નક્કી કરેલ છે તે ખોટું ઠરશે, પણ એમ બનતું નથી. લોકનું દ્રવ્ય લોકમાં જ રહે, અલોકમાં જાય નહિ. માટે ગતિહેતુત્વ આકાશમાં સંભવતું નથી.

અધર્મદ્રવ્ય તો ગતિથી વિરુદ્ધ કાર્ય એટલે કે સ્થિતિહેતુત્વમાં નિમિત્ત છે માટે તે પણ ગતિમાં નિમિત્ત થઈ શકે નહિ.

માટે જીવ ને પુદ્ગલો ગમન કરે ત્યારે તેને બધાને એકી સાથે ગતિમાં નિમિત્ત થવાનો ગુણ ધર્મદ્રવ્યમાં રહેલો છે તેથી ગતિહેતુત્વ ધર્મદ્રવ્યને સાબિત કરે છે.

## અધર્મદ્રવ્યનું લક્ષણ સ્થિતિહેતુત્વ.

એવી જ રીતે એક જ કાળે ગતિપૂર્વક સ્થિતિ પામેલા બધાં જીવ અને પુદ્ગલોને લોક સુધી સ્થિતિમાં નિમિત્તપણું અધર્મદ્રવ્યમાં છે. કારણ કે કાળ અને પુદ્ગલ એકપ્રદેશી છે તેથી તેમાં સ્થિતિહેતુત્વ હોઈ શકે નહિ. જીવ (સમુદ્ઘાત સિવાય) લોકના અસંખ્યાતમા ભાગમાત્ર હોવાથી તેને પણ તે હોઈ શકે નહિ. કારણ કે સ્થિતિહેતુત્વ સ્થિતિહેતુત્વ લોકાકાશ પ્રમાણ અખંડ દ્રવ્યને જ સંભવી શકે.

લોક અને અલોકની સીમા નક્કી છે તેથી આકાશમાં સ્થિતિપણું નથી. આકાશમાં તે હોય તો લોકનાં દ્રવ્યો અલોકમાં સંભવે ને લોક અલોકની મર્યાદા ન રહેતાં બંને એક થઈ જાય, પણ એમ બનતું નથી. માટે આકાશમાં સ્થિતિહેતુત્વ નથી.

ધર્મદ્રવ્ય તો સ્થિતિથી વિરુદ્ધ-ગતિમાં નિમિત્ત છે માટે તેને તે સંભવતું નથી.

આ પ્રમાણે ગતિપૂર્વક સ્થિતિ થતાં જીવ–પુદ્ગલોને એક સાથે સ્થિતિમાં નિમિત્ત થવાનો ગુણ અધર્મદ્રવ્યને સાબિત કરે છે.

## કાળનું લક્ષણ વર્તનાહેતુત્વ.

એવી જ રીતે (કાળ સિવાય) બાકીના સમસ્ત દ્રવ્યોને દરેક અવસ્થાએ પલટવામાં નિમિત્તભૂત એવો વર્તનાહેતુત્વ નામનો ગુણ કાળને જણાવે છે. લોકાકાશના એક પ્રદેશે એક એવા અસંખ્ય અરૂપી કાળાણુ છે.

કાળ સિવાયના દ્રવ્યોની અવસ્થા "એક સમયમાં આ અવસ્થા થઈ છે," એમાં વ્યવહારે સમયની અપેક્ષા આવે છે માટે તેમાં કોઈ દ્રવ્ય નિમિત્ત હોવું જોઈએ. હવે તે પાંચે દ્રવ્યો પોતે જ સમયે સમયે પરિણમી રહ્યાં છે માટે તે પાંચેના પરિણમનમાં પોતાને નિમિત્ત પોતે હોઈ શકે નહિ તેથી પાંચે દ્રવ્યોમાં વર્તનાહેતુત્વ નથી એમ નક્કી થાય છે. માટે વર્તનાહેતુત્વ કાળદ્રવ્યને સાબિત કરે છે.

## જીવનું લક્ષણ ચૈતન્યપરિણામ.

એવી જ રીતે ચૈતન્યપરિણામ–જાણવું–દેખવું તે માત્ર જીવદ્રવ્યને વિષે છે. નિગોદથી લઈને સિદ્ધના જીવો ચૈતન્યપરિણામથી ઓળખાય છે. બીજા પાંચ દ્રવ્યો તો અચેતન છે. અચેતનપણામાં ચેતનપણું હોઈ શકે નહિ માટે તે પાંચમાં ચેતનપણું સંભવતું નથી, તેથી ચેતનપણાથી જીવદ્રવ્ય સાબિત થાય છે.

જીવનું લક્ષણ ચૈતન્યપરિણામ કહ્યું પણ પૈસાની સંભાળ રાખવી તે જીવનું લક્ષણ નથી. કારણ કે પૈસા વગેરે જડ પદાર્થો કોઈના રક્ષણના ભાવથી ટકી રહ્યા નથી. એમ હોય તો રક્ષણનો ભાવ નાશ પામતાં તે પૈસાનો પણ નાશ થવો જોઈએ, પણ એમ બનતું નથી. તે પદાર્થો તેના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગેરે ગુણોથી રક્ષાએલા ને ટકેલા જ પડ્યા છે, તેમ જ બીજા જીવો પણ તેના ચૈતન્યગુણથી રક્ષાએલા છે જ. એક જીવ બીજાને રક્ષણ આપી શકે એવો જીવમાં ગુણ જ નથી.

વળી કોઈ અજ્ઞાની જીવ દલીલ કરે છે કે બહુનાં કામ કરી આપે તે જીવ કહેવાય. ઉધામા ન કરે ને એક બાજુ પડ્યો રહે તે કાંઈ જીવ કહેવાય?–સમાધાન :–ભાઈ, પરની અવસ્થા કરવી કે ઉધામાના ભાવ કરવા તે જીવનું લક્ષણ જ નથી. પરને તથા રાગને જાણવાના ચૈતન્ય પરિણામ તે તારું લક્ષણ છે. માટે ચૈતન્યપરિણામ જીવ દ્રવ્યને સાબિત કરે છે.

આ પ્રમાણે ગુણવિશેષથી દ્રવ્યોના ભેદ જાણવા.

ભાવાર્થ :–આગલી ગાથામાં કહેવામાં આવ્યું હતું કે સ્પર્શ, રસ, ગંધ, વર્ણથી પુદ્‌ગલ દ્રવ્યોનું અસ્તિત્વ સાબિત થાય છે. અહીં અરૂપી દ્રવ્યોનાં લક્ષણો બતાવી તેને સાબિત કરે છે.

(૧) જાણવા–દેખવાનું લક્ષણ જીવને અનુભવમાં આવે છે માટે તે લક્ષણથી અનંતા જીવોનું હોવાપણું સાબિત થાય છે, શરીરની ક્રિયા કે રાગથી જીવ સાબિત થતો નથી. (૨) જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, કાળ પોતના કારણે અવગાહ લ્યે છે ત્યારે તેમાં નિમિત્ત કોઈપણ દ્રવ્ય હોવું જોઈએ ને તે દ્રવ્ય લોક, અલોકમાં ફેલાએલ અનંતપ્રદેશી એક અખંડ અરૂપી આકાશ છે. (૩) જેમ માછલાને ગતિ કરવામાં જળ નિમિત્ત છે તેમ જીવ અને પુદ્‌ગલો પોતાના કારણે ગતિ કરે ત્યારે તેમાં નિમિત્ત કોઈપણ દ્રવ્ય હોવું જોઈએ ને તે દ્રવ્ય લોકવ્યાપક અસંખ્યપ્રદેશી એક અખંડ અરૂપી ધર્મદ્રવ્ય છે. (૪) જેમ મનુષ્યને સ્થિતિ કરવામાં પૃથ્વી નિમિત્ત છે તેમ ગતિમાન જીવ પુદ્‌ગલો પોતાના કારણે સ્વયં સ્થિતિ કરે ત્યારે સ્થિતિમાં કોઈ દ્રવ્ય હોવું જોઈએ ને તે લોકવ્યાપક અસંખ્યપ્રદેશી એક અખંડ અરૂપી અધર્મદ્રવ્ય છે. (પ) જેમ કુંભારના ચક્રને ફરવામાં ખીલી નિમિત્તભૂત છે તેમ જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ પોતે પોતાના પલટન સ્વભાવના કારણે પલટન પામે છે ત્યારે પલટનમાં નિમિત્ત કોઈ દ્રવ્ય હોવું જોઈએ. તે લોકના એક પ્રદેશે એક એવા અસંખ્ય અરૂપી કાળાણુ છે, જેની અવસ્થા સમય, ઘડી, દિવસ, વર્ષ ઇત્યાદિરૂપે વ્યક્ત થાય છે. તેનાથી કાળ સાબિત થાય છે.

આ પ્રમાણે ગુણભેદથી દ્રવ્યોના ભેદ નક્કી કરવા.

## જ્ઞેયોના ભેદ જાણવાનું પ્રયોજન થતા ફળ.

કોઈ પ્રશ્ન કરે કે આટલા બધા જ્ઞેયોના ભેદ કેમ ? ઝાઝું (વધારે) જાણવાથી જ્ઞાન ઉછાછળું થઈ જાય તો ? આટલી બધી લપ શી ? એકલો આત્મા જાણીને બેસી રહીએ તો શું વાંધો ? તો કહે છે કે અનંતા પ્રકારનાં જ્ઞેયોને જાણવાનો તારો સ્વભાવ છે. ભેદને મારે જાણવો નથી, એમ તું કહે તો તું તારા જ્ઞાનસ્વભાવનો જ નકાર કરે છે. અનંતાને જાણવાનો બેહદ સ્વભાવ તારો છે. વધારે જાણવા જતાં જ્ઞાન ઉછાછળું થતું નથી પણ <u>પ્રશમના લક્ષે મનને ગંભીર કરીને જ્ઞેયોને જાણતાં વીતરાગદશા પ્રગટ થાય છે.</u>

બધાં જ્ઞેયો તરફ જાણવાનું વલણ કરે છે માટે રાગ થતો નથી પણ રાગની ભૂમિકા છે માટે રાગ થાય છે. કેવળી ભગવાન અનંતા પદાર્થોને અનંતા ભેદ–પ્રભેદ સહિત જાણે છે. તેમને રાગ બિલકુલ થતો નથી. છ દ્રવ્યો તારાં જ્ઞેય છે, તેટલું જાણવાનું તારું જ્ઞાન છે. છ દ્રવ્યોનાં જ્ઞાનથી

ઓછું જ્ઞાન તું કરીશ તો તેં જ્ઞાનગુણને માન્યો નથી ને તેથી જીવને પણ તેં માન્યો નથી.

તારો સ્વભાવ પર પદાર્થની પર્યાયને ફેરવવાનો નથી, તેમ જ ભવિષ્યકાળની પર્યાયને વર્તમાનમાં લાવું તેવો વિકલ્પ કરવો તે પણ તારો સ્વભાવ નથી. તારો સ્વભાવ તો જ્ઞાતાદ્રષ્ટા છે. આ જ્ઞેયતત્ત્વ–પ્રજ્ઞાપન અધિકાર છે. જેવાં જ્ઞેયો છે તેવાં જ જ્ઞેયોને જાણવા તે તારું કર્તવ્ય છે, એ જ ધર્મ ને શાંતિનું કારણ છે.

***

# પ્રસાદ નં. ૭૩

## પ્રદેશોની અપેક્ષાએ દ્રવ્યોમાં ભેદ.

(પ્રવચનસાર ગાથા ૧૩૫, પોષ સુદ ૧૦, બુધવાર)

હવે દ્રવ્યોના પ્રદેશીપણાથી અને અપ્રદેશીપણાથી ભેદ બતાવે છે :–

**જીવદ્રવ્ય, પુદ્‌ગલકાય, ધર્મ, અધર્મ, વળી આકાશને**
**છે સ્વપ્રદેશ અનેક, નહિ વર્તે પ્રદેશો કાળને. ૧૩૫.**

**અન્વયાર્થ :—**જીવો, પુદ્‌ગલકાયો, ધર્મ, અધર્મ અને વળી આકાશ સ્વપ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાત અર્થાત્ અનેક છે; કાળને પ્રદેશો નથી.

**ટીકા :—**દ્રવ્યોમાં પ્રદેશોની અપેક્ષાએ દ્વૈતપણું અથવા ભેદપણું બતાવે છે. પ્રદેશ એટલે પહોળાઈ, અવયવ ક્ષેત્રનો અંશ.

જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશ અનેક પ્રદેશવાળાં હોવાથી પ્રદેશવંત છે. કાળાણુ એકપ્રદેશી હોવાથી અપ્રદેશી છે. અનેકપ્રદેશી દ્રવ્યો છે તો એકપ્રદેશી દ્રવ્ય હોવું જોઈએ. આવી રીતે એક તથા અનેકપ્રદેશીપણું દ્વૈતપણું બતાવે છે.

જીવ સંકોચ વિસ્તાર પામે છે. કીડીનું નાનું રૂપ ધારણ કરે, હાથીનું મોટું રૂપ ધારણ કરે અથવા કેવળસમુદ્‌ઘાત કરે, ત્યારે પણ જીવ લોકાકાશના જેટલા અસંખ્ય પ્રદેશોને કદી પણ છોડતો નથી. અસંખ્યમાં કદી પણ ઓછાવત્તા થતા નથી માટે જીવ પ્રદેશવાન છે.

પુદ્‌ગલપરમાણુ દ્રવ્ય અપેક્ષાએ એક જ પ્રદેશી છે એટલે છૂટો હોય છે ત્યારે એક જ પ્રદેશી છે. પણ તેનામાં ચીકાશ–લૂખાશ ગુણના કારણે બીજા પરમાણુ સાથે ભળીને સ્કંધ થવાની યોગ્યતા છે. પુદ્‌ગલ સ્કંધરૂપે થાય છે ત્યારે બે પ્રદેશોથી માંડીને સંખ્યાત, અસંખ્યાત, અનંતપ્રદેશી પણ થાય છે. અનંતપ્રદેશી થઈ જાય, વળી બે પ્રદેશી થઈ જાય. અમુક જ પ્રદેશો નિશ્ચિત રહેતા નથી માટે અનિશ્ચિત કહ્યા છે. પણ સ્કંધરૂપ થાય છે ત્યારે બેથી અનેક પ્રદેશવાળો થાય છે માટે વ્યવહારથી પુદ્‌ગલ પ્રદેશવાન છે.

ધર્મદ્રવ્ય સકળ લોકાકાશમાં ફેલાએલું છે ને તે અસંખ્યપ્રદેશી અખંડદ્રવ્ય છે માટે પ્રદેશવાન છે; અધર્મદ્રવ્ય પણ સકળ લોકાકાશમાં ફેલાએલું છે ને તે અસંખ્યપ્રદેશી અખંડ દ્રવ્ય છે માટે પ્રદેશવાન છે અને આકાશ લોક અને અલોકમાં સર્વવ્યાપક છે ને તે અનંતપ્રદેશી અખંડ દ્રવ્ય છે માટે પ્રદેશવાન છે.

કાળાણુ એક જ પ્રદેશી છે. વળી જેવી રીતે પરમાણુ બીજા પરમાણુ સાથે મળીને સ્કંધરૂપ થતાં અનેકપ્રદેશી થાય છે તેવીરીતે કાળાણુ બીજા

કાળાણુ સાથે મળીને સ્કંધરૂપ થતો નથી, કારણ કે કાળાણુમાં ચીકાશ–લૂખાશ નામનો ગુણ નથી. કાળાણુ અમૂર્ત દ્રવ્ય છે. જેથી કાળાણુને બીજા કાળાણુ સાથે વ્યવહારે પણ સંપર્ક નથી. માટે કાળાણુ નિશ્ચયથી તેમ જ વ્યવહારથી એક જ પ્રદેશી છે એટલે કે અપ્રદેશી છે.

અહીં બધા દ્રવ્યોના પ્રદેશની વાત કરી. સોનાની સાંકળીના મકોડા એક પછી એક ઘણા છે, તે દ્રષ્ટાંતે પ્રદેશોનું સમજવું.

વળી જીવ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ–આ પાંચમાં બે ભેગા થવારૂપ સંયોગી પર્યાય નથી. પુદ્‌ગલમાં જ બે ભેગા થવારૂપ સંયોગીપર્યાય છે એમ પણ દ્રવ્યોમાં બે ભેદ સમજવા.

આ પ્રમાણે કાળ અપ્રદેશી છે અને બાકીનાં પાંચ દ્રવ્યો પ્રદેશવંત છે–એમ નક્કી કર્યું. સર્વજ્ઞ સિવાય આ વાત બીજે ક્યાંય નથી માટે જ્ઞેયોનું યથાર્થ જ્ઞાન કરી પોતાના જ્ઞાનને નિર્મળ ને દ્રઢ કરવું. ॥૧૩૫॥

## ગાથા ૧૩૬

**લોકે અલોકે આભ, લોક અધર્મ—ધર્મથી વ્યાપ્ત છે,**
**છે શેષ—આશ્રિત કાળ, ને જીવ—પુદ્‌ગલો તે શેષ છે.૧૩૬.**

**અન્વયાર્થ :—**આકાશ લોકાલોકમાં છે. લોક ધર્મ–અધર્મથી વ્યાપેલો છે. બાકીના બે દ્રવ્યોનો આશ્રય કરીને કાળ છે અને તે બાકીના બે દ્રવ્યો જીવો ને પુદ્‌ગલો છે.

## દ્રવ્યોનું ક્ષેત્ર.

**ટીકા :—આકાશ**–આકાશ લોક તથા અલોકમાં છે. છ દ્રવ્યોના ભાગલા પાડ્યા વિના રહેલું છે. લોક–અલોકને લીધે આકાશમાં ભાગ નથી. તે તો અખંડ એક દ્રવ્ય છે.

**ધર્મ–અધર્મ :—**ધર્મ અને અધર્મદ્રવ્ય સર્વત્ર લોકમાં છે, કારણ કે તેમના નિમિત્તે જીવ તથા પુદ્‌ગલોની ગતિ ને સ્થિતિ થાય છે. અને તે જીવો તથા પુદ્‌ગલો લોકની બહાર હોતાં નથી તેમ જ લોકના એક જ ભાગમાં ગતિ–સ્થિતિ થતી નથી. સર્વત્ર ગતિ–સ્થિતિ થાય છે માટે ધર્મ ને અધર્મ લોકવ્યાપક છે.

**કાળ :—**કાળાણુ પણ લોકમાં છે કારણ કે જીવ અને પુદ્‌ગલોની અવસ્થા દ્વારા કાળની પર્યાયો સમય વગેરે વ્યક્ત થાય છે; ને તે કાળ લોકના એક પ્રદેશમાં જ છે કારણ કે અપ્રદેશી છે.

**જીવ અને પુદ્‌ગલ :—**જીવ અને પુદ્‌ગલ તો યુક્તિથી જ લોકમાં છે, કારણ કે લોક છ દ્રવ્યોનો સમુદાય છે.

આ ઉપરાંત એટલું વિશેષ સમજવું કે જીવના પ્રદેશનો સંકોચ-વિસ્તાર થવો તે તેનો ધર્મ છે. કોઈ કહે કે કર્મને લીધે સંકોચ-વિસ્તાર થતો

હશે?–ના. સંસારદશામાં જીવનો પોતાનો પર્યાયધર્મ સંકોચ-વિસ્તારરૂપ થવાનો છે. તેને લીધે તે નાના મોટા રૂપ ધારણ કરે છે.

વળી પુદ્ગલમાં ચીકાશ અને લૂખાશ ગુણ છે તેથી તેઓ ભેગાં મળીને સ્કંધ પણ થાય ને વીખરાઈ પણ જાય, તેવો તેનો સ્વભાવ છે.

જીવ અને પુદ્ગલને આખા લોકમાં અથવા લોકના એક જ ભાગમાં રહેવાનો નિયમ નથી. જેમ કે જીવ સમુદ્ઘાત કરે ત્યારે લોકપ્રમાણ થઈ જાય અને નિગોદમાં જાય ત્યારે સૂક્ષ્મરૂપ ધારણ કરી, એક શરીરમાં અનંતા નિગોદના જીવ સંકોચ પામીને રહે છે. પુદ્ગલનો અચેત મહાસ્કંધ લોકવ્યાપક છે ને એક પરમાણુ છૂટો લોકના એક પ્રદેશમાં પણ રહે છે.

વળી કાળ, જીવ અને પુદ્ગલ એક દ્રવ્યની અપેક્ષાએ લોકના એક ભાગમાં રહે છે અને જેવી રીતે આંજણના ઝીણા ભૂકાથી આખી ડાબલી ભરેલી છે તેવી રીતે કાળ, જીવ અને પુદ્ગલો અનેક દ્રવ્યોની અપેક્ષાએ આખા લોકમાં જ છે. કોઈ લોકનો પ્રદેશ એવો નથી કે જ્યાં કાળ, જીવ અને પુદ્ગલો ન હોય. (ધર્મ ને અધર્મ તો લોકપ્રમાણ છે જ.) અનંતા જીવો, અનંતા પુદ્ગલો તથા અસંખ્ય કાળાણુ લોકપ્રમાણ રહેલાં છે.

આ રીતે જ્ઞેયોના ક્ષેત્રનું યથાર્થ જ્ઞાન કરવું તે જ્ઞાનની નિર્મળતાનું કારણ છે ॥૧૩૬॥

હવે પ્રદેશીપણું અને અપ્રદેશીપણું ક્યા પ્રકારે છે, તે બતાવે છે :–

## ગાથા ૧૩૭

**જે રીત આભ—પ્રદેશ, તે રીત શેષદ્રવ્ય—પ્રદેશ છે;**
**અપ્રદેશ પરમાણુ વડે ઉદ્ભવ પ્રદેશ તણો બને. ૧૩૭.**

**અન્વયાર્થ** :—જે રીતે તે આકાશપ્રદેશો છે, તે જ રીતે બાકીનાં દ્રવ્યોના પ્રદેશ છે. અર્થાત્ જેમ આકાશના પ્રદેશો પરમાણુરૂપી ગજથી મપાય છે તેમ બાકીનાં દ્રવ્યોના પ્રદેશ પણ એ જ રીતે મપાય છે. પરમાણુ અપ્રદેશી છે; તેનાં વડે પ્રદેશોદ્ભવ કહ્યો છે.

આ ગાથામાં જ્ઞાનપ્રધાન કથન છે. જ્ઞેયોનો સ્વભાવ જાણ્યા વિના સાચી શ્રદ્ધા થાય નહિ ને સાચા શ્રદ્ધા–જ્ઞાન વગર ચારિત્ર હોઈ શકે નહિ. જ્ઞાન કર્યા વિના જંગલમાં જાય, નગ્નદશા ધારણ કરે, ક્ષમા ધારણ કરે પણ એક અંશ ધર્મ થાય નહિ. જ્ઞેયોનો જેવો સ્વભાવ છે તેવો જાણવો જોઈએ. જ્ઞેયોને જાણવાની ના પાડનાર પોતાના જ્ઞાનસ્વભાવની ના પાડે છે તેથી મંદકષાય બાહ્યથી હોવા છતાં અજ્ઞાનના કારણે સંસારમાં રહે છે. લોકો બાહ્ય તપ ને હઠની ક્રિયામાં વળગી રહ્યા છે, પણ તેમાં ધર્મ નથી. જ્યારે જ્ઞેયોના સ્વભાવની વાત કાને પડે છે ત્યારે નકાર નહીં લાવતા પોતાના જ્ઞાનસ્વભાવનો મહિમા લાવવો જોઈએ.

## પ્રદેશના લક્ષણની એક પ્રકારતા.

**ટીકા :**—ભગવાન કુંદકુંદાચાર્યદેવ પોતે જ ૧૪૦મી ગાથામાં કહેશે કે આકાશના પ્રદેશનું લક્ષણ એક અણુથી વ્યાપ્યપણું છે. અહીં ક્ષેત્રનું માપ બતાવે છે. આકાશનો એક પ્રદેશ કેવડો ? એક સૂક્ષ્મ પરમાણુ આકાશની જેટલી જગ્યા રોકે તેવડો. જે રીતે આકાશના પ્રદેશો છે તે જ રીતે બાકીના દ્રવ્યોના પ્રદેશો છે, એમ પ્રદેશના લક્ષણની એક પ્રકારતા અહીં બતાવવામાં આવે છે. જેમ કપડાનું માપ ગજ વડે કઢાય તેમ એક પરમાણુ આકાશની જેટલી જગ્યા રોકે તેટલાથી–તે ગજથી બધાં દ્રવ્યોનું માપ કાઢી શકાય.

## જુદા જુદા દ્રવ્યોના પ્રદેશો કેટલા છે ?

એક પરમાણુ જેટલી જગ્યા રોકે તેટલા ભાગ વડે ગણતાં આકાશના અનંત અંશો નક્કી થાય છે માટે આકાશ અનંતપ્રદેશી છે. આવી રીતે આ માપ વડે ગણતાં ધર્મ, અધર્મ અને એક જીવના પ્રદેશો અસંખ્ય છે માટે એ ત્રણે દ્રવ્યો અસંખ્યાતપ્રદેશી છે.

## જીવમાં સંકોચ-વિસ્તાર હોવા છતાં અસંખ્યપ્રદેશો નિયત છે.

વળી ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્યનું માપ લોક જેટલું નિયત છે. તે કોઈ દિવસ નાનું કે મોટું થતું નથી, એકરૂપ અવસ્થિત પ્રમાણવાળું રહે છે ને તેના અસંખ્યપ્રદેશ છે. અને સૂકાભીના ચામડાની માફક જીવ પરક્ષેત્રની અપેક્ષાએ સંકોચ-વિસ્તાર પામતો હોવાથી કોઈ વાર હાથી જેવડો મોટો ને કોઈવાર કીડી જેવડો નાનો, કોઈવાર સમુદ્‌ઘાત વખતે લોકપ્રમાણ ને કોઈવાર નિગોદના શરીરમાં અનંત જીવની સાથે સૂક્ષ્મરૂપે થતો હોવાથી અનિશ્ચિત માપવાળો છે. આમ હોવા છતાં, જેમ ચામડાના સ્વ–અંશો વધતા–ઘટતા નથી, એટલા ને એટલા રહે છે; તેમ જીવ નાનો થાય કે મોટો થાય તોપણ તેના સ્વ–અંશો વધતા–ઘટતા નથી; તેથી જ જીવનું અસંખ્ય પ્રદેશીપણું સદાય નિયત જ છે. જીવ સમુદ્‌ઘાત કરે ત્યારે પ્રદેશો વધી જાય ને નિગોદમાં જાય ત્યારે ઘટી જાય એવું કદી બનતું નથી, તે સદાય નિયત અસંખ્યપ્રદેશી જ છે.

## જીવના સંકોચ-વિસ્તારનું કારણ શું ?

પ્રશ્ન :–અમૂર્ત એવો જીવ સંસારદશામાં સંકોચવિસ્તાર પામે છે તો કર્મ અથવા શરીરને લીધે તે સંકોચ-વિસ્તાર પામે છે ને સિદ્ધદશામાં કર્મ તથા શરીર નથી માટે સંકોચ-વિસ્તાર થતો નથી, એ વાત સાચી છે ?

સમાધાન :–ના, તે વાત સાચી નથી. સંકોચવિસ્તાર એ સંસારીજીવનો પર્યાયધર્મ છે. તે પોતાની યોગ્યતાના કારણે થાય છે. વળી દરેક જીવને તે અનુભવગમ્ય પણ છે. કર્મને લીધે અથવા શરીરને લીધે નાનો મોટો થતો નથી. જીવ તો ચેતનદ્રવ્ય છે, તેનો પર્યાયધર્મ પણ જડ કર્મ કે શરીરને આધારે છે જ નહિ.

એક પુદ્‌ગલપરમાણુ એક પ્રદેશે સ્થિર રહે છે, બીજો પરમાણુ મંદ ગતિએ બીજા પ્રદેશે જાય છે ને ત્રીજો પરમાણુ શીઘ્રગતિએ ચૌદ રાજલોક ઊંચે જાય. ત્રણેનો સમય એક જ છે છતાં આવી વિચિત્રતાનું કારણ શું ?– દરેક પર્યાયનો વર્તમાન સ્વભાવ અથવા યોગ્યતા તે એક જ કારણ છે. તેવી જ રીતે તે દ્રષ્ટાંતે કોઈ જીવ સમુદ્‌ઘાત કરીને લોકપ્રમાણ ફેલાય, કોઈ જીવ નિગોદમાં જઈ સંકોચાઈ જાય, કોઈ હાથીના આકારે થાય ને કોઈ કીડીના આકારે થાય. આટલી બધી વિચિત્રતાનું કારણ શું ? તેનો ઉત્તર :– કોઈ કર્મ કે શરીર કારણ છે જ નહિ. વર્તમાન પર્યાયસ્વભાવ જ કારણ છે. દરેક દ્રવ્યની દરેક વર્તમાન પર્યાય અકારણીય છે, અહેતુક છે.

## પુદ્‌ગલ દ્રવ્યે અપ્રદેશી પણ પર્યાયે અનેકપ્રદેશી છે.

પુદ્‌ગલ પરમાણુ દ્રવ્યની અપેક્ષાએ તો એકપ્રદેશી છે તેથી અપ્રદેશી છે તોપણ તેનામાં ચીકાશ–લૂખાશ ગુણ હોવાના કારણે તે બે પ્રદેશીથી લઈને અનંત પ્રદેશી થાય છે, તેવો તેનો સ્વભાવ છે. બેગુણ ચીકાશવાળો પરમાણુ સ્કંધમાં ભળીને ચારગુણ ચીકાશવાળો થઈ જાય. વળી એકપ્રદેશી પરમાણુ અનંતપ્રદેશી સ્કંધવાળો થાય, તેનું કારણ શું ? કારણ એક જ છે કે તે તે સમયનો તેનો પર્યાયસ્વભાવ. પુદ્‌ગલમાં સ્વકાળે પર્યાય થયો ત્યારે વ્યવહારથી કાળને કારણ કહેવામાં આવે છે. આવી રીતે સ્કંધરૂપ થવાની પરમાણુમાં લાયકાત છે તેથી પર્યાયમાં અનેકપ્રદેશીપણાનો પણ સંભવ હોવાથી પુદ્‌ગલને સંખ્યાત, અસંખ્યાત અને અનંતપ્રદેશીપણું ન્યાયયુક્ત છે.

આ પ્રમાણે સપ્રદેશી અને અપ્રદેશી દ્રવ્યો પણ જ્ઞેય છે ને તે જ્ઞેયોનું જેવું છે તેવું જ્ઞાન કરવું, તે સમ્યગ્જ્ઞાનનું કારણ છે.

***

# પ્રસાદ નં. ૭૪

## કાળ અપ્રદેશી જ છે.

(પ્રવચનસાર ગાથા ૧૩૮, પોષ સુદ ૧૧, ગુરુવાર)

હવે કાળાણુ અપ્રદેશી જ છે એવો નિયમ કરે છે :—

**છે કાળ તો અપ્રદેશ; એકપ્રદેશ પરમાણુ યદા**
**આકાશદ્રવ્ય તણો પ્રદેશ અતિક્રમે, વર્તે તદા. ૧૩૮.**

**અન્વયાર્થ :**—કાળ તો અપ્રદેશી છે. પ્રદેશમાત્ર પુદ્‌ગલપરમાણુ આકાશદ્રવ્યના પ્રદેશને મંદ ગતિથી ઓળંગતો હોય ત્યારે તે વર્તે છે અર્થાત્ નિમિત્તભૂતપણે પરિણમે છે.

**ટીકા :**—કાળ, દ્રવ્યે એક જ પ્રદેશી હોવાથી, અપ્રદેશી જ છે. વળી જેવી રીતે પરમાણુ એક છૂટું હોવા છતાં તેનામાં લૂખાશ–ચીકાશ ગુણના કારણે તે, પર્યાયે અનેકપ્રદેશી થાય છે તેમ કાળાણુમાં લૂખાશ–ચીકાશ નથી. તે તો અમૂર્તદ્રવ્ય છે તેથી તેનામાં સ્કંધરૂપ થવાની તાકાત નથી. વળી અનાદિઅનંત જ્યાં છે ત્યાં જ તે રહે છે, ક્ષેત્રાંતર કરતા નથી. તેનામાં પર્યાયે પણ અનેક પ્રદેશીપણું નથી. અસંખ્યાત કાળાણુ આખા લોકમાં પથરાયેલા છે. તેમને પરસ્પર અંતર નથી, કારણ કે દરેક આકાશપ્રદેશમાં એક એક કાળદ્રવ્ય રહેલું છે, છતાં એક કાળાણુ બીજા સાથે કદી પણ ભળતો નથી.

એકપ્રદેશી એવો પરમાણુ કોઈ એક આકાશપ્રદેશને મંદગતિથી ઓળંગતો હોય ત્યારે જ તે આકાશપ્રદેશે રહેલા કાળદ્રવ્યની પરિણતિ તેને નિમિત્તભૂતપણે વર્તે છે.

## પ્રદેશોમાં અનેકાંત

પ્રશ્ન :–એક કાળાણુ અને બીજા કાળાણુ વચ્ચે જગ્યા નથી ને પાછું તમો કહો છો કે એક પ્રદેશ બીજાને અડતો નથી, તો તેનો શું ખુલાસો છે ?

ઉત્તર :–પુદ્‌ગલ કે જે સંયોગે સ્કંધરૂપે થાય છે ત્યાં પણ એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી તો અમૂર્ત દ્રવ્ય કે જેમાં કદી સ્કંધરૂપ અવસ્થા થતી નથી, તે એકબીજાને અડે તેમ બની શકે નહિ. વળી એક પ્રદેશ બીજા પ્રદેશમાં એકમેક થતો હોય તો જીવના તેમ જ બીજા દ્રવ્યોના અસંખ્ય વગેરે જે જે પ્રદેશો છે તે સાબિત થશે નહિ. માટે જીવ દ્રવ્ય અસંખ્યપ્રદેશી અખંડ એક છે છતાં તેનો એક પ્રદેશ તે બીજો પ્રદેશ નથી. દરેક પ્રદેશની સત્તા જુદી છે. એવી રીતે પ્રદેશોમાં પણ અનેકાંત છે. બીજા દ્રવ્યોના પ્રદેશોમાં પણ એમ જ સમજી લેવું.

## કાળ નિશ્ચયદ્રવ્ય છે, ઔપચારિક નથી.

એક પરમાણુ મંદગતિએ આકાશના એક પ્રદેશથી બીજા પ્રદેશે જાય ત્યારે જે સમય લાગ્યો તેને કાળની પર્યાય નિમિત્ત થાય છે. **પર્યાય ઉપરથી પર્યાયવાન્–કાળદ્રવ્ય સાબિત થાય છે. દ્રવ્ય વગરની એકલી પર્યાય હોય નહિ.** આવી રીતે લોકાકાશના એક પ્રદેશે એક એમ અસંખ્ય કાળાણુ છે. કેટલાય જીવો કાળને ઔપચારિક દ્રવ્ય માને છે પણ તે માન્યતા ખોટી છે. કાળ નિશ્ચય પદાર્થ છે. તેની સાબિતી આગળની ગાથાઓમાં આવશે. જેમ છે તેમ જ્ઞેયોને જાણે નહિ તો જ્ઞાનસામર્થ્ય સાબિત થતું નથી.

**ભાવાર્થ :**—લોકાકાશના અસંખ્ય પ્રદેશો છે. એક એક પ્રદેશે એક એક કાળાણુ રહેલો છે. તે કાળાણુમાં લૂખાશ–ચીકાશ નથી તેથી તેઓ ભેગા મળતા નથી પણ રત્નરાશિની જેમ છૂટા છૂટા જ રહે છે. કારણ કે કાળાણુમાં તેવી જ યોગ્યતા છે.

જ્યારે પુદ્ગલપરમાણુ આકાશના એક પ્રદેશથી બીજે પ્રદેશે મંદગતિથી જાય છે ત્યારે ઓળંગવામાં આવતા તે પ્રદેશે રહેલો કાળાણુ તેને નિમિત્ત થાય છે. અહીં ગતિની વાત કરવી નથી પણ ગતિ કરતાં જે સમય લાગ્યો તેનાથી કાળની પર્યાય નક્કી થાય છે ને પર્યાયથી કાળાણુ નક્કી થાય છે. આવી રીતે દરેક કાળાણુ પુદ્ગલના પરમાણુને એક પ્રદેશ સુધી જવામાં નિમિત્તપણે વર્તે છે, વધારે પ્રદેશ સુધી જવામાં એક કાળાણુ નિમિત્તપણે વર્તતો નથી; બીજે પ્રદેશે બીજો કાળાણુ ને ત્રીજે ત્રીજો કાળાણુ નિમિત્તપણે વર્તે છે. તેથી સ્પષ્ટ થાય છે કે કાળદ્રવ્ય પર્યાયે પણ એક જ પ્રદેશી છે પણ અનેકપ્રદેશી નથી.

પોતાના કુટુંબનો વડીલ સોનું, ચાંદી, ઘરેણાં, રોકડ મૂકી ગયો હોત તો તે બધું તપાસે ને તેમાંથી નવરો ન થાય કારણ કે તેમાં તેને રસ છે પણ અનંત તીર્થંકરો ને આચાર્યો જ્ઞેયોના સ્વભાવની મૂડી મૂકી ગયા છે તેમાં સંસાર લોલુપી જીવને રસ નહીં હોવાના કારણે તે તપાસતો નથી. સ્વભાવની ઋદ્ધિને મુમુક્ષુ જીવોએ તપાસવી જોઈએ ને પોતાના જ્ઞાનને નિર્મળ કરવું જોઈએ. ।।૧૩૮।।

હવે કાળપદાર્થના દ્રવ્ય અને પર્યાય જણાવે છે :–

### ગાથા ૧૩૯

**તે દેશના અતિક્રમણ સમ છે 'સમય', તત્પૂર્વાપરે**
**જે અર્થ છે તે કાળ છે, ઉત્પન્નધ્વંસી 'સમય' છે. ૧૩૯.**

**અન્વયાર્થ :—**પરમાણુ એક આકાશપ્રદેશને મંદગતિથી ઓળંગે ત્યારે તેના બરાબર જે વખતે છે તે સમય છે; સમયની પૂર્વે તેમ જ પછી એવો જે પદાર્થ છે તે કાળદ્રવ્ય છે; સમય ઉત્પન્નધ્વંસી છે.

સર્વજ્ઞ ભગવાને છ દ્રવ્યોને અસ્તિપણે જ્ઞાનમાં જોયા છે ને તે પ્રમાણે વાણીમાં આવ્યાં છે ને સમ્યગ્જ્ઞાન દ્વારા છ દ્રવ્યોની યથાર્થ પ્રતીતિ કરી શકાય છે. કેટલાય જીવો કાળને ઔપચારિક માને છે પણ તેમની તે વાત ખોટી છે. કાળ નિશ્ચય દ્રવ્ય–પદાર્થ છે તે યુક્તિ ને દલીલથી આ ગાથામાં સાબિત કરે છે.

## કાળના પર્યાયોની સાબિતી.

**ટીકા :—**આકાશના એક પ્રદેશે જ્યાં કાળાણુ રહ્યો છે તે પ્રદેશને એક પરમાણુ મંદગતિથી ઓળંગી બીજે પ્રદેશે જાય, તે જતાં જેટલો વખત લાગે છે તેટલા વખતની બરાબર જે કાળપદાર્થની સૂક્ષ્મવૃત્તિરૂપ સમય તે કાળાણુનો પર્યાય છે. પરમાણુ એકપ્રદેશ ઓળંગ્યો ત્યાં એક સમય પૂરો થયો. બીજો પ્રદેશ ઓળંગે ત્યાં બીજો સમય ને ત્રીજે ત્રીજો સમય એમ એક પછી એક કાળની અવસ્થા બદલતી દેખાય છે. તેમાં વર્તમાન સમય જે લાગ્યો તે પૂર્વે ન હતો ને ભવિષ્યમાં રહેશે નહિ–એટલે પર્યાયનો સમય પલટતો દેખાય છે, એમ નક્કી થાય છે. એક પર્યાય બીજે સમયે તો રહેતો નથી, બીજે પ્રદેશે બીજો સમય, ત્રીજે ત્રીજો–આમ પલટન થતું તે પર્યાયમાં દેખાય છે.

## કાળ દ્રવ્યની સાબિતી.

હવે તે પર્યાય કોની ? મૂળ પદાર્થ વગર પર્યાય અદ્ધરથી હોઈ શકે નહિ. તે પર્યાય પૂર્વે તો ન હતી ને પછીના સમયે રહેશે નહિ તો પર્યાય પ્રગટ થઈ તે ક્યાંથી આવી ? પૂર્વની તો વ્યય થઈ ગઈ છે ને વર્તમાન પર્યાય બીજે સમયે વ્યય થઈ જશે, બીજે સમયે બીજી પર્યાય પ્રગટશે તો જે અંશ સમયે સમયે પ્રગટ દેખાય છે તે અંશને ધરનાર અંશી અથવા પર્યાયની શક્તિરૂપ પર્યાયવાન્ પદાર્થ હોવો જોઈએ. એક સમયનો પર્યાય તો બીજે સમયે નષ્ટ થાય છે માટે તે તો અનિત્ય છે. પણ અનિત્યના કારણરૂપ, શક્તિરૂપ, નિત્યપદાર્થ કોઈ હોવો જોઈએ ને તે કાળ પદાર્થ છે કે જેના આધારે સમયે સમયે અવસ્થા દેખાય છે.

વળી અવસ્થા જેટલા ક્ષેત્રમાં આવી જતી હોય તેટલા ક્ષેત્રમાં આખું દ્રવ્ય હોવું જોઈએ, દ્રવ્ય તેથી જુદા અથવા ઓછાવત્તા ક્ષેત્રમાં હોઈ શકે નહિ. જેમ એક રૂપિયો છે તે જેટલા ક્ષેત્રમાં પડેલો છે તેટલા જ ક્ષેત્રમાં ચાંદી કે જે

રૂપિયાનું દ્રવ્ય છે તે રહેલ છે તેમ કાળની અવસ્થા એક જ પ્રદેશમાં રહેલી છે તો કાળાણુદ્રવ્ય એક પ્રદેશમાં ત્યાં જ રહેલું છે, તેમ નક્કી થાય છે.

આ પ્રમાણે કાળ દ્રવ્ય ઉત્પન્ન થતું નથી ને વિનાશ પામતું નથી પણ તેની અવસ્થા સમયે સમયે ઊપજે છે ને નાશ પામે છે. અને જ્યાં પર્યાય છે ત્યાં તેટલામાં કાળદ્રવ્ય રહેલું છે.

## 'સમય' નિરંશ છે

આ સમય નિરંશ છે એટલે સમયના ભાગલા પાડી શકાતા નથી. એમ જો ન હોય તો આકાશના એક પ્રદેશનું નિરંશપણું સાબિત થશે નહિ.

એક પરમાણુ શીઘ્ર ગતિએ ગમન કરે તો એક સમયમાં લોકના અંત સુધી પહોંચી જાય છે, છતાં પણ સમયના અંશો પડતા નથી. લોકના અંતસુધી જતાં એક સમય થાય તો વચમાં પહોંચે ત્યારે સમય કરતાં ઓછો સમય લાગે–એમ નથી. તે તો પરમાણુની શીઘ્ર ગતિ બતાવે છે પણ સમયનો ભાગ બતાવતું નથી.

## એક પરમાણુ નિરંશ છે તે ન્યાયે કાળાણુ પણ નિરંશ છે.

જેવી રીતે એક પરમાણુમાં ખાસ પ્રકારની અવગાહશક્તિ હોય છે તેવી રીતે પરમાણુમાં ખાસ પ્રકારની ગતિપરિણામની શક્તિ પણ હોય છે.

આકાશના જે ક્ષેત્રે એક છૂટો પરમાણુ પડ્યો છે ત્યાં જ બીજા અનંત પરમાણુઓ સૂક્ષ્મ સ્કંધરૂપ થઈને પોતાની અવગાહન શક્તિના કારણે રહે છે. ત્યાં પણ અનંત પરમાણુઓ એક થઈ જતા નથી તેમ જ એક પ્રદેશ છે તે કંઈ લાંબો–પહોળો થઈ જતો નથી. અનંત પરમાણુ ત્યાં આવ્યા તેથી શું એક પરમાણુનું કદ અનંતમે ભાગે થઈ જાય છે?–ના. એકલો રહે તો એ જ પહોળાઈ લંબાઈ ને અનંત સુધી ગમે તેટલા પરમાણુ સૂક્ષ્મ પરિણમન કરી તે પ્રદેશે રહે તો પણ બધાની પહોળાઈ લંબાઈ એક જ પ્રદેશ જેટલી છે. તે સ્કંધ પરમાણુના અનંત અંશો સિદ્ધ કરતો નથી, કારણ કે પરમાણુ નિરંશ છે–પરમાણુના ભાગ થઈ શકતા નથી.

તે જ ન્યાયે એક પરમાણુ મંદ ગતિથી આકાશના એક પ્રદેશથી બીજે પ્રદેશે જાય તેમાં એક સમય લાગે તેટલા જ વખતમાં પરમાણુ શીઘ્ર ગતિસ્વભાવના કારણે લોકના એક છેડેથી બીજા છેડા સુધી જાય છે ત્યારે તે પરમાણુ અસંખ્ય કાળાણુને ઓળંગે છે માટે અસંખ્ય સમય લાગવા જોઈએ–એમ નથી, વળી સમયના અસંખ્ય અંશો પણ સિદ્ધ થતા નથી. શીઘ્રગતિએ જતાં એક સમય લાગ્યો તો અર્ધે જતાં સુધી સમયનો ભાગ પડતો હશે ?–કે ના. શીઘ્રગતિએ જતાં તે શ્રેણીમાં રહેલા અસંખ્ય કાળાણુને એક જ સમયમાં અતિક્રમણ કરે છે ને મંદગતિથી બીજા પ્રદેશ સુધી જાય તોપણ એક સમય

લાગે છે. સમયના ભાગ પડતા નથી. અહીં શીઘ્રગતિ સાબિત કરવી નથી પણ અસંખ્યને શીઘ્રગતિથી ઓળંગવા છતાં ને એકને મંદગતિથી ઓળંગવા છતાં સમયના બે ભાગ થતા નથી માટે સમય નિરંશ છે.

## ઉપાદાનમાં જેવું કાર્ય તેવો નિમિત્તમાં આરોપ.

એક પરમાણુ ગતિ કરે ત્યારે તેમાં ધર્મદ્રવ્ય નિમિત્ત કહેવાય છે, ને ગતિ કરતું સ્થિતિને પામે ત્યારે તેમાં અધર્મદ્રવ્ય નિમિત્ત કહેવાય છે. એક પરમાણુ મંદગતિથી એક પ્રદેશથી બીજે પ્રદેશે જતાં તેના પરિણમનમાં એક કાળાણુ નિમિત્ત કહેવાય છે ને શીઘ્રગતિથી લોકના એક છેડેથી બીજે છેડે જાય છે ત્યારે તેના પરિણમનમાં તે ક્ષેણિમાં રહેલા અસંખ્ય કાળાણુ નિમિત્ત કહેવાય છે. વળી અનંત પરમાણુનો સ્થૂલ સ્કંધ હોય ત્યારે તેના અવગાહને એકથી વધુ આકાશપ્રદેશો નિમિત્ત કહેવાય છે ને તે જ સ્કંધ જ્યારે સૂક્ષ્મ પરિણમન કરી એક પ્રદેશમાં રહે ત્યારે તેને એક પ્રદેશ જ નિમિત્ત કહેવાય છે. તેમ જ જ્ઞાનમાં અનંત જ્ઞેયો જણાય ત્યારે તેમાં અનંત નિમિત્ત કહેવાય છે ને એક જણાય ત્યારે તેમાં એક નિમિત્ત કહેવાય છે. **આમ ઉપાદાનમાં જે જાતનું કાર્ય થાય તેવો નિમિત્તમાં આરોપ આપવામાં આવે છે, નિમિત્ત ઉપાદાનમાં કાંઈ કરતું નથી.**

## જ્ઞાનનો મહિમા.

એક પરમાણુ એક પ્રદેશમાં રહે ને અનંત પણ તે જ પ્રદેશમાં રહી શકે,

એક પરમાણુ મંદગતિએ એક સમયમાં એક પ્રદેશથી બીજે પ્રદેશે જાય ને તીવ્રગતિએ લોકના અગ્રભાગે જાય. છદ્મસ્થ જીવને અસંખ્ય સમયમાં થોડાં જ્ઞેયો જણાય ને કેવળીને એક સમયમાં બધું જણાઈ જાય. (જાય.)

આવી રીતે પરમાણુની શીઘ્રગતિનો, પરમાણુની સૂક્ષ્મ અવગાહન શક્તિનો, જ્ઞેયોનો એકી સાથે જણાવાનો નિર્ણય કોણ કરે છે ? પરમાણુને ખબર છે કે “મારી સાથે બીજા અનંતા પરમાણુ આવીને એક પ્રદેશમાં સમાઈ ગયા છે ?” પરમાણુને ખબર છે કે “શીઘ્રગતિએ હું લોકના અગ્રભાગે એક સમયમાં પહોંચી ગયો છું ?” જ્ઞેયોને ખબર છે કે “અમો બધાં એકી સાથે જ્ઞાનમાં જણાઈ ગયાં છીએ ?” આકાશના પ્રદેશોને ખબર છે કે “આ બધાંને અવગાહમાં નિમિત્ત હું થાઉં છું ?” કાળાણુને ખબર છે કે “આ બધાંને પરિણમનમાં હું નિમિત્ત છું ?” એ દ્રવ્યો તો અચેતન છે. જ્ઞાન જળહળ જ્યોતિસ્વરૂપ છે. તે જ્ઞેયોને જેમ છે તેમ જાણી લ્યે છે. તેમાં આ આમ કેમ ? તેવો પ્રશ્ન જ રહેતો નથી. જ્ઞાનસ્વભાવની તાકાત છે કે તે બધાં

દ્રવ્યોના સૂક્ષ્મ સ્વભાવને જાણે. જ્ઞેયોને જાણવાની અરુચિ બતાવનાર પોતાના–જ્ઞાનનો નકાર કરે છે માટે જ્ઞેયોનો સ્વભાવ જાણી પોતાના જ્ઞાનસ્વભાવનો મહિમા લાવવો જોઈએ.

ભાવાર્થ :–એક પરમાણુને એક આકાશના પ્રદેશેથી બીજા પ્રદેશે મંદગતિથી જતાં જેટલો વખત લાગે તેને સમય કહે છે. તે ‘સમય’ કાળદ્રવ્યનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ પર્યાય છે. કાળદ્રવ્ય નિત્ય છે; ને સમય ઉત્પન્ન થાય છે ને નાશ પામે છે.

જેમ આકાશપ્રદેશ આકાશદ્રવ્યનો નાનામાં નાનો અંશ છે, તેના ભાગ પડતા નથી, એક આકાશપ્રદેશે અનંત પરમાણુ રહ્યા હોય તેથી કાંઈ તે પ્રદેશના ભાગ પડતા નથી. તેમ સમય કાળદ્રવ્યનો નાનામાં નાનો અંશ છે– તેના ભાગ પડતા નથી. જો સમયના ભાગ પડે તો તો પરમાણુથી એક સમયમાં જે પ્રદેશ ઓળંગાય છે તેના પણ તેટલા જ ભાગ પડવા જોઈએ. પરંતુ આકાશપ્રદેશ તો નિરંશ છે; માટે સમય પણ નિરંશ જ છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે જ્યારે પુદ્‌ગલપરમાણુ શીઘ્રગતિથી એક સમયમાં લોકના એક છેડેથી બીજે છેડે પહોંચે છે ત્યારે તે ચૌદ રાજુ સુધી આકાશપ્રદેશોમાં શ્રેણિબદ્ધ જેટલા કાળાણુ છે તે બધાને સ્પર્શે છે, માટે અસંખ્ય કાળાણુને સ્પર્શતો હોવાથી સમયના અસંખ્ય ભાગ પડવા જોઈએ.

તેનું સમાધાન :–જેવી રીતે અનંત પરમાણુનો કોઈ સ્કંધ આકાશના એક પ્રદેશમાં પોતાની ખાસ અવગાહ શક્તિના કારણે સમાઈ જઈને કદમાં એક પરમાણુ જેવડો જ હોય છે. તેથી કાંઈ પરમાણુના અનંત અંશ પડતા નથી; તેવી રીતે કોઈ પરમાણુ એક સમયમાં અસંખ્ય કાળાણુને ઓળંગી લોકના એક છેડેથી બીજે છેડે પોતાની તીવ્ર ગતિપરિણામને લીધે જાય તેથી કાંઈ સમયના અસંખ્ય અંશ પડતા નથી, માટે સમય નિરંશ છે.

## જ્ઞેયોના વિચિત્ર પરિણમનનું કારણ શું ?

એક પરમાણુ મંદગતિએ જાય તો એક પ્રદેશથી બીજે પ્રદેશે એક સમયમાં પહોંચે, તેનું કારણ ?

એક પરમાણુ તીવ્ર ગતિએ જાય તો લોકના એક છેડેથી બીજે છેડે એક સમયમાં પહોંચે, તેનું કારણ ?

એક આકાશપ્રદેશે અનંતા પરમાણુ સૂક્ષ્મ સ્કંધરૂપે હતા ને બીજા અનંતા આવી ત્યાં સમાયા, તેનું કારણ ? વળી કોઈ પ્રદેશે એક પરમાણુ છૂટો રહ્યો, તેનું કારણ ?

કોઈ જીવ નીચેના સ્થાનથી મરીને ઉપરના સ્થાને એક સમયમાં જાય તેની સાથે તેના તૈજસ ને કાર્મણ શરીરો પણ એક સમયમાં પોતાના કારણે સાથે જ જાય, તેનું કારણ ?

સમાધાન :–તે તે પરમાણુઓની ગતિસ્વભાવની અથવા અવગાહસ્વભાવની પર્યાયની યોગ્યતા છે, બીજાં કોઈ કારણ છે જ નહિ. દરેક પર્યાય અહેતુક છે, અકારણીય છે.

એક આકાશના પ્રદેશે અનંતા પરમાણુ રહે છે, વળી ત્યાં જ બીજાં દ્રવ્યોના પ્રદેશો પણ હોય છે છતાં આકાશનો તે પ્રદેશ મોટો થઈ જતો નથી, એવડો ને એવડો રહેછે.

કોઈ જીવને પહેલાં કોઈ સ્થૂલ વાત પણ સમજાતી ન હતી, બીજે સમયે ઘણી સૂક્ષ્મ વાત પણ સમજાવા લાગી, તેનું શું કારણ છે ? પોતાના જ્ઞાનમાં આટલો બધો ફેરફાર ?

ઉત્તર :–કારણમાં તે જીવ પોતે જ છે. પોતાના જ્ઞાનમાં તે જ વખતના પર્યાયસ્વભાવની લાયકાત એક જ કારણ છે.

## અતીન્દ્રિયજ્ઞાનથી જોવું તે વસ્તુસ્વભાવ છે.

જે જડ પદાર્થો ઈન્દ્રિય વડે જણાય છે તે સંયોગી દ્રવ્યો છે, તે તેનો મૂળ સ્વભાવ નથી. તેવી જ રીતે ઈન્દ્રિય પણ સંયોગી દ્રવ્ય છે માટે તેના વડે વસ્તુસ્વભાવનું યથાર્થ જ્ઞાન થતું નથી પણ અતીન્દ્રિય જ્ઞાન વડે દરેક પદાર્થનો સ્વભાવ યથાર્થ ખ્યાલમાં આવી શકે છે.

આવી રીતે દરેક જ્ઞેયનો સ્વભાવ જેમ છે તેમ જાણવો તે સમ્યક્જ્ઞાનનું કારણ છે.

***

# પ્રસાદ નં. ૭૫

## પ્રવચનસાર ગાથા ૧૪૦

(પોષ સુદ ૧૨, શુક્રવાર)

હવે આકાશના પ્રદેશનું લક્ષણ કહે છે.

**આકાશ જે અણુવ્યાપ્ય, 'આભપ્રદેશ' સંજ્ઞા તેહને;**
**તે એક સૌ પરમાણુને અવકાશદાનસમર્થ છે. ૧૪૦.**

**અન્વયાર્થ** :–એક પરમાણુ જેટલા આકાશમાં રહે તેટલા આકાશને આકાશપ્રદેશ એવા નામથી કહેવામાં આવ્યું છે. અને તે સર્વ પરમાણુઓને અવકાશ દેવાને સમર્થ છે.

### જ્ઞેયોને જાણવાનું ફળ.

આ જ્ઞેયોને જાણવામાં ધર્મ શું આવ્યો ? જ્ઞેય પ્રમાણ જ્ઞાન છે. જેમ છે તેમ જ્ઞેયને ન જાણે પણ ઊંધી રીતે જાણે તો વસ્તુસ્વરૂપ ફરી જતું નથી, પણ પોતામાં ભ્રાંતિ પેદા થાય છે ને તેથી દુઃખી થાય છે. જ્ઞાનનો નકાર કરનાર જીવ વનસ્પતિકાય જેવો જડ થઈ જશે.

ન્યાયથી બધી વાતો કહેવામાં આવે છે. છ દ્રવ્યો અખંડ હોવા છતાં પાંચ પ્રદેશવાન છે ને કાળ અપ્રદેશી છે. કાળ એકપ્રદેશી છે માટે એક જ કાળાણુ હોવો જોઈએ–એમ નથી. એકપ્રદેશી કાળાણુ અસંખ્ય છે.

જ્ઞેયોને જેમ છે તેમ જાણે તો યથાર્થ જ્ઞાન કહેવાય. જાણવાયોગ્ય પદાર્થો જ્ઞાનમાં જણાયા વિના રહે જ નહિ એટલે કે આત્મા તેને જરૂર જાણી શકે. આવું સમ્યક્ જ્ઞાન થાય તો સુખશાંતિ થાય ને તે જ્ઞેયોને જાણવાનું ફળ છે.

### આકાશપ્રદેશનું લક્ષણ તથા તેનું અવગાહન સામર્થ્ય.

ટીકા :-એક પરમાણુ જેટલા આકાશમાં રહે તેટલા આકાશના ભાગને પ્રદેશ કહે છે. કાળ, ધર્મ, અધર્મ, આકાશ પોતાનું નિશ્ચિત સ્થાન કદી પણ છોડતાં નથી, માત્ર (સિદ્ધ સિવાય) જીવ અને પુદ્‌ગલ લોકમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે.

આકાશનો એક પ્રદેશ પણ બાકીના પાંચ દ્રવ્યોના પ્રદેશોને તથા અનંત પરમાણુના પરમ સૂક્ષ્મ સ્કંધોને એક સાથે અવગાહન દેવાની તાકાતવાળો છે. ચૌદ બ્રહ્માંડના જીવો તથા પુદ્‌ગલ સ્કંધો, મેરૂ પર્વત, રૂપિયા, નોટો વગેરે બધા જો પરમ સૂક્ષ્મ થઈને આવે તો તે બધાને એક સાથે અવગાહન દેવાની તાકાત તેનામાં છે. (જીવો પરમ સૂક્ષ્મ થતા નથી

પણ આકાશનો અવગાહન સામર્થ્યસ્વભાવ બતાવવા એમ કહ્યું છે.) બાદર જીવોની અપેક્ષાએ નિગોદનો જીવ સૂક્ષ્મ છે ને તેનું ઔદારિક શરીર પણ સૂક્ષ્મ છે, પરંતુ તે પરમ સૂક્ષ્મ નથી માટે તે એક પ્રદેશમાં આવી ન શકે. તે તો અસંખ્યપ્રદેશ રોકે છે પણ નિગોદના ઔદારિક શરીર કરતાં પણ પરમ સૂક્ષ્મ સ્કંધોને આકાશનો એક પ્રદેશ અવગાહ આપી શકે એટલી અવગાહનશક્તિ તેનામાં છે.

આકાશ અખંડ એક દ્રવ્ય હોવા છતાં તેમાં પ્રદેશોરૂપ ભાગ થઈ શકે છે. જીવો ને પરમાણુઓ જુદી જુદી જગ્યાએ રહ્યા છે એમ પ્રત્યક્ષ દેખાય છે. માટે તેને જુદી જુદી જગ્યાએ અવકાશ દેનારા આકાશના પ્રદેશો જુદા જુદા હોવા જોઈએ. જીવો ને પરમાણુ અવકાશ લેવાવાળા છે તો તેને અવકાશ દેનારા પણ હોવા જોઈએ ને તે આકાશના અંશો છે કારણ કે જો એમ ન હોય તો સર્વ પરમાણુઓને અવકાશ દેવાનું બને નહિ.

## આકાશને એક જ પ્રદેશ હોય તો ?

આકાશના પ્રદેશો નથી પણ આકાશ એક જ પ્રદેશી અખંડદ્રવ્ય છે– એમ કોઈની માન્યતા હોય તો બે આંગળી આકાશમાં રાખીને 'બે આંગળીનું એક ક્ષેત્ર છે કે અનેક' તે કહો.

જો 'બે આંગળીનું એક ક્ષેત્ર છે' એમ તમો જવાબ આપો તો પૂછવામાં આવે છે કે (૧) આકાશ અભિન્ન અંશોવાળું અવિભાગ એક દ્રવ્ય છે તેથી બે આંગળીનું એક ક્ષેત્ર છે ?–જો તમો જવાબ આપશો કે 'આકાશ અભિન્ન અંશોવાળું એક દ્રવ્ય છે તેથી બે આંગળીનું એક ક્ષેત્ર છે' તો જે અંશ એક આંગળીનું ક્ષેત્ર છે તે જ અંશ બીજી આંગળીનું ક્ષેત્ર થશે ને તેમ થવાથી બેમાંથી એક અંશનો અભાવ માનવો પડશે.

એક મકાન બે ઓરડાવાળું છે. હવે તેમાં એક ઓરડાની જગ્યા એ જ બીજા ઓરડાની જગ્યા છે ને ભાગલા પડ્યા વિનાનું એક મકાન કહેશો તો મકાનમાં બે ઓરડા સાબિત થશે નહિ ને એક ઓરડાનો નાશ માનતાં મકાન ઓરડા વગરનું માનવું પડશે. તો તેવું મકાનનું સ્વરૂપ નથી. માટે એક ઓરડાનું ક્ષેત્ર તે જ બીજા ઓરડાનું ક્ષેત્ર કહો છો તે ઘટતું નથી.

તેવી રીતે આકાશમાં એક આંગળીનું ક્ષેત્ર એ જ બીજી આંગળીનું ક્ષેત્ર માનશો તો અંશોનો અભાવ થવાથી આકાશ પરમાણુની પેઠે એક પ્રદેશમાત્ર ઠર્યું. પણ એમ બની શકે નહિ કારણ કે પાંચે દ્રવ્યોને અવગાહન દેનાર દ્રવ્ય સર્વથી મોટું જ હોય માટે તે એકપ્રદેશી હોય તો બધાંને અવગાહન આપી શકે નહિ તેથી તમારી દલીલ સાચી નથી.

## આકાશ ભિન્ન અંશોવાળું અવિભાગ એક દ્રવ્ય છે.

જો તમો એમ જવાબ આપશો કે આકાશ જુદા જુદા અંશોવાળું અખંડ એક દ્રવ્ય છે તેથી બે આંગળીનું એક ક્ષેત્ર છે. તો તમારી તે વાત વ્યાજબી છે. કારણ કે બન્ને આંગળીના અંશો જુદા જુદા ઠરે છે ને દ્રવ્ય એક રહે છે, માટે આકાશમાં અંશો સાબિત થાય છે. જેવી રીતે મકાનમાં ઓરડાની જગ્યા જુદી જુદી છે ને મકાન એક છે, એમ કહેવામાં આવે તો તે બરાબર છે કારણ કે મકાનમાં ઓરડા જુદા જુદા સાબિત થાય છે ને બે ઓરડાનું મકાન એક સાબિત થાય છે. એક મકાનમાં ઓરડાના બે ભાગ સાબિત થાય છે. તેવી રીતે આકાશ, એક દ્રવ્યમાં અંશો સાબિત થાય છે.

## આકાશ ખંડખંડ અનેક દ્રવ્યો છે ?

(૧) જો બે આંગળીનાં અનેક ક્ષેત્ર છે એમ કહેવામાં આવે તો પ્રશ્ન પૂછવામાં આવે છે કે આકાશ ખંડખંડરૂપ અનેક દ્રવ્ય છે તેથી બે આંગળીનાં અનેક ક્ષેત્ર છે ?

જો શંકાકાર એમ જવાબ આપે કે આકાશ ખંડખંડરૂપ અનેક દ્રવ્યો છે તેથી બે આંગળીનાં અનેક ક્ષેત્ર છે, તો એમ માનવાથી આકાશ જે એક દ્રવ્ય છે તેને અનંત દ્રવ્યપણાનો પ્રસંગ આવશે, માટે તે બરાબર નથી. જેમ એક મકાનના ખંડખંડ અનેક મકાનો છે તેથી ઓરડાનાં અનેક ક્ષેત્ર છે, એમ કહો તો તે બરાબર નથી. કારણ કે મકાન એક છે, તેને અનેકપણું આવશે. તેમ આકાશ અનેક દ્રવ્યો થઈ જશે, માટે તે વાત બરાબર નથી.

## આકાશ અખંડ એક દ્રવ્ય હોવા છતાં તેના અંશો અનેક છે.

(૨) બે આંગળીનાં અનેક ક્ષેત્ર છે, એમ કહેવામાં આવે તો પ્રશ્ન કરવામાં આવે કે આકાશ અવિભાગ એક દ્રવ્ય હોવા છતાં બે આંગળીનાં અનેક ક્ષેત્ર છે ?

જો તમો એનો જવાબ એમ આપો કે આકાશ અખંડ એક દ્રવ્ય હોવા છતાં બે આંગળીનાં અનેક ક્ષેત્ર છે તો તમારો જવાબ વ્યાજબી છે. જેમ એક અખંડ મકાન હોવા છતાં ઓરડાનાં ક્ષેત્રો જુદા જુદા અનેક છે, તે બરાબર છે, તે ન્યાયથી આકાશમાં અંશોની કલ્પના સાબિત થાય છે. ॥૧૪૦॥

હવે તિર્યક્‌પ્રચય તથા ઊર્ધ્વપ્રચય જણાવે છે :–

## ગાથા ૧૪૧

**વર્તે પ્રદેશો દ્રવ્યને, જે એક અથવા બે અને**
**બહુ વા અસંખ્ય, અનંત છે; વળી હોય સમયો કાળને. ૧૪૧.**

અન્વયાર્થ :–દ્રવ્યોને એક, બે, ઘણા, અસંખ્ય અથવા અનંત પદાર્થો છે. કાળને સમયો છે.

## તિર્યક્‌પ્રચય કાળને નથી. બાકીનાં પાંચ દ્રવ્યોને છે.

ટીકા :–પ્રચયનો અર્થ સમૂહ થાય છે. તિર્યક્‌પ્રચય એટલે આડો ક્ષેત્ર અપેક્ષાએ પ્રદેશોનો સમૂહ અને ઊર્ધ્વપ્રચય એટલે ઊંચો–કાળ અપેક્ષિત સમય વિશિષ્ટ પર્યાયોનો સમૂહ.

**આકાશ** સ્થિર અનંત પ્રદેશોવાળું દ્રવ્ય લોક ને અલોકના પ્રમાણમાં છે.

**ધર્મ અને અધર્મ** ચૌદ બ્રહ્માંડ પ્રમાણ સ્થિર અસંખ્યપ્રદેશી દ્રવ્યો છે.

**જીવ** અસ્થિર અસંખ્યપ્રદેશી છે.

**પુદ્‌ગલ** દ્રવ્યદ્રષ્ટિએ એક પ્રદેશવાળું છે પણ અનેક પ્રદેશીપણાની શક્તિવાળું છે ને પર્યાયદ્રષ્ટિએ બે, સંખ્યાત, અસંખ્યાત ને અનંત પ્રદેશવાળું છે.

આવી રીતે આકાશ, ધર્મ, અધર્મ, જીવ ને પુદ્‌ગલ અનેક પ્રદેશોવાળાં હોવાથી તેમને તિર્યક્‌પ્રચય છે, એટલે કે પ્રદેશોના ઢગલા છે. પરંતુ કાળને પ્રદેશના ઢગલા નથી કારણ કે શક્તિ અપેક્ષાએ એકપ્રદેશી છે ને વ્યક્તિ અપેક્ષાએ પણ એક જ પ્રદેશી છે.

## ઊર્ધ્વપ્રચય છએ દ્રવ્યોને છે.

ઊર્ધ્વપ્રચય તો છએ દ્રવ્યોને હોય જ છે કારણ કે દ્રવ્યોની પરિણતિ–અવસ્થા ભૂત–વર્તમાન ને ભવિષ્ય એમ ત્રણે કાળમાં રહેલી છે, કોઈ કાળમાં કોઈ દ્રવ્યની અવસ્થા ન હોય, એમ બને નહિ, માટે તે અંશો સહિત છે. છએ દ્રવ્યોને ઊર્ધ્વપ્રચય છે પરંતુ ફેર એટલો છે કે જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશને પરિણમનમાં સમય નિમિત્તભૂત હોવાથી વ્યવહારે જેમાં સમયની અપેક્ષા આવે છે, એવી વૃત્તિઓનો સમૂહ–ઊર્ધ્વપ્રચય આ પાંચને હોય છે. કાળના પરિણમનમાં બીજો કોઈ પદાર્થ નિમિત્ત નથી. એક કાળાણુ પોતે પોતાને નિમિત્ત છે. આવો સમયોનો સમૂહ તે કાળદ્રવ્યને ઊર્ધ્વપ્રચય છે; કારણ કે પાંચ દ્રવ્યોની વૃત્તિમાં સમય નિમિત્ત છે માટે પાંચ દ્રવ્યની વૃત્તિઓ સમયથી જુદી છે, તેથી સમય વિશિષ્ટ છે ને કાળની વૃત્તિ પોતે સમયભૂત છે તેથી તે સમય વિશિષ્ટ નથી.

પ્રશ્ન :–આવું ઝીણું જ્ઞાન કેમ થાય ?

ઉત્તર :–ભાઈ, નિર્ધન અવસ્થા હોય ત્યારે કિંમતી દાગીના, કપડાં વગેરે જોવા ન મળે પણ ધનવાન થાય ત્યારે ઘણા કિંમતી દાગીના, કપડાં કોઈ બતાવે તો તે જોવાની ના પાડતો નથી પણ હોંશથી જુએ છે ને ખરીદ

પણ કરે છે. તેમ તારામાં સર્વજ્ઞ–સર્વદર્શી શક્તિ છે એવો ખ્યાલ જ્ઞાની પુરુષો દ્વારા તને આવ્યો કે તારા જ્ઞાનમાં ગમે તેવું ઝીણું જ્ઞેય હોય તોપણ જાણવાની તાકાત રહેલી છે, તો તેની હા જ પાડજે. કોઈ જ્ઞેયને હું ન જાણી શકું, એમ થવું ન જોઈએ. જ્ઞેયોનું યથાર્થ જ્ઞાન તે ધર્મનું કારણ છે. ।।૧૪૧।।

હવે કાળપદાર્થનો ઊર્ધ્વપ્રચય અન્વયરહિત હોવાની વાતનું ખંડન કરે છે એટલે કે વ્યવહાર કાળ છે પણ નિશ્ચય કાળાણુ નામનો સદ્રશ્ય રહેતો પદાર્થ જ જગતમાં નથી, એમ માનનારની વાતનું ખંડન કરે છે :–

## ગાથા ૧૪૨

**એક જ સમયમાં ધ્વંસ ને ઉત્પાદનો સદ્‌ભાવ છે**
**જો કાળને, તો કાળ તેહ સ્વભાવ—સમવસ્થિત છે. ૧૪૨.**

**અન્વયાર્થ** :–જો કાળને એક સમયમાં ઉત્પાદ અને ધ્વંસ વર્તે છે, તો તે કાળ સ્વભાવે અવસ્થિત અર્થાત્ ધ્રુવ ઠરે છે.

**ટીકા** :–સમય કાળ પદાર્થની સૂક્ષ્મમાં સૂક્ષ્મ પરિણતિ છે. તે પરિણતિમાં કોઈને પણ અવશ્ય ઉત્પાદ તથા વિનાશ સંભવે છે, કારણ કે સમય રૂપી પર્યાય પરમાણુના અતિક્રમણ દ્વારા ઉત્પન્ન થાય છે તેથી કારણપૂર્વક છે. પરમાણુ એક પ્રદેશથી બીજા પ્રદેશે મંદગતિથી જાય છે. તેમાં જેટલો વખતે લાગે તેટલા વખતને સમય કહે છે માટે પરમાણુનું મંદ ગતિથી ઓળંગવું તે કારણ છે ને સમય તે કારણનું કાર્ય છે માટે તેમાં કોઈ પદાર્થને ઉત્પાદ તથા વિનાશ થતા હોવા જોઈએ.

એક સમયની અવસ્થા પહેલાં ન હતી ને પછી થઈ તો તે અવસ્થા કોઈ દ્રવ્યના આધારે હોવી જોઈએ પણ તે અદ્ધરથી હોઈ શકે નહિ. કોઈના આધાર વિના ઉત્પાદ સંભવતો નથી. પર્યાય ઉપરથી પર્યાયવાન્ તે જ ક્ષેત્રે હોવો જોઈએ–એમ નક્કી થાય છે, માટે સમય આદિ વ્યવહાર કાળ છે તો તેનો આધાર કોઈ પદાર્થ હોવો જોઈએ એમ સાબિત થાય છે ને તે કાળાણુ છે. માટે કાળ ઔપચારિક નથી પણ નિશ્ચય દ્રવ્ય છે.

***

# પ્રસાદ નં. ૭૬

## પ્રવચનસાર ગાથા ૧૪૨ના પ્રવચનમાંથી.

(પોષ સુદ ૧૩, શનિવાર)

ગઈકાલે કહેવાયું હતું કે સમય, મિનિટ વગેરે વ્યવહાર કાળ છે તો નિશ્ચય કાળ હોવો જોઈએ. પર્યાય હોય તો પર્યાયનો આધારભૂત પર્યાયવાન પદાર્થ કાળાણુ હોવો જોઈએ ને તે પદાર્થમાં વર્તમાન સમયનો ઉત્પાદ ને પૂર્વસમયનો નાશ થતો હોવો જોઈએ.

હવે તેમાં શંકાકાર તર્ક કરે છે કે :–

કોઈ પદાર્થને ઉત્પાદ–વિનાશ થવાની શી જરૂર છે ? તેને બદલે તે એક પર્યાયને જ ઉત્પાદ–વિનાશ થતા માની લઈએ તો શી હરકત ?

તે શંકાના સમાધાન માટે શંકાકારને નીચેના પ્રશ્નો પૂછવામાં આવે છે :–

ઉત્પાદ ને વિનાશ જો પર્યાયના જ માનવામાં આવે તો (૧) ઉત્પાદ તથા વિનાશ યુગપદ્ છે ? કે (૨) ક્રમે છે ?

### (૧) પર્યાયના જ ઉત્પાદ ને વિનાશ યુગપદ્ માનવાથી આવતો દોષ.

અવસ્થાના જ ઉત્પાદ–વ્યય એકી સાથે છે, તેમ શંકાકાર કહે તો તેમ ઘટતું નથી કારણ કે એક અવસ્થાને એકી સમયે બે વિરુદ્ધ ધર્મો હોઈ શકે નહિ. જેમ અજવાળા વખતે અંધારું નથી ને અંધારા વખતે અજવાળું નથી. બન્નેને વિરોધ છે; તેમ ઉત્પાદ ને વ્યય એવા બે વિરુદ્ધ ધર્મો એક પર્યાયને એકી સમયે હોઈ શકે નહિ માટે શંકાકારનો તે તર્ક ખોટો છે.

### (૨) એક પર્યાયને ઉત્પાદ અને વિનાશ ક્રમે માનવાથી આવતો દોષ.

એક અવસ્થાને ક્રમે ઉત્પાદ તથા વિનાશ છે, એમ શંકાકાર કહે તો તેમ પણ ઘટતું નથી કારણ કે એક પર્યાય તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ પરિણતિ છે તેથી તેમાં ઉત્પાદ ને વિનાશ એવા બે વિભાગનો અભાવ છે. માટે એક પર્યાયને ઉત્પાદ ને વિનાશનાં ક્રમનો તર્ક પણ ખોટો છે.

### ઉત્પાદ ને વિનાશનો આધાર પર્યાયવાન્ દ્રવ્ય છે.

આ રીતે સમયરૂપી સૂક્ષ્મ પરિણતિને ઉત્પાદ તથા વિનાશ એકી વખતે થવો અશક્ય છે માટે તે અવસ્થાને ધરનારું અવસ્થાયી દ્રવ્ય હોવું જોઈએ. અને તે કાળ પદાર્થ છે.

તે કાળાણુ દ્રવ્યને ખરેખર એક પર્યાયમાં પણ ઉત્પાદ ને વિનાશ સંભવે છે. એક સમયમાં નવી અવસ્થા ઉત્પન્ન થાય છે, જૂની અવસ્થા ટળે

છે ને કાળાણુ ધ્રુવ રહે છે. જેમ વર્તમાન રોટલીની અવસ્થાનો ઉત્પાદ થવો, પૂર્વની લોટની અવસ્થાનો વ્યય થવો ને લોટના પરમાણુનું ટકી રહેવું બને છે. પણ પરમાણુને ધ્રુવ કબૂલ રાખ્યા વિના લોટની અવસ્થા વખતે રોટલીની અવસ્થા હોઈ શકે નહિ કારણ બન્ને વિરોધી અવસ્થા છે. ને એક સૂક્ષ્મ અવસ્થામાં થોડો લોટ ને થોડી રોટલી એવા બે ભાગ હોઈ શકે નહિ. પરમાણુ ધ્રુવ કબૂલ રાખવામાં આવે તો બન્ને વિરોધી ધર્મો દ્રવ્યમાં સાબિત થાય છે. કારણ કે એક દ્રવ્યને જે અવસ્થામાં તે અવસ્થાની અપેક્ષાએ જે ઉત્પાદ છે તે જ ઉત્પાદ તે જ દ્રવ્યને તે જ પર્યાયમાં પૂર્વ અવસ્થાની અપેક્ષાએ વિનાશ છે. પરમાણુમાં રોટલીનો જે ઉત્પાદ છે તે જ લોટની અવસ્થાની અપેક્ષાએ નાશ છે. તેમ કાળ પદાર્થને વર્તમાન અવસ્થાની અપેક્ષાએ જે ઉત્પાદ છે તે જ પૂર્વ અવસ્થાની અપેક્ષાએ વિનાશ છે.

## કાળ ધ્રુવ પદાર્થ છે તેની સાબિતી.

આવી રીતે ઉત્પાદ ને વિનાશ એક એક વૃત્યંશમાં સંભવે છે માટે કાળપદાર્થ સાદ્રશ્યપણા વિનાનો હોઈ શકે નહિ, એટલે કાળપદાર્થ ધ્રુવ છે તેમ સાબિત થાય છે. જેથી તે કાળદ્રવ્ય પૂર્વ પર્યાયની અપેક્ષાએ નાશ પામે છે ને વર્તમાન પર્યાયની અપેક્ષાએ ઉત્પાદ પામે છે અને તે યુગપદ્ ઉત્પાદ ને વિનાશ પામતો હોવા છતાં સ્વભાવે કદી નાશ ન થાય તેવો ને કદી ઉત્પન્ન ન થાય તેવો કાળપદાર્થ છે તેથી તે અવસ્થિત કેમ ન હોય એટલે કે અવસ્થિત છે.

કાળપદાર્થને એક વૃત્યંશમાં પણ ઉત્પાદ ને વિનાશ યુગપદ્ થાય છે તેથી કાળપદાર્થ ખંડિત નથી. માટે કાળપદાર્થ સ્વભાવે અવશ્ય ધ્રુવ છે.

આ પ્રમાણે એક પર્યાયમાં પૂર્વ પર્યાયની અપેક્ષાએ વ્યયરૂપ, વર્તમાન પર્યાયની અપેક્ષાએ ઉત્પાદરૂપ ને સાદ્રશ્ય રહેવાની અપેક્ષાએ ધ્રુવરૂપ એમ કાળપદાર્થ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યવાળો છે–એમ નક્કી થાય છે.

કાળ નામનો શબ્દ જગતમાં છે તે પ્રત્યક્ષ જ્ઞાનમાં આવે છે. શબ્દ તે વાચક છે ને વાચકની પાછળ વાચ્ય હયાતી ધરાવતો પદાર્થ જગતમાં હોવો જોઈએ. વાચ્ય ન હોય તો વાચક કોનો ? તેથી ‘કાળ’ શબ્દ વાચક છે તો વાચ્ય કાળપદાર્થ હોવો જ જોઈએ–એમ સાબિત થાય છે.

જે જીવ કાળદ્રવ્યને નિશ્ચય માનતો નથી તે ખરેખર પોતાના સ્વકાળને જ માનતો નથી એટલે કે તે પુરુષાર્થને માનતો નથી તેથી તેને કદી પણ ધર્મ પ્રગટ થઈ શકે નહિ. કારણ કે જગતમાં જેટલાં દ્રવ્યો છે તેટલાં તે માનતો નથી. તેથી તેનું જ્ઞાન ખોટું ઠરે છે. તે જ્ઞાનસ્વભાવી આત્માને પણ કબૂલતો નથી. ।।૧૪૨।।

હવે જેમ એક પર્યાયમાં કાળપદાર્થ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યવાળો સિદ્ધ કર્યો તેમ બધા પર્યાયોમાં કાળપદાર્થ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યવાળો છે–એમ નક્કી કરે છે :–

## ગાથા ૧૪૩

**પ્રત્યેક સમયે જન્મ—ધ્રૌવ્ય—વિનાશ અર્થો કાળને**
**વર્તે સરવદા; આ જ બસ કાળાણુનો સદ્‌ભાવ છે. ૧૪૩.**

અન્વયાર્થ :–એક એક સમયમાં ઉત્પાદ, ધ્રૌવ્ય અને વ્યય નામના અર્થો કાળને સદાય હોય છે. આ જ કાળાણુનો સદ્‌ભાવ છે અર્થાત્ આ જ કાળાણુના અસ્તિત્વની સિદ્ધિ છે.

## સર્વે પર્યાયોમાં કાળદ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત છે.

**ટીકા :—**કાળપદાર્થની બધી અવસ્થાઓમાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય હોય છે. નવી અવસ્થારૂપે ઊપજવું, જૂની અવસ્થારૂપે ટળવું ને પોતે સાદ્રશ્યપણે બધી અવસ્થામાં ટકી રહેવું–એવી રીતે બધી અવસ્થામાં ઉત્પાદ–વ્યય–ધ્રુવપણું કાળને હોય છે ને આ ૧૪૨મી ગાથામાં નક્કી કરવામાં આવેલ છે અને તે બરાબર છે કારણ કે વિશેષનું હોવાપણું સામાન્યના હોવાપણા વિના હોઈ શકે નહિ.

## વિશેષધર્મો સામાન્ય વિના હોઈ શકે નહિ.

એક પરમાણુ એક પ્રદેશેથી બીજે પ્રદેશે મંદગતિએ ગયો તેને એક સમય લાગ્યો, તેમાં સમયની નવી અવસ્થાનો ઉત્પાદ થયો ને પૂર્વની અવસ્થાનો નાશ થયો. હવે તેમાં ઉત્પાદ ને વ્યય જે થયા તે વિશેષ છે ને વિશેષ સામાન્ય વિના હોઈ શકે નહિ. વળી ગતિ કરી તે પહેલા તે સમય ન હતો, ગતિ કરી ત્યારે પૂર્વનો સમય ગયો ને નવો થયો. વળી ઉત્પાદધર્મ ને વ્યયધર્મ એકી સમયે જે પ્રગટ થયા તે વિરુદ્ધ ધર્મો છે. તે વિરુદ્ધ ધર્મો એક જ પર્યાયને હોઈ શકે નહિ. <u>વિશેષની હયાતી સામાન્ય પદાર્થની હયાતી વિના હોઈ શકે નહિ.</u> માટે ત્યાં જ અવિરુદ્ધ સામાન્ય સ્વભાવવાળો કાળાણુ પદાર્થ સાબિત થાય છે.

એક વૃત્તિ અંશ બરાબર નક્કી કરતાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણે અંશો નક્કી થાય છે. આ જ કાળાણુ પદાર્થના અસ્તિત્વની સિદ્ધિ છે. વિશેષ અસ્તિત્વ એટલે ઉત્પાદ–વ્યયપણું અને સામાન્ય અસ્તિત્વ એટલે ધ્રુવપણું સિદ્ધ થાય છે તો તેઓ કાળાણુના અસ્તિત્વ વિના કોઈપણ રીતે સિદ્ધ થતા નથી. જે પર્યાય ગયો તે કાંઈ દ્રવ્યની બહાર તો જતો નથી ને સર્વથા વ્યય થતો નથી. પર્યાય ગયો ને જેમાં રહ્યો તે શક્તિ ને નવો જેમાંથી આવ્યો તે

શક્તિ ધ્રુવશક્તિ છે. વ્યય સર્વથા અભાવ નથી. કોના આધારે પર્યાય ઊપજ્યો ને ગયો ? આધાર શોધતાં ત્યાં ધ્રુવ સાબિત થાય છે.

જેમ એક સમયે પૂર્વ પર્યાય ગયો, વર્તમાન પર્યાય પ્રગટ્યો ને ધ્રુવ ટક્યું તેમ દરેક સમયે ત્રણે ધર્મો રહેલા છે. પૂર્વે પણ એમ જ વર્તમાન પણ એમ જ ને ભવિષ્યમાં પણ એમ જ–એમ ત્રણે કાળની અવસ્થાઓમાં કાળ પદાર્થ ઉત્પાદ–વ્યય–ધ્રુવ સહિત છે. એમ નક્કી થાય છે. ।।૧૪૩।।

હવે કાળ પદાર્થનું હોવાપણું બીજી કોઈ રીતે બની શકતું નથી તેથી કાળાણુ એકપ્રદેશી ઠરે છે :–

## ગાથા ૧૪૪

**જે અર્થને ન બહુ પ્રદેશ, ન એક વા પરમાર્થથી,**
**તે અર્થ જાણો શૂન્ય કેવળ—અન્ય જે અસ્તિત્વથી. ૧૪૪.**

**અન્વયાર્થ :**—જે પદાર્થને પ્રદેશો અથવા એક પ્રદેશ પણ પરમાર્થે જણાતો નથી, તે પદાર્થને શૂન્ય જાણ–કે જે અસ્તિત્વથી અર્થાંતરભૂત (અન્ય) છે.

પદાર્થને અનેક પ્રદેશો અથવા એકપ્રદેશ પણ પરમાર્થે નથી એટલે કે તેને ક્ષેત્ર નથી, એમ માનવામાં આવે તો તે પદાર્થનું હોવાપણું રહેતું નથી, તે શૂન્ય થઈ જાય છે. તે અસ્તિત્વથી અન્ય છે એટલે કે તેનું ન હોવાપણું થઈ જાય છે.

## અસ્તિત્વ ઉપરથી કાળના પ્રદેશની સાબિતી.

**ટીકા :**—પ્રથમ તો અસ્તિત્વ તે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યના ઐક્યસ્વરૂપ વૃત્તિ છે. કાળને ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય તો નક્કી કર્યા છે તો તે તેના અસ્તિત્વમાં થઈ રહેલાં છે. શંકાકાર કહે કે તે કાળને પ્રદેશ વિના હોય છે તો તે સંભવતું નથી કારણ કે પ્રદેશનો અભાવ થાય તો પર્યાયવાન્–દ્રવ્યનો પણ અભાવ થવાનો પ્રસંગ આવે ને દ્રવ્યનો અભાવ થતાં શૂન્યપણું આવશે ને શૂન્યપણું તો અસ્તિત્વથી વિરુદ્ધ છે. દરેક દ્રવ્યનું અસ્તિત્વ તો છે તે વાત અગાઉ સાબિત થઈ ગઈ છે. હવે કાળને પ્રદેશ નહીં માનવાથી દ્રવ્યનો નાશ થતાં દ્રવ્ય અને અસ્તિત્વ બન્ને શૂન્યપણાને પામશે. પણ અસ્તિત્વ ને શૂન્યપણું બે વિરોધી છે માટે એમ સંભવી શકે નહિ. જ્યાં અસ્તિત્વ છે ત્યાં પ્રદેશ હોવા જ જોઈએ. કાળમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવની એકતારૂપ અસ્તિત્વ છે, એમ આગળની ગાથામાં નક્કી થયેલ છે માટે કાળ પ્રદેશ વિનાનો હોય તેમ સંભવતું નથી એટલે કે કાળને પ્રદેશ છે–એમ નક્કી થયું.

## કાળને ઔપચારિક દ્રવ્ય માનો તો ?

શંકાકારનો પ્રશ્ન :–એકલી સમય અવસ્થારૂપ પરિણતિને માનો; વૃત્તિમાન્ કાળાણુ પદાર્થને માનવાની શી જરૂર છે ?

(ઘણા જીવો કાળને ઔપચારિક દ્રવ્ય માને છે. તેઓ સમય, ઘડી વગેરે વ્યવહારકાળને માને છે પણ નિશ્ચય કાળદ્રવ્યને માનતા નથી તેની આ દલીલ છે.)

## પર્યાય પર્યાયવાન્ વિના હોઈ શકે નહિ.

સમાધાન :–સમયરૂપ અવસ્થા તે જ કાળદ્રવ્ય હોય એમ બની શકે નહિ કારણ કે પર્યાય–પર્યાયવાન્ વિના હોઈ શકે નહિ. નવી અવસ્થાનું થવું, જૂની અવસ્થાનું ટળવું કોઈના આધાર વિના સંભવે નહિ. માટે ઉત્પાદ–વિનાશરૂપ વૃત્તિઓ વૃત્તિમાન એવા કાળાણુ પદાર્થને આધારે જ સંભવે છે. તે વિના હોઈ શકે નહિ માટે કાળ ઔપચારિક દ્રવ્ય નથી, પણ નિશ્ચય દ્રવ્ય છે.

છતાં પણ શંકાકાર કહે છે કે : ''વૃત્તિ વૃત્તિમાન વિના બની શકે છે.''

તો શંકાકારને પ્રશ્ન પૂછવામાં આવે છે કે–વૃત્તિ તો ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યની એકતાસ્વરૂપ હોવી જોઈએ. એકલી વૃત્તિ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યની એકતા સ્વરૂપ કઈ રીતે હોઈ શકે ? દ્રવ્યના અસ્તિત્વમાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય તો નક્કી કરેલ છે તો દ્રવ્યને માન્યા વિના એકલી પર્યાયને ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણે એકી સાથે કેવી રીતે છે, તે ખુલાસો કરો.

## શંકાકારની દલીલ

''કાળદ્રવ્ય વિના પણ અનાદિકાળથી અનંતકાળ સુધી સમયો એક પછી એક પરસ્પર અંતર પડ્યા વિના પ્રવર્તે છે તેથી એકપ્રવાહરૂપ બની જવાથી તેમાં એકસ્વરૂપપણું આવે છે. પહેલાં પહેલાંના અંશોનો નાશ થાય છે, પછી પછીના અંશોનો ઉત્પાદ થાય છે અને તેથી એકપ્રવાહપણું એમાં ચાલુ રહે છે માટે એકાત્મકપણું–ધ્રુવપણું પણ છે. એક અવસ્થા થાય છે ને જાય છે, એમ ઉત્પાદ–વ્યય, ઉત્પાદ–વ્યય થતો હોવાથી પ્રવાહક્રમ ચાલુ રહે છે માટે તેમાં એકરૂપતા રહે છે. આ રીતે એકલી વૃત્તિ પણ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યની એકતા સ્વરૂપ હોઈ શકે છે.''–આ પ્રમાણે શંકાકારની દલીલ છે.

### કાળને ધ્રુવ પદાર્થ માન્યા વિના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સાબિત થતાં નથી.

સમાધાન : તમો (શંકાકાર) કહો છો તે વાત બરાબર નથી કારણ કે ધ્રુવને માન્યા વગર એકલી વૃત્તિમાં જે અંશમાં ઉત્પાદ છે ને જે અંશમાં વ્યય છે તે બે અંશો એક સાથે હોતા નથી એટલે કે તે બે ધર્મો જુદા જુદા સમયે પ્રવર્તે છે તેથી ઉત્પાદ ને વ્યયનું ઐક્ય તમો કહો છો તે પ્રમાણે ક્યાંથી હોઈ શકે ? ઉત્પાદ ને વ્યયમાં પ્રવાહક્રમ ચાલુ છે તેથી એકરૂપતા છે

એમ તમો કહો છો તો ઉત્પાદ ને વ્યયના સમયો તો જુદા છે માટે તેમાં એકરૂપતા કેવી રીતે રહેશે ? એટલે તેમાં એકરૂપતા રહેતી નથી માટે તમારી માન્યતા મુજબ ધ્રુવપણું સાબિત થતું નથી.

વળી નષ્ટ અંશ સર્વથા નાશ પામ્યો છે ને તે સમયે ઉત્પાદ અંશ પોતે ઊપજ્યો નથી કારણ કે તમારી માન્યતા મુજબ ઉત્પાદ તો બીજે સમયે થાય છે તો પછી જે સમયે વ્યય છે તે સમયે તો ઉત્પાદ નથી. એક સમયે તે બે ધર્મો પ્રવર્તતા નથી તો પછી નાશ અને ઉત્પાદની એકતામાં વર્તનારું ધ્રુવ જ ક્યાંથી હોય ? વર્તમાનનો ઉત્પાદ ને પૂર્વનો વ્યય એક સમયે માનો તો તેની એકતામાં વર્તનારું ધ્રુવ હોઈ શકે પણ તમો તો ઉત્પાદ અને વ્યય તો જુદા જુદા સમયે માનો છો તો તેની એકતા કરનાર ધ્રુવ છે એમ જે તમો કહો છો તે ધ્રુવ જ સાબિત થતું નથી.

## શંકાકારની માન્યતાથી ઊપજતો ક્ષણિકપણાનો દોષ.

આવી તમારી માન્યતા હોવાથી તમોએ કહેલું ત્રિલક્ષણપણું (ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યપણું) નાશ પામે છે કારણ કે જે સમયે વ્યય છે તે સમયે ઉત્પાદ નથી ને તેથી ધ્રૌવ્ય પણ સાબિત થતું નથી. ક્ષણિકવાદીઓ જેમ એક દ્રવ્યને એક સમય પૂરતું માને છે, બીજે સમયે બીજું, ને ત્રીજે સમયે ત્રીજું માને છે તેમ તમારી માન્યતા મુજબ ક્ષણભંગ ઉલ્લસે છે. નિત્ય દ્રવ્ય કોઈ રહેતું નથી અને ક્ષણમાં નાશ થતા ભાવો ઉત્પન્ન થાય છે. આવી રીતે વસ્તુસ્વરૂપમાં અંધાધૂંધી થવાનો પ્રસંગ આવે છે–વસ્તુસ્વરૂપમાં વિરોધ ઉત્પન્ન થાય છે કારણ કે તમારી માન્યતા મુજબ કાં તો બધું સર્વથા નાશ થાય છે ને કાં તો બધું સર્વથા ઉત્પાદ થાય છે. કોઈ ધ્રુવતા રહેતી નથી, કોઈ દ્રવ્ય સળંગ રહેતું નથી; માટે તમારી માન્યતા વ્યાજબી નથી.

## ક્ષણિકપણાનો દોષ કાળાણુ ધ્રુવ પદાર્થ માનવાથી ટળે છે.

માટે વસ્તુસ્વરૂપનો ગોટાળો ટાળવો હોય તો વૃત્તિનો આધાર–વૃત્તિમાન્ પદાર્થ સ્વીકારવો યોગ્ય છે. અંશનો આધાર અંશી, પર્યાયનો આધાર પર્યાયવાન્–નક્કી કરવો યોગ્ય છે ને તે વૃત્તિમાન્ કાળાણુ ધ્રુવ પદાર્થ છે. ને વૃત્તિમાન્‌નું પોતાનું હોવાપણું પ્રદેશ વગર હોઈ શકે નહિ માટે વૃત્તિમાન્ કાળાણુ સપ્રદેશ જ છે, એમ નક્કી થાય છે.

## કાળાણુ અપ્રદેશી નથી પણ પ્રદેશી છે.

જો કાળાણુને અપ્રદેશ માનવામાં આવે તો અપ્રદેશવાળા પદાર્થનું અસ્તિત્વ હોઈ શકે નહિ. અન્વય એટલે એકરૂપ રહેનારો સદ્રશ પદાર્થ ને વ્યતિરેક એટલે એક પછી એક થતી ભેદરૂપ અવસ્થાઓ. ધ્રુવ તે અન્વય–સદ્રશ રહેનારું છે ને ઉત્પાદ–વ્યય તે વ્યતિરેક એટલે અવસ્થા છે.

અપ્રદેશીને અન્વય–વ્યતિરેકપણું અથવા ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય હોઈ શકે નહિ. કાળાણુ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યના અસ્તિત્વવાળો પદાર્થ છે એમ આગળ નક્કી થઈ ગયું છે માટે કાળાણુ પદાર્થ પ્રદેશવાળો છે–એમ નક્કી થાય છે.

## કાળ અસંખ્ય પ્રદેશી માનવામાં આવે તો ?

શંકાકારે કાળને પ્રદેશવાળું દ્રવ્ય તો માન્યું પણ હવે બીજી શંકા કરે છેઃ–

"આ પ્રમાણે કાળ પ્રદેશી છે તો તેને એક દ્રવ્યના કારણભૂત લોકાકાશતુલ્ય અસંખ્ય પ્રદેશો કેમ ન માનવા ? અર્થાત્ કાળને ધર્માસ્તિકાયની જેમ અસંખ્યપ્રદેશી એક દ્રવ્ય કેમ ન માનવું ? એવી રીતે શંકાકાર શંકા કરે છે.

સમાધાન :–તમારી વાત બરાબર નથી કારણ કે કાળ અસંખ્યાત પ્રદેશી એક દ્રવ્ય હોય તો પર્યાય સમય નક્કી થતો નથી તેથી અસંખ્ય પ્રદેશો માનવા યોગ્ય નથી.

એક પરમાણુ એક પ્રદેશમાત્ર કાળાણુથી નજીકના બીજા પ્રદેશમાત્ર કાળાણુ સુધી મંદગતિએ જાય છે ત્યારે પર્યાય સમય નક્કી થાય છે. આ કાળના માપની વાત છે. જો કાળદ્રવ્ય લોકાકાશતુલ્ય અસંખ્યપ્રદેશી હોય તો પર્યાયસમયની સિદ્ધિ થતી નથી.

ફરી શંકાકાર કહે છે કે :–"કાળદ્રવ્ય ધર્માસ્તિકાયની જેમ લોકાકાશ જેટલા અસંખ્ય પ્રદેશોવાળું એક દ્રવ્ય હોય તો પણ પરમાણુ જ્યારે આકાશનો એક પ્રદેશ ઓળંગે છે ત્યારે પર્યાયસમય નક્કી થાય છે."

આ પ્રમાણે શંકાકાર દલીલ કરે છે પણ તેની તે વાત વ્યાજબી નથી; કારણ કે તેમાં બે દોષ આવે છે :–

## કાળને અસંખ્ય પ્રદેશી માનવાથી ઊપજતા દોષો અને તેનું નિરાકરણ.

(૧) શંકાકારની માન્યતાથી દ્રવ્યના એક દેશની અવસ્થાને આખા દ્રવ્યની અવસ્થા માનવાનો પ્રસંગ આવે છે. કારણ કે ધર્માસ્તિકાયની જેમ તેણે કાળને લોકાકાશ પ્રમાણ માન્યો છે. એક પરમાણુ મંદગતિથી આકાશનો એક પ્રદેશ ઓળંગે ત્યાં સમય પૂરો થાય છે તે તેની અવસ્થા એક અંશ જેટલી થઈ. કારણ કે અહીં તો કાળનું માપ લેવું છે.

કાળનું માપ કેટલું ?–કે પરમાણુ એક અંશ ઓળંગે એટલું. તો પછી કાળની પર્યાય પણ ત્યાં જ પૂરી થઈ જાય છે. તો શંકાકારના કહેવા મુજબ માનવાથી કાળદ્રવ્ય આખું લોકાકાશમાં રહ્યું ને તેની પર્યાય એક અંશમાં રહી તો તે વાત વિરોધવાળી છે. દ્રવ્ય અને પર્યાયને લક્ષણભેદે ભેદ હોવા

<u>છતાં પ્રદેશભેદે ભેદ નથી. જેટલું ક્ષેત્ર પર્યાયનું તેટલું જ ક્ષેત્ર દ્રવ્યનું હોવું જોઈએ.</u>

જેમ ધર્માસ્તિકાયની પર્યાય તેના આખા દ્રવ્યમાં રહે છે તેમ કાળની પર્યાય કાળના આખા દ્રવ્યમાં રહેવી જોઈએ, પણ શંકાકારના કહેવા મુજબ હોય તો અહીં કાળમાં તેમ બન્યું નહિ. કાળ આખા દ્રવ્યની પર્યાય એક અંશમાં પૂરી થઈ ગઈ જે વાત વિરોધવાળી છે. કોઈ કહે કે સાકર તો આખા ગાંગડામાં છે પણ સાકરનો મીઠો સ્વાદ તેના અમુક નાના ભાગમાં છે તો તે પ્રત્યક્ષ વિરુદ્ધ છે. વળી કોઈ દ્રવ્ય ઊંચું રહે પણ તેની પર્યાય નીચે રહી જાય–એ વાત જેમ અશક્ય છે તેમ કાળદ્રવ્ય આખા લોકાકાશ જેટલું રહે ને તેની પર્યાય એક અંશમાં રહે તે અશક્ય છે. દ્રવ્ય ને પર્યાયનું ક્ષેત્ર જુદું નથી તેમ ઓછુવત્તું નથી. ધર્માસ્તિકાયનું દ્રવ્ય લોકપ્રમાણ છે ને તેનો પર્યાય પણ લોકપ્રમાણ છે. જ્યારે કાળનો પર્યાય લોકપ્રમાણ કદી પણ નથી, કાળનો પર્યાય તો એક અંશમાં પૂરો થાય છે માટે તે પર્યાયને ધરનાર કાળદ્રવ્ય અસંખ્ય પ્રદેશી લોક પ્રમાણ સાબિત થતું દ્રવ્ય નથી, પણ કાળની પર્યાય એક અંશમાં છે માટે પર્યાયવાન્ કાળદ્રવ્ય પણ એક અંશમાં નક્કી થાય છે.

(૨) વળી કાળને અસંખ્ય પ્રદેશી એક દ્રવ્ય માનતાં તિર્યક્પ્રચયને ઊર્ધ્વપ્રચયપણાનો પ્રસંગ આવે છે. તે આ પ્રમાણે :–

કાળ અસંખ્ય પ્રદેશી માનવાથી કાળદ્રવ્ય એક સમયે એક પ્રદેશે વર્તશે, બીજે સમયે બીજે પ્રદેશે વર્તશે, ત્રીજે સમયે ત્રીજા પ્રદેશે વર્તશે કારણ કે શંકાકારે માનેલું છે કે દ્રવ્ય એક પ્રદેશ ઓળંગે ત્યાં એક સમય સિદ્ધ થાય છે. આમ થવાથી તિર્યક્પ્રચય ઊર્ધ્વપ્રચયનું કામ કરશે. એક પછી એક પ્રદેશ અથવા ક્ષેત્ર અપેક્ષિત સમૂહ તેને તિર્યક્પ્રચય કહે છે. તિર્યક્પ્રચયનું કામ તો ક્ષેત્રની અપેક્ષા બતાવવી તે છે પણ કાળની અપેક્ષા બતાવવી તે તિર્યક્પ્રચયનું કામ નથી. એક સમય, બીજો સમય એમ કાળની અપેક્ષા બતાવવી તે ઊર્ધ્વપ્રચયનું કામ છે. હવે અહીં શંકાકાર અસંખ્યપ્રદેશી કાળને માને તો કાળદ્રવ્ય એક સમયે એક ક્ષેત્રે, બીજે સમયે બીજે વર્તે તો તિર્યક્પ્રચય–ઊર્ધ્વપ્રચય બનીને દ્રવ્યને પ્રદેશમાત્ર સિદ્ધ કરે છે એટલે કે તિર્યક્પ્રચય તે જ ઊર્ધ્વપ્રચય છે એમ માનવાનો પ્રસંગ આવે છે ને તેથી દ્રવ્ય તો પ્રદેશમાત્ર જ સિદ્ધ થાય છે.

શંકાકાર કાળના અસંખ્ય પ્રદેશો સિદ્ધ કરવા જાય છે. એક અંશ, પછી બીજે અંશ, પછી ત્રીજે અંશ એમ ક્ષેત્રની પહોળાઈ સાબિત કરવા જાય છે એટલે કે તિર્યકપણું–ક્ષેત્ર અપેક્ષિતપણું સાબિત કરવા જાય છે પણ તે તો સાબિત થતું નથી કારણ કે એક સમયે તો દ્રવ્ય આખું એક અંશે પૂરું થઈ

જાય છે જેથી ક્ષેત્રઅપેક્ષિતપણું એટલે પહોળાઈ સાબિત થતી નથી પણ એક સમયે એક અંશે, બીજે સમયે બીજે અંશે એમ શંકાકાર કહે છે તેમાં તો ઊંચાપણું એટલે કાળઅપેક્ષિતપણું એટલે ઊર્ધ્વપ્રચયપણું સાબિત થાય છે. શંકાકારને તો ક્ષેત્રઅપેક્ષિતપણું સાબિત કરવું છે પણ ક્ષેત્રઅપેક્ષિતપણું સાબિત થતું નથી, પણ કાળ અપેક્ષિતપણું સાબિત થાય છે. જેથી તિર્યક્પ્રચય એટલે ક્ષેત્ર અપેક્ષિતપણાને ઊર્ધ્વપ્રચયપણું એટલે કાળ અપેક્ષિતપણું માનવાનો પ્રસંગ આવે છે માટે કાળદ્રવ્યમાં કાળ–અપેક્ષિતપણું સાબિત થાય છે, પણ ક્ષેત્ર અપેક્ષિતપણું સાબિત થતું નથી માટે તિર્યક્પ્રચયને ઊર્ધ્વપ્રચય નહિ ઇચ્છનારે પ્રથમથી જ કાળદ્રવ્ય એક પ્રદેશમાત્ર છે–એમ નક્કી કરવું.

આ પ્રમાણે કાળ એક નિશ્ચયદ્રવ્ય છે ને તે એકપ્રદેશમાત્ર છે–એમ નક્કી થયું. કાળ પણ એક જ્ઞેય છે ને જ્ઞેયનું જેવું છે તેવું જ્ઞાન કરવું તે સમ્યક્જ્ઞાન છે.

**આમ જ્ઞેયતત્ત્વ—પ્રજ્ઞાપન ને વિષે દ્રવ્યવિશેષ પ્રજ્ઞાપન સમાપ્ત થયું.**

***

# પ્રસાદ નં.—૭૭

## પ્રવચનસાર ગાથા ૧૪૫ ના પ્રવચનમાથી.

(પોષ સુદ ૧૪, રવિવાર)

હવે, એ રીતે જ્ઞેયતત્વ કહીને, જ્ઞાન અને જ્ઞેયને જુદા કરી આત્માને નક્કી કરે છે. છ પદાર્થો જ્ઞેય છે ને તેમાં પોતાનો જીવ જ્ઞાન ને જ્ઞેય બન્ને છે તેથી પોતે છ દ્રવ્યોને જાણે છે એટલે પોતાને જાણે છ થી જુદો નક્કી કરે છે ને તે માટે વ્યવહારજીવત્વનો હેતુ વિચારે છે:—

### ગાથા ૧૪૫.

**સપ્રદેશ અર્થોથી સમાપ્ત સમગ્ર લોક સુનિત્ય છે;**
**તસુ જાણનારો જીવ, પ્રાણચતુષ્કથી સંયુક્ત જે. ૧૪૫.**

**અન્વયાર્થ:**—સપ્રદેશ પદાર્થો વડે સમાપ્તિ પામેલો આખો લોક નિત્ય છે. તેને જે જાણે છે તે જીવ છે, કે જે સંસાર દશામાં ચાર પ્રાણોથી સંયુક્ત છે.

### જીવ નિશ્ચયથી ચેતનાપ્રાણસ્વરૂપ છે પણ સંસારમાં ચાર પ્રાણોથી સંયુક્ત છે.

આ લોકમાં છ દ્રવ્યો છે. આકાશ અનંત પ્રદેશી, જીવ, ધર્મ, અધર્મ અસંખ્ય પ્રદેશી, પરમાણુ દ્રવ્યે એક પ્રદેશી, પર્યાયે અનેક પ્રદેશી અને કાળાણુ એક પ્રદેશી સાબિત કર્યા. અંશ ન હોય તો દ્રવ્યની હૈયાતી સાબિત થતી નથી. કાળ પણ એક પ્રદેશી છે માટે છ પદાર્થો સપ્રદેશ છે. છ દ્રવ્યો ઉપરાંત બીજુ કાંઈ લોકમાં નથી. લોક અનાદિ-અનંત છે. તેને કોઈએ બનાવ્યો નથી. તેને જે જાણે છે તે જીવ છે. સમકિતી દેડકું છ દ્રવ્યોનાં નામ જાણતું નથી છતાં 'હું જીવ છું' એમ જાણતાં બીજા બધા પર પદાર્થો તે હું નથી એમ સમ્યગ્જ્ઞાનમાં પરના વિભાગમાં જ્ઞેયો આવાં છે તેવું અવ્યક્તપણે જાણે છે.

આ બધાં જ્ઞેયોને સાબિત કરીને જ્ઞેયોને લીધે જ્ઞાન નથી પણ જ્ઞાનની તાકાતને લીધે જ્ઞાન છે—એમ બતાવે છે. ચૈતન્ય સ્વભાવને લીધે જ્ઞાન છે ને જ્ઞાન કરનારો તે જીવ છે. છ દ્રવ્યોમાંથી કોઈ દ્રવ્યને ઉત્પન્ન કરે, કોઈનું રક્ષણ કરે, કોઈને બચાવે, કોઈને ટકાવી રાખે કે કોઈનો નાશ કરી શકે એવું જીવનું સ્વરૂપ જ નથી. મારામાં સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રુવ થઈ રહ્યાં છે તેમ જીવ જાણે. જાણવા–દેખવાના સ્વભાવવાળો જીવ પોતાની અજ્ઞાનદશાનાં કારણે સંસારમાં ચાર પ્રાણોથી સંયુક્ત છે.

ટીકા:- આકાશથી માંડીને કાળ સુધીના બધા દ્રવ્યોના પ્રદેશ નક્કી કર્યા. કોઈપણ દ્રવ્યને પ્રદેશ ન હોય એમ બની શકે નહિ. પ્રદેશ ન હોય તો વસ્તુ જ રહેતી નથી માટે બધાં દ્રવ્યો સપ્રદેશી છે. આ છ દ્રવ્યોથી આખો લોક ભરેલો છે. તે લોકમાં જીવ પણ આવી જાય છે ને તે બધાને જાણે છે તેથી જીવ જ્ઞાન તથા જ્ઞેય બન્ને છે.

## જીવની અંચિત્ય સ્વ—પર પ્રકાશક શક્તિરૂપ સંપદા.

'પોતાની અંચિત્ય એવી સ્વ—પરને જાણવાની શક્તિરૂપ સંપદા વડે જીવ જ જાણે છે'—એમાં મહા સિદ્ધાંત છે. પોતે દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ છે ને પર પદાર્થો પરદ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ છે તેમ જીવ જાણે છે. જગતમાં રૂપિયા વગેરે પુદ્‌ગલ છે તેને જાણવાની જીવમાં શક્તિ છે, પણ તે રૂપિયા જીવના છે એમ જાણવાનો જીવનો સ્વભાવ નથી.

વળી અહીં જાણવાનો સ્વભાવ કહ્યો છે. નિમિત્તથી, પર પદાર્થોની હાજરીથી, શરીરથી, મનથી, ઈન્દ્રિયોથી કે પોતાના રાગથી જીવ જાણે છે એમ કહ્યું નથી પણ પોતાની અંચિત્ય એવી મહાન ઋદ્ધિથી–સ્વ-પર પ્રકાશક શક્તિથી જાણે છે.

## જીવ પરનું કાંઈ પણ કરવા સમર્થ નથી.

અત્યારે જુવાનીમાં કમાઈ લઈએ તો ઘડપણમાં કામ આવે, કુટુંબમાં, દુકાનમાં, ઘરમાં આવી રીતે વ્યવસ્થા કરૂં વગેરે ભાવો જીવની ઋદ્ધિમાં નથી. પોતાની નબળાઈના કારણે રાગ થઈ આવે તેને પણ જાણવાનો જીવનો સ્વભાવ છે પણ વિકલ્પના ઘોડા દોડાવી રાગ કરવાનો કે પર પદાર્થોને પોતાના માની હેરવવા—ફેરવવાનો જીવનો સ્વભાવ નથી, જેમ થાય એમ જાણવું એવો સ્વભાવ છે.

શરીર ઠીક હોય તો મને ઠીક પડે એમ અજ્ઞાની માને છે. શરીર ને કપડાં તો પર દ્રવ્ય છે. તેને જીવ મૂકી—લઈ શકતો નથી, ઢાંકી શકતો નથી પણ <u>શરીર ને કપડાં માંરા છે ને તેથી મને ઠીક પડે એવી માન્યતાથી તારા જ્ઞાનને તું ઢાંકી રહ્યો છો.</u>

જ્ઞાની પુરૂષો કહે છે કે <u>એક તણખલાના બે ટુકડા કરવાની જીવની તાકાત નથી.</u> રૂપિયા, મકાન, શરીર, કુટુંબ કબીલા વગેરે કહેવાતી સંપદા આત્મામાં નથી. આત્મા તો જાણનાર-દેખનાર છે. પરને કરવાનો ભાવ જીવમાં નથી એમ પોતાના જ્ઞાનસ્વભાવની ઋદ્ધિનો મહિમા આવ્યો છે તેને પરની મમતા ઘટ્યા વગર રહે જ નહિ.

**જ્ઞાન અને જ્ઞેયનો વિભાગ:**–સ્વ-પરને જાણવાની શક્તિ જીવમાં જ છે. પરંતુ બીજું કોઈ જાણતું નથી. જીવ સિવાયનાં પાંચે દ્રવ્યો જ્ઞેય જ છે

ને જીવ દ્રવ્ય જ્ઞેય તેમ જ જ્ઞાન છે; કારણકે તે પોતાને તેમ જ પરને જાણે છે. આવી રીતે જ્ઞાન ને જ્ઞેયનો વિભાગ છે.

## નિશ્ચય જીવત્વનો હેતુ અનંત જ્ઞાનશક્તિ.

કદી નાશ ન થાય એવા નિશ્ચય જીવત્વથી જીવ જીવી રહ્યો છે. તે નિશ્ચય જીવત્વનો હેતુ પોતામાં સહજપણે અનંતજ્ઞાનશક્તિ ભરી પડેલી છે, તે છે. બહાર પ્રાણો—ઈન્દ્રિય, મન, શરીર કે રોટલા વગેરે પદાર્થો જીવતરનાં કારણ નથી.

## વ્યવહાર જીવત્વનો હેતુ ચાર પ્રાણોથી સંયુક્તપણું.

આવું નિશ્ચય જીવતર દરેક જીવને હોવા છતાં અજ્ઞાનના કારણે પોતે અનાદિથી પ્રવાહરૂપે પ્રવર્તતા પુદ્‌ગલના સંયોગથી—નિમિત્તપણાના જોડાણથી સંસારદશામાં દુષિત થયો છે ને ઈન્દ્રિય, બળ, આયુ ને શ્વાસોચ્છવાસ—ચાર પ્રાણોથી જોડાયેલો છે એટલે કે તે એક ક્ષેત્રાવગાહપણે છે. તે વ્યવહાર–જીવત્વનું કારણ છે અને તે જુદા કરવા યોગ્ય છે.

નિશ્ચય જીવત્વનો હેતુ અનંત જ્ઞાનશક્તિ કહેલ છે અને વ્યવહાર-જીવત્વનો હેતુ ચાર પ્રાણોથી સંયુક્તપણું કહ્યું છે.

## વ્યવહાર પ્રાણનું જ્ઞાન કરવાનું પ્રયોજન.

આ જ્ઞેય અધિકાર છે. જીવ નિશ્ચયથી પોતાની અનંત જ્ઞાનશક્તિથી જીવી રહ્યો છે—એમ સ્વજ્ઞેયને જાણ. સંસારદશામાં ચાર પ્રાણના નિમિત્તથી જીવે છે એમ પણ સંસારપર્યાય જે સ્વજ્ઞેય છે તેને જાણ, પણ તે તારો ખરો સ્વભાવ નથી. ચૈતન્ય પ્રાણથી જીવવું તે તારો સ્વભાવ છે એમ જાણી ચાર પ્રાણના સંયોગથી જુદો પડ.

ઈન્દ્રિયો, મન, વગેરે સંયોગ મળ્યા છે માટે ઈન્દ્રિયોથી વગેરેથી લાભ લઈ લઉં ને તે ઠીક હોય તો મને સુખ થશે એવી ભ્રાંતિ કાઢી નાખ. તેના નિમિત્તપણાના જોડાણથી જુદો પડ ને ચેતના પ્રાણથી સદાય જીવ. એવો વ્યવહાર પ્રાણરૂપી સ્વજ્ઞેયનું જ્ઞાન કરાવવાનો હેતું છે.

ભાવાર્થ;- છ દ્રવ્યોનો સમૂહ તે લોક છે. જીવ પોતાની અચિંત્ય અનંત જ્ઞાનશક્તિથી લોકને જાણે છે તેથી જીવ સિવાય પાંચ દ્રવ્યો જ્ઞેય છે અને જીવ જ્ઞાન તથા જ્ઞેય છે.

નિશ્ચય જીવત્વ વસ્તુના સ્વરૂપભૂત છે, તે કદી નાશ પામતું નથી ને તે જીવને સદાય હોય છે. તે નિશ્ચય જીવત્વનું કારણ અનંત જ્ઞાનશક્તિ છે. તે સદાય હોવા છતાં સંસાર અવસ્થામાં પોતે પુદ્‌ગલના નિમિત્તથી દુષિત થયો છે. પુદ્‌ગલે દુષિત કરાવ્યો નથી પણ પોતે અપરાધ કરે છે ત્યારે ચાર પ્રાણનો એકક્ષેત્રાવગાહ સંબંધ થાય છે. તેથી જીવને વ્યવહારજીવત્વ પણ છે. તે વ્યવહારજીવત્વના કારણરૂપ જે ચાર પ્રાણોથી જોડાવાપણું છે તેનાથી

જીવને તદ્દન જુદો કરવા યોગ્ય છે. પ્રાણો તો પુદ્ગલ પરપદાર્થો છે. તે તો આત્માથી તદ્દન જુદા છે. પણ તે તરફનું લક્ષ કરીને લાભ-નુકશાન માનીને જીવ અજ્ઞાનભાવ ચાલુ રાખે છે ત્યાં સુધી સંયોગ રહે છે પણ ચેતનાની અનાદિ અનંત શક્તિ તરફ લક્ષ કરી સાચું જ્ઞાન કરે તો સંસારદશામાં ટળી જાય છે. તેને ચાર પ્રાણોનું સંયુક્તપણું રહેતું નથી માટે ચાર પ્રાણથી જીવને જુદો કરવો—એમ નિમિત્તથી કથન કરવામાં આવ્યું છે.

આ પ્રમાણે નિશ્ચય જીવત્વ અને વ્યવહારજીવત્વ બન્ને સ્વજ્ઞેય છે, તેનું યથાર્થ જ્ઞાન કરવું તે જ્ઞાનની નિર્મળતાનું કારણ છે.

હવે પ્રાણો ક્યા છે તે કહે છેઃ-

## ગાથા ૧૪૬.

**ઈન્દ્રિયપ્રાણ, તથા વળી બળપ્રાણ, આયુપ્રાણ ને**
**વળી પ્રાણ શ્વાસોચ્છ્વાસ- એ સૌ, જીવ કેરા પ્રાણ છે. ૧૪૬**

અન્વયાર્થઃ- ઈન્દ્રિયપ્રાણ, બળપ્રાણ, આયુપ્રાણ તથા શ્વાસોચ્છ્વાસ પ્રાણ એ ચાર જીવોના પ્રાણો છે.

## જડ પ્રાણો જીવના છે એમ કહેવાનો હેતુ શો છે ?

સંક્ષેપથી ચાર પ્રાણ છે ને વિસ્તારથી પાંચ ઈન્દ્રિયો, મન, વચન, કાયા, શ્વાસ ને આયુ એમ દશ જડપ્રાણ છે. સંસારદશામાં અનાદિકાળથી અજ્ઞાની જીવ શરીર, ઈન્દ્રિય વગેરે જડ પ્રાણોને પોતાના માની તેમાંથી સુખ મેળવવા માગે છે, તેથી તેને સંસાર ચાલુ રહે છે ને વિકારના ફળમાં જડકર્મ બંધાય છે ને જડ કર્મના ફળમાં નોકર્મરૂપી દશ પ્રાણનો જીવને એકક્ષેત્રાવગાહ સંબંધ હોય છે. કોઈ અજ્ઞાની જીવ એમ માને કે સંસારમાં દશ પ્રાણનો સંબંધ વ્યવહારે પણ હોતો નથી તો તેની ભૂલ છે. વળી વ્યવહારે તે દશ પ્રાણ હોવા છતાં પણ જીવનું તે ખરું સ્વરૂપ નથી, એમ દશ પ્રાણ ઉપરની દ્રષ્ટિ ઉઠાવવા ને ચૈતન્ય પ્રાણની દ્રષ્ટિ કરાવવા વ્યવહારપ્રાણનું જ્ઞાન કરાવે છે.

અહીં કોઈ કહે કે અશાતાનો ઉદય ન આવે ને ઈન્દ્રિયો મોળી ન પડે ત્યાં સુધી તું ધર્મ કરી લેજે, એમ શાસ્ત્રમાં આવે છે તો સબળ ઈન્દ્રિયો, મજબૂત શરીર જુવાનીમાં ધર્મમાં મદદ કરે છે, તે ખરું છે ? ને વૃદ્ધાવસ્થામાં ઈન્દ્રિયોને શરીર શિથિલ થઈ જતાં જીવ ધર્મ કરી શકતો નથી?

સમાધાનઃ- આ વાક્યો ઉપદેશનાં છે. ઉપદેશનાં વાક્યોનો ભાવ સમજવો જોઈએ. અશાતાના ઉદય વખતે તારા અસામર્થ્ય વડે તું પુરૂષાર્થ કદાચ ન કરી શકે તેટલા ખાતર શાતાનો ઉદય વર્તે છે ત્યારથી ધર્મ માટે તારો પુરૂષાર્થ ઉપાડ—એવો આશય છે. પુરૂષાર્થહીન જીવને પુરુષાર્થ ઉપાડવા નિમિત્તનાં કથનો છે. ઈન્દ્રિયો સબળી રહેવી કે નબળી રહેવી તે આત્માના હાથની વાત નથી, તેમજ સારી ઈન્દ્રિયો ધર્મનું કારણ નથી ને

નબળી ઈન્દ્રિયો અધર્મનું કારણ નથી. ઈન્દ્રિયોથી રહિત એવો આત્મા જ્ઞાતાદ્રષ્ટા સાક્ષીસ્વરૂપ છે એ એક જ ધર્મનું કારણ છે.

## (૧) ઈન્દ્રિયપ્રાણનું સ્વરૂપ.

ઈન્દ્રિયપ્રાણના પાંચ ભેદ છે:-

૧) **સ્પર્શના:**—અજ્ઞાની જીવ સ્પર્શેંદ્રિયમાં સુખ માને છે, વળી ઈન્દ્રિય સારી હોય તો ધર્મ થાય તેમ માને છે. પણ સ્પર્શેંદ્રિય તો જડ છે ને આત્મા જ્ઞાનસ્વરૂપ છે. સ્પર્શનાથી આત્મા જુદો છે—એમ જ્ઞાન કરવું.

૨) **રસના:**—રસના ઈન્દ્રિય બરાબર હોય તો ભગવાનના ગુણ સારી રીતે ગવાય ને તો રસના ઈન્દ્રિયનો લાભ લીધો, એમ અજ્ઞાની માને છે. પણ રસના જડ છે, ભાષા જડ છે, ભક્તિના ભાવ તે પુણ્યવિકાર છે. આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે.

3) **ઘ્રાણ:**—નાક ઈન્દ્રિય બરાબર હોય તો અનાજ વગેરે સડતું હોય તો ખ્યાલ આવે ને તેથી તેની દયા પાળી શકાય એમ અજ્ઞાની માને છે. પણ ઘ્રાણ ઈન્દ્રિય તો જડ છે ને આત્મા જ્ઞાનસ્વરૂપ છે.

૪) **ચક્ષુ:**—ભગવાનનાં દર્શન ચક્ષુ વડે કરવાથી અવતાર સફળ થાય છે ને ભગવાનની વીતરાગી પ્રતિમા જોતા આત્મામાં વીતરાગભાવ પ્રગટે છે-એમ અજ્ઞાની માને છે પણ તે વાત ખોટી છે.

આંખ તો જડ છે. આત્મા જ્ઞાનચક્ષુવાળો છે. જડ આંખથી આત્મા જુદો છે એમ જ્ઞાનચક્ષુવાળા આત્માસ્વભાવને જોવાથી ભવ સફળ થાય છે ને વીતરાગ ભાવ પ્રગટ થાય છે.

(૫) **શ્રોત્ર:**—કાન સારા હોય તો દેવ-ગુરુની વાણી સંભળાય ને તો ધર્મ થાય, એમ અજ્ઞાની માને છે, પણ તે વાત ખોટી છે.

કાન તો જડ છે, આત્મા જ્ઞાનસ્વરૂપ છે. કાનથી આત્મા જુદો છે, એમ જાણવું.

આ પ્રમાણે પાંચ ઈન્દ્રિય આત્માથી જુદી છે એમ ઈન્દ્રિયપ્રાણનું યથાર્થ જ્ઞાન કરવું.

## (૨) બળપ્રાણનું સ્વરૂપ.

બળપ્રાણના ત્રણ ભેદ છે:-

૧) **કાયબળ:**—શરીરબળ સારું છે ત્યાં સુધી તપ કરી લઈએ ને ધર્મનો લાભ લઈ લઈએ, એમ અજ્ઞાની માને છે. પણ તે વાત ખોટી છે. શરીર સુકાતાં આત્માને લાભ માન્યો તેનો આત્મા સુકાઈ જાય છે ને મિથ્યાત્વ પુષ્ટ થાય છે. શરીર સુકાતાં આત્માને લાભ થતો નથી. કાય તો જડ છે ને આત્મા ચેતનસ્વરૂપ છે માટે કાયબળથી આત્મબળ તદ્દન જુદુ છે, એમ કાયબળનું યથાર્થ જ્ઞાન કરવું.

પાંચ ઈન્દ્રિયો ને કાયબળમાં ફેર એ છે કે પાંચ ઈન્દ્રિયો જ્ઞાનના ઉઘાડમાં નિમિત્ત છે ને કાય તે આત્મબળ—વીર્યમાં નિમિત્ત પડે છે.

**(૨) વચનબળ:**—વચનબળ હોય તો ભગવાનના ગુણગ્રામ ગવાય ને તો ધર્મ થાય, એમ અજ્ઞાની માને છે પણ તે વાત ખોટી છે. વચન જડ છે ને આત્મા જ્ઞાનસ્વરૂપ છે. વચન નીકળવામાં આત્માનું વીર્ય મદદ કરતું નથી કારણકે વચનબળથી આત્મબળ તદ્દન જુદ્દ છે, એમ વચનબળનું યથાર્થ જ્ઞાન કરવું.

**(3) મનબળ:**—મનબળ હોય તો હિતાહિતનો વિચાર થાય ને તો સમકિત પમાય, એમ અજ્ઞાની માને છે. વળી જ્ઞાની પુરૂષો સંજ્ઞી જીવોને ધર્મનો ઉપદેશ આપી લાભ આપે છે તો મન આટલું લાભનું કારણ છે, એમ અજ્ઞાની જીવો માને છે, પણ તે વાત ખોટી છે.

જ્ઞાનીને વિકલ્પ પોતાના રાગના કારણે આવે છે, વાણી વાણીના કારણે નીકળે છે. સામો જીવ વાણીથી કે મનથી સમજતો નથી. પોતાના જ્ઞાનની યોગ્યતાથી સમજે તો વાણીને અને મનને નિમિત્ત કહેવાય છે. મન તો જડ છે ને આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એમ મનોબળથી આત્મબળ તદ્દન જુદું છે, એમ યથાર્થ જ્ઞાન કરવું.

આ પ્રમાણે ત્રણે બળ જડ છે અને તે બળો આત્મબળથી જુદા છે, એમ યથાર્થ જ્ઞાન કરવું.

## (3) આયુપ્રાણનું સ્વરૂપ.

**આયુપ્રાણ:**—મનુષ્ય, દેવ, તિર્યંચ કે નારકીની પર્યાય જેટલો વખત ટકે તેમાં આયુપ્રાણ નિમિત્ત છે. આયુપ્રાણ તે અવસ્થાને ટકાવી દેતા નથી પણ તે તે અવસ્થાઓની પોતાના કારણે જેટલો વખત સ્થિતિ રહે તેમાં આયુ નિમિત છે. અહીં તો શરીરને ટકવામાં રોટલી, દાળ, ભાત અથવા દવા, હવા, વગેરે કોઈપણ બહારની ચીજ નિમિતકારણમાં લીધી નથી. શરીર શરીરના કારણે ટકે છે ત્યારે શરીર અને આત્મા સાથે રહેવાનો વખત કેટલો છે તે આયુ બતાવે છે. કોઈ એમાં વધઘટ કરી શકે નહિ. છતાં અજ્ઞાની જીવ આયુષ્યને વધારવા ઈચ્છે છે ને આયુ લાંબુ હોય તો લાભ થાય ને ટૂંકું હોય તો નુકશાન થાય, એમ માનીને ભ્રાંતિ કરે છે. વળી મનુષ્યપર્યાયથી મોક્ષ થાય—એમ અજ્ઞાની માને છે ને કહે છે કે દેવો પણ મનુષ્યભવ ઈચ્છે છે; પણ અજ્ઞાનીની તે વાત બરાબર નથી. મનુષ્યપણું તો અનંતવાર મળ્યું છે. છતા મનુષ્યદેહ ને ભવ ઉપરની દ્રષ્ટિ હોવાથી સંસાર ચાલુ રહ્યો. ભવ તો પર છે. આત્મામાં ભવ છે જ નહિ. એમ નિ:શંકપણું લાવે તો ધર્મ પ્રગટે છે. આવો પુરૂષાર્થ કરે છે તેને મનુષ્યભાવ નિમિત્તરૂપે હતો એમ બોલાય છે.

## 'અકાળ મૃત્યુ' એટલે શું ?

કોઈ પ્રશ્ન કરે કે તત્વાર્થસૂત્રમાં, ''અકાળ મૃત્યુ'' કહ્યું છે, તેનો શું અર્થ છે?

ઊત્તરઃ- કોઈ પણ મૃત્યુ અકાળે થતું જ નથી. તે જીવનો તે શરીર સાથે એટલો જ વખત રહેવાનો હોય છે. તેનું મૃત્યુ થવાનું ન હતું ને થઈ ગયું, એમ નથી. તે પર્યાયની સ્થિતિ એટલી જ હતી. મૃત્યુ થયું ત્યારે બહાર નોકર્મ કેવું હતું, તેનું જ્ઞાન કરાવે છે. કોઈ જીવ ઝેર ખાઈને મર્યો અથવા મોટરથી અકાળ મર્યો- તે બધાં નોકર્મ નું જ્ઞાન કરાવવા નિમિત્તના કથનો છે. ભવ સ્થિતિમાં નિમિત્તકારણ આયુ છે.

આવી રીતે આયુપ્રાણ તે જડ છે ને આત્મા જ્ઞાનસ્વરૂપ છે—એમ તેનું યથાર્થ જ્ઞાન કરવું.

## (૪) શ્વાસોચ્છવાસપ્રાણનું સ્વરૂપ.

**શ્વાસોચ્છવાસપ્રાણઃ**—વાયુ નીચે તથા ઊંચે જાય છે તેને શ્વાસોચ્છવાસપ્રાણ કહે છે, પણ આત્મા શ્વાસ લઈ શકતો નથી. શ્વાસ જડની ક્રિયા છે. કેટલાય જીવો માને છે કે દીર્ઘ પ્રાણાયમ એટલે ઊંડેથી શ્વાસ લેવાય તો શરીર તંદુરસ્ત રહે ને લાંબો વખત ટકે, પણ તે ભ્રમ છે.

લીમડાના ઝાડ નીચે ઊભા રહીએ તો ઓકસીજન મળે ને તેથી સ્ફુર્તિ રહે, એમ લોકો માને છે, પણ તે ભ્રમ છે. વાયુંને ઊંચો નીચો કરવો તે આત્માના હાથની વાત નથી. વાયુ જડ છે. તેનાથી શરીર ને લાભ-નુકશાન નથી તો આત્માને લાભ શેનો હોય ? શ્વાસ તે જીવના પ્રાણ નથી. આત્મા તો ચેતન પ્રાણસ્વરૂપ છે. આવી રીતે શ્વાસોચ્છવાસપ્રાણ ચેતનાપ્રાણથી તદ્દન જુદા છે, એમ તેનું યથાર્થ જ્ઞાન કરવું.

આવી રીતે ઈન્દ્રિય, બળ, આયુ ને શ્વાસ એ ચાર પ્રાણ જીવના વ્યવહારથી સંસારદશામાં હોય છે ને પેટા વિભાગથી દશ હોય છે. અજ્ઞાની જીવો અન્નને અગિયારમો પ્રાણ કહે છે ને ધનને બારમો પ્રાણ કહે છે, તે તો સ્થૂલ અજ્ઞાન છે. તે પ્રાણ નથી. તે તો પ્રત્યક્ષ જુદા પુદ્‌ગલ પદાર્થો છે.

<u>વ્યવહારે જીવને એક ક્ષેત્રે સંસારદશામાં દશ પ્રાણો હોય છે પણ તે જડ છે, તેનાથી આત્માને લાભ કે નુકશાન નથી—એમ તેના ઉપરથી દ્રષ્ટિ ઉઠાવી ચેતના પ્રાણ જે અનાદિઅનંત છે તેના ઉપર લક્ષ કરવું તે આ ગાથાનો સાર છે.</u>

***

# પ્રસાદ નં.–૭૯

## પ્રવચનસાર ગાથા ૧૪૭ના પ્રવચનમાંથી.

(પોષ સુદ ૧૫, સોમવાર)

હવે પ્રાણો જીવત્વના હેતુ છે એમ વ્યુત્પત્તિથી દર્શાવે છે તથા પ્રાણો પૌદ્‌ગલિક છે એમ કહે છે:-

**જે ચાર પ્રાણે જીવતો પૂર્વે, જીવે છે, જીવશે,**
**તે જીવ છે; પણ પ્રાણ તો પુદ્‌ગલ દરવનિષ્પન્ન છે. ૧૪૭.**

**અન્વયાર્થ:**–જે ચાર પ્રાણોથી જીવે છે, જીવશે અને પૂર્વે જીવતો હતો, તે જીવ છે. આમ છતાં પ્રાણો તો પુદ્‌ગલ દ્રવ્યોથી નીપજેલા છે.

## પ્રાણ હોવાનું કારણ સંયોગબુદ્ધિ.

**ટીકા:**–પાંચ ઈન્દ્રિયો, ત્રણ બળ, શ્વાસ અને આયુ એમ દશ પ્રાણ સંસારદશામાં વ્યવહારે હોય છે, પણ તે જીવનું ખરુ સ્વરૂપ નથી. કારણ કે તે તો જડ છે પણ અજ્ઞાની પ્રાણ મારા છે ને પ્રાણથી લાભ છે એવી ભ્રાંતિ સેવી રહ્યો છે. પાંચ ઈન્દ્રિયો સારી હોય તો મને જ્ઞાન કરવામાં મદદ થાય, મન, વચન, કાયા, સ્ફૂર્તિવાળા હોય તો મારુ બળ ટકી રહે. શ્વાસ સરખો લેવાય તો ઠીક પડે અને સરખો ન લેવાય તો ઠીક ન પડે. આયુષ્ય લાંબુ હોય તો ધર્મ સરખી રીતે થાય—એવી અનાદિથી સંયોગબુદ્ધિ હોવાના કારણે અજ્ઞાની જીવ તેનાથી જ હું જીવું છું, એમ માને છે. પોતાના જ્ઞાનપ્રાણ તે જ ખરા પ્રાણ છે ને પોતે પોતાના વીર્યથી ટકી રહ્યો છે, એમ ભાન નહીં હોવાના કારણે જડ પ્રાણમાં સંયોગબુદ્ધિ અનાદિથી અજ્ઞાની જીવ કરતો આવ્યો છે ને તેથી તેનો સંસાર ચાલુ છે અને જ્યાં સુધી અજ્ઞાનભાવ ચાલુ રાખશે ત્યાં સુધી તેનો સંસાર રહેવાનો ને દશ પ્રાણો પણ વ્યવહારે સંયોગે રહેશે. તેથી અજ્ઞાની જીવ પ્રાણસામાન્ય થી જીવે છે, જીવશે અને પૂર્વે જીવતો હતો. અને એ રીતે અજ્ઞાન ભાવ ટકાવશે ત્યાં સુધી પ્રાણસામાન્ય પણ તેને નિમિત્તપણે પ્રવાહરૂપ પ્રવર્તશે. તેથી ત્રણે કાળ તે પ્રાણો ટકે છે માટે તે વ્યવહારથી જીવને જીવત્વના હેતુ છે.

## વિગ્રહગતિમાં ઈન્દ્રિયો નથી છતાં જીવ ત્યાં જીવે છે.

સંસારદશામાં જીવ એક ગતિથી બીજે જાય છે ત્યારે એટલે કે વિગ્રહગતિમાં બધા પ્રાણો તેને નિમિત્તરૂપે હોતા નથી. પાંચ ઈન્દ્રિયો, મન, વચન, ઔદારિક-શરીર, શ્વાસ વિગ્રહગતિમાં હોતા નથી. માત્ર કાર્મણ અને તૈજસ શરીર ને આયુ જ હોય છે છતાં પણ ત્યાં જીવ જીવી રહ્યો છે. માટે શરીર અને ઈન્દ્રિયોના આધારે આત્મા જીવે છે, એવી માન્યતા દૂર કરવી.

## પ્રાણો પુદ્‌ગલથી બનેલા છે માટે જીવનો સ્વભાવ નથી.

અજ્ઞાની માને છે કે શ્વાસ જતાં આત્મા ચાલ્યો ગયો, ઈન્દ્રિયો શિથિલ થતાં આત્મા શિથિલ થઈ ગયો. પાંચ ઈન્દ્રિયો મજબુત ને સારી હોય તો ધર્મ થાય, એમ તે માને છે પણ પ્રાણ તો પુદ્‌ગલ દ્રવ્યોથી બનેલા સ્કંધો છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણથી ભરેલા છે–અચેતન છે, તે પ્રાણો જીવનો સ્વભાવ નથી. તે પ્રાણથી ધર્મ થતો નથી પણ આત્મા તો જ્ઞાન પ્રાણમય છે, એવી શ્રદ્ધા ને જ્ઞાનના આધારે ધર્મ થાય છે.

**ભાવાર્થ:**–ખરેખર જીવ સદાય પોતાના જ્ઞાતાદ્રષ્ટા ચૈતન્ય સ્વભાવથી જ જીવે છે, તો પણ જ્યાં સુધી સંસારદશા છે ત્યાંસુધી વ્યવહારજીવત્વના નિમિત્તભૂત ઈન્દ્રિય વગેરે દ્રવ્યપ્રાણોથી જીવે છે-એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આમ હોવા છતાં તે દ્રવ્યપ્રાણો જીવનું સ્વરૂપ બિલકુલ નથી. કારણકે તે પુદ્‌ગલથી નીપજેલા છે, સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળા છે ને આત્મા તો અરૂપી જ્ઞાનદર્શન—ચેતનાપ્રાણસ્વરૂપ છે.

આત્મા જ્ઞાનપ્રાણથી જીવે છે, તે નિશ્ચય છે ને સંસાર અવસ્થામાં જડ પ્રાણથી જીવે છે તે વ્યવહાર છે, પણ તે આત્માનું ખરું સ્વરૂપ નથી, એમ જ્ઞાન કરી ચેતના પ્રાણમય આત્માનાં શ્રદ્ધા—જ્ઞાન કરવાં.॥૧૪૭॥

હવે પ્રાણોનું પૌદ્‌ગલિકપણું સિદ્ધ કરે છે:–

### ગાથા ૧૪૮

**મોહાદિકર્મનિબંધથી સંબંધ પામી પ્રાણનો,**
**જીવ કર્મફળ—ઉપભોગ કરતાં, બંધ પામે કર્મનો. ૧૪૮.**

**અન્વયાર્થ:**–મોહાદિક જડકર્મથી બંધાયો હોવાના લીધે જીવ પ્રાણોથી સંયુકત થયો થકો કર્મફળને ભોગવતાં અન્ય કર્મો વડે બંધાય છે.

## પ્રાણ પૌદ્‌ગલિક કર્મનું કાર્ય છે.

**ટીકા:**–(૧) જીવ મોહાદિભાવ કરે છે તેથી મોહનીયાદિ આઠ પુદ્‌ગલ કર્મથી બંધાયો છે. અહીં મોહનીયની મુખ્યતાથી વાત કરી છે, જ્ઞાનાવરણીયાદિ ગૌણ છે. અજ્ઞાનદશામાં કર્મ નિમિત છે ને કર્મના ફળમાં પાંચ ઈન્દ્રિયો—ત્રણ બળ—શ્વાસ—આયુ પ્રાણો મળે છે. પ્રાણ મળવાનું કારણ આત્મા નથી કારણકે આત્માના લક્ષે તો કર્મનો અભાવ થાય ને કર્મનો અભાવ થતાં પ્રાણ મળે નહિ માટે પ્રાણનું કારણ પુદ્‌ગલકર્મ છે.

(૨) વળી સંસારદશામાં પ્રાણોનું સંયુક્તપણું હોય છે ને કર્મના ફળમાં શરીર, ઈન્દ્રિયો, લક્ષ્મી, દુકાન, સ્ત્રી, કુટુંબ, ખાવાપીવાના પદાર્થો વગેરે મળે છે. અજ્ઞાની જીવ તે જડ પદાર્થોને ભોગવી તેમાંથી સુખ મેળવી લઉં એવી ભ્રાંતિ સેવે છે. પર પદાર્થને તો અજ્ઞાની પણ ભોગવી શકતો નથી પણ

અનુકૂળ પદાર્થો મેળવીને અને પતિકૂળ પદાર્થોને દૂર કરીને સુખની પ્રાપ્તિ કરી લઉં એવો ભાવ કરે છે. પોતાની હોશિયારીથી પૈસા મળ્યા, તેમ માની રાગ કરે છે ને પરે મને હેરાન કર્યો, એમ માની દ્વેષ કરે છે. પૈસા તથા નીરોગ શરીર સુખનું કારણ નથી તેમ જ ગરીબાઈ તથા રોગ દુ:ખનું કારણ નથી. ખાતા પીતા આવડ્યું નહિ માટે રોગ મટ્યો નહિ ને બુદ્ધિ ઓછી હતી માટે પૈસા મળ્યા નહિ—એમ અજ્ઞાની માને છે. રોગ અવસ્થા જે વખતે થવાની હોય ત્યારે થાય છે ને જે વખતે મટવાની હોય ત્યારે મટે છે, પૈસા પૈસાના કારણે આવે છે તેમાં જડ કર્મ નિમિત્ત છે. એમ સાચું જ્ઞાન નહિ હોવાના કારણે અજ્ઞાની જીવ અનુકૂળ સંયોગોમાં રાગને પ્રતિકૂળ સંયોગોમાં દ્વેષ કરી પોતાના વિકારી ભાવને ભોગવે છે ને તેથી ફરીને નવાં જડ કર્મ બંધાય છે. કર્મનું ફળ કર્મમાં આવે છે ને તે વખતે બહારના પદાર્થોનું જેમ થવાનું હશે તેમ થશે—એમ સાચું જ્ઞાન કરી જીવે પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવની શ્રદ્ધા કરવી જોઈએ પણ અજ્ઞાની તેમ કરતો નથી ને આકુળતા કરી નવાં કર્મ બાંધે છે.

(૧) આ પ્રમાણે ચારે પ્રાણ પુદ્ગલકર્મના કારણે મળે છે પણ આત્માના સ્વભાવને લીધે મળતા નથી. વળી કર્મ ને પ્રાણ બન્ને પુદ્ગલ ભિન્ન ચીજો છે. પ્રાણ તેની યોગ્યતાના કારણે આત્માના એકક્ષેત્રે આવેલા છે, તેમાં જડ કર્મ નિમિત્ત છે. જડકર્મ પ્રાણને ખેંચી લાવતા નથી પણ પ્રાણમાં જડ કર્મ નિમિત્ત છે, માટે પ્રાણ પુદ્ગલકર્મનું કાર્ય છે, એમ કહ્યું છે.

(૨) વળી સંસારદશામાં અજ્ઞાનભાવ જીવ ચાલુ રાખે છે ને તેના કારણે નવાં કર્મ બંધાય છે. આત્માના લક્ષે વીતરાગી પરિણામ પ્રગટે છે પણ નવાં કર્મ બંધાતા નથી. નવાં કર્મ અજ્ઞાનદશામાં પ્રાણના સંયુક્તપણાની દશામાં બંધાય છે તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવી નવાં જડ કર્મનું કારણ પ્રાણ છે—એમ કહ્યું છે.

આ પ્રમાણે પ્રાણ મળવાનું કારણ પુદ્ગલ કર્મો છે ને નવાં પુદ્ગલ કર્મો બંધાવાનું કારણ પ્રાણ છે માટે પ્રાણો પુદ્ગલ છે—એમ નક્કી થાય છે.॥૧૪૮॥

હવે પ્રાણો પૌદ્ગલિક કર્મનાં કારણ કઈ રીતે છે, તે કહે છે:–

## ગાથા ૧૪૯.

**જીવ મોહ—દ્વેષ વડે કરે બાધા જીવોના પ્રાણને,**
**તો બંધ જ્ઞાનાવરણ—આદિક કર્મનો તે થાય છે. ૧૪૯.**

**અન્વયાર્થ:**—જો જીવ મોહ અને દ્વેષ વડે જીવોના (સ્વજીવના તથા પરજીવના) પ્રાણોને બાધા કરે છે, તો પૂર્વે કહેલો જ્ઞાનાવરણાદિક કર્મો વડે બંધ થાય છે.

**ટીકા :**—અજ્ઞાની જીવ પોતાના અજ્ઞાનના કારણે ધન, ખાવા—પીવાના પદાર્થો, મોટા મકાન, દાગીના, કપડા વગેરે બહારના સંયોગો જે કર્મનું ફળ છે તેમાંથી સુખ મેળવવાના ભાવ કરે છે ને તે જડને ભોગવું છું એમ માને છે. ત્યાં અજ્ઞાની પરપદાર્થને ભોગવતો નથી પણ પોતાના ભાવને પોતાના અજ્ઞાનથી ભોગવે છે. તે કથનને 'પ્રાણોથી જીવ કર્મફળને ભોગવે છે.' એમ કહ્યું છે. નિમિત તરફ વલણવાળો જીવ નિમિત્તને ભોગવે છે—એમ કહ્યું છે. અનુકૂળ સંયોગો—લક્ષ્મી, કુટુંબ, શરીરની નીરોગતા વગેરે પ્રત્યે અજ્ઞાની જીવ મોહ કરે છે અને પ્રતિકૂળ સંયોગો—રોગ, દુશ્મન, વગેરે તરફ દ્વેષ કરે છે.

અજ્ઞાની જીવ મોહ તથા દ્વેષથી પોતાના જીવને અને પરજીવના પ્રાણોને ઈજા કરે છે. પોતે ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટા સુખસ્વભાવ સ્વરૂપ છે તે ચૂકીને પર પદાર્થમાંથી સુખ મેળવી શકું છું ને પરને સુખી—દુ:ખી કરી શકું છું, બીજા જીવની રક્ષા કરી શકું છું—એવી માન્યતાના કારણે પોતાના ચૈતન્ય પ્રાણની હિંસા કરી રહ્યો છે ને બીજા જીવોને ઈજામાં નિમિત્ત થાય છે.

**અજ્ઞાની જીવ પોતાના ચૈતન્ય પ્રાણરૂપ શાંત સ્વભાવની હિંસા કરે છે.**

જેમ કોઈ પુરુષ તપેલા લોખંડના ગોળા વડે બીજા જીવને ઈજા કરવા ઈચ્છે તો પહેલા તો પોતાનો હાથ જરૂર બળે છે, પછી બીજા જીવને ઈજા થાય કે ન પણ થાય—નિયમ નથી; તેમ તપેલા લોખંડના ગોળાની સમાન મોહરાગ-દ્વેષરૂપે જીવ પરિણમે છે ત્યારે પ્રથમ તો પોતાના નિર્વિકાર સ્વસંવેદન જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ભાવપ્રાણને જરૂર ઈજા કરે છે. એટલે કે પોતામાં શાંતિ વેદવાને બદલે આકુળતા—ખેદખિન્નતા વેદે છે, પછી પર જીવના દ્રવ્ય-પ્રાણોને ઈજા થાય કે ન થાય—નિયમ નથી. એક જીવે દ્વેષ કરી બીજાને ઈજા કરવાનો ભાવ કર્યો પણ સામો જીવ ત્યાંથી ખસી ગયો ને તેના શાતાના ઉદયથી તેને ઈજા ન પણ થાય પણ પોતામાં આકુળતા તો જરૂર થાય જ તેથી તેણે તો પોતાના શાંતસ્વભાવની હિંસા કરી જ.

એક જીવ બીજાના દ્રવ્યપ્રાણોને બાધા પહોંચાડે છે—એમ અહીં કહ્યું છે, એનો ખુલાસો: એક જીવ બીજાને મારી શકે છે અથવા દુ:ખ આપી શકે છે એમ એનો અર્થ નથી. એક જીવ બીજાને બાધા પહોંચાડી શકતો જ નથી, પણ સામા જીવનું આયુષ્ય પૂરું થવાનું હોય અથવા અશાતાના કારણે પ્રતિકૂળતાનો ઉદય આવવાનો હોય ત્યારે પહેલા જીવનો સામા જીવને બાધા પહોંચાડવાનો અશુભ ભાવ હોય તો પહેલા જીવે સામા જીવના પ્રાણને

બાધા પહોંચાડી એમ નિમિત્તથી કથન કરવામાં આવે છે. બીજા જીવને ઈજા પહોંચાડવાનો ભાવ પોતાનો છે, બીજાએ કરાવ્યો નથી ને તેનું ફળ આકુળતા પોતે જ ભોગવે છે.

અજ્ઞાની જીવ માને છે કે બીજાના ઉપદેશથી પોતાને લાભ થયો, નિમિત્ત હોય તો ઉપાદાનમાં કાર્ય થાય, વળી સંસારના કાર્યમાં દુકાનને, છોકરાને સાચવી શકું છું ને તેની સંભાળ રાખી શકું છું, ધ્યાન રાખું તો પૈસા રહે, દેશની સેવા કરી શકું છું, આવા જુદા જુદા અજ્ઞાનભાવ કરે છે. પણ પરની પર્યાયને ફેરવવા જીવ સમર્થ નથી માત્ર પોતામાં ખદબદાટ કરે છે. બીજાને શાતાનો સંયોગ મળવો તે તેના પુણ્યને આધીન છે, પૈસાની અવસ્થા થવી તે પૈસાને આધીન છે, કોઈ જીવ પરના ગ્રહણ—ત્યાગ કરી શકતો નથી. પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ચૂકીને પરનું કરવારૂપ અભિમાન કરી આકુળતા વેદી પોતાના જ્ઞાનપ્રાણની હિંસા કરે છે.

પ્રશ્ન :-તીર્થંકરોએ તથા મુનિઓએ રાજ્ય તથા પૈસા વગેરેનો ત્યાગ કરીને ચારિત્ર લીધું હતું.

ઉત્તર :-પર પદાર્થને અજ્ઞાની કે જ્ઞાની કોઈ છોડી શકતું નથી. સ્ત્રી, લક્ષ્મી, કુટુંબ, રાજ્ય પોતાથી પર છે ને ગૃહસ્થાશ્રમમાં શુભાશુભ લાગણીઓ ઉઠે છે તે પોતાનું સ્વરૂપ નથી, એવી શ્રદ્ધા તો હતી ને સ્વભાવમાં વિશેષ લીનતા થતા મુનિપણું ધારણ કર્યું, ચૈતન્ય પ્રભુની અંદર લીન થયા, તે કથનને રાગ છોડ્યો—એમ કહેવાય છે. રાગ છૂટતા બહારના પદાર્થો છોડ્યા એમ ઉપચારથી બોલવામાં આવે છે. તે પદાર્થો તો છૂટા જ હતા. તે ઉપર લક્ષ ન ગયું ને સ્વભાવમાં લીન થયા એટલે રાજ્ય વગેરે ચીજો છોડી, એમ કથન કરવામાં આવે છે.

## હે ભાઈ ! એકવાર કેવળજ્ઞાની મોટા જયોતિષીનો તું ભરોસો કર.

કોઈ જયોતિષી એમ કહે કે ભાઈ, તારે માટે અમુક દિવસો ભારે છે. તો ત્યાં તેનો વિશ્વાસ કરી પોતાના હસ્તકનું દુકાનનું કે ઘરનું કામ બીજાને સોંપી દે છે ને આકુળતા વેદે છે. ત્યાં તો તે પ્રમાણે કોઈવાર સાચું પડે ને સાચું ન પણ પડે ને કદાચ ખ્યાલમાં આવ્યું તોપણ જે સમયે પર્યાય છૂટવાનો છે તે સમયને ઈન્દ્ર, નરેન્દ્ર, ચક્રવર્તી, તીર્થંકર પણ ફેરફાર કરવા સમર્થ નથી, માટે એકવાર કેવળજ્ઞાની ભગવાન મોટા જયોતિષી કહે છે કે ‘‘ભાઈ! તું જ્ઞાતાદ્રષ્ટાસ્વરૂપ છો, પરનું લેવું—મૂકવું તારા હાથમાં નથી. શરીરની અવસ્થાને ફેરવવા તું સમર્થ નથી.’’ અલ્પજ્ઞ પ્રાણીને ક્યાં, ક્યારે, કેમ બનશે તે ભવિષ્યનું જ્ઞાન ભલે ન હોય પણ આયુષ્યમાં ફેરફાર કરવાની જીવની તાકાત નથી, એક રજકણને ફેરવવાની જીવની તાકાત નથી. શરીરના વિયોગનો પ્રસંગ જે કાળે જે ક્ષેત્રે થવાનો છે ત્યાં તે કાળે તે ક્ષેત્રે

થશે જ માટે પર ઉપરથી દ્રષ્ટિ હઠાવી ને વિકલ્પને ગૌણ કરી પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવનાં શ્રદ્ધા—જ્ઞાન કરે તો પોતાના જ્ઞાનપ્રાણને જીવતા રાખ્યા છે તે જ ખરી શાંતિ ને અહિંસા છે ને તેને કર્મ બંધ થતો નથી. આ જયોતિષ સાચું ઠરે છે કારણ કે તે જીવનો સંસાર મુખ્યપણે રહેતો નથી.

પણ અજ્ઞાની જીવ ચૈતન્ય સુખસ્વભાવનો ભરોસો ચૂકીને પરનું કરવારૂપ ભાવ કરી પોતામાં અશાંતિ વેદે છે, પોતાના ચૈતન્યપ્રાણને ઈજા કરે છે ને જ્ઞાનાવરણીય, મોહનીય વગેરે કર્મો બાંધો છે ને તેથી તેનો સંસાર ચાલુ રહે છે.

ખરી રીતે પોતાના ચૈતન્ય પ્રાણની હિંસા એટલે ભાવહિંસા નવાંકર્મનું કારણ છે, દ્રવ્યપ્રાણ નવાં કર્મનું ખરેખર કારણ નથી પણ દ્રવ્યપ્રાણથી લાભ—નુકશાન માની જીવ રાગદ્વેષ કરે છે ને નવાં કર્મ બાંધે છે એનો ઉપચાર દ્રવ્યપ્રાણ ઉપર કરવામાં આવ્યો છે કે દ્રવ્યપ્રાણ નવાં કર્મનું કારણ છે.

આ પ્રમાણે પ્રાણો નવાં કર્મનું કારણ છે. ॥૧૪૯॥

***

# પ્રસાદ નં ૮૨

## પ્રવચનસાર ગાથા ૧૫૦ના પ્રવચનમાંથી.

(પોષ વદ ૧, બુધવાર)

હવે પૌદ્‌ગલિક પ્રાણોની પરંપરાની પ્રવૃતિનો અંતરંગ હેતુ કહે છેઃ-

**કર્મે મલિન જીવ ત્યાં લગી પ્રાણો ધરે છે ફરી ફરી,**
**મમતા શરીરપ્રધાન વિષયે જયાં લગી છોડે નહીં. ૧૫૦**

**અન્વયાર્થઃ**—જયાં સુધી દેહપ્રધાન વિષયોમાં મમત્વ છોડતો નથી, ત્યાં સુધી કર્મથી મલિન આત્મા ફરી ફરીને અન્ય અન્ય પ્રાણો ધારણ કરે છે.

**ટીકાઃ**—આત્મા જ્ઞાતાદ્રષ્ટા આનંદસ્વરૂપ છે ને જ્ઞાન તે જ આત્માનું શરીર છે ને પરિપૂર્ણ શુદ્ધ સ્વભાવ એ જ આત્માનો ધ્યેય છે પણ અજ્ઞાની જીવ તે ધ્યેયના અજ્ઞાનને કારણે શરીર તે હું એવો ઊંધો ધ્યેય કરે છે. આત્માનો વિષય છોડીને દેહાદિકને પ્રધાન વિષય બનાવ્યો છે. શરીરાદિકની એકત્વ બુદ્ધિ પૌદ્‌ગલિક પ્રાણોની પરંપરાનો અંતરંગ હેતુ છે ને પૌદ્‌ગલિક કર્મ તેનું નિમિત્ત કારણ છે.

## પ્રાણોની પરંપરાનું કારણ પર્યાયબુદ્ધિ.

આત્મા જ્ઞાનદર્શન ઉપયોગમય છે. તે ચૂકીને શરીર, મન, વાણીથી આત્માને લાભ થાય છે, એમ અજ્ઞાની માને છે. શરીરથી પરની દયા પાળી શકાય છે, સંકલ્પ—વિકલ્પ ધર્મમાં મદદ કરશે વગેરે પ્રકારના ભાવોને દેહધ્યાસ કહે છે. વીતરાગી ચૈતન્ય ઉપયોગ ચૂકીને રાગની મમતા કરવી તે પર્યાયબુદ્ધિ છે. ઔદારિક આદિ શરીર તો દેહ છે જ પણ સંકલ્પ—વિકલ્પ, વિભાવ બધો દેહના નિમિતે થાય છે માટે અહીં વિભાવને પણ દેહમાં નાખેલ છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવનું ધ્યેય ચૂકીને દેહપ્રધાન વિષયને અજ્ઞાની જીવ ધ્યેય કરે છે તેને લઈને નવા નવા પ્રાણ ધારણ કરે છે ને અનેક પ્રકારના ભાવમાં અનેક પ્રકારના શરીરો ધારણ કરે છે ને સંસાર ચાલુ રહે છે.

**ભાવાર્થઃ**—સંસારદશામાં જીવ નવા નવા પ્રાણો ધારણ કર્યા જ કરે છે, તેનું અંતરંગ કારણ પુદ્‌ગલકર્મના નિમિતે થતા જીવના વિકારીભાવ છે.

જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ વિકારનું કારણ નથી પણ અશુદ્ધ ઉપાદાન અથવા તો જીવની વર્તમાન પર્યાયબુદ્ધિ વિભાવનું કારણ છે ને તેનું નિમિત્ત કારણ પુદ્‌ગલ કર્મ છે. કર્મ મિથ્યાભાવ કરાવે છે—એમ નથી પણ પોતાની પર્યાયબુદ્ધિ વિકારી પરિણમનનું કારણ છે ને કર્મ તેમાં નિમિત્ત છે. આથી અવતાર ચાલુ રહે છે. ચૈતન્ય સ્વભાવના ભાન વિના અજ્ઞાની જીવ શરીર

તરફ મમતા, સ્ત્રી પ્રત્યે મમતા, દેવ—ગુરૂ-શાસ્ત્રથી કે દયાદાનાદિ ભાવથી મને ધર્મ થશે એવી માન્યતાથી તેના તરફની મમતા કરે છે અને આવી મમતારૂપ વિકારી પરિણમન જીવ છોડતો નથી, ત્યાં સુધી તેના નિમિત્તે ફરી ફરી આઠે કર્મનું બંધન થયા જ કરે છે અને તેથી ફરી ફરી દ્રવ્ય પ્રાણોનો સંબંધ થયા કરે છે. ||૧૫૦||

હવે પૌદ્ગલિક પ્રાણોની સંતતિની નિવૃત્તિનો અંતરંગ હેતુ સમજાવે છે:-

**ગાથા ૧૫૧.**

**કરી ઈન્દ્રિયાદિક-વિજય, ધ્યાવે આત્મને-ઉપયોગને,**
**તે કર્મથી રંજિત નહિ; ક્યમ પ્રાણ તેને અનુસરે ? ૧૫૧.**

**અન્વયાર્થ:—**જે ઈન્દ્રિયાદિનો વિજયી થઈને ઉપયોગમાત્ર આત્માને ધ્યાવે છે, તે કર્મો વડે રંજિત થતો નથી; તેને પ્રાણો કઈ રીતે અનુસરે ? (અર્થાત્ તેને પ્રાણોનો સંબંધ થતો નથી.)

## આત્મા ઉપયોગમાત્ર છે એવા અસ્તિના જોરમાં રાગની નાસ્તિ થઈ જાય છે.

જડ ઈન્દ્રિયો તે આત્માનું સ્વરૂપ નથી એમ જ્ઞાન કરી ઈન્દ્રિયોમાં જે સુખબુદ્ધિ હતી તે ટળી તેને ઈન્દ્રિયાદિનો વિજય કર્યો કહેવાય છે. પર તરફની સુખબુદ્ધિ ટળવી તે કથન નાસ્તિનું છે. અહીં નાસ્તિથી પહેલા વાત કરી પછી અસ્તિની વાત કરી છે. આત્મા જ્ઞાતાદ્રષ્ટા સ્વ-ઉપયોગમાં એકાગ્ર થાય છે ત્યારે પર્યાયબુદ્ધિ નાશ પામે છે; બન્ને એકી સાથે છે.

પ્રશ્ન:- પહેલા ઈન્દ્રિયને જીતે ને જંગલમાં જાય તો ?

સમાધાન:- ઈન્દ્રિય તો જડ છે ને જંગલ પણ જડ સ્થાન છે. બૈરાં, છોકરાં, શરીર, ઈન્દ્રિયો બધા પર છે તે તો છૂટા જ પડેલા છે ને બાહ્યપરિગ્રહને જીતવાની તો વાત જ નથી પરંતુ અંતરંગ પરિગ્રહને છોડવાની પણ વાત નથી. અંતર પરિગ્રહ છોડું તેવા વિકલ્પથી અથવા પર્યાયને લક્ષે અંતર પરિગ્રહ છૂટતો નથી. ચિત્ત તો જડ છે, તેને તો છોડવું પડતું નથી, પણ ચિત્ત નિમિત્તે થતો જે વિભાવ તેનો પણ નિરોધ કરવો પડતો નથી. આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે એવું ભાન કરી ચૈતન્યસ્વભાવમાં ઉપયોગ જોડતા આત્મામાં લીનતા થાય છે, તે જ વખતે અંતર પરિગ્રહ છૂટી જાય છે ને ચિત્તનિરોધ થઈ જાય છે.

નાસ્તિ કરે તો અસ્તિ થાય—એમ નથી. જેમકે અંતરંગ પરિગ્રહ મારામાં નથી એમ નાસ્તિના જોરે જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવની અસ્તિનું સ્થાપન થતું નથી પણ જ્ઞાન ઉપયોગસ્વરૂપ છું એવી અસ્તિ તરફ દ્રષ્ટિ સ્થિર થતાં રાગ વગેરે પર તરફની નાસ્તિ સહેજે થઈ જાય છે. અંતરંગ પરિગ્રહથી અથવા વિકારથી હઠવું એમ કહેવું તે નિમિત્તમાત્ર છે.

## ઈન્દ્રિયાદિકનો વિજય કેવી રીતે કરવો ?

પર પદાર્થો આત્માથી અત્યંત ભિન્ન છે તેથી તેને જીતવાપણું નથી. હવે રહી કષાયને જીતવાની વાત. જે કષાય ભૂતમાં થઈ ગયા તે તો નષ્ટ થઈ ગયા તેને જીતવાનું હોતું નથી. જે વર્તમાનમાં ઉત્પન્ન થઈને વર્તમાન સમયે વિદ્યમાન છે તેને કેવી રીતે જીતવા ? ને ભવિષ્યના તો હજી આવ્યા નથી તેને જીતવાનું રહેતું નથી. સ્વભાવમાં ઉપયોગ લગાવતાં આત્મામાં એકાગ્રતા થાય છે ને રાગની ઉત્પત્તિ જ થતી નથી તેને રાગને જીત્યો અથવા ઈન્દ્રિયાદિકનો વિજય કર્યો એમ કથન કરવામાં આવે છે. વર્તમાન રાગનો સદ્ભાવ હોવા છતાં તે સમયે રાગનો નાશ કરું છું એમ માનનાર જીવ જે પર્યાય સત્ છે તેને અસત્ માનીને મિથ્યાત્વને સેવે છે. રાગને લક્ષે રાગ નાશ થતો નથી, વીતરાગી સ્વભાવ જ્ઞાન ઉપયોગસ્વરૂપ છું એવું ભાન કરીને પોતામાં એકાગ્ર થાય તો વિકલ્પનો નાશ થઈ જાય છે.

## ઉપયોગમાત્ર આત્માને મમતારૂપી ‘ચુડેલ’ વળગતી નથી.

આ ગાથામાં ઉપયોગમાત્ર આત્માને ધ્યાવવાનું કહ્યું છે. ઉપયોગમાત્ર ઉપર ખાસ વજન છે. આત્મા પાંચ ઈન્દ્રિયો તથા બીજા પ્રાણરૂપ તો નથી જ પણ સંકલ્પ, વિકલ્પ, દયા, દાનના ભાવ તે પણ આત્મા નથી; માત્ર જાણવા—દેખવાનો સહજ સ્વભાવ છે, તેને આત્મા કહ્યો છે. તે ઉપયોગમાત્ર આત્માને ધ્યાવતા કર્મ, શરીર, પ્રાણો જીવને ચોંટતા નથી. પ્રાણથી આત્માને લાભ થશે એવી મિથ્યાભ્રાંતિ મોટી ડાકણ છે, પ્રાણો તેને અનુસરીને આત્માને ચોંટે છે. જેમ લૌકિકમાં કહેવાય છે કે ચુડેલ બોલાવે ત્યારે જે હોંકારો આપે તેને તે વળગીને હેરાન કરી નાખે પણ જવાબ ન આપે તો તે ચુડેલ વળગતી નથી. (આ તો દ્રષ્ટાંત છે. કોઈ કોઈને વળગતું નથી.) તે દ્રષ્ટાંતઃ વિકાર સન્મુખ દ્રષ્ટિ રાખીને વિકારની પુણ્યની રુચિ રાખે ને પુણ્યની મમતારૂપી ડાકણને અનુમોદના આપી બોલાવે, ધર્મ માટે વ્યવહાર જોઈએ, શરીર સારું જોઈએ, એ તો મમતારૂપી ડાકણને બોલાવવા જેવું છે જ પણ “વિકારને છોડું, વિકારને છોડું”, એવા વિકલ્પો પણ ડાકણને હોંકારો આપવા બરાબર છે. તેથી મમતારૂપી ચુડેલ અજ્ઞાની આત્માને વળગે છે ને તેના જ્ઞાનપ્રાણને હણી નાખે છે ને દ્રવ્યપ્રાણો એક પછી તે ચુડેલની પાછળ આવ્યા જ કરે છે, ને સંસારમાં દુઃખી કરી નાખે છે; પણ એક વાર ભગવાન આત્મા શરીર, પ્રાણ વગેરેની તથા પુણ્ય-પાપાદિની મમતા છોડી બધો ઉપયોગ પોતાના જ્ઞાનસ્વભાવ તરફ લગાવે ને ઉપયોગમાત્ર આત્મામાં લીનતા કરે તો મમતારૂપી ડાકણ વળગતી નથી ને કર્મ તથા જડપ્રાણો તે ધર્મી જીવને ચોંટતા નથી.

અજ્ઞાની જીવને એક આંગળીએ જરા પીડા થઈ હોય તો ઘણી તીવ્ર આકુળતા કરે છે. શરીરના રોમે રોમે તીવ્ર મમતા પડી છે તો આખું શરીર છૂટવાનો પ્રસંગ આવશે ત્યારે તે શું કરશે ? ચૈતન્યની જાતની તો ખબર નથી, તેથી તીવ્ર આકુળતા વેદી ચાલ્યો જાય છે ને નવાં શરીર ધારણ કરે છે. પણ એક વાર આત્મા જ્ઞાતાદ્રષ્ટા શક્તિનો સાગર છે એમ ધ્યાન કરે ને શરીર ઉપરની મમતા છોડે તો શરીર રહિત દશાને પામે છે ને તેને પ્રાણ ફરી ધારણ કરવા પડતા નથી.

## મલિનતાના અભાવે પ્રાણનો અભાવ.

**ટીકા:**—પાંચ ઈન્દ્રિયો, મનવચનકાયા, શ્વાસ ને આયુ એમ દશ પ્રાણોને અજ્ઞાનદશામાં વારંવાર જીવ ધારણ કરે છે તે પરંપરાની નિવૃતી કરવી હોય તો કર્મના નિમિત્તે થતા મિથ્યાત્વ રાગદ્વેષ એવા ઔપાધિકભાવનો અભાવ કરવો તે અંતરંગ હેતુ છે. કર્મની સમીપતાના નિમિત્તે થતો ઉપાધિને (કર્મને) અનુરૂપ વિકારી ભાવ તેને ઉપરાગપણું અથવા ઉપરકતપણું કહે છે. કર્મ, શરીરાદિ ઉપર દ્રષ્ટિ રહેશે ત્યાં સુધી મલિનતા રહેશે પણ તેના ઉપરથી દ્રષ્ટિ ઉઠાવીને સ્વભાવની દ્રષ્ટિ કરશે તો મલિનતાનો અભાવ થશે ને મલિનતાનો અભાવ થતા પ્રાણોની પરંપરાનો અભાવ થશે. માટે પ્રાણના અભાવનું મૂળ કારણ મલિનતાનો અભાવ છે.

## સ્વભાવ સન્મુખદ્રષ્ટિ તે જ મલિનતાના અભાવનો ઉપાય.

સ્ફટિકમણિ પાસે જાસુદ પુષ્પ મૂક્યું હોય ત્યારે તેમાં લાલાશની વિકૃતિ સ્ફટિક મણિની તે વખતની યોગ્યતાના કારણે દેખાય છે પણ જયારે સ્ફટિકમણિને જાસુદ પુષ્પથી દૂર કરી જોવામાં આવે તો તે સ્ફટિકમણિ એકદમ ધોળો તેના અસલી રૂપમાં દેખાય છે ને લાલાશરૂપી વિકૃતદશાનો તેમાં અભાવ હોય છે. આ દ્રષ્ટાંતે જે જીવ ઈન્દ્રિયો, પ્રાણ, પૈસા, કુટુંબ, દેવ, ગુરુ, શાસ્ત્ર વગેરે સમસ્ત પર દ્રવ્યોમાં સુખબુદ્ધિ કરીને પોતે તેને અનુસરતાં (અહીં પર દ્રવ્યને લીધે મલિનતા થાય છે એમ કહ્યું નથી પણ પોતે તેને અનુસરીને મલિનતા કરતો) જે મિથ્યાત્વ, રાગદ્વેષ, હરખ શેકના પરિણામ કરતો હતો તે હવે નહીં કરતાં અત્યંત વિશુદ્ધ જાણવા—દેખવાના સ્વભાવમાત્ર એકલા આત્મામાં દ્રઢતાપૂર્વક લીનતા કરે છે. તે જીવને મિથ્યાત્વ, પ્રમાદ, કષાય વગેરે મલિનતાનો અભાવ હોય છે. સ્વભાવ કેવો છે ? પર પદાર્થના અભાવસ્વરૂપ છે. રાગદ્વેષ તથા ઊણી અવસ્થા તે આત્માનું ખરું સ્વરૂપ નથી. સ્ફટિક, જેમ ધોળો છે તેમ આત્મા શુદ્ધ જાણવા—દેખવાના સ્વભાવવાળો સુખસાગર છે. તેમાં રમણતા કરે તેને સંસારનો અભાવ હોય છે.

## 'અસ્તિ—નાસ્તિ' કથન એટલે શું ?

આ જ્ઞેયતત્વ અધિકાર છે. અસ્તિ—નાસ્તિ બન્ને પડખાનું જ્ઞાન કરાવ્યું છે. ઈન્દ્રિયોને જીતવી, રાગને જીતવો તે બધાં કથન નાસ્તિનાં છે. 'કષાયને જીતે તે જૈન' તે પણ નાસ્તિથી વ્યાખ્યા છે. કોને જીતવો ? સંસાર જે ઉદયભાવ છે તે છતો પદાર્થ છે, તેને શી રીતે જીતવો ? કોના આધારે જીતવો ? પર પદાર્થ જીવના નથી, પુણ્ય—પાપ તે વિકૃતદશા છે. આત્મા સ્વયં સત્તાસ્વરૂપ અખંડ પદાર્થ છે, વિશુદ્ધ ઉપયોગમય છે, એવી સ્વભાવબુદ્ધિ કરી સ્વભાવમાં ઠરતા—એકાગ્ર થતાં સંસારરૂપ ઉદયભાવ ઉત્પન્ન જ થતો નથી, પર્યાયબુદ્ધિ ઉત્પન્ન થતી નથી, રાગદ્વેષ જીતાઈ જાય છે. ઈન્દ્રિયનો વિજય થઈ જાય છે. મલિનતાનો અભાવ કરવો પડતો નથી. વિજય કર્યો તે કથન પણ વ્યવહારનયનું છે.

## વાંદરાની જેમ અજ્ઞાની જીવનો ભ્રમ.

એક વડ ઉપર વાંદરો બેઠો હતો ને તે વડના ઝાડને પોતાનું માનતો હતો. પવનને લીધે તેના સૂકા પાંદડા ખરતા ત્યાં તે રોવા લાગતો. તેમ અજ્ઞાની જીવ પરપદાર્થને પોતાના માનીને બેઠો છે. એમાંથી એકાદ તેના કારણે જાય ને કાંઈક પ્રતિકુળતા આવે તો રોવા બેસે. જ્ઞાની પુરૂષો પૂછે છે કે એક ચીજ જતાં તું આર્તધ્યાન કરે છે તો બધી ચીજના અભાવનો પ્રસંગ આવશે ત્યારે તારી શી દશા થશે ? બધું મૂકીને જવું પડશે ત્યારે તું કેવી રીતે શાંતિ રાખીશ ? તે કોઈ વસ્તુ તારી નથી, એવી સાચી સમજણ કર. શરીર, લક્ષ્મી, પુણ્ય રાખવાની મહેનત કરી રહ્યો છો તે પર્યાયબુદ્ધિ છોડ ને સ્વસન્મુખ બુદ્ધિ કર. આત્મા સુખસાગર એકલો છે તેમાં સુનિશ્ચળપણે વસ ને સ્થિર થા તો વિકલ્પનો સંબંધ રહેશે નહિ, મલિનતાનો અભાવ થશે ને સદાય પ્રાણરહિત થઈશ ને જ્ઞાનપ્રાણથી સદાય જીવીશ.

આ પ્રમાણે અત્યંત વિશુદ્ધ ઉપયોગમાત્ર આત્મામાં લીનતા તે પ્રાણોની પરંપરાની નિવૃતિનો અંતરંગ હેતુ છે. ગાથા ૧૫૦ માં કહ્યું હતું કે દેહપ્રધાન દ્રષ્ટિ પ્રાણોની પરંપરાનું કારણ છે ને ગાથા ૧૫૧માં કહ્યું કે જ્ઞાનસ્વભાવપ્રધાન દ્રષ્ટિ તે પ્રાણના અભાવનું કારણ છે અર્થાત્ તે સંસાર નાશનો ઉપાય છે.

***

# પ્રસાદ નં ૮૪.

## ( પ્રવચનસાર ગાથા ૧૫૧ નો ભાવાર્થ)

(પૌષ વદ ૨, ગુરુવાર)

## આત્મજ્ઞાનપૂર્વક લીનતા દ્રવ્યપ્રાણોનો અભાવ કરે છે.

અહીં તાત્પર્ય એ છે કે આત્માનું અત્યંત ભિન્નપણું સાધવું હોય અથવા સિદ્ધદશા પ્રગટ કરવી હોય તેણે વ્યવહારજીવત્વના હેતુભૂત પ્રાણોને આ રીતે નાશ કરવા જોઈએ. પાંચ ઈન્દ્રિયો, શરીર, મન, વાણી, બધા જડ છે તે આત્માનું સ્વરૂપ નથી. આત્મા જ્ઞાન સ્વભાવ છે તેની પ્રતીતિ કરી એકાગ્રતા કરવી એ પૂર્ણપદની પ્રાપ્તિનો ઉપાય છે. ત્રણે કાળે પરમાર્થનો પંથ આ એક જ છે ને એ જ ઉપાયથી પ્રાણરહિત થવાય છે.

**ભાવાર્થ:**—જેમ અનેક રંગવાળી ચીજમાં સ્ફટિકમણિને મૂકવામાં આવે તો સ્ફટિકમણિમાં તે ચીજના જેવા રંગ હોય તેવા રંગ દેખાય છે પણ તે રંગવાળી ચીજથી સ્ફટિકમણિને જુદો મૂકવામાં આવે તો તેમાં રંગબેરંગીપણું દેખાતું નથી, પણ તે સફેદ દેખાય છે, તેને મલિનપણાનો અભાવ છે. તેમ અનેક પ્રકારના કર્મ, ઈન્દ્રિયો ઈત્યાદિ અનુસાર વિકારી પરિણમન થાય છે, પણ જે આત્મા પોતાના જ્ઞાનદર્શન ઉપયોગસ્વભાવમાં રહે છે તેને વિકારી પરિણમન થતું નથી. તે વિકારથી જુદો થયો છે તેથી તેને મલિનતા રહેતી નથી ને તેથી પ્રાણોની પરંપરા અટકે છે.

યથાર્થ જ્ઞાન વિના સમકિત થાય નહિ, સમકિત વિના ચારિત્ર હોય નહિ, ચારિત્ર વિના કેવળજ્ઞાન થાય નહિ ને કેવળજ્ઞાન વિના સિદ્ધદશા થાય નહિ. માટે સર્વજ્ઞ ભગવાને વસ્તુસ્વભાવ જેવો જોયો છે ને કહ્યો છે તેમ જાણવો. પ્રાણથી જુદા પડવાની આ એક જ રીત છે, બીજી કોઈપણ રીત નથી. ॥૧૫૧॥

હવે ફરીને પણ આત્માને પરથી તદ્દન જુદો કરવા માટે વ્યવહારજીવત્વનું કારણ દેવ-મનુષ્યાદિ પર્યાયોનું સ્વરૂપ કહે છે. ગાથા ૧૫૧ માં પ્રાણરહિત થવા પ્રાણનું સ્વરૂપ કહ્યું છે. હવે ગાથા ૧૫૨ માં ગતિસંબંધ વ્યવહારે બતાવી ગતિરહિત થવાનું વર્ણન કરે છે:-

### ગાથા ૧૫૨

**અસ્તિત્વનિશ્ચિત અર્થનો કો અન્ય અર્થે ઉપજતો**
**જે અર્થ તે પર્યાય છે, જયાં ભેદ સંસ્થાનાદિનો. ૧૫૨.**

**અન્વયાર્થ:**—અસ્તિત્વથી નિશ્ચિત અર્થનો (દ્રવ્યનો) અન્ય અર્થમાં (દ્રવ્યમાં) ઉપજતો જે અર્થ (ભાવ) તે પર્યાય છે - કે જે સંસ્થાનાદિ ભેદો સહિત હોય છે.

## જીવનું અનેક દ્રવ્યાત્મક પર્યાયપણું.

**ટીકા:**—આત્મા ત્રિકાળ હોવાવાળો પદાર્થ છે, તેને કોઈએ બનાવ્યો નથી તેમજ તે નવો થયો નથી, પોતાના સ્વરૂપ—અસ્તિત્વથી નક્કી થયેલો પદાર્થ છે. બટાટાના એક નાના કટકામાં કે જયાં અનંત જીવો એક સાથે રહેલા છે ત્યાં પણ દરેક આત્મા પોતાના સ્વરૂપ—અસ્તિત્વથી જુદે જુદો છે અને તેનાં કાર્મણ તથા તૈજસ શરીરો પોતાના સ્વરૂપ—અસ્તિત્વથી જુદે જુદા છે. શરીર, મન, વાણી વગેરે પુદ્‌ગલ દ્રવ્યો પોતાના સ્વરૂપ-અસ્તિત્વથી જુદે જુદા છે, છતા સંસાર અવસ્થામાં જીવ ને શરીર ભેગા એટલે સંયોગે જોવામાં આવે છે. જેવા જેવા શરીરો ધારણ કરે છે તેવા તેવા આકારે આત્મા પોતાના કારણે જોવામાં આવે છે. તે અનેક દ્રવ્યાત્મક પર્યાય છે.

## અનેક દ્રવ્યાત્મક પર્યાયપણું ન્યાયયુક્ત છે.

જેવી રીતે એક પુદ્‌ગલ પરમાણુ બીજા પરમાણુ સાથે ભળીને અનેક દ્રવ્યાત્મક પર્યાય ધારણ કરે છે. રોટલા, દાળ, ભાતના પરમાણુ ભેગા થઈને શરીરરૂપ અનેક દ્રવ્યાત્મક અવસ્થા ધારણ કરેલા જોવામાં આવે છે. બીજા ઘણા પુદ્‌ગલ પરમાણુઓ પુસ્તકરૂપે, મકાનરૂપે અનેક દ્રવ્યાત્મક અવસ્થા ધારણ કરેલા પ્રત્યક્ષ જોવામાં આવે છે. તેમ, આત્માનો અનેક દ્રવ્યાત્મક પર્યાય સંસારદશામાં સંસ્થાન વગેરેના ભેદો સહિત ઉપજતો જોવામાં આવે છે. એકેંદ્રિય હોય તો એકેંદ્રિયના આકારરૂપ, મનુષ્ય હોય તો મનુષ્યના આકારરૂપ વગેરે આકારરૂપ અનેક દ્રવ્યાત્મક અવસ્થા ધારણ કરતો જોવામાં આવે છે. જીવને આવી સંયોગાત્મક પર્યાય બિલકુલ હોતી જ નથી, એમ કોઈ માને તો તેની ભૂલ છે. કારણકે આવા જુદા જુદા શરીરોના આકારોમાં જીવ તે આકારરૂપ ઉપજતો પ્રત્યક્ષ જોવામાં આવે છે. સંસારદશામાં જીવ શરીરના સંયોગ વગર રહે તેમ કદી બને નહિ. એક ગતિથી બીજી ગતિમાં જતાં–વિગ્રહગતિમાં પણ કાર્મણ ને તૈજસ શરીર તો સાથે હોય જ છે. માટે આવો સંયોગાત્મક પર્યાય ન્યાયયુક્ત છે ને તે અનુભવમાં આવે છે.

## અનેક દ્રવ્યાત્મક પર્યાયમાં પણ આત્માનું જુદાપણું.

આવું અનેક દ્રવ્યાત્મક પર્યાયપણું જીવને હોવા છતાં જીવ પોતાના ચેતનસ્વરૂપથી જુદો છે ને શરીર, કર્મ વગેરે તેના રૂપીપણાથી જુદા છે. તે પુદ્‌ગલના દ્રષ્ટાંતે સમજાવવામાં આવે છે. એક પુદ્‌ગલ પરમાણુ બીજા પુદ્‌ગલ પરમાણુ સાથે સ્કંધરૂપે જોવામાં આવે છે છતાં પણ તેમાં એક એક

પરમાણુ પોતાનું સ્વરૂપ—અસ્તિત્વ ટકાવીને બીજા પરમાણુથી જુદે જુદો છે. હળદર ને ખારો સંયોગે મળતા લાલ અવસ્થા થાય છે ખરી પણ ખારો આવ્યો માટે હળદર લાલ થઈ છે—એમ નથી, હળદરની પોતાની યોગ્યતાથી તેના રંગગુણની અવસ્થા પીળીમાંથી લાલ થઈ છે, પણ ખારાને લીધે નહિ. ખારાનું પણ તેવી રીતે જ સમજવું. ત્યાં એક એક પરમાણુ સ્વતંત્ર સ્વરૂપ—અસ્તિત્વ ટકાવીને રહ્યો છે. રૂપિયામાં ચાંદીનો એક એક પરમાણુ સ્વતંત્ર ટકી રહ્યો છે. બાહ્યથી સ્થૂલ અપેક્ષાએ અનેક દ્રવ્યાત્મક પર્યાય દેખાય છે ખરી પણ અંતર એક એક પરમાણુ જુદે જુદો છે. તે દ્રષ્ટાંતે આત્માની જુદે જુદી ગતિઓમાં જુદા જુદા શરીરોના આકારરૂપ પર્યાય દેખાય છે ત્યાં પણ અંદરમાં આત્મા જુદે જુદો દેખાય છે ને શરીર જુદે જુદુ દેખાય છે. શરીરોના આકારો તે તે શરીરને લીધે છે અને આત્માનો આકાર આત્માને લીધે છે. તે શરીરોના આકારને લીધે જીવનો આકાર નથી ને જીવના આકારને લીધે શરીરનો આકાર નથી.

## આત્માના સ્વચતુષ્ટ્ય આત્મામાં છે, શરીરમાં નથી.

(૧) આ પ્રમાણે અનંત ગુણ-પર્યાયનો પિંડ તે આત્માનું પોતાનું દ્રવ્ય છે. શરીર તે આત્માનું દ્રવ્ય નથી. આત્મદ્રવ્યનો શરીરમાં અત્યંત અભાવ છે.

(૨) અસંખ્ય પ્રદેશીપણું તે આત્માનું સ્વક્ષેત્ર છે પણ શરીરનું ક્ષેત્ર તે આત્માનું નથી. આત્માના ક્ષેત્રનો શરીરના ક્ષેત્રમાં અત્યંત અભાવ છે.

(૩) સમય સમયનું પરિણમન તે આત્માનો સ્વ-કાળ છે પણ શરીરનું પરિણમન તે આત્માનું નથી. આત્માના કાળનો શરીરના કાળમાં અત્યંત અભાવ છે.

(૪) આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય વગેરે ત્રિકાળી ગુણો તે આત્માના ભાવો છે. પણ શરીરના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ગુણો આત્મામાં નથી. આત્માના ગુણોનો શરીરના ગુણોમાં અત્યંત અભાવ છે.

આવી જ રીતે આત્માના સ્વચતુષ્ટ્યનો શરીર તથા કર્મના ચતુષ્ટ્યમાં અભાવ વર્તે છે. શરીર તથા કર્મના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવ પોતપોતામાં છે ને આત્મામાં તેની નાસ્તિ છે. આત્માના સ્વચતુષ્ટ્ય આત્મામાં છે, શરીરના સ્વચતુષ્ટ્ય શરીરમાં છે.

## એક સમય તે સૌ સમય.

કોઈ પ્રશ્ન કરે કે આવું જુદાપણું તો સિદ્ધ થયા પછી થાય ને શરીર હોય ત્યાં સુધી આત્મા ને શરીર ભેગા ખરા ને ?—કે ના, જે ભેગા હોય તે

કદી જુદા પડે નહિ ને જુદા હોય તે કદી ભેગા થાય નહિ. મૃત્યુ વખતે શરીર અહીં પડ્યું રહે છે ને જીવ ચાલ્યો જાય છે તે જુદાપણું બતાવે છે. શરીર ને આત્મા એક હોય તો જુદા પડે નહિ. એક સમય તે સૌ સમય. એક સમય શરીરથી આત્મા જુદો છે તો ત્રણે કાળ જુદો છે. એક સમય આત્માનું સ્વરૂપ—અસ્તિત્વ પરને લીધે હોય તો આત્માની હૈયાતી જ સાબિત થશે નહિ.

## પરથી જુદા એકત્વની વાત સાંભળી નથી.

અજ્ઞાનીને અનાદિની શરીરબુદ્ધિ જતી નથી. તે શરીરમાં પોતાપણું માને છે. શરીર વિના કેમ ચાલે, એવો ભ્રમ અનાદિથી અજ્ઞાનને કારણે છે. શરીર વિના જીવ રહે નહિ ને જીવ વિના શરીર નહિ એવી એકત્વબુદ્ધિ અજ્ઞાની જીવ કર્યા કરે છે, પરની એકત્વબુદ્ધિએ દેહને છોડે છે ને તેથી સંસારમાં રખડે છે. સંસારની અનુકૂળતામાં એકત્વબુદ્ધિ કરી સુખ માની લ્યે છે પણ <u>પરથી જુદા એકત્વની વાત સ્વલક્ષે સત્સમાગમે કદી સાંભળી નથી, વિચાર કર્યો નથી ને અંતર પરિણમન કર્યું નથી.</u>

## જ્ઞાનજળનો અસ્ખલિત પ્રવાહ જુદો વહે છે.

આ બધી સંયોગાત્મક દ્રવ્ય પર્યાયમાં જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવી આત્મા જ બધે સળંગ અંદર દેખાય છે. જેમ પાણી એક પ્રવાહરૂપે ચાલ્યું જાય છે તેમ આ બધી પર્યાયોમાં-આકારોમાં <u>જ્ઞાનજળનો અસ્ખલિત પ્રવાહ ધારાવાહી અંદર વહી રહ્યો છે.</u> શરીરો તથા કર્મોથી તદ્દન જુદે જુદો પ્રતિભાસે છે. અહીં અસ્ખલિત શબ્દ ઉપર વજન છે. કોઈ સમયે શરીરનાં દ્રવ્ય-ગુણ-પર્યાયને આત્મા અડ્યો જ નથી, તેનાથી તદ્દન જુદો રહ્યો છે. ને પોતાના ગુણ–પર્યાયથી અભેદ રહ્યો છે. એમ નક્કી કરતાં પરપદાર્થ ઉપરની સંયોગીદ્રષ્ટિ તૂટે છે ને સ્વભાવદ્રષ્ટિ થાય છે. પોતાને અલ્પજ્ઞદશામાં રાગ હોવા છતાં પરને લીધે નથી, નબળાઈને લીધે છે પણ તે ક્ષણિક છે, જીવનું કાયમી સ્વરૂપ નથી—એમ નક્કી કરતાં સ્વના દ્રવ્ય ગુણો જે શુદ્ધ અનાદિઅનંત છે તે ઉપર દ્રષ્ટિ ગયા વગર રહે જ નહિ. આવી રીતે સંયોગબુદ્ધિ ને રાગબુદ્ધિનો નાશ થઈ સ્વભાવબુદ્ધિ થાય છે ને સ્વની યથાર્થ પ્રતીતિ થતાં સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થાય છે ને સર્વથા સ્વમાં લીન થતાં વીતરાગદશા ગતિરહિત સિદ્ધદશા પ્રગટ થાય છે.

***

# પ્રસાદ નં-૮૯.

## પ્રવચનસાર ગાથા ૧૫૨ ભાવાર્થના પ્રવચનમાંથી.

(પોષ વદ ૩, શુક્રવાર)

## આત્મદ્રવ્ય ને પુદ્‌ગલદ્રવ્ય જુદે જુદા છે.

**ભાવાર્થ:**—દરેક આત્મા ને જડનું સ્વરૂપ જુદે જુદું છે. આત્મા કર્મથી અને દેહથી જુદો છે. તો પણ જેવી રીતે એક પરમાણુ બીજા પરમાણુ સાથે ભળીને સ્કંધરૂપ થતો દેખાય છે તેવી રીતે જીવ દેવ, નારકી, મનુષ્ય વગેરે પર્યાયોરૂપે દેખાય છે ને તે સંસારદશામાં યોગ્ય છે. પોતાના જેવા ભાવ હોય છે તેવા કર્મ બંધાય ને કર્મના ફળમાં શરીરાદિનો નિમિત્તનૈમિત્તિક સંબંધ બને છે. વળી જેવી રીતે પુદ્‌ગલના સ્કંધમાં એક એક પરમાણુ જુદે જુદું છે. તેમ અનેક શરીરોમાં હોવા છતા તે પુદ્‌ગલોની પર્યાયોથી જુદો આત્મા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી અભેદ એકદ્રવ્યપર્યાયરૂપ સદાય જુદો માલુમ પડે છે.

## પુદ્‌ગલ પર્યાયોથી આત્મા જુદો માનવો તે પ્રથમ સમ્યક્દર્શન સામાયિક ધર્મ છે.ક્દ

આવા સ્વરૂપને જાણ્યા વગર જીવો અજ્ઞાનથી સામાયિકના પાઠ બોલી જાય, કાયોત્સર્ગ કરે પણ તેથી સાચી સામાયિક થતી નથી. તસ્સ ઉત્તરીના પાઠમાં ''विसल्लिकरणेणं'' એ પાઠ આવે છે. તેના અર્થની ખબર વિના માત્ર બોલી જાય છે. મિથ્યાત્વ, માયા અને નિદાન—એ ત્રણ પ્રકારના શલ્યથી રહિત થવાનું કહ્યું છે. શલ્ય કોને કહેવુ તે ખબર વિના શલ્ય રહિત કયાંથી થાય? ''શરીરની ક્રિયા જીવથી થાય છે, કર્મ જીવને હેરાન કરે છે, દેવ-ગુરુ-શાસ્ત્ર ધર્મમાં મદદ કરે છે'' વગેરે માન્યતાઓ મોટું શલ્ય છે. અજીવને જીવ માને તો મિથ્યાત્વ, જીવને અજીવ માને તો મિથ્યાત્વ—એમ પાઠ બોલે પણ ચૈતન્ય તે દેહ, મન, વાણીથી જુદો છે એવી પ્રતીતિ કરે નહિ તેને સામાયિક અથવા ધર્મ થાય નહિ. અનેક શરીરોના સંયોગોમાં જુદી જુદી ગતિઓમાં હોવા છતાં આત્મા અંદર જ્ઞાન ચૈતન્યસ્વરૂપ અસ્ખલિત—પોતાના સ્વરૂપનો નાશ કર્યા વિના જુદો બિરાજી રહ્યો છે, શરીર અથવા કર્મ સાથે એકમેક થઈ ગયો નથી. તેમજ શરીરની ક્રિયા આત્મા કરી શકતો નથી. આવો સ્પષ્ટ જુદો જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે ગુણોનો પિંડ અંદર ત્રિકાળ પ્રકાશી રહ્યો છે એવી શ્રદ્ધા કરવી તે પ્રથમ સમ્યક્‌દર્શન સામાયિક ધર્મ છે. આ સામાયિક વિના બીજી કોઈ સામાયિક સાચી નથી ને આના વિના ચારિત્ર, તપ, સાચા હોઈ શકે નહિ. રાગ ઘટાડે તો પુણ્ય થાય પણ

ધર્મ થાય નહિ ને સંસારનો અંત આવે નહિ.–આવી રીતે સંયોગી પર્યાયોમાં આત્મતત્વ જુદું જ્ઞેયતત્વ છે એમ શ્રદ્ધાજ્ઞાન કરવાં તે ધર્મનું કારણ છે.

હવે પર્યાયના ભેદો દર્શાવે છેઃ-

## ગાથા ૧૫૩.

**તિર્યંચ, નારક, દેવ, નર—એ નામકર્મોદય વડે**
**છે જીવના પર્યાય, જેહ વિશિષ્ટ સંસ્થાનાદિકે. ૧૫૩**

**અન્વયાર્થઃ**–મનુષ્ય, નારક, તિર્યંચ અને દેવ—એ નામ કર્મના ઉદયાદિકને લીધે જીવોના પર્યાય છે –કે જેઓ સંસ્થાનાદિ વડે અન્ય અન્ય પ્રકારના હોય છે.

## નામકર્મના નિમિત્તે જીવનું અનેક દ્રવ્યના સંયોગાત્મકપણું.

**ટીકાઃ**–સંસારદશામાં જીવ નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવની અવસ્થાઓ ધારણ કરે છે અને તે જીવની અવસ્થાઓ ઉદયભાવે છે. જુદા જુદા અરૂપી આકારે જીવ પોતે પોતાની યોગ્યતાથી થાય છે. સંસારદશામાં પૂર્વે જેવા પ્રકારના ભાવ કર્યા હોય તેવા પ્રકારે નામકર્મ—જડ બંધાય છે. તે નામકર્મના ઉદયનું નિમિત્ત પામીને જીવને જુદી જુદી ગતિઓમાં જુદા જુદા શરીરોમાં જુદા જુદા આકારે સંયોગરૂપે રહેવાનું બને છે. પાણી જે વાસણમાં નાખવામાં આવે તેવા જ આકારે પોતાની યોગ્યતાના કારણે થાય છે, તેમ જે શરીરમાં આત્મા જાય તેવા આકારે પોતાના કારણે સંયોગાત્મક થઈને રહે છે ને તે પ્રત્યક્ષ અનુભવમાં આવે છે.

## અગ્નિની જેમ જીવના જુદા જુદા આકારો.

વળી ફોતરાનો અગ્નિ ભૂકાના આકારરૂપ, અંગારાનો અગ્નિ ગાંગડાના આકારરૂપ, છાણાનો અગ્નિ છાણાના આકારરૂપ વગેરે પ્રકારે દેખાય છે. બધામાં અગ્નિ તો સામાન્ય છે પણ અગ્નિ પોતાની યોગ્યતાના કારણે જુદા જુદા આકારે તે તે સંયોગોમાં દેખાય છે, તેમ જીવની નરક, દેવ, તિર્યંચ, મનુષ્યની પર્યાયો આકાર વડે જુદી જુદી દેખાય છે, એક પર્યાયમાં પણ જુદા જુદા આકારો દેખાય છે. શરીરમાંથી હાથ કપાતા અથવા પગ કપાતા આત્માનો આકાર પોતાના કારણે (શરીરને લીધે નહિ) સંકોચાતો દેખાય છે. આવી રીતે જીવના જુદા જુદા આકાર હોય છે ને તેમાં નામકર્મનો ઉદય નિમિત્તમાત્ર છે.

## જળહળ ચેતનાજયોતિ શરીરરૂપી ગોળાથી સર્વથા જુદી છે.

જીવ જુદા જુદા આકારે થયો છે તે આકાર નામકર્મે પરિણમાવ્યો નથી. નામ કર્મ તો પુદ્‌ગલ છે ને જીવ ચેતન છે. વળી કર્મનો ઉદય કર્મમાં છે ને જીવનો ગતિનો ઉદયભાવ જીવમાં છે. કર્મને લીધે તે આકારરૂપે થયો નથી તેમ જ કર્મના ફળમાં નોકર્મ દેવાદિના શરીરો જુદા જુદા આકારે મળ્યા

છે માટે આત્માનો આકાર તે રૂપે થયો છે—એમ પણ નથી. આત્માની વ્યંજનપર્યાય ને પુદ્‌ગલની વ્યંજનપર્યાય જુદે જુદી છે. એક બીજામાં અત્યંત અભાવ છે. તપેલામાં રહેલા પાણીનો આકાર તપેલા જેવો હોવા છતાં પાણી તપેલું થઈ જતું નથી, પાણી અને તપેલું જુદા છે. લાકડામાં રહેલો અગ્નિ લાકડાના આકારે હોવા છતાં લાકડાથી જુદો છે. અગ્નિ ને લાકડું એક હોય તો અગ્નિ ઓલવાતા લાકડાનો નાશ થવો જોઈએ, પણ એમ બનતું નથી. માટે અગ્નિ ને લાકડું એક નથી. તેમ ચૈતન્ય સ્વરૂપ આત્મા પોતાના કારણે બીજે ક્ષેત્રાંતર કરે છે ત્યારે શરીર અહીં પડયું રહે છે. જો શરીર અને આત્મા એક હોય તો આત્માની સાથે શરીર પણ જવું જોઈએ, પણ તે તો અહીં પડ્યું રહેતું પ્રત્યક્ષ જોવામાં આવે છે. એક હોય તો કદી જુદા પડે નહિં, જુદા હોય તે જુદા પડે.

## આત્મા શરીરરૂપી મકાનમાં મહેમાન છે.

કોઈ શંકા કરે કે આત્મા તો શરીરમાં રહે છે ને શરીરથી જુદો દેખાતો નથી તો તેને શરીરથી જુદો કેવી રીતે માનવો ? ભાઈ, આત્મા તો અરૂપી જ્ઞાન દર્શનાદિનો પિંડ છે ને શરીરરૂપી સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળું છે. એક ક્ષેત્રે સંયોગે હોવા છતાં અરૂપી આત્મા તેમાં રહેતો નથી, આત્મા તો આત્મામાં રહે છે. ગોળામાંથી અગ્નિ નીકળી જતાં ગોળો પડ્યો રહે છે તેમ ચૈતન્ય નીકળી જતાં શરીર પડ્યું રહે છે તે તેનું જુદાપણું બતાવે છે. વ્યવહારથી પણ શરીર આત્માનું નથી. શરીર મકાનરૂપે છે તેમાં આ આત્મા મહેમાન થઈને પોતાના આયુષ્ય જેટલા વખત સુધી એક ક્ષેત્રે રહેવા આવ્યો છે, પણ કોઈ જીવ શરીરને પોતાનું સમજીને ધણીપદું કરે તો તે જીવ મૂર્ખ ને ચોર છે. શરીર પારકી ચીજ પુદ્‌ગલના ઘરની છે તેને પોતાની માને તો તેને મિથ્યાત્વનું અનંતુ પાપ લાગે છે.

## સંસારમાં ધર્મ કેવી રીતે થાય ?

અજ્ઞાની જીવ દલીલ કરે છે ‘જેમ લોટ ખાવો ને ભસવું’ બન્ને એકી સાથે બનતું નથી તેમ સંસારનું કામ કરવું ને ધર્મ કરવો એ બે એકી સાથે કેવી રીતે બને ?

સમાધાનઃ—શરીરના કોઈ કામ જીવ કરી શકતો નથી, માત્ર પોતાના ભાવ કરે છે. અનાદિકાળથી જીવે શરીરને પોતાનું માન્યું છે તે માન્યતા ફેરવવાની જરૂર છે. અજ્ઞાની શરીરનું કરવારૂપ ભાવ કરે છે તે સંસાર છે ને શરીરથી આત્માને જુદો માનવો તે ધર્મ છે. શરીરને પરથી જુદો પાડતા જ્ઞાન પહેલા પરમાં એકાગ્ર થતું તે સ્વમાં એકાગ્ર થાય છે ને સૂક્ષ્મ થાય છે. વળી વીર્ય પ્રથમ શરીર, ઈન્દ્રિયો વગેરેને ઠીક કરવામાં રોકાતું તેને સ્વમાં વાળતાં પોતાની શક્તિ વધે છે. સ્વની શ્રદ્ધા થતાં બધું વીર્ય પોતામાં કામ કરે છે ને પુરૂષાર્થ વધતાં ધર્મ પ્રગટે છે. ગતિરૂપ સંયોગાત્મક પર્યાયમાં

શરીર તે પર જ્ઞેય છે ને આત્મા તે સ્વજ્ઞેય છે, એમ જ્ઞેયનું સાચું જ્ઞાન કરવું તે ધર્મનું કારણ છે. ।।૧૫૩।।

હવે, આત્માનું દેહ ને કર્મ વગેરે સાથે જોડાણ હોવા છતાં, દ્રવ્યનો નિર્ણય કરવાનું સાધન જે સ્વરૂપ-અસ્તિત્વ તે સ્વ-પરનો ભેદ પાડવામાં સાધનભૂત છે, એમ આ ગાથામાં સમજાવે છે :–

## ગાથા ૧૫૪

**અસ્તિત્વથી નિષ્પન્ન દ્રવ્યસ્વભાવને ત્રિવિકલ્પને**
**જે જાણતો, તે આતમા નહિ મોહ પરદ્રવ્યે લહે. ૧૫૪**

અન્વયાર્થ:- જે જીવ તે (પૂર્વોક્ત) અસ્તિત્વનિષ્પન્ન ત્રણ પ્રકારે કહેલા, ભેદોવાળા દ્રવ્યસ્વભાવને જાણે છે, તે અન્ય દ્રવ્યમાં મોહ પામતો નથી.

## સ્વરૂપ-અસ્તિત્વ દરેક દ્રવ્યનો સ્વભાવ છે.

**ટીકા:**–દરેક દ્રવ્યનું સ્વલક્ષણભૂત સ્વરૂપ–અસ્તિત્વ દરેક દ્રવ્યને નક્કી કરે છે. આત્માનું સ્વરૂપ–અસ્તિત્વ આત્માને નક્કી કરે છે ને જડનું સ્વરૂપ-અસ્તિત્વ જડને નક્કી કરે છે. આત્મા પોતાથી જણાય એવો પદાર્થ છે. આત્માની પ્રાપ્તિ પરમાણુને લીધે નથી ને પરમાણુની પ્રાપ્તિ આત્માને લીધે નથી માટે સ્વરૂપ–અસ્તિત્વ ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે કારણકે દ્રવ્યનો સ્વભાવ અસ્તિત્વનો બનેલો છે.

## દ્રવ્યસ્વભાવનું જ્ઞાન મોહનો નાશ કરે છે.

દ્રવ્યનો સ્વભાવ દ્રવ્ય, ગુણ તથા પર્યાય એવા ત્રણ ભેદોવાળો તથા ધ્રૌવ્ય, ઉત્પાદ ને વ્યય એવા ત્રણ ભેદોવાળો છે.

અનંત શક્તિઓનો પિંડ તે દ્રવ્ય છે. જ્ઞાન, દર્શન, વગેરે શક્તિઓ અથવા સ્પર્શ, રસાદિ તે ગુણો છે ને સમયે સમયે થતી અવસ્થા તે પર્યાય છે. કાયમ સદ્રશ રહેનારા ગુણો અથવા દ્રવ્ય તે ધ્રૌવ્ય છે, નવી અવસ્થા ઊપજે તે ઉત્પાદ છે ને પૂર્વની અવસ્થા નાશ પામે તે વ્યય છે. જીવના દ્રવ્ય-ગુણ-પર્યાય તથા ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય જીવમાં છે ને પોતાને લીધે છે. પુદ્ગલ ગુણોને તેની અવસ્થા તથા ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય પુદ્ગલમાં છે ને તે તેને લીધે છે. એક પરમાણુની પર્યાય જીવને લીધે નથી તેમ જ બીજા પરમાણુ ને જીવને લીધે નથી. જેથી જીવ ભાષાની ક્રિયાને કરી શકે નહિ, શરીરને ચલાવી શકે નહિ, સ્ત્રી, કુટુંબ, મકાન, દેવ, ગુરૂ, શાસ્ત્ર દરેકના દ્રવ્ય, ગુણ, પર્યાય દરેકમાં રહેલા છે. જીવને અનંતા પર પદાર્થો સાથે કાંઈ પણ સંબંધ નથી–એમ દ્રવ્યસ્વભાવ નક્કી કરાવે છે. તે દ્રવ્યસ્વભાવનું જ્ઞાન પર પદાર્થો ઉપરની સુખબુદ્ધિનો એટલે મોહનો નાશ કરે છે ને સ્વ-પરના ભેદવિજ્ઞાનનું કારણ થાય છે. બીજી કોઈ ક્રિયા અથવા શુભરાગ

ભેદવિજ્ઞાનનો હેતુ થતો જ નથી, માત્ર દ્રવ્યસ્વભાવનું જ્ઞાન એક જ ભેદજ્ઞાનનું કારણ છે.

## જ્ઞેયોના સાચા જ્ઞાન વગર ધર્મ થતો નથી.

અજ્ઞાની જીવ યથાર્થ જ્ઞાન કરતો નથી ને ઔધિક ક્રિયામાં ધર્મ માની બેસે છે. 'તત્વાર્થસૂત્ર'માં એક સૂત્ર છે કે "निशल्यो व्रती" વ્રતાદિના પરિણામ મિથ્યાત્વાદિ શલ્ય રહિત હોય છે. મિથ્યાત્વ કાઢ્યા વિના ધર્મ થાય નહિ ને તેને વ્રત–પચ્ચખાણ સાચાં હોય નહિ. જડની પર્યાય આત્મા કરે છે ને આત્માની પર્યાય જડ કરે છે, એ માન્યતા જ મોટું મિથ્યાત્વ શલ્ય છે. પર પદાર્થો પ્રત્યે સાવધાની એ જ શલ્ય છે. જે પુત્ર પિતાની આજ્ઞા ન માને તે સુપુત્ર નથી પણ કુપુત્ર છે તેમ મહાવીર મહાન તીર્થંકર પિતાના નામની માળા ફેરવીને ભક્તિ કરે પણ તેની આજ્ઞા છે કે દરેક પદાર્થને તેના સ્વરૂપ–અસ્તિત્વથી જુદો જાણ પરંતુ તેને યથાર્થ જાણવાની મહેનત ન કરે ને જુદો ન જાણે તો તે તેમની આજ્ઞાને માનતો નથી એટલે કે ભગવાનને જ માનતો નથી. તેથી તે જૈન નથી.

## સ્વરૂપ–અસ્તિત્વ સ્વ-પર ભેદવિજ્ઞાન કરાવે છે.

જીવોએ જ્ઞેયોને સ્વરૂપ–અસ્તિત્વથી ભિન્ન-ભિન્ન જાણીને યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. આત્મા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સદાય રહેલો છે. શરીરનાં દ્રવ્ય-ગુણ-પર્યાયને કદી સ્પર્શ્યો જ નથી. છદ્મસ્થ જીવ પ્રદેશ વગેરેને ભલે પ્રત્યક્ષ જોઈ ન શકે પણ પરોક્ષ જ્ઞાનપૂર્વક કેવળી ભગવાનના જેવીજ પ્રતીતિ કરી શકે છે. ક્ષણે ક્ષણે આત્મા શરીર વગેરે પદાર્થોથી જુદો છે એવો ખ્યાલ ભેદજ્ઞાન કરાવે છે તેથી સ્વ-પરના વિભાગની પરિપૂર્ણતા માટે પર્યાયે પર્યાયે સ્વરૂપ–અસ્તિત્વ ખ્યાલમાં લેવું.

## સ્વરૂપ–અસ્તિત્વ સમયે સમયે જ્ઞાનમાં લેવું.

અહીં પદે પદે ખ્યાલમાં લેવું એવો પાઠ છે; તેમાં 'પદે પદે' શબ્દ ઉપર વજન છે. આ જ્ઞેય અધિકાર છે. જીવની વર્તમાન જે જે પર્યાય થઈ રહી છે તે જ્ઞેય છે, ત્યાં દરેક પર્યાયે સાવધાન રહેજે ને પુરુષાર્થ ઉપાડજે, એમ કહેવાનો આશય છે. <u>ક્ષાયિક સમ્યગ્દર્શન થયું માટે ચારિત્ર થઈ જશે, મુનિપણું આવ્યું માટે કેવળજ્ઞાન થઈ જશે, એમ માનીને પ્રમાદિ થઈશ નહિ. પર્યાયે પર્યાયે સ્વ-પર ભેદવિજ્ઞાન કરજે. ક્યાં સુધી?–કે આખું દ્રવ્ય પરિપૂર્ણ શુદ્ધ થઈ કેવળજ્ઞાન પામે ત્યાં સુધી. પર્યાયે પર્યાયે પરથી જુદો છું એવું જ્ઞાન ટકાવી પુરુષાર્થ ઉપાડજે.</u>

આ પ્રમાણે દરેક જ્ઞેય પદાર્થનું સ્વરૂપ–અસ્તિત્વ સ્વ-પરનું ભેદવિજ્ઞાન કરાવે છે.

***

# પ્રસાદ નં-૮૮.

## પ્રવચનસાર ગાથા ૧૫૪ના પ્રવચનમાંથી.

(પૌષ વદ ૪, શનિવાર)

દરેક આત્મા ને પરમાણુ જુદે જુદા પદાર્થ છે. કોઈ કોઈના કર્તા નથી. આત્મા કાયમ જાણનાર–દેખનારરૂપે સદ્રશ રહેનાર પદાર્થ છે. દરેક પદાર્થને તેના સ્વરૂપ–અસ્તિત્વથી જુદો જાણવાથી સ્વ-પર ભેદવિજ્ઞાન થાય છે. સ્વરૂપ–અસ્તિત્વવાળો સ્વભાવ દ્રવ્ય-ગુણ-પર્યાયપણે તથા ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યયપણે ત્રણ સ્વરૂપ છે. તે આ પ્રમાણે છે. પહેલાં ચેતન દ્રવ્યના ત્રણ સ્વરૂપ કહે છે. ભેદવિજ્ઞાની જીવ પોતાના આત્માને કેવો માને છે, તે કહે છે:-

## ચેતનના દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ.

**ચેતનદ્રવ્ય :**–આત્મા ચૈતન્ય સ્વરૂપ છે. ત્રિકાળ સદ્રશ- એકરૂપ રહેનારો પદાર્થ છે. શરીર, ધન, કુટુંબ, કર્મ આત્મદ્રવ્ય નથી; તે તો અચેતન દ્રવ્ય છે. દયા, દાનાદિના ભાવો તે પુણ્યતત્વ છે ને હિંસા, જૂઠું, ચોરી આદિના ભાવો તે પાપતત્વ છે. બન્ને આસ્રવ, બંધ છે તે વિકાર છે, ચૈતન્યદ્રવ્ય નથી. સંવર નિર્જરા નવાં પ્રગટે છે તે પર્યાયો છે પણ દ્રવ્ય નથી. નવે તત્વોને અથવા છ દ્રવ્યોને જાણનાર અનાદિઅનંત જ્ઞાતાદ્રષ્ટાસ્વરૂપ, ચેતનપણું સામાન્ય જેનું લક્ષણ છે એવો આત્મા તે ચૈતન્યદ્રવ્ય છે.

**ચેતનના ગુણ:**–આત્માનો ગુણ ચેતનાવિશેષ છે. રાગદ્વેષ, પુણ્ય-પાપ કરવાં તે આત્માનો ગુણ નથી. જડ પદાર્થોના ગ્રહણ-ત્યાગ કરવા એ આત્માનો સ્વભાવ નથી. આત્મા બીજાનું કામ કરી આપે કે લાભ-નુકશાન કરી આપે ને બીજા જીવો આ આત્માનું કામ કરી આપે કે લાભ-નુકશાન કરી આપે તેવો આત્માનો સ્વભાવ જ નથી. જેમ સોનામાં પીળાશ, ચીકાશ, વજન ગુણો છે તેમ આત્મામાં જ્ઞાન, દર્શન આદિ ગુણો છે. બીજા જીવોની તથા જડની-શરીરાદિ વગેરેની જે જે અવસ્થા થાય તેને જાણવામાત્રનો સ્વભાવ છે પણ પરની પર્યાય ફેરવવાનો જીવનો સ્વભાવ નથી.

**ચેતનની પર્યાય :**–આત્માની પર્યાયનું લક્ષણ જ્ઞાનની ક્રિયા કરવી તે છે. ચેતનપણાનો ભેદ તેનું લક્ષણ છે. જ્ઞાનની પૂર્વ અવસ્થાનો નાશ થઈ જ્ઞાનની નવી અવસ્થાપણે ઉપજવું તે ચેતનની પર્યાય છે. ત્રણે કાળ તેમાં એકલી જ્ઞાનક્રિયા જ ભાસે છે. શરીરની પર્યાય કે વાણીની પર્યાય તો આત્માની છે જ નહિ પણ શુભાશુભભાવ પણ ખરેખર આત્માના નથી. એવી રીતે જડ ને વિકારથી જુદો આત્માને શ્રદ્ધવો, તેવું જ્ઞાન કરવું અને તેમાં

સ્થિરતા કરવી તે મોક્ષમાર્ગ છે, ને તે ચેતનની પર્યાય છે. મહાવ્રતાદિના પરિણામની પર્યાય તે ચેતનની ખરેખરી પર્યાય નથી, કારણ કે અહીં ચેતનપર્યાયનું લક્ષણ બાંધ્યું છે કે ચેતનપણાનો વ્યતિરેક તેનું લક્ષણ છે. મહાવ્રતાદિના પરિણામને ને જાણનારી પર્યાય તે ચેતન પર્યાય છે.

આ પ્રમાણે દ્રવ્ય-ગુણ-પર્યાય—ત્રણના સમૂહસ્વરૂપ ચેતનનું સ્વરૂપ–અસ્તિત્વ કહ્યું. વહે ચેતનના ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યયનું સ્વરૂપ કહે છે.

## ચેતનના ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યયનું સ્વરૂપ.

**ધ્રૌવ્ય :**–ચેતન પહેલાના અને પછીના બન્ને પર્યાયોને સ્પર્શ છે તેથી તે અપેક્ષાએ ચેતન ધ્રૌવ્ય છે. ધ્રુવ એટલે નિત્ય, નિશ્ચલ, ત્રિકાળ રહેવાવાળો પદાર્થ. ચેતનમાં જૂની અવસ્થા નાશ થઈને નવી અવસ્થા ઉપજે છે. અને બન્નેમાં ચેતન સદ્રશ રહે છે માટે ચેતન ધ્રુવ છે. ચેતન પોતાની પૂર્વ તથા વર્તમાન અવસ્થાને સ્પર્શ છે પણ જમીન, પૈસા, શરીર, વાણી, ઈન્દ્રિયો વગેરે જડ પદાર્થની અવસ્થાને તેમ જ બીજા આત્માની અવસ્થાને કદી સ્પર્શતો જ નથી. વળી પુણ્ય-પાપ ક્ષણિક ઉપાધિ છે, તે વિકારી પર્યાયને પણ ચેતન ખરેખર કદી સ્પર્શતો જ નથી. કારણ કે ચેતનપણાનો વ્યતિરેક પર્યાયનું લક્ષણ કહ્યું છે પણ વિકારના વ્યતિરેકને ચેતનપર્યાયનું લક્ષણ કહ્યું નથી. ભરત ચક્રવર્તી ગૃહસ્થાશ્રમમાં હતા, પુણ્યની સામગ્રીઓ ઢગલાબંધ હતી, પણ સમ્યક્ ભાન હતું કે સ્રીઓના શરીર તો જડ છે, તેને હું સ્પર્શતો નથી, તેના આત્માને પણ સ્પર્શતો નથી. ખાવા-પીવાની સામગ્રીને સ્પર્શતો નથી. ક્ષણિક લાગણીઓ પુણ્ય-પાપની થાય છે, તેને પણ હું સ્પર્શતો નથી. હું તો વૈભવના ઢગલાને તેમજ વિકારને જાણુ છું તેથી મારી ચેતનપર્યાય એક પછી એક થાય છે, તેને સ્પર્શું છું. મારા ચેતન સ્વભાવને ત્રિકાળ ધરી રાખનારો ધ્રુવ પદાર્થ છું. આવા ધ્રુવ સ્ભાવની પ્રતીતિ બાહ્યથી ગૃહસ્થાશ્રમ હોવા છતાં દરેક જીવ કરી શકે છે.

**ઉત્પાદ-વ્યય :**–ચેતનપણાની અવસ્થાનો ઉત્પાદ થવો ને પૂર્વની અવસ્થાનો નાશ થવો તે ઉત્પાદ-વ્યયનું સ્વરૂપ છે. શરીરની અવસ્થારૂપે ઉપજવું તે ચેતનનો ઉત્પાદ તો નથી જ પણ દયા-દાનાદિના ભાવોનો ઉત્પાદ તે પણ ચેતનનો ઉત્પાદ નથી. શરીર અને દયા-દાનાદિના ભાવોને જાણનારી અવસ્થાનો ઉત્પાદ તે ચેતનનો ઉત્પાદ છે.

શરીરનો વ્યય થવો તે ચેતનનો વ્યય નથી તેમજ શુભાશુભ ભાવોનો વ્યય તે પણ ચેતનના વ્યયનું સ્વરૂપ નથી પણ શરીરની અવસ્થા પૂર્વે હતી, પુણ્ય-પાપાદિ ભાવો પૂર્વે હતા, એવું જે જ્ઞાન પૂર્વ અવસ્થામાં હતું તે વર્તમાન અવસ્થામાં નાશ થયું, તે નાશને પર્યાયદ્રષ્ટિએ ચેતનનો વ્યય કહે છે.

આ પ્રમાણે ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય—એ ત્રણના સમૂહસ્વરૂપ ચેતનનું સ્વરૂપ કહ્યું.

## સ્વરૂપ-અસ્તિત્વ સમજ્યા વિના બાહ્ય ત્યાગ કે તપશ્ચર્યા અરણ્યરૂદન સમાન છે.

અજ્ઞાની જીવ શરીરનો અને આત્માનો ભેદ સમજતો નથી. આત્મા છે તો ભાષા બોલાય છે, આત્મા છે તો શરીર ચાલે છે, વગેરે પ્રકારે અજ્ઞાની માને છે પણ આત્મા અને જડ સ્વયંસિદ્ધ પદાર્થો ભિન્ન ભિન્ન સ્વરૂપ-અસ્તિત્વવાળા છે, તેમ તે માનતો નથી. વળી તે જડના ઉત્પાદ-વ્યય-ધ્રુવ જડમાં ને ચેતનના ચેતનમાં થાય છે, એમ માનતો નથી. તેમ જ દયાદાનાદિના ભાવો તે વિકાર છે, તેનાથી ધર્મ થાય, એમ તે માને છે. તે સ્વરૂપ-અસ્તિત્વને સમજતો નથી. શુભભાવને લીધે સ્વર્ગાદિ મળે પણ ધર્મ થાય નહિ. જંગલમાં કોઈ રૂદન કરે પણ કોઈ સાંભળનાર ત્યાં નથી કે તેનું રૂદન મટાડે; તેમ સ્વરૂપ-અસ્તિત્વના ભાવ વિના બાહ્ય વ્રત ને તપ કરતા છતાં સંસાર ચાલુ રહેશે ને ધર્મની પ્રાપ્તિ નહિ થવાથી તે વ્યર્થ જશે.

## જુઓ, ધર્મીજીવ અન્યત્વ ભાવના ભાવે છે.

ધર્મી જીવ માને છે કે મારા દ્રવ્ય-ગુણ-પર્યાય તથા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય મારે લીધે છે ને મારામાં છે ને જડના દ્રવ્ય-ગુણ-પર્યાય તથા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય જડને લીધે છે ને જડમાં છે. હું ચેતન છું, જડને લીધે મારી અવસ્થા નથી ને મારે લીધે જડની અવસ્થા નથી. લક્ષ્મી, મકાન, દુકાન, દેવ-ગુરુ-શાસ્ત્ર, શરીર, કર્મથી 'આ હું જુદો છું.' તેઓના દ્રવ્ય-ગુણ-પર્યાય તે દ્રવ્યોમાં છે, મારે ને તેમને કાંઈ સંબંધ નથી. શુભાશુભ લાગણીઓ થાય તે પણ મારી ચેતનપર્યાય નથી, બધાને જાણવાની પર્યાય તે મારી ચેતનપર્યાય છે. હું તો બધાને જાણુ છું. શરીરથી જુદો, કર્મથી જુદો, વિકારથી જુદો, જ્ઞાનસ્વભાવી ચેતનદ્રવ્ય મને માનું છું. હું બધાથી આ જુદો રહ્યો. આમ ધર્મી જીવ ભાવના ભાવે છે.

અનંતા જ્ઞાનીઓ સ્વરૂપ-અસ્તિત્વથી ભેદવિજ્ઞાન કરવું તે ધર્મ છે, એમ પ્રકાશી રહ્યા છે. જ્ઞાની પોતામાં આવી રીતે ભેદવિજ્ઞાનપૂર્વક ભાવના ભાવે છે. અનુકૂળ-પ્રતિકૂળ સંયોગો તે હું નહિ, શરીરાદિ તે હું નહિ, અલ્પ રાગદ્વેષ થાય તે હું નહિ; હું તો દેહ દેવળમાં ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ બિરાજું છું —એવું ભાન પાત્ર જીવો કરી શકે છે. આ ભાન થયા પછી સ્થિરતા વધતાં મુનિપણું અંગિકાર કરી વીતરાગદશાને પ્રાપ્ત કરે છે.

આ પ્રમાણે સ્વરૂપ-અસ્તિત્વ સ્વભાવવાળા ચૈતન દ્રવ્યને સ્વજ્ઞેય તરીકે અને પરજ્ઞેયને પરજ્ઞેય તરીકે જાણવાં તે સમ્યક્જ્ઞાન ને ધર્મ છે.***

# પ્રસાદ નં. ૯૦

## પ્રવચનસાર ગાથા ૧૫૪ ની ટીકાના પ્રવચનમાંથી.

(પોષ વદ ૫, રવિવાર)

## ધર્મી જીવ ભાવના ભાવે છે.

હું આત્મા જ્ઞાતાદ્રષ્ટા ચૈતન્યસ્વરૂપ છું. શરીર, લક્ષ્મી, મન, વાણી, કુટુંબ વગેરે કોઈ મારા નથી, મારે ને તેને કાંઈ સંબંધ નથી. શરીર તો અચેતન પુદ્ગલ દ્રવ્ય છે, ને દાળ, ભાત, રોટલા વગેરેમાથી બનેલ છે ને તેની રાખ થઈ જાય છે. હું જ્ઞાન,દર્શન, ચારિત્રને આશ્રય આપનાર છું ને જ્ઞાન, દર્શન, ચારિત્ર મારો આશ્રય લેનારા છે. પર પદાર્થો–ધન, લક્ષ્મી, મકાન, સ્ત્રી, કુટુંબ વગેરે–ચેતન ને અચેતન પદાર્થો મારા આશ્રયે રહેતા નથી ને હું તેમને આશ્રય આપનાર નથી; તે સર્વની અવસ્થાની હું કરનારો નથી. પુણ્ય-પાપના ભાવ તે જીવતત્ત્વના નથી. હું છું તો કુટુંબનો નિભાવ થાય છે, એમ હું માનતો નથી તેમ જ હું છુ તો શરીર ચાલે છે, એમ પણ માનતો નથી. "**હું આ અચેતન શરીર વગેરે પદાર્થોથી જુદો રહ્યો.**"

## ધર્મી જીવ અચેતનના દ્રવ્ય ગુણ પર્યાયથી પોતાને જુદો માને છે.

**અચેતન દ્રવ્ય** :–અચેતનપણું એટલે જ્ઞાન નહિ હોવું-જડપણું. અચેતનપણાની એકરૂપતા જેનું લક્ષણ છે તે અચેતન દ્રવ્ય છે. શરીર, મન, વાણી, કર્મ વગેરે અચેતન છે.

રોગ શરીરમાં થાય છે, આત્મામાં થતો નથી પણ અજ્ઞાની જીવ અચેતન શરીરને પોતાનું માની સુખદુ:ખની કલ્પના કરે છે. રોગ મટાડવાની ઘણી ઈચ્છા હોવા છતાં પણ જીવ તેને મટાડી શકતો નથી. પેટમાં દર્દ થયું હોય ત્યારે લાખો રૂપિયાની મૂડી, શું તે દર્દને મટાડી દેશે ? બૈરા-છોકરા બધા ટગર ટગર જોયાં કરે પણ પેટના દર્દને મટાડવા તેઓ સમર્થ નથી.

અજ્ઞાની જીવ પૈસો મળ્યો માટે મોટો થયો, એમ માને છે. આત્માના ભાન વિનાના કરોડપતિ મોટા મજુર ને મોટા ભિખારી છે ને સાધારણ માણસ નાના મજુર ને નાના ભિખારી છે, પાયખાનામાં વિષ્ટા ઘણી ભેગી થાય તો તે રાખવા જેવી કોઈ માનતું નથી તેમ પૈસા વિષ્ટા સમાન છે. ઝાઝી વિષ્ટા ભેગી કરનારો જેમ મૂર્ખ છે તેમ પૈસા ઉપર મમતા કરનાર તેમાં સુખ માનનાર એવો જ મૂર્ખ છે.

ધર્મી જીવ વિચારે છે કે મારું સુખ અચેતનમાં નથી, **હું આ અચેતન દ્રવ્યોથી જુદો છું.**

**ગુણ :**–અચેતન દ્રવ્યનો ગુણ અચેતનપણું છે જડપણું છે. સુખ આપવાનો તેનામાં ગુણ નથી. પૈસો, શરીર, કર્મ, આહાર, પાણી વગેરે અચેતન દ્રવ્યો આત્માને કાંઈ લાભ કે નુકશાન કરતાં નથી. અજ્ઞાની જીવ માને છે કે રૂપિયા આવે તે પાલવે, જાય તે પાલવે નહિ; પણ ભાઈ, તે તારી વસ્તુ જ નથી, પુણ્યના નિમિત્તે આવે છે ને અશુભના નિમિત્તે જાય છે, તેનામાં સુખ-દુ:ખ આપવાનો ગુણ છે જ નહિ.

ધર્મી જીવ વિચારે છે કે મારા જ્ઞાન, સુખાદિ ગુણો મારામાં છે, પણ શરીર, લક્ષ્મી, શાસ્ત્ર કર્મમાં નથી. તેમાં તો અચેતનપણું છે. મારો ચેતનાગુણ અચેતનગુણથી આ જુદો રહ્યો.

**પર્યાય :**–અચેતન દ્રવ્યની પર્યાયનું લક્ષણ અચેતનપણાનો વ્યતિરેક છે. શરીર, મન, વાણી, કર્મની અવસ્થા એક પછી એક થાય છે તે જીવને લીધે થતી નથી, તે તો અચેતન દ્રવ્યથી થાય છે. જીવે ધ્યાન રાખ્યું માટે શરીર નીરોગ રહ્યું–એમ અજ્ઞાની માને છે. વળી "સમય બદલાય છે ત્યારે બધું બદલાઈ જાય છે," પહેલા મને બધા ઘેર પૂછવા આવતા ને હવે લક્ષ્મી જતાં કોઈ ખબર પણ પૂછતું નથી–એમ અજ્ઞાની માને છે. તો કહે છે કે ભાઈ! તે તો જડની લક્ષ્મીની અવસ્થાનો તેમ જ પુણ્ય કર્મની અચેતનની અવસ્થાનો ફેરફાર થયો છે, તે તારા હાથની વાત નથી. શરીરની નીરોગતા તે અચેતનની પર્યાય છે, તે તારા ડહાપણની વાત નથી.

ધર્મી જીવ વિચારે છે કે મારા જ્ઞાનની પર્યાય બદલે છે પણ હું અચેતન દ્રવ્યોની અવસ્થાને બદલાવતો નથી. મારી ચેતન પર્યાય અચેતન દ્રવ્યોની પર્યાયથી આ જુદી રહી.

આ પ્રમાણે અચેતનના દ્રવ્ય-ગુણ-પર્યાય અચેતનમાં છે, મારા ચેતન, દ્રવ્ય-ગુણ-પર્યાય-અચેતનના દ્રવ્ય-ગુણ-પર્યાયથી આ જુદા રહ્યા.

## ધર્મી જીવ અચેતનના ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યયથી પોતાને જુદો માને છે.

**ધ્રૌવ્ય :**–જડ દ્રવ્યની પૂર્વ ને ઉતર અવસ્થામાં અચેતનપણું સ્પર્શે છે, તેને ધ્રૌવ્ય કહે છે. એટલે કે બન્ને અવસ્થામાં અચેતનપણું સામાન્ય સદ્રશ રહે છે. જેમકે રોટલી, દાળ, ભાત, બદલીને લોહીરૂપ થાય છે ને તે બન્નેમાં પરમાણુ ટકી રહે છે; શરીર બદલીને રાખરૂપે થાય છે, તેમાં અચેતન પરમાણુ ટકી રહે છે.

પણ અજ્ઞાની જીવ માને છે કે આત્મા હતો તો શરીર ટકી રહ્યું, આત્મા મકાન, લક્ષ્મી, વગેરેને ટકાવી રાખે છે. શરીરને આત્મા સ્થિર બેસાડી શકે છે વગેરે પણ શરીર, મકાન, લક્ષ્મી વગેરે અચતેન દ્રવ્યો છે, તેની એક

પછી એક અવસ્થા થાય છે તેને તે તે અચેતન દ્રવ્ય સ્પર્શે છે. પણ આત્મા તેને સ્પર્શતો નથી કે ટકાવતો નથી. શરીરની ઉષ્ણમાંથી ટાઢી અવસ્થા થઈ તેમાં અચેતન પરમાણુ ધ્રુવ ટકી રહ્યા છે. શરીર ચાલવામાંથી સ્થિર થયુ તેમાં બન્ને પર્યાયને અચેતન શરીર સ્પર્શે છે. આત્મા તેને સ્પર્શતો નથી, તો પછી શરીર સ્થિર થયું તેમાં આત્માને ધર્મ ન જ થાય.

ભરત ચક્રવર્તી જ્ઞાની હતા. રાજ્ય, બગીચા, મહેલ બધાં અચેતન દ્રવ્યો છે, તેની રક્ષા કરવા હું સમર્થ નથી. તે પદાર્થો તેના ધ્રુવપણાથી ટકી રહ્યા છે. હું તો મારી જાણવાની બધી અવસ્થામાં ચેતન ધ્રુવપણે ટકી રહ્યો છું, એમ તેઓ માનતા હતા. હું ચેતન ધ્રુવ આ અચેતન ધ્રુવથી જુદો રહ્યો —એમ જ્ઞાની વિચારે છે.

**ઉત્પાદ-વ્યય :**—જડની પૂર્વ અવસ્થાનો નાશ થવો ને નવી અવસ્થાનો ઉત્પાદ થવો તેમાં અચેતનપણું રહેલુ છે. ભાષા વર્ગણારૂપની અવસ્થા હતી તે નાશ થઈ અને શબ્દરૂપે ઉત્પાદ થયો, જુવાન શરીરની અવસ્થાનો વ્યય ને વૃદ્ધાવસ્થાનો ઉત્પાદ થયો, બધામાં અચેતનદ્રવ્ય પોતે વ્યય ને ઉત્પાદરૂપે થાય છે પણ ચેતન આત્મા હતો માટે અચેતન દ્રવ્યોમાં ઉત્પાદ-વ્યય થાય છે-એમ નથી.

અજ્ઞાની દલીલ કરે છે કે મારા બાહુબળને લીધે પૈસા કમાયો, આત્મા હતો તો ભાષા થઈ, આત્મા વગર ભાષા કેમ થાય ? મડદાને બોલાવી દ્યો. તો કહે છે કે ભાઈ, ભાષા તો જડ છે, તેના ઉત્પાદ-વ્યય પરમાણુને લીધે છે, ચેતન દ્રવ્યને લીધે નથી. આત્મામાં શબ્દની ખાણ નથી. શબ્દ અચેતનની પર્યાય છે. આત્મા ચેતન છે માટે આત્મા બોલતો નથી. વળી પૈસા જડ છે તેને રાખવા તારા હાથની વાત હોય તો પાપના ઉદય વખતે જડને શું કામ જવા દે ? રાખી મૂકને ? પણ તેમ બની શકતુ નથી. માટે વિચાર કર કે જડની અવસ્થા જડથી થાય છે.

ધર્મી જીવ વિચારે છે કે શરીર, લક્ષ્મી, ભાષા વગેરે અચેતનના ઉત્પાદ-વ્યય અચેતન દ્રવ્યોથી થાય છે; મારાથી થતા નથી. હું ચેતન દ્રવ્ય છું, મારા ચેતનપણાના ઉત્પાદ-વ્યયને હું કરું છું. **મારા ચેતન ઉત્પાદ-વ્યય આ અચેતન ઉત્પાદ-વ્યયથી આ જુદા રહ્યા.**

આ પ્રમાણે અચેતન દ્રવ્યના ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય અચેતનમાં છે.

## સમ્યગ્જ્ઞાનરૂપી એક જ ચિનગારી અનંત સંસારનો નાશ કરે છે.

અચેતન દ્રવ્યોને આત્મા રાખી શકતો નથી, ટકાવી શકતો નથી, બચાવી શકતો નથી, નાશ કરી શકતો નથી, સાધકદશામાં અલ્પરાગ થાય છે પણ તે ચીજને લીધે રાગ થયો નથી તેમજ રાગ થયો માટે તે ચીજો

આવી છે, એમ પણ નથી. પુણ્ય તે ધર્મ નથી, પુણ્ય આત્મામાં હોય તો સિદ્ધમાં હોવું જોઈએ, પણ સિદ્ધ તો પુણ્યથી રહિત છે માટે પુણ્ય-પાપ આત્માનું સ્વરૂપ નથી. જડ તો તદ્દન અચેતન છે. આમ ચેતનને અચેતન દ્રવ્યથી તથા રાગથી જુદો જાણવો તે ધર્મ છે. દીવાસળીની એક સળી છે તેમાં સફેદ લાકડીવાળા ભાગમાંથી અગ્નિ આવતો નથી પણ ઉપરમાં લાલ ટોપકું છે તેને ઘસવાથી અગ્નિ પ્રગટે છે. તેમ શરીર, મન, વાણી, પુણ્ય-પાપ દીવાસળીના સફેદ લાકડી જેવાં છે, તેને ઘસવાથી એટલે તેમાં એકાગ્ર થવાથી ધર્મ થતો નથી પણ આત્મા અચેતનથી જુદો ને પુણ્ય-પાપથી રહિત ચિદાનંદ સ્વરૂપ છે તેમાં એકાગ્ર થવાથી ધર્મરૂપી પર્યાય પ્રગટે છે. એક નાની દીવાસળી લાખો મણ ઘાસને બાળી મૂકે છે તેમ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની પ્રગટેલી એક જ પર્યાય અનંત કાળના સંસારનો નાશ કરી નાખે છે. ''समज पीछे सब सरल है'' સમજયા પછી બધું સરળ છે. લૌકિક ભણતર માટે જીવો વર્ષોનો વખત લ્યે છે, તેમ આધ્યાત્મિક ભણતર માટે સમય લઈને પણ સમજવું જોઈએ.

ધર્મી જીવ વિચારે છે કે અચેતન દ્રવ્યો છે તે ખરેખર આ મારાથી જુદા છે, માટે તે પ્રત્યે મને મોહ નથી, તેમાં સુખ-દુઃખ માનતો નથી. ચેતન પદાર્થ તે હું એટલે સ્વ છું ને શરીર, લક્ષ્મી, મન, વાણી વગેરે અચેતન છે, તે પર છે, આમ સ્વ-પરનો વિભાગ છે.

આ પ્રમાણે સ્વ-પરનો વિભાગ કરવો તે સમ્યગ્જ્ઞાન ને ધર્મનું કારણ છે.

***

# પ્રસાદ નં. ૯૨

## પ્રવચનસાર ગાથા ૧૫૪ ના પ્રવચનમાંથી.

(પોષ વદ ૭, સોમવાર)

**ભાવાર્થ :**—મનુષ્ય, દેવ, વગેરે અનેકદ્રવ્યાત્મક પર્યાયોમાં પણ જીવનું સ્વરૂપ-અસ્તિત્વ ને દરેક પરમાણુનું સ્વરૂપ-અસ્તિત્વ તદ્દન જુદ્દ છે. સુક્ષ્મતાથી જોવામાં આવે તો જીવના દ્રવ્ય-ગુણ-પર્યાય ને ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય અને પુદ્‌ગલનાં દ્રવ્ય-ગુણ-પર્યાય ને ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય જુદે જુદા છે. પર તેના કારણે પરિણમી રહ્યા છે, આત્મા પોતાના કારણે પરિણમી રહ્યો છે.

હું તો સિદ્ધની જાતનો છું, બહાર મનુષ્ય-દેવના શરીર દેખાય છે તે મારી નાતજાત નથી-એમ સ્વ-પરનો ભેદ પાડવા માટે સમયે સમયે ખ્યાલમાં લેવું યોગ્ય છે ને તે જ સમ્યક્‌જ્ઞાન ને ધર્મ છે.

જેમ લૌકિકમાં હું દશાશ્રીમાળી વાણીયાની નાતનો છું એ ભૂલી જવાતુ નથી તેમ આત્મા સિદ્ધ ચૈતન્યની નાતનો છે એમ પ્રથમથી નક્કી કરવું. જ્ઞાતાદ્રષ્ટા, નિર્વિકલ્પ, પોતાનું સ્વરૂપ સિદ્ધ સમાન છે એમ પ્રથમ થા નક્કી કરે તો સિદ્ધદશા પોતામાંથી પ્રગટ થાય તેમ છે. સિદ્ધપદ બહારથી આવતું નથી.

## સંયોગો નસીબથી (કર્મથી) મળે છે, પુરુષાર્થથી નહીં.

જડ પદાર્થોની અવસ્થા જીવ કરી શકતો નથી. દુકાનમાં ધ્યાન રાખવાથી પૈસા મળ્યા ને ધ્યાન ન રાખ્યું તો પૈસા ન મળ્યા-એમ નથી. પૂર્વ પ્રારબ્ધના યોગે પૈસા મળે છે. લોકોમાં કહે છે કે અનાજના દાણે દાણે ખાનારનું નામ છે એટલે કે જે અનાજ નો કણિયો જે કાળે જે ક્ષેત્રે જેના સંયોગે આવવાનો છે તે આવવાનો જ છે. ને જે અનાજનો કણિયો જયાં નથી આવવાનો ત્યાં નહીં જ આવે. પર પદાર્થોમાં જીવનો પુરૂષાર્થ કામ આવતો નથી.

## ધર્મ પુરૂષાર્થથી થાય છે, નસીબથી (કર્મથી) નહીં.

કોઈ એમ માને કે નસીબમાં હોય તો ધર્મ થશે તો તે વાત ખોટી છે. સંયોગ મળવામાં પુણ્યકર્મ નિમિત્ત છે પણ રાગ કરવો અથવા સાચી સમજણ કરવી તે નસીબને આધીન નથી. શુભાશુભભાવ જીવ પોતે કરે છે. ભાવ પરને આધીન નથી. જેવા ભાવ પોતે કરે છે તેવા થાય છે. સંસારના ભાવ ફેરવીને ધર્મના ભાવ પણ પોતે કરે તો થઈ શકે છે. શરીર વગેરે અચતેન પદાર્થો અને બીજા જીવો આ આત્માથી જુદા છે, પુણ્ય-પાપ

વિકૃતદશા છે, આત્મા તો જ્ઞાતાદ્રષ્ટા સ્વરૂપ છે ને પુણ્ય-પાપથી રહિત છે એમ શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતા કરી સવળા ભાવ આત્મા પોતે કરી શકે છે, ને તે ધર્મ છે. તે નસીબને આધીન નથી તેમ જ બીજા જીવને કે પર પદાર્થને આધીન નથી. ધર્મ તો પોતાના સાચા પુરૂષાર્થને આધીન છે.

## ધર્મી જીવ ચેતન ને અચેતનનો મજીયારો વેંચે છે.

ધર્મી જીવ વિચારે છે કે મારા દ્રવ્ય-ગુણ-પર્યાય ને ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય ચેતન સ્વભાવવાળા છે ને પુદ્‌ગલના દ્રવ્ય-ગુણ-પર્યાય ને ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય અચેતન સ્વભાવવાળા છે. અચેતન સ્વભાવવાળું શરીર મારાથી આ જુદુ રહ્યું.

કોઈ વાણીયો વાંઝીયો હોય ને તેના ફળીમાં ઢેઢનો છોકરો રમવા આવે તો ઢેઢના છોકરાને દત્તક લેતો નથી પણ પોતાના કુટુંબના અથવા નાતના છોકરાને દત્તક લ્યે છે. તે દ્રષ્ટાંતે ધર્મી જીવ વિચારે છે કે મારી નાત શુદ્ધ ચૈતન્ય સાગર સિદ્ધની નાત છે. પુણ્ય-પાપ વિકૃતદશા તો ઢેઢના પુત્ર છે, શરીર લક્ષ્મી તથા પુણ્ય-પાપને મારા ચિદાનંદ સ્વભાવનો વારસો અપાય એમ નથી. તે મારો વારસો રાખે તેવી તાકાતવાળા નથી. મારા સ્વભાવમાં એકાગ્ર થતા જે નિર્મળ પર્યાય પ્રગટે તે મારા સ્વભાવનો વારસો લ્યે તેવી છે. જડના બંગલાઓ રાખવા માગે તો પણ રહે તેવા નથી. મારું તત્વ તો મારા દ્રવ્ય-ગુણ-પર્યાયથી એકમેક છે, પર સાથે સંબંધ નથી, માટે મને પર પ્રત્યે મમત્વ નથી. જેમ સંસારમાં બે ભાઈઓ મજીયારો વેંચે છે તેમ જ્ઞાની જીવ મજીયારો વેંચે છે. જ્ઞાતાદ્રષ્ટા આત્મા જ્ઞાન-દર્શન-શક્તિ ને ચેતન પર્યાય તે મારા ને શરીર, કર્મ, લક્ષ્મી મારા નહિ, એ બધા અચેતન દ્રવ્યો છે. નોકર-ચાકર, દીકરા, કુટુંબ પર છે, મારે ને તેને કાંઈ સંબંધ નથી, પુણ્ય-પાપ ઉપાધિભાવ છે, તેમાં સુખ નથી. સુખ તો મારા જ્ઞાનસ્વરૂપમાં છે, માટે તે બધા પર છે- આમ સ્વ-પરની વેંચણી કરે છે.

આ પ્રમાણે સ્વરૂપ-અસ્તિત્વથી દરેક જ્ઞેયને જુદા જાણવા તે સમ્યક્જ્ઞાન ને ધર્મનું કારણ છે. ॥૧૫૪॥

હવે આત્માને અત્યંત જુદો કરવા માટે પરદ્રવ્યના સંયોગના કારણનું સ્વરૂપ વિચારે છે:-

**છે આતમા ઉપયોગરૂપ, ઉપયોગ દર્શન-જ્ઞાન છે;**
**ઉપયોગ એ આત્મા તણો, શુભ વા અશુભરૂપ હોય છે. ૧૫૫.**

અન્વયાર્થ :–આત્મા ઉપયોગાત્મક છે; ઉપયોગ જ્ઞાન-દર્શન કહેલ છે; અને આત્માનો તે ઉપયોગ શુભ અથવા અશુભ હોય છે.

## ઉપયોગવિશેષ પરદ્રવ્યના સંયોગનું કારણ છે.

**ટીકા:**—ખરેખર આત્માને બાહ્ય સંયોગો—શરીર, કુટુંબ, પૈસા વગેરે મળવાનું કારણ ઉપયોગવિશેષ છે એટલે કે અશુદ્ધ ઉપયોગ છે. દયા, દાન, વ્રત, પૂજાના ભાવ તે શુભ ઉપયોગ છે ને હિંસા, જૂઠું, ચોરી, ખાવાપીવાના ભાવ તે અશુભ ઉપયોગ છે- બન્ને અશુદ્ધ ઉપયોગ છે. તેનાથી નવાં જડકર્મ બંધાય છે ને તેને લીધે બાહ્યસંયોગો મળે છે પણ તેનાથી આત્માની પ્રાપ્તિ થતી નથી.

## અજ્ઞાની જીવ ચૈતન્ય મૂડીની દરકાર કરતો નથી.

ઉપયોગ આત્માનો સ્વભાવ છે. કેટલાય જીવોને ઉપયોગની પણ ખબર નહીં હોય. ઉપયેગ પોતાના દર્શન-જ્ઞાનની અવસ્થા છે. પોતાના વડીલને મૂડી સંબંધમાં પૂછીને તે બધુ જાણી લ્યે છે ને તેમાં ચીવટ રાખે પણ પોતાના આત્માના સ્વભાવમાં શું ખજાનો ભરેલો છે, તે ચૈતન્યમૂડી જાણવાની ચીવટ રાખે નહિ, તેને તે ચૈતન્ય મૂડીની પ્રાપ્તિ થાય નહિ ને ધર્મ તથા શાંતિ થાય નહિ.

બહારની ચીજોનો ઉપયોગ જીવ કરી શકતો નથી કારણ કે તે પર પદાર્થ છે, તેનું મળવું કે ન મળવું તે જીવના હાથની વાત નથી. પર પદાર્થ મેળવી શકાતા નથી તેમ જ તેનો ઉપયોગ પણ થઈ શકતો નથી. અજ્ઞાની અજ્ઞાનને કારણે માને છે કે આટલી વસ્તુ ઉપયોગમાં લીધી. પર પદાર્થનો ઉપયોગ અજ્ઞાની પણ કરી શકતો નથી. પોતામાં ઊંધા ભાવ કરી કલ્પના કરે છે.

## ઉપયોગ તો આત્માનો સ્વભાવ છે.

ઉપયોગ તે આત્માનો સ્વભાવ છે. ચૈતન્યને અનુસરીને થતા પરિણામ છે. આ પરિણામ શરીર, ઈન્દ્રિય, મનને અનુસરીને થતા નથી, પણ ચૈતન્યને અનુસરીને થાય છે, એમ કહ્યું છે તે ખાસ લક્ષમાં લેવું. તે ઉપયોગ બે પ્રકારનો છે:-

**જ્ઞાનઉપયોગ :** જ્ઞાન ઉપયોગને સાકાર કહેવામાં આવે છે. આકાર સહિતનો અર્થ એવો નથી કે જડના આકારો જ્ઞાનમાં થાય છે પણ જ્ઞાન ભેદ ને પ્રભેદ સહિત દરેક વસ્તુને જુદે જુદી જાણે છે માટે જ્ઞાન ઉપયોગને સાકાર કહ્યો છે. દાખલો: આ જીવ છે, આ જડ છે, વગેરે ભેદથી જાણવું તે જ્ઞાન છે.

**દર્શન ઉપયોગ :** દર્શન ઉપયોગને નિરાકાર કહેવામાં આવે છે. નિરાકારનો અર્થ એવો છે કે તે કોઈ ચીજોનો ભેદ પાડતું નથી. સામાન્ય સત્તા અવલોકન તે દર્શન ઉપયોગ છે. આ જીવ છે કે અજીવ છે અથવા આ દ્રવ્ય છે એવા કોઈ ભેદ પાડ્યા વગરના સામાન્ય અવલોકનરૂપ ઉપયોગને

દર્શન ઉપયોગ કહેવામાં આવે છે. અહીં દર્શન એટલે શ્રદ્ધાગુણની વાત નથી. શ્રદ્ધાને ઉપયોગ હોતો નથી. દર્શન એટલે સામાન્ય અવલોકન, તેની આ વાત છે.

## ચારિત્રની પ્રધાનતાથી ઉપયોગના ભેદો.

ઉપયોગ જ્ઞાન તથા દર્શનગુણની પર્યાય છે, ચારિત્રગુણની પર્યાય નથી. પણ આચરણને મુખ્ય કરીને ઉપયોગના ભેદ કહેવામાં આવે છેઃ–

**(૧) શુદ્ધ ઉપયોગ :** આત્મા જ્ઞાન સ્વરૂપ છે, શરીરાદિ જડ છે, પુણ્ય-પાપ આત્માનું સ્વરૂપ નથી એવી પ્રતિતી અને જ્ઞાન સહિત શુદ્ધ સ્વભાવમાં રમણતા થવી તેને શુદ્ધ ઉપયોગ કહે છે ને તે ધર્મ છે.

**(૨) અશુદ્ધ ઉપયોગ :** આત્મા જ્ઞાન સ્વરૂપ છે, એ લક્ષ ચૂકીને પર પદાર્થ તરફ પોતાના પરિણામ વિકાર સહિત વળવા તેને અશુદ્ધ ઉપયોગ કહે છે ને તે અધર્મનું કારણ છે. તે અશુદ્ધ ઉપયોગ બે પ્રકારનો છે :-

**(૧) શુભ ઉપયોગ :** પોતાના શુદ્ધ સ્વભાવ તરફનો ઉપયોગ ચૂકીને જીવ દયા દાનાદિ મંદ કષાયરૂપ પરિણામમાં જોડાય છે તેને શુભ ઉપયોગ કહે છે ને તે પુણ્યરૂપી અધર્મનું કારણ છે.

**(૨) અશુભ ઉપયોગ :** પોતાના શુદ્ધસ્વભાવ તરફનો ઉપયોગ ચૂકીને તીવ્ર કષાયરૂપ પરિણામમાં જીવ જોડાય છે તેને અશુભ ઉપયોગ કહે છે ને તે પાપરૂપી અધર્મનું કારણ છે.

લોકો દયા, દાન, વ્રત, પૂજાના ભાવને ધર્મ કહે છે ને તેથી મોક્ષ થશે એમ કહે છે. અહીં ભગવાને તે ભાવને અશુદ્ધ ઉપયોગ કહ્યો છે ને તે અધર્મનું એટલે કે સંસારનું કારણ છે, એમ કહ્યું છે. ભગવાન કહે છે તેમ અજ્ઞાની જીવ માનતો નથી તેથી ભગવાન થતો નથીઃ ભગવાનનું કહેવું માને તો પોતે ભગવાન થાય.

**ભાવાર્થ :**–આત્મા ઉપયોગસ્વરૂપ છે. પ્રથમ તો ઉપયોગના બે ભેદ છે. શુદ્ધ અને અશુદ્ધ. પાછા અશુદ્ધ ઉપયોગના બે ભેદ; એક શુભ ઉપયોગ ને બીજો અશુભ ઉપયોગ.

આ જ્ઞેય અધિકાર છે. પુણ્ય-પાપરહિત નિર્વિકારી શુદ્ધ ઉપયોગ તે ધર્મનું કારણ છે ને પુણ્ય-પાપ સહિત વિકારી અશુદ્ધ ઉપયોગ તે સંસારનું એટલે કે નવા સંયોગનું કારણ છે. ॥૧૫૫॥

હવે આમાં કયો ઉપયોગ પરદ્રવ્યના સંયોગનું કારણ છે, તે કહે છેઃ-

### ગાથા ૧૫૬.

**ઉપયોગ જો શુભ હોય, સંચય થાય પુણ્ય તણો તહીં,**
**ને પાપસંચય અશુભથી; જ્યાં ઉભય નહિ, સંચય નહિ. ૧૫૬.**

**અન્વયાર્થ :**—ઉપયોગ જો શુભ હોય તો જીવને પુણ્ય સંચય પામે છે અને જો અશુભ હોય તો પાપ સંચય પામે છે. તે બન્નેના અભાવમાં સંચય થતો નથી.

## અશુદ્ધ ઉપયોગ સંસારનું કારણ.

**ટીકા :**—જીવને શરીર, મન, વાણી, ગતિ વગેરે બાહ્ય સંયોગો મળે છે, તેનું કારણ અશુદ્ધ ઉપયોગ છે. પોતાનો સ્વભાવ ચૂકીને પરપદાર્થ પ્રત્યેના વલણવાળા પરિણામ કરવા તે અશુદ્ધ ઉપયોગ છે. તે બે પ્રકારના છે:-

**શુભ ઉપયોગ :**—કષાયની મંદતાને શુભ ઉપયોગ કહે છે ને તેના ફળમાં પુણ્યનો બંધ પડે છે. તેથી દેવ, મનુષ્ય વગેરેના ભાવો તથા અનુકુળ સંયોગો મળે છે પણ ધર્મ મળતો નથી.

**અશુભ ઉપયોગ :**—કષાયની તીવ્રતાને અશુભ ઉપયોગ કહે છે ને તેના ફળમાં અશાતા વેદનીય વગેરે પાપ પકૃતિનો બંધ પડે છે ને તેના નિમિત્તે નારકી વગેરે ભાવો તથા પ્રતિકૂળ સંયોગો મળે છે.

જેમ પાણીનું પૂર ઘોડાવેગે આવતું હોય તેમાં માણસ તણાઈ જાય છે તેમ અજ્ઞાની જીવ પુણ્યના અહંકારમાં ને પાપની દીનતામાં લીન થાય છે ને સંસારમાં રખડે છે. જે ભાવથી કર્મ બંધાય પછી ભલે તે ઊત્કૃષ્ટ શુભ હોય તો પણ ધર્મનું કારણ નથી. શુભાદિથી દેવગતિ મળે ને અશુભથી નરકાદિ ગતિ મળે પણ ગતિ રહિત થવાય નહિ.

## દુનિયામાં શ્રેષ્ઠ કોણ છે ?

લૌકિકમાં પૈસાવાળા માણસને શ્રેષ્ઠી અથવા શેઠ કહે છે. તે શ્રેષ્ઠ નથી, પણ જેણે આત્માનું ભાન-કરેલ છે ને પોતાને જ્ઞાન સ્વરૂપ માને છે, વળી જે પુણ્ય-પાપ અશુદ્ધોપયોગ છે તેથી સંઘરવાલાયક નથી, એમ માનીને પુણ્ય ઉપરની રુચિ ઉઠાવી લે છે ને સ્વભાવ એકજ આદરવાયોગ્ય છે, એમ જે માને છે તે જીવ શ્રેષ્ઠ છે; બાકીના મિથ્યાદ્રષ્ટિ જીવો તો એંઠ એક સમાન છે.

વિષ્ટાને પેશાબ શરીરની મૂળ સ્થિતી નથી. શરીરમાં સંઘરવા લાયક વસ્તુ નથી તેથી વિષ્ટા ને પેશાબ કાઢી નાખે છે તેમ પુણ્ય ને પાપ પેશાબ ને વિષ્ટા સમાન છે, તે આત્માનું જ્ઞાનશરીર નથી. પુણ્ય ને પાપ જ્ઞાનની નીરોગતાનું ચિહ્ન નથી પણ રોગ છે—એમ અશુદ્ધોપયોગને જે હેય માની પોતાના જ્ઞાન સ્વરૂપને જ ત્રણે કાળ સ્વીકારવા યોગ્ય માને છે તે જીવ શ્રેષ્ઠ છે, એટલે જ્ઞાની છે.

# શુદ્ધ ઉપયોગ મોક્ષનું કારણ.

આ પ્રમાણે શુભ અને અશુભ બન્નેનો અભાવ કરવામાં આવે છે ત્યારે જ્ઞાન સ્વભાવની કબૂલાત કરતો ને સ્થિરતા કરતો શુદ્ધ ઉપયોગ જ રહે છે. પ્રથમ શુભ અને અશુભનો શ્રદ્ધાથી નકાર કરે છે. સાધકદશામાં પુણ્ય-પાપ હોવા છતાં તેનો નકાર વર્તે છે. સમકિત, જ્ઞાન અને અંશે સ્વરૂપાચરણ ચારિત્રનો શુદ્ધોપયોગ છે ને વિશેષ આગળ વધતા સ્વભાવમાં જેટલી લીનતા વધે છે તેટલો શુદ્ધ ઉપયોગ વિશેષ થાય છે. શુદ્ધોપયોગ કર્મબંધનું કારણ નથી ને તેથી તે પરદ્રવ્યના સંયોગનું કારણ નથી, સર્વથા શુદ્ધોપયોગ થતાં સર્વથા મોક્ષદશા થાય છે ને સર્વથા પરદ્રવ્યના સંયોગ રહિત થાય છે. આ પ્રમાણે શુદ્ધોપયોગ એટલે રાગરહિત અંતર પરિણતિ તે પરદ્રવ્યના સંયોગનું કારણ નથી, તે ધર્મનું કારણ બને છે ને છેવટે મોક્ષની પ્રાપ્તિ કરાવે છે.

આ પ્રમાણે અશુભ ને શુભ ઉપયોગ બન્ને આત્માની વિકારી પર્યાય છે ને સંસારનું કારણ છે, શુદ્ધોપયોગ આત્માની નિર્મળ પર્યાય છે ને તે મોક્ષનું કારણ છે. એમ ત્રણે પર્યાયો કે જે જ્ઞેય છે તેનું જ્ઞાન કરી શુદ્ધોપયોગ પોતામાં પ્રગટ કરવો તે ધર્મ છે, એમ આ ગાથાનો સાર છે. ॥૧૫૬॥

***

# પ્રસાદ નં. ૯૪

પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની શારીરિક તંદુરસ્તી બરાબર ન હોવાના કારણે પોષ વદ ૮, મંગળવાર થી મહા સુદ ૧, બુધવાર સુધી જુદા જુદા શાસ્ત્રોની સ્વાધ્યાય, પ્રવચનનું રેકોર્ડીંગ વગેરે થયા હતાં.

## પ્રવચનસાર ગાથા ૧૫૭ના પ્રવચનમાંથી.

(મહા સુદ ૨, ગુરુવાર)

હવે શુભ ઉપયોગનું સ્વરૂપ પ્રરૂપે છે:-

**જાણે જિનોને જેહ, શ્રદ્ધે સિદ્ધને, અણગારને,**
**જે સાનુકંપ જીવો પ્રતિ, ઉપયોગ છે શુભ તેહને. ૧૫૭.**

**અન્વયાર્થ** :—જે જિનેંદ્રોને જાણે છે, સિદ્ધોને, આચાર્યોને, ઉપાધ્યાયોને અને સાધુઓને શ્રદ્ધે છે, જીવો પ્રત્યે અનુકંપાયુકત છે, તેને તે શુભ ઉપયોગ છે.

પ્રવચનસાર જ્ઞાન અધિકારની ગાથા ૮૦ માં કહ્યું હતું કે જે અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે, અને પર્યાયપણે જાણે છે, તે પોતાના આત્માને જાણે છે ને તેનો મોહ અવશ્ય નાશ પામે છે. ત્યાં જ્ઞાન અધિકાર હતો. અર્હંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને વિકલ્પરહિત પોતાના જ્ઞાનમાં જ્ઞાન વડે જાણે તેનો દર્શનમોહ નાશ પામે છે. અહીં પંચપરમેષ્ઠી પોતાના જ્ઞાનમાં પરજ્ઞેય છે, સ્વજ્ઞેય નથી. તેથી પરજ્ઞેય તરફ વલણ કરતા શુભરાગ થાય છે, તે વાત લીધી છે. જ્ઞાની જીવને સ્વભાવનું ભાન થયા પછી પંચપરમેષ્ઠી તરફના વિકલ્પને શુભરાગ કહેલ છે. અહીં જ્ઞાનીના શુભ ઉપયોગની વાત છે, અજ્ઞાનીની વાત નથી કારણકે અજ્ઞાની જીવ આત્માને જાણ્યા વિના પંચપરમેષ્ઠીની શ્રદ્ધા કરે છે, તેને સાચી શ્રદ્ધા કહેવાતી નથી.

## જ્ઞાનીના શુભઉપયોગનું સ્વરૂપ.

**ટીકા** :—અહીં ખાસ પ્રકારનો ક્ષયોપશમભાવ લીધો છે. રાગની મંદતા કરીને અજ્ઞાનીનો સામાન્ય ઉઘાડ થાય તેની વાત નથી પણ જ્ઞાનીના ક્ષયોપશમભાવની વાત છે.

ક્ષયોપશમ સમકિતમાં મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીયનો ઉદય હોતો નથી પણ સમ્યક્‌મોહનીય પ્રકૃતિનો ઉદય હોય છે માટે દર્શનમોહનીયનો ઉદય આ ગાથામાં કહ્યો છે. પોતાના સ્વભાવમાં ઠરી શકતો નથી ત્યારે સમ્યક્‌મોહનીય પ્રકૃતિ ને ચારિત્રમોહનીય પ્રકૃતિનું નિમિત્ત પામીને, ક્ષયોપશમ સમકિતી જીવનો ઉપયોગ પંચપરમેષ્ટી તરફ વલણવાળો થાય છે. કર્મના ઉદયને લીધે રાગ થાય છે, એ વાત તો છે જ નહિ. વળી સ્વભાવને અનુસરીને રાગ થતો નથી પણ પરલક્ષ પોતે કરે છે તેમાં સમ્યક્‌મોહનીય પ્રકૃતિ ને ચારિત્રમોહનીય પ્રકૃતિ ઉદયરૂપે નિમિત્ત હોય

છે. જે ભાવ પંચપરમેષ્ઠીની શ્રદ્ધા કરવામાં તથા બધા જીવોની અનુકંપા આચરવામાં પ્રવર્તે છે, તે ભાવને શુભ ઉપયોગ કહ્યો છે.

કેવા છે તે ભગવાન? સર્વજ્ઞ, પરમ પૂજનીક, દેવોના દેવ, પરમ જિનની સંપદા તેમને પ્રગટ થઈ છે. વળી તેમને ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન પ્રગટ થયું છે, એવા પરમ ઐશ્વર્યવાન અર્હંત તથા સિદ્ધ ભગવાન છે. તથા તેમને અનુસરતા મુનિ—આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ છે, એવા પરપંચમેષ્ઠીને જ્ઞાની જીવ શ્રદ્ધે છે. વળી બધા જીવો તરફ અનુકંપા વર્તે છે. બધા તરફનો અનુકંપાનો ભાવ હોઈ શકે નહિ પરંતુ જ્ઞાનસ્વભાવના ભાનસહિત અનુકંપાનો વિકલ્પ ઉઠે છે તેથી તેમને બધા તરફ અનુકંપા વર્તે છે—એમ કહેવામાં આવ્યું છે. આવી રીતે જ્ઞાની જીવને શુભ ઉપયોગ હોય છે, તે પુણ્યબંધનું કારણ છે.

સમયસારમાં સમકિતીને શુભભાવ તે બંધનું કારણ નથી, એમ કહેલ છે. ત્યાં દર્શનપ્રધાન અધિકાર હોવાથી અસ્થિરતાના કારણે થતા શુભભાવને ગૌણ કરી દ્રષ્ટિમાં શુભનો નિષેધ વર્તે છે, એ અપેક્ષાએ બંધનું કારણ નથી, એમ કહ્યું છે. અહીં સમ્યગ્દ્રષ્ટિના શુભભાવને શુભ પણ એક જ્ઞેય છે ને તેનું ફળ પુણ્યબંધ છે, એમ જ્ઞાન કરાવ્યુ છે.

હવે અશુભ ઉપયોગનું સ્વરૂપ કહે છે:-

## ગાથા ૧૫૮.

**કુવિચાર-સંગતિ-શ્રવણયુત, વિષયે કષાયે મગ્ન જે,**
**જે ઉગ્ર ને ઉન્માર્ગપર, ઉપયોગ તેહ અશુભ છે. ૧૫૮.**

**અન્વયાર્થ** :—જેનો ઉપયોગ વિષય-કષાયમાં મગ્ન છે, કુશ્રુતિ, કુવિચાર અને કુસંગતિમાં જોડાયેલો છે, ઉગ્ર છે તથા ઉન્માર્ગમાં લાગેલો છે, તેને તે અશુભ ઉપયોગ છે.

## અજ્ઞાનીના અશુભ ઉપયોગનું સ્વરૂપ.

**ટીકા** :—આ ગાથામાં મિથ્યાદ્રષ્ટિના અશુભ ઉપયોગની વાત છે. અજ્ઞાની જીવ દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મોના ઉદય પ્રમાણે પોતે અનુસરીને મિથ્યાત્વ સહિતનો અશુભભાવ કરે છે.

અજ્ઞાની જીવ, સર્વજ્ઞ, દેવાધિદેવ અર્હંતની તથા સિદ્ધની અને મુનિની શ્રદ્ધા કરતો નથી ને સર્વજ્ઞથી વિરુદ્ધ કહેવાવાળાની શ્રદ્ધા કરે છે. જે જીવ પુણ્યથી ધર્મ મનાવે, નિમિત્તથી લાભ મનાવે, તે જૈન નથી. તેને પંચપરમેષ્ઠીની શ્રદ્ધા નથી ને તે ભગવાનનો વિરોધ કરે છે. અજ્ઞાનીજીવ વિષય, કષાય, કુશ્રવણ, કુવિચાર, કુસંગ અને ઉગ્રતા આચરવામાં પ્રવર્તે છે તે અશુભ ઉપયોગ છે.

**કષાય :**–મિથ્યાત્વ સહિતના ક્રોધ, માન, માયા, લોભના પરિણામને કષાય કહે છે.

**કુશ્રવણ :**–રાગી દેવો અને રાગી ગુરુનું કથન સાંભળવું તે કુશ્રવણ છે. અને સાચા શાસ્ત્ર વાંચીને પણ "નિમિત્ત હોય તો લાભ થાય, પુણ્યથી ધર્મ થાય" એમ ઉપદેશ આપે તો તેવું શ્રવણ પણ કુશ્રવણ છે.

**કુવિચાર :**–કુશ્રવણ સાંભળીને પોતે વિચાર કરે કે "આ શ્રવણ તો બહુ સારુ હતું" પોતાના જ્ઞાનસ્વભાવથી વિરુદ્ધ ઉંધા જ્ઞાન, શ્રદ્ધા ને આચરણને પુષ્ટિ મળે એવા જ ખોટા વિચારો એક પછી એક કર્યા કરે તે કુવિચાર છે.

**કુસંગ :**–કુદેવ, કુગુર ને કુશાસ્ત્ર તરફ રુચિ ને પ્રેમ કરવો ને તેમનો અને તેમના અનુયાયીનો સમાગમ ધર્મબુદ્ધિથી કરવો તે કુસંગ છે.

**ઉગ્રતા :**–મિથ્યાત્વ સહિતના હિંસા, જૂઠું, ચોરીના ભાવ તે ઉગ્રતા છે.

સર્વજ્ઞદેવ જે સત્ય સ્વરૂપ કહે છે તેનાથી ઉલટા માર્ગની શ્રદ્ધા અજ્ઞાની કરે છે. ભગવાને બધાનું સ્વરૂપ સ્વતંત્ર કહ્યું છે પણ અજ્ઞાની જીવ કહે છે કે આત્મા હોય તો શરીર ચાલે, શરીરની ક્રિયા તથા બાહ્યથી ધર્મ થાય વગેરે માન્યતા તે ઉન્માર્ગ છે. જે જીવ આવા ઉન્માર્ગની શ્રદ્ધા કરે છે, ખોટાની પ્રશંસા કરે છે તથા વિષય, કષાય, કુશ્રવણ, કુવિચાર, કુસંગ અને ઉગ્રતા આચરવામાં પ્રવર્તે છે તે અજ્ઞાની છે, તેને અશુભ ઉપયોગ કહ્યો છે.

## જ્ઞાનસ્વભાવી આત્માનો વિરોધ તે તીવ્ર અશુભ ઉપયોગ છે.

આવા અજ્ઞાની જીવો બાહ્યથી લાખો રૂપિયા વાપરતા હોય, ઉપધાન કરાવે, જાત્રા કરાવે, મંદિરો કરાવે, ને લોકો પણ તેની પ્રશંસા કરી કહે કે "તમો તો ધર્મના આધાર છો, પ્રભાવના કરનારા છો," વગેરે પણ જ્ઞાનસ્વભાવી આત્મા કોણ છે તે જાણ્યા વિના બાહ્યથી ધર્મ માનતો હોવાથી તે અજ્ઞાની જીવ દ્રવ્ય તથા ભાવથી ધર્મની જરાપણ પ્રભાવના કરતો નથી પણ મિથ્યાત્વના પાપની પ્રભાવના કરે છે. કારણ કે તે આત્મતત્વનો વિરોધ કરે છે ને તે તીવ્ર અશુભ પરિણામ છે.

આ પ્રમાણે અજ્ઞાનીનો અશુભ ઉપયોગ એક જ્ઞેય છે, તેનું જ્ઞાન કરી પંચપરમેષ્ઠી જેમ કહે છે તેમ વસ્તુસ્વરૂપ યથાર્થ જાણવું. ||૧૫૮||

હવે પરદ્રવ્યના સંયોગનું જે કારણ અશુભ ઉપયોગ તેના વિનાશને અભ્યાસે છે:-

### ગાથા ૧૫૯.

**મધ્યસ્થ પરદ્રવ્યે થતો, અશુભોપયોગ રહિત ને**
**શુભમાં અયુક્ત, હું ધ્યાઉ છું નિજ આત્મને જ્ઞાનાત્મને. ૧૫૯**

**અન્વયાર્થ :**–અન્ય દ્રવ્યમાં મધ્યસ્થ થતો હું અશુભોપયોગ રહિત થયો થકો તેમજ શુભોપયુકત નહિ થયો થકો જ્ઞાનાત્મક આત્માને ધ્યાઉં છું.

## સ્વરૂપમાં લીનતા શુભાશુભભાવોનો નાશ કરે છે.

**ટીકા :**–ગાથા ૧૫૬ માં કહ્યું કે સ્વ તરફનો ઉપયોગ ચૂકીને પર તરફના વલણવાળો ઉપયોગ તે અશુદ્ધોપયોગ છે ને પરદ્રવ્યના સંયોગનું કારણ છે. તે અશુદ્ધોપયોગ સ્વભાવને અનુસરીને થતો નથી પણ દ્રવ્યકર્મના તીવ્ર-મંદ ઉદયને આત્મા પોતે અનુસરીને અટકે છે ત્યારે થાય છે. બીજા કોઈ પદાર્થ અથવા કર્મના કારણે અશુદ્ધોપયોગ થતો નથી. આચાર્ય ભગવાન કહે છે કે પંચપરમેષ્ઠી વગેરે બંધાય પરદ્રવ્યોમાં હું આ અત્યંત મધ્યસ્થ થાઉં છું.

આવી રીતે હું મધ્યસ્થ થાઉં છું તેથી મારી પરિણતિ પરદ્રવ્ય અનુસાર થતી નથી તેથી હું શુભ અને અશુભ ઉપયોગથી મુક્ત થાઉં છું ને મારા શુદ્ધ આત્મદ્રવ્યમાં લીન રહું છું. મને શુદ્ધોપયોગ પ્રગટ થયો છે તેથી હું ઉપયોગરૂપ નિજ સ્વરૂપ વડે મારા આત્મામાં સ્થિર રહું છું ને શુદ્ધોપયોગમાં રહેવું તે જ પરદ્રવ્યના સંયોગનું કારણ જે અશુદ્ધોપયોગ તેના વિનાશનું કારણ છે. કોઈ કર્મ મંદ પડ્યું માટે શુદ્ધોપયોગ થયો, એમ કહ્યું નથી.

અહીં એમ પાઠ છે કે "પરદ્રવ્ય અનુસાર પરિણતિને આધીન નહિ થવાથી શુભ અથવા અશુભ એવો જે અશુદ્ધ ઉપયોગ તેનાથી મુકત થઈને" –તેનો શો અર્થ છે ? પરદ્રવ્યને આધીન પરિણતિ થઈ છે ને પછી આધીન થતો નથી, એમ હશે ? વળી અશુદ્ધોપયોગ થઈ ગયો છે ને પછી તેમાંથી મુક્ત થતો હશે ?

સમાધાન : ના. એમ નથી, સમજાવવા માટે નાસ્તિથી કથન કરેલ છે. સ્વભાવમાં લીન થતા પરદ્રવ્ય અનુસાર પરિણતિ ઉત્પન્ન થતી નથી, તે કથનને પરદ્રવ્ય અનુસાર પરિણતિને આધીન નહીં થવાથી –એમ કહેવામાં આવ્યું છે. વળી સ્વભાવમાં લીનતા કરતા શુભાશુભભાવો ઉત્પન્ન થતા નથી, તે કથનને અશુદ્ધ ઉપયોગથી મુક્ત થયો અથવા અશુદ્ધ ઉપયોગ નાશ થયો, એમ કથન કરવામાં આવે છે.

કોઈ પ્રશ્ન કરે કે:–શુક્લધ્યાનમાં પણ છ દ્રવ્યના ગુણ-પર્યાયાદિ વિચારના ભેદ પડે છે, ત્યાં પણ હજી "કેવળ સ્વદ્રવ્યનું ગ્રહણ" નથી ને અહીં નીચલી દશામાં "કેવળ સ્વદ્રવ્ય અનુસાર પરિણતિ" કેમ કહી ?

સમાધાન :-શુક્લધ્યાનમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના અબુદ્ધિપૂર્વકના વિચારો કે જે કેવળીગમ્ય છે ને હજી તે જીવને વર્તે છે, ને તેથી તેણે સર્વથા સ્વદ્રવ્યને પકડ્યું નથી એમ ત્યાં સૂક્ષ્મ પરિણામનું જ્ઞાન કરાવ્યુ છે અને

અહીં પરદ્રવ્ય તરફથી લક્ષ છોડી સ્વદ્રવ્યમાં લીન થયો છે ને બુદ્ધિપૂર્વક પર તરફનું લક્ષ છોડ્યું છે તેને "કેવળસ્વદ્રવ્ય અનુસાર પરિણતિ ગ્રહી છે,"—એમ કહેવામાં આવ્યું છે.

વળી કોઈ શાસ્ત્રમાં ભગવાનની વાણી, પ્રતિમાના દર્શન વગેરેને સમકિત એટલે શુદ્ધભાવમાં નિમિત્ત કહેલ છે. અહીં પંચપરમેષ્ઠીને શુભમાં નિમિત્ત કહ્યા છે તો જ્યાં જેવી રીતે ઉપાદાનમાં શુભ અથવા શુદ્ધતારૂપી કાર્ય થાય તેનો આરોપ પરપદાર્થ ઉપર આપવામાં આવે છે માટે અપેક્ષા સમજવી જોઈએ.

આચાર્ય ભગવાનને આ ગાથા લખતી વખતે તો શુભ ઉપયોગ વર્તે છે છતા પણ દ્રષ્ટિમાં શુભનો નિષેધ વર્તે છે. શુદ્ધ સ્વભાવનું જોર છે તેથી શુભને ગૌણ કરી જ્ઞાનસ્વરૂપ આત્માને અનુભવું છું—એમ કહ્યું છે.

આ જ્ઞેય અધિકાર છે. પંચ પરમેષ્ઠી પરજ્ઞેય છે, સ્વજ્ઞેય નથી. તેથી તે તરફનું વલણ છૂટી આત્મામાં શુદ્ધોપયોગ પ્રગટ થતાં અશુદ્ધ ઉપયોગ ઉત્પન્ન જ થતો નથી ને તેથી પરદ્રવ્યનો સંયોગ રહેતો નથી. તેથી આચાર્ય ભગવાન કહે છે કે શુદ્ધોપયોગમાં હું રહું છું ને તે જ અશુદ્ધ ઉપયોગના વિનાશનો અભ્યાસ છે. ॥૧૫૯॥

હવે શરીરાદિ પરદ્રવ્ય પ્રત્યે મધ્યસ્થપણું પ્રગટ કરે છે :-

## ગાથા ૧૬૦.

**હું દેહ નહિ, વાણી ન, મન નહિ, તેમનું કારણ નહીં,**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૧૬૦.**

**અન્વયાર્થ :**—હું દેહ નથી, મન નથી, તેમ જ વાણી નથી; તેમનું કારણ નથી, કર્તા નથી, કરાવનાર નથી, કર્તાનો અનુમોદક નથી.

## ધર્મી જીવ શરીર, મન, વાણીની અવસ્થાનો જ્ઞાતાદ્રષ્ટા રહે છે.

શુદ્ધ ઉપયોગની વિશેષ નિર્મળતા થતા પરવસ્તુના અભાવસ્વરૂપનું જ્ઞાન વિશેષ તીક્ષ્ણ થાય છે. આચાર્ય ભગવાન કહે છે કે હું શરીર, વાણી, ને મનને પર પદાર્થ સમજુ છું. લખતી વખતે મન તરફનું જોડાણ હોવા છતા સ્વભાવની અધિકતામાં તેને ગૌણ કરેલ છે, વળી આવી વાણી નીકળે તો ઘણા જીવોને લાભનું કારણ થાય એવી અનુમોદના હું આપતો નથી. વાણી વગેરે તરફ મને પક્ષપાત નથી.

આત્મા છે તો દેહ, મન, વાણની ક્રિયા થઈ રહી છે, એમ હું માનતો નથી. શરીર, મન, વાણી જડ પરદ્રવ્યો છે, તે તેના કારણે પરિણમી રહ્યાં છે. હું તે બધાય પ્રત્યે અત્યંત મધ્યસ્થ છું.

કેટલાક અજ્ઞાની જીવો માને છે કે તીર્થંકર ભગવાન બીજાને સમજાવવા માટે ભાષાના પરમાણુ ગ્રહે છે અને પછી છોડે છે પણ તે વાત ખોટી છે. અહીં નીચલી દશામાં રાગ હોવા છતાં આત્મા દેહ, મન, વાણીનો કર્તા, આધાર કે કારણ નથી તો પછી વીતરાગ સર્વજ્ઞદશા થયા પછી તીર્થંકરનો આત્મા ભાષાને ગ્રહે કે છોડે એ વાત તો સ્થૂલ અજ્ઞાનની છે.

વળી કોઈ પૂછે કે આત્મા વાણીનો કર્તા નથી તો ભીંતને વાણી કેમ હોતી નથી ? સમાધાન : ભાઈ, વાણી તથા જીવને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવ્યો છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવ્યો એટલે આત્મા વાણીનો કર્તા થઈ જાય, એમ કદી બનતું નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જ આત્મા ને વાણીની પૃથક્તા બતાવે છે. આત્મા વાણીનો વ્યવહારથી પણ કર્તા નથી, બન્ને ને અત્યંત અભાવ છે.

## આત્મા શરીર, મન, વાણીનો આધાર નથી.

શરીર, મન, વાણીનો આધાર અચેતન દ્રવ્ય છે, હું અચેતન દ્રવ્ય નથી. શરીર, મન, વાણીની જે જે અવસ્થા થાય તે તે તેના આધારે જ થાય છે. આત્મા તેનો આધાર છે તો તેની ક્રિયા થાય છે, તે વાત ખોટી છે કારણ કે તેઓ મારા આધાર વિના તેના સ્વરૂપને ધારણ કરી રહ્યાં છે. મારા જ્ઞાન ને વિકલ્પના આધારે વાણી નિકળતી નથી, તે તેના આધારે નીકળે છે. ઓમકાર ધ્વનિનો આધાર કેવળી ભગવાન નથી, તેનો આધાર અચેતનદ્રવ્ય છે.

જ્ઞાની જીવ વિચારે છે કે શરીર, મન, વાણી જે પરજ્ઞેય છે તે તેના સ્વતંત્ર કારણે, મારા આધાર વિના પરિણમી રહ્યાં છે તેથી તેમના આધારનો પક્ષપાત છોડી હું અત્યંત જ્ઞાતાદ્રષ્ટા રહું છું.

પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની અમૃતવાણીનો જય હો !

***

# પ્રસાદ નં. ૯૫

## પ્રવચનસાર ગાથા ૧૬૦ના પ્રવચનમાંથી

(મહા સુદ ૩, શુક્રવાર)

ધર્મી જીવનાં શ્રદ્ધા ને જ્ઞાન કેવા હોય છે, તેની વાત આ ગાથામાં કહે છે. શરીર, મન, વાણીનો હું આધાર નથી. મારા આધાર વિના તેઓ પોતાના સ્વરૂપને ધારણ કરી રહ્યાં છે. શરીર, મન, વાણી-ત્રણેના સ્વરૂપનો આધાર જડ છે. જડના કારણે તેઓ પ્રવર્તી રહ્યા છે. હું આત્મા તેનાથી જુદો છું તે વાત ગઈકાલે કહેવાઈ ગઈ છે. આજે કારણની વાત કરે છે.

### શરીર, મન, વાણીનું કારણ અચેતન દ્રવ્ય જ છે.

શરીર, મન, વાણીનું કારણ અચેતન દ્રવ્ય છે, હું આત્મા અચેતન દ્રવ્ય નથી. હું કારણ હોયા વિના પણ તેઓ ખરેખર પોતાના કારણે પરિણમી રહ્યાં છે. મારા કારણ વિના જ વાણી બોલાય છે, શરીર ચાલે છે ને મનના પરમાણુ એને કારણે પરિણમી રહ્યાં છે. અહીં નિમિત્તકારણની વાત જ કરી નથી. એ ઉપરથી નક્કી થાય છે કે ખરેખ કારણ એક જ છે. જેમ મોક્ષમાર્ગ એક જ છે તેમ ઉપાદાનકારણ પણ એક જ ખરેખર કારણ છે.

### મોક્ષમાર્ગ એક જ છે.

શરીરાદિ પરવસ્તુ છે, પુણ્ય-પાપ એ આત્માની વિકૃતદશા છે. તે રહિત પરિપુર્ણ જ્ઞાનસ્વભાવી આત્માની રાગરહિત શ્રદ્ધા, રાગરહિત સ્વસંવેદન જ્ઞાન ને રાગરહિત અંતર સ્થિરતા- તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાસ્વરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ એક જ છે ને તે વખતે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને પાંચ મહાવ્રતાદિના પરિણામને નિમિત્ત વા સહચારી ગણી ઉપચારથી—વ્યવહારથી મોક્ષમાર્ગ કહ્યો છે પણ તે ખરેખર મોક્ષમાર્ગ નથી, પણ બંધમાર્ગ છે. નિશ્ચય પ્રગટે તો વ્યવહાર નામ આપવામાં આવે છે. તેથી નક્કી થયું કે <u>નિશ્ચય મોક્ષમાર્ગ ને વ્યવહાર મોક્ષમાર્ગ એવા બે મોક્ષમાર્ગ નથી પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા –એ એક જ નિશ્ચય મોક્ષમાર્ગ છે.</u>

### એક જ કારણ.

તેવી જ રીતે કોઈપણ કાર્ય થવામાં ખરેખર કારણ એક જ છે. અહીં શરીર, મન, વાણી પોતાના કારણે પરિણમી રહ્યાં છે. તેમાં આત્મા નિમિત્ત કારણ છે તેથી શરીર ચાલે છે ને વાણી બોલાય છે, તે વાત તદ્દન ખોટી છે. આત્માના કારણ હોયા વિના તેઓ ખરેખર કારણવાળા છે, એમ ચોખ્ખો પાઠ છે. તે ઉપરથી નક્કી થાય છે કે જે જે કાર્ય થાય છે તેમાં તે તે દ્રવ્ય જ ખરેખર ઉપાધાન કારણ છે ને બીજી ચીજ જોડે હોય છે–સહચારી હોય છે તેને નિમિત્તકારણપણાનો ઉપચાર કરવામાં આવે છે. ઉપચાર એટલે

આરોપિત કથન. ઉપાદાન કારણ ને નિમિત્ત કારણ—એમ બે કારણ કહેવાતાં હોવા છતા પણ ઉપાદાનકારણ એક જ ખરેખર કારણ છે.

જેમ મોક્ષમાર્ગ બે નથી પણ નિશ્ચય મોક્ષમાર્ગ એક જ છે તે ન્યાયે કારણો બે નથી પણ ઉપાદાનકારણ એક જ ખરેખર કારણ છે.

## નિમિત્તને શોધવું શું ?

પ્રશ્ન: પૂર્વે વીતરાગના નિમિત્તે ઘણા જીવો વીતરાગતાને પામ્યા તો પોતામાં વીતરાગદશા પ્રગટ કરવા માટે વીતરાગી નિમિત્ત કારણને જિજ્ઞાસુ જીવ શોધે તો શું દોષ છે ?

ઉત્તર: તેમાં મોટો દોષ છે. વીતરાગી નિમિત્તકારણ શોધવાનો ભાવ મિથ્યાભાવ છે. પ્રથમ તો પરનો સંયોગ મળવો તે આ જીવના અધિકારની વાત નથી. પરને શોધવાથી તે મળી શકે છે, એવો ભાવ તે મિથ્યાભાવ છે.

વળી પૂર્વમાં જેને વીતરાગદશા પ્રગટ થઈ તેને જ્ઞાની નિમિત્ત હતા એમ આરોપ આવે છે પણ જેને વીતરાગદશા વર્તમાનમાં નથી તેને નિમિત્ત શેનું ? વર્તમાન પર્યાયમાં તો રાગ વર્તે છે ને રાગ વર્તતો હોવા છતાં કહેવું કે વીતરાગદશાનું નિમિત્ત શોધવું છે, તે વાત જ મિથ્યા છે. વીતરાગદશા પોતાના સ્વભાવના આશ્રયે પ્રગટે છે. જેને વીતરાગી દશા તો પ્રગટી નથી અને તેનું નિમિત્ત શોધવા જાય છે તે રાગની પર્યાયને તથા વીતરાગી પર્યાયને—બેને એક સાથે માને છે, તે જીવને પર્યાયના ક્રમની તેમ જ દ્રવ્યના ક્રમની ખબર નથી, તે ક્રમબદ્ધ સ્વભાવને સમજતો નથી.

(૧) જેને સ્વભાવના આશ્રયે વીતરાગી દશા પ્રગટ થઈ ગઈ છે તેને વીતરાગી નિમિત્ત શોધવાનું રહેતું નથી,

(૨) જેને અજ્ઞાન ને રાગદ્વેષ વર્તમાનમાં હયાત છે તેને પણ નિમિત્ત શોધવાનું રહેતું નથી કારણ કે વીતરાગી નિમિત્તનો આરોપ તો વીતરાગીદશા ઉપાદાનમાં કાર્યરૂપે થાય ત્યારે આવે છે. એક સમયમાં રાગવાળી પર્યાય ને વીતરાગી પર્યાય બે હોઈ શકે નહિ.

આવી રીતે વીતરાગી નિમિત્તકારણ શોધવા જવાનો ભાવ તે મિથ્યાભાવ છે. પોતે શુદ્ધ ઉપાદાન નિરાલંબી તત્વ છે તેનો આશ્રય લેવો તે સમ્યક્ભાવ છે.

પ્રશ્ન:-વીતરાગી નિમિત્ત શોધવાની ના પાડો છો, તો શું મુમુક્ષુએ બેસી રહેવું ?

ઉત્તર:- ભાઈ! પરને કોઈ મેળવી શકતું નથી, પોતાનો જ્ઞાનસ્વભાવ શરીર, મન, વાણીથી જુદો છે. આત્મા શરીરમાં બેસતો જ નથી. પરની જે અવસ્થા થાય તેનું જ્ઞાન કરવું ને પોતાના આત્મામાં બેસવું એટલે સ્થિર થવું તે આત્માના હાથની વાત છે ને તે ધર્મ છે.

## એકાંત પરપ્રકાશક જ્ઞાન બધું મિથ્યા છે.

પ્રશ્નઃ-વીતરાગી નિમિત્તો વગેરેનું એકલું પરપ્રકાશક જ્ઞાન કરે તો શું વાંધો ?

ઉત્તરઃ-કોઈ, જીવ પોતાની આંખ બંધ રાખીને બીજાના શરીરને જુએ તો શું વાંધો છે ? એના જેવો આ પ્રશ્ન છે.

પોતાની આંખો બંધ કરીને જોનારો જીવ પોતાને જોતો નથી તેમજ બીજાને પણ જોઈ શકતો નથી, તેમ પોતે આત્મા જ્ઞાનમૂર્તિ છે તેના ભાન વિના અર્થાત્ પોતાના સ્વપ્રકાશક જ્ઞાન વિના એકલું પર-પ્રકાશક જ્ઞાન કરે તો તેનું તે જ્ઞાન પણ યથાર્થ નથી. તે જીવ સ્વપ્રકાશક જ્ઞાનનો આંધળો છે, વીતરાગી નિમિત્તને જાણવું તે તો પરપ્રકાશક જ્ઞાન છે. પોતાના આત્માને જાણવાની સ્વપ્રકાશક શક્તિ ખીલ્યા વિના—પોતાના સ્વ-પરપ્રકાશક સ્વભાવનું સામર્થ્ય જાણ્યા વિના એકાંત પરપ્રકાશક બધું મિથ્યા છે.

સમ્યગ્દ્રષ્ટિ જીવોને આત્માનું ભાન છે, તેમને સ્વ-પરપ્રકાશક જ્ઞાનશક્તિ ખીલી ગઈ છે તેથી પોતાને જાણતાં પરપદાર્થોને પોતાના જ્ઞાનમાં રહીને યથાર્થપણે જાણે છે. ‘હું પર નિમિત્તોને મેળવી શકું કે પર નિમિત્ત આવે તો મારામાં ધર્મ થશે,’ એમ જ્ઞાની માનતા નથી. સ્વતંત્ર સ્વભાવનું જ્ઞાન થતા ધર્મદશા વખતે વીતરાગી નિમિત્ત જ હોય છે, અજ્ઞાનીનું નિમિત્ત હોતું નથી. એમ પરપ્રકાશક જ્ઞાનમાં યથાર્થ ખ્યાલ કરી લ્યે છે. વ્યવહાર શાસ્ત્રોમાં બે કારણો કહ્યાં છે તેનો ખુલાસો એ છે કે સ્વને જાણતાં બીજી કઈ ચીજ એના કારણે ત્યાં ઉપસ્થિત હોય છે તે બીજી ચીજમાં <u>કારણનો ઉપચાર</u> કરી બીજી ચીજનું જ્ઞાન કરાવ્યું છે.

## આત્મા શરીર, મન, વાણીની અવસ્થાનું કારણ નથી, આત્મા માત્ર સાક્ષી છે.

ધર્મી જીવ વિચારે છે કે નિમિત્ત છે તો મારું જ્ઞાન થાય છે—એમ નથી, નિમિત્ત કારણ હોયા વિના મારુ જ્ઞાન મારાથી થાય છે. ખાવાપીવાના પદાર્થો, પૈસા વગેરે જડ સ્વતંત્ર પદાર્થો છે તેમાં ક્રિયાવતી નામની શક્તિ છે તે તેના કારણે ક્ષેત્રાંતર કરે છે. આત્મા છે તો તેની અવસ્થા થાય છે એમ હું માનતો નથી.

જ્ઞાની વિચારે છે કે જડ મનના કારણ વિના હું સ્વ-પરને જાણી રહ્યો છું. મારા જ્ઞાનમાં પર કારણ છે એમ હું માનતો નથી. શરીર, મન, વાણીનું પણ હું કારણ નથી તો પછી શરીરથી ઘણા દુર એવા બીજા પદાર્થોની અવસ્થામાં હું કારણ થાઉં એવું કદી પણ બનતું નથી તેથી તેમના કારણપણાનો પક્ષપાત છોડી હું અત્યંત જ્ઞાતાદ્રષ્ટા સાક્ષીસ્વરૂપ છું. સ્વમાં રહીને તેમની અવસ્થાને જાણવામાત્રનું કામ કરું છું.

## આત્મા શરીર, મન, વાણીનો કર્તા નથી.

ધર્મી જીવ વિચારે છે કે શરીર, મન, વાણીનો કર્તા અચેતન દ્રવ્ય છે. હું અચેતન દ્રવ્ય નથી. જડના કારણે અવસ્થા થાય છે. હું આત્મા નિમિત્ત કર્તા છું તો શરીરની ક્રિયા થાય છે એમ માનતો નથી.

અજ્ઞાની જીવ કહે છે કે ભલે શરીરની કે વાણીની અવસ્થા જડથી થાય પણ આત્મા નિમિત્ત કર્તા હોય તો થાયને ? ધર્મી જીવ વિચારે છે કે શરીરનું ચાલવું, વાણીનું નીકળવું કે ન નીકળવું તેનો કર્તા જડ છે. હું આત્મા તેનો કર્તા નથી, મૌન રહેવું કે બોલવું એ મારા આત્માને આધીન નથી. મારા આત્માના નિમિત્ત-કર્તાની અપેક્ષા રાખ્યા વિના તે જડ વસ્તુઓ પરિણમી રહી છે. શરીર અને આત્માને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઘણો ઘનિષ્ટ છે. જેમકે : શરીર ચાલતાં આત્માના પ્રદેશો પોતાના કારણે ચાલે પણ આત્મા પડ્યો ન રહે—આવો ઘનિષ્ટ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવા છતાં હું આત્મા શરીરની કોઈ પણ અવસ્થાનો કર્તા નથી તો લક્ષ્મી, મકાન, વગેરે પ્રત્યક્ષ જુદા પદાર્થોની અવસ્થાનો હું કર્તા કોઈપણ કાળે હોઈ શકું જ નહિ. તેથી અચેતન પદાર્થોના કર્તાપણાનો પક્ષપાત છોડી હું, તે પદાર્થોને માત્ર જાણવા—દેખવાનું કામ કરું છું.

## આત્મા શરીર, મન, વાણીનો પ્રયોજક નથી.

શરીર, મન, વાણીના કર્તા—પ્રયોજક તે તે અચેતન દ્રવ્યો છે. હું આત્મા તેનો પ્રયોજક નથી. મારી યોજના સિવાય તેઓ પોતાના દ્રવ્યથી કરાય છે એટલે કે તેની અવસ્થા થઈ રહી છે.

અજ્ઞાની માને છે કે યોજના સરખી હોય તો દુકાન સરખી ચાલે, આબરૂ રહે, ઘર ચાલે ને વ્યવસ્થા સરખી રહે. કસરત કરીને શરીર બળવાન બનાવી શકાય. શાસ્ત્રમાં પણ લખાણ આવે છે કે હિતમિત વચનો બોલવાં. શબ્દોના કયાં તૂટા છે કે કટુ (કડવા) શબ્દ બોલવા? વચનમાં દરિદ્રતા શું કામ કરવી ? જીવ ઈચ્છા કરે તે પ્રમાણે બોલાય છે, વગેરે પ્રકારની માન્યતા અજ્ઞાની જીવની છે.

ધર્મી જીવ વિચારે છે કે જડ પદાર્થોની વિશેષ અવસ્થા (વ્યવસ્થા) થવી તે તેના દ્રવ્યને આધીન છે. તેની યોજના માટે જડને કાંઈ બુદ્ધિની જરૂર નથી. તે પદાર્થો તેના કારણે મારા પ્રયોજકપણા વિના વિશેષ અવસ્થારૂપ થયા કરે છે. વળી, આત્મા બોલી જ શકતો નથી પછી થોડું બોલવું કે હિતમિત બોલવું તે પ્રશ્ન જ રહેતો નથી. ભાષા સમિતિના વ્યવહાર સ્વરૂપમાં નિમિત્તથી કથન આવે છે. જીવે પોતાના ભાવમાં નરમાશ ને પ્રિયતા રાખવી ને તેનો આરોપ વાણીમાં આપ્યો છે તેથી કાંઈ જીવની યોજના મુજબ અમુક ભાષા જીવ બોલી શકે છે-એમ નથી, હું ભાષા, દુકાન, ઘર બાર, શરીર વગેરે કોઈ પદાર્થોની વ્યવસ્થા કરનાર નથી કારણ તેઓ

પોતે જ મારા પ્રયોજકપણા વિના પોતાના કારણે વ્યવસ્થા પામી રહ્યાં છે. તેમના કર્તા પ્રયોજકપણાનો પક્ષપાત છોડી હું તે પદાર્થો તરફ મધ્યસ્થ છું એટલે સાક્ષી સ્વરૂપ છું.

## આત્મા શરીર, મન, વાણીનો અનુમોદક નથી.

શરીર, મન, વાણીનું કર્તા અચેતન દ્રવ્ય છે, હું આત્મા તેને અનુમોદના આપતો નથી. મારી અનુમોદના વિના તેઓ પરિણમી રહ્યાં છે.

અજ્ઞાની જીવ માને છે કે અમુક માણસ સારું બોલ્યો માટે તેને અનુમોદના આપવી જોઈએ. ધર્મીને આવી વાણી શોભે—એમ અજ્ઞાની ભાષાને અનુમોદના આપે છે.

ધર્મી વિચારે છે કે ભાષા બોલવાનો હક જ મારો નથી તો પછી મારી અનુમોદનાની શી જરૂર છે? શરીર, મન, વાણી એકેમાં મારો અધિકાર નથી. અનુમોદનાથી જડમાં કાર્ય થાય છે ને મારી અનુમોદના ન હોય, તો જડનું કાર્ય અટકી જાય છે એમ હું માનતો નથી. તેઓ મારી અનુમોદના વિના સ્વતંત્રપણે પરિણમી રહ્યાં છે તેથી તેમના કર્તાના અનુમોદકપણાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું.

અજ્ઞાની જડ આદિનો કર્તા ને કારણ પોતાને માને ભલે પણ તે જડ આદિ પદાર્થોનું કાંઈ કરી શકતો નથી, અજ્ઞાની ને અહંકાર કરે છે. આત્મા શરીર, મન, વાણીનો આધાર, કારણ, કર્તા, કરાવનાર ને અનુમોદન આપનાર નથી પણ આત્મા જ્ઞાન સ્વરૂપ છે એમ જ્ઞાન કરવું ને પરજ્ઞેય સ્વતંત્ર છે એમ જાણવું તે સમ્યક્જ્ઞાન ને ધર્મ છે.

***

# પ્રસાદ નં. ૯૮.

## પ્રવચનસાર ગાથા ૧૬૪ના પ્રવચનમાંથી.

(મહા સુદ ૫, રવિવાર)

ભાવાર્થ :–શરીરના રજકણો આત્માએ ભેગા કર્યા નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, શરીર જડ છે. શરીરના પરમાણુ ચીકાશ—લૂખાશના કારણે ભેગા થાય છે ને વિખરાય છે. આત્માનો જડ ઉપર અધિકાર નથી. પરમાણુનો પોતાનો બદલવાનો સ્વભાવ હોવાથી એક ગુણ લૂખાશમાંથી અનંતગુણ લૂખાશ થાય, એક ગુણ ચીકાશમાથી અનંતગુણ ચીકાશ થાય છે. એક અવિભાગ પ્રતિચ્છેદથી માંડીને અનંત અવિભાગ પ્રતિચ્છેદ સુધી તારતમ્યતાવાળો પોતાના પરિણામ સ્વભાવના કારણે થાય છે, કોઈ ગુણની પર્યાયમાં અંશકલ્પના કરવામાં આવતાં, તેનો જે નાનામાં નાનો ( નિરંશ ) અંશ પડે તેને તે ગુણના પર્યાયનો અવિભાગ પ્રતિચ્છેદ કહેવામાં આવે છે. બકરી કરતા ગાયના દૂધમાં અને ગાય કરતા ભેંસના દૂધમાં ચીકાશના અવિભાગ પ્રતિચ્છેદો વધારે હોય છે. ધૂળ કરતા રાખમાં અને રાખ કરતા રેતીમાં લૂખાપણાના અવિભાગ પ્રતિચ્છેદો અધિક હોય છે.

આ પ્રમાણે સ્કંધોની તારતમ્યતાનું કારણ તેના ચીકાશ—લૂખાશ ગુણો છે એમ તે જ્ઞેયોનું જ્ઞાન કરવું. ।।૧૬૪।।

હવે કેવી ચીકાશ ને લૂખાશથી પિંડરૂપ અવસ્થા થાય છે, તે કહે છે:-

### ગાથા ૧૬૫.

**હો સ્નિગ્ધ અથવા રૂક્ષ અણુ-પરિણામ, સમ વા વિષમ હો,**
**બંધાય જો ગુણદ્વય અધિક; નહિ બંધ હોય જઘન્યનો. ૧૬૫**

**અન્વયાર્થ** :–પરમાણુ-પરિણામો સ્નિગ્ધ હો કે રૂક્ષ હો, બેકી અંશવાળા હો કે એકી અંશવાળા હો, જો સમાન કરતાં બે અધિક અંશવાળા હોય તો બંધાય છે, જઘન્ય અંશવાળો બંધાતો નથી.

## પુદ્‌ગલમાં બંધનું કારણ બે અંશ અધિકપણું.

ટીકા :–સમાન કરતાં બે ગુણ અધિક ચીકણો કે લૂખો હોય તો બંધ થાય છે, તે સામાન્ય નિયમ છે; કારણ કે ચીકાશ કે લૂખાશનું બે ગુણ અધિકપણું પરિણમવામાં નિમિત્તભૂત છે, ચાર અંશ ચીકાશવાળો બે અંશ ચીકાશવાળાને ચાર અંશ ચીકાશરૂપે પરિણમવામાં નિમિત્ત છે. ત્રણ અંશ લૂખાશવાળો પાંચ અંશ પણે પરિણમવાને લાયક છે ત્યારે પાંચ અંશવાળો નિમિત્ત છે. એ પ્રમાણે બધે સમજી લેવું.

જે પરમાણમાં બે અંશ અધિક હોય તે બીજા પરમાણને બે અધિકરૂપે પરિણમાવવામાં નિમિત્ત થાય છે. એક પરમાણુના પરિણામનો કર્તા બીજો પરમાણુ નથી, નિમિત્તમાત્ર છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવ્યો છે. વળી, પરમાણુ એક અંશ લૂખાશમાંથી અનંતઅંશ લૂખાશરૂપે થઈ જાય ને અનંત અંશ લૂખાશવાળો બીજે સમયે હીણો પરિણમે ને એક અંશવાળો પણ થઈ જાય—એ પરમાણુનો પોતાનો સ્વભાવ છે. ( આત્મા પૂર્ણતાને પામ્યા પછી હીણો થાય નહિ. )

## આત્મા પુદ્ગલપિંડની અવસ્થાનો કર્તા તો નથી પરંતુ નિમિત્ત પણ નથી.

કેવળજ્ઞાની હોય, છદ્મસ્થ હોય કે અજ્ઞાની હોય, તે કોઈપણ પુદ્ગલનું કરી શકે નહિ. કેવળજ્ઞાનીનું સર્વ સામર્થ્ય પોતામાં છે, પણ તેઓ પુદ્ગલના સ્કંધમાં કાંઈ કરી શકે નહિ. જીવ શૂરવીરતા અથવા કાયરતા પોતામાં ફોરવી શકે પણ રોટલી, દાળ, ભાત, શરીર, ભાષાની અવસ્થાને જીવ કરી શકે નહિ. વળી, આત્મા નિમિત્ત હોય તો સ્કંધરૂપ અવસ્થા થાય છે, એ વાત પણ અહીં નિષેધી છે, પુદ્ગલકર્મોની સ્કંધરૂપ અવસ્થા તેની ચીકાશ-લૂખાશના કારણે છે. બે અધિક ગુણવાળો પરમાણુ બે ઓછા ગુણવાળાને પરિણમનમાં નિમિત્ત થાય છે. આત્મા સ્કંધનો કર્તા તો નથી જ પરંતુ તેમાં નિમિત્ત પણ નથી.

## એક ગુણવાળો પરમાણુ બંધનું કારણ નથી.

એક ગુણ ચીકાશ કે લૂખાશવાળો પરમાણુ સ્કંધરૂપે થતો નથી, કારણ કે એક ગુણવાળો પરમાણુ પોતે પરિણમવા યોગ્ય નથી તેમજ બીજાને પરિણમાવવામાં નિમિત્ત પણ નથી. અહીં અપવાદ શબ્દનો અર્થ એ છે કે ઉપર બતાવ્યું તેમાં બે ગુણ અધિકને બંધનું કારણ કહ્યું છે તે કથનશૈલિમાં એક ગુણવાળાને કાઢીને બે ગુણ અધિકવાળો બંધનું કારણ છે—એમ સમજવું, સિદ્ધાંતમાં અપવાદ નથી. બે ગુણ અધિકવાળો બંધનું કારણ થાય છે ને એક ગુણવાળો થતો નથી,–એ સિદ્ધાંત એક જ છે.

## પરિણમ્ય અને પરિણામક.

દશ અંશ ચીકાશવાળો બાર અંશ લૂખાશવાળા પરમાણુ સાથે બંધાઈને સ્કંધ બનતા, દશ અંશ ચીકાશવાળો પરમાણુ બારઅંશ લૂખાશરૂપે પરિણમી જાય છે; અથવા દશ અંશ ચીકાશવાળો પરમાણુ બાર અંશ ચીકાશવાળા પરમાણુ સાથે બંધાઈને સ્કંધ બનતાં, દશ અંશ ચીકાશવાળો પરમાણુ બાર અંશ ચીકાશરૂપે પરિણમી જાય છે. માટે ઓછા અંશવાળો પરમાણું પરિણમ્ય છે અને બે અધિક અંશાવાળો પરમાણુ પરિણામક છે.

એક અંશ લૂખાશ કે ચીકાશવાળો પરમાણુ પરિણામક તો નથી જ અને જઘન્યભાવમાં વર્તતો હોવાથી પરિણમ્ય પણ નથી. આ રીતે જઘન્યભાવ બંધનું કારણ નથી. પરિણમ્ય એટલે પરિણમવાયોગ્ય ને પરિણામક એટલે બીજાને પરિણમવામાં નિમિત્તભૂત. ગુણ એટલે ત્રિકાળી ગુણની વાત નથી પણ ગુણ એટલે અંશ સમજવો.

એક ગુણવાળો પરમાણુ પોતે પરિણમ્ય નથી ને બીજાને પરિણમવામાં નિમિત્તભૂત નથી, બે ગુણવાળો પરમાણુ પોતે પરિણમ્ય છે. (ચારગુણવાળાના નિમિત્તે) પણ બીજાને પરિણમવામાં નિમિત્તભૂત નથી. ત્રણ ગુણવાળો પરમાણુ પોતે પરિણમ્ય છે (પાંચગુણવાળાના નિમિત્તે) પણ બીજાને પરિણમવામાં નિમિત્તભૂત નથી, ચાર ગુણવાળો પરમાણુ પોતે છ ગુણવાળાના નિમિત્તે પરિણમ્ય છે ને બે ગુણવાળાને પરિણમવામાં નિમિત્તભૂત છે.

આવી રીતે બધે સમજી લેવું.

આ પ્રમાણે જ્ઞેયોનો સ્વભાવ છે. જ્ઞાને જ્ઞેયોના સ્વભાવને જાણ્યો છે પણ કર્યો નથી, આમ સાચુ જ્ઞાન કરે તો પરનો અંહકાર ટળે ને પોતે શાંતિ પામે. ॥૧૬૫॥

હવે પરમાણુઓને સ્કંધ થવામાં ઉપર કહ્યું તે જ કારણ છે, એમ નક્કી કરે છે:—

## ગાથા ૧૬૬.

**ચતુરંશ કો સ્નિગ્ધાણુ સહ દ્વય-અંશમય સ્નિગ્ધાણુનો:**
**પંચાંશી અણુ સહ બંધ થાય ત્રયાંશમય રૂક્ષાણુનો. ૧૬૬.**

**અન્વયાર્થ** :—સ્નિગ્ધપણે બે અંશવાળો પરમાણુ ચાર અંશવાળા સ્નિગ્ધ અથવા રૂક્ષ પરમાણુ સાથે બંધ અનુભવે છે; અથવા રૂક્ષપણે ત્રણ અંશવાળો પરમાણુ પાંચ અંશવાળા સાથે જોડાયો થકો બંધાય છે.

**ટીકા** :—આગલી ગાથામાં હેતુ કહ્યો તે મુજબ લૂખાશ ને ચીકાશના કારણે પરમાણુમાં સ્કંધરૂપ અવસ્થા થાય છે. બે અને ચાર ગુણવાળા તથા ત્રણ અને પાંચ ગુણવાળા—એવા બે ચીકણા પરમાણુઓને અથવા એવા બે લૂખા પરમાણુઓને અથવા એક લૂખો ને એક ચીકણો એવા પરમાણુઓને બંધ થાય છે.

શ્લોકનો અર્થ :- પુદ્‌ગલો 'રૂપી' અને 'અરૂપી' હોય છે.

## 'રૂપી' 'અરૂપી'ની સ્પષ્ટતા.

કોઈ એક પરમાણુની અપેક્ષાએ વિસદ્રશજાતિનો (લૂખાની સામે ચીકણો ને ચીકણાની સામે લૂખો વિસદ્રશજાતિ કહેવાય) સમાન અંશવાળો

બીજો પરમાણુ 'રૂપી' કહેવાય છે અને બાકીના બધા પરમાણુઓ તેની અપેક્ષાએ 'અરૂપી' કહેવાય છે. જેમ કે પાંચ અંશ ચીકણા પરમાણુને પાંચ અંશ લૂખો બીજો પરમાણુ રૂપી છે અને બાકીના બધા પરમાણુઓ તેના માટે 'અરૂપી' છે. આનો અર્થ એમ થયો કે વિસદ્રશજાતિના સમાન અંશવાળા પરમાણુઓ પરસ્પર 'રૂપી' છે; સદ્રશજાતિના અથવા અસમાન અંશવાળા પરમાણુઓ પરસ્પર 'અરૂપી' છે. (અહીં આત્મા અરૂપી-સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વિનાનો છે તેવો અરૂપીનો અર્થ લેવાનો નથી.)

(૧) લૂખાશવાળા પરમાણુને બીજા બધા લૂખાશવાળા પરમાણુ અરૂપી છે.

(૨) ચીકાશવાળા પરમાણુને બીજા બધા ચીકાશવાળા પરમાણુ અરૂપી છે.

(૩) લૂખાશના ને ચીકાશના અસમાન અંશવાળા પરમાણુ હોય તે પણ અરસ-પરસ બધા અરૂપી છે. જેમકે લૂખાશ ૫ અંશ ને ચીકાશ ૬ અંશ, વગેરે.

(૪) લૂખાશને ચીકાશના સમાન અંશવાળા માત્ર રૂપી છે. જેમકે ૪ અંશ લૂખાશવાળો ને ૪ અંશ ચીકાશવાળો.

જઘન્ય એક અંશવાળા પરમાણુ સિવાય એકી અંશવાળો હોય કે બેકી અંશવાળો હોય તે તેના કરતા બે અધિક અંશવાળા પરમાણુ લૂખો લૂખા સાથે, ચીકણો ચીકણા સાથે અને ચીકણો લૂખા સાથે અરસ-પરસ પિંડરૂપ થાય છે.

**ભાવાર્થ :**—બે અંશથી માંડીને અનંત અંશ ચીકાશ કે લૂખાશવાળો પરમાણુ તેનાથી બે અધિક અંશ ચીકાશ કે લૂખાશવાળા પરમાણુ સાથે બંધાઈને સ્કંધ બને છે. જેમકેઃ ૨ અંશ ચીકાશવાળો પરમાણુ ૪ અંશ ચીકાશવાળા સાથે, ૯૧ અંશ ચીકાશવાળો ૯૩ અંશ લૂખાશવાળા સાથે, ૫૩૩ અંશ લૂખાશવાળો ૫૩૫ અંશ લૂખાશવાળા સાથે, ૭૦૦૬ અંશ લૂખાશવાળો ૭૦૦૮ અંશ ચીકાશવાળા સાથે બંધાય છે. આ દાખલા પ્રમાણે બેથી માંડીને અનંત અંશો સુધી સમજવું.

## જઘન્યભાવ બંધનું કારણ નથી.

માત્ર એક અંશવાળા પરમાણુમાં જઘન્યભાવને લીધે સ્કંધરૂપ થવાની યોગ્યતા નથી તેથી એક અંશવાળો ચીકણો કે લૂખો પરમાણુ ત્રણ અંશવાળા ચીકણા કે લૂખા પરમાણુ સાથે બંધાતો નથી.

તેવી રીતે આત્મામાં સમકિત, મોહનીય, ક્રોધ, માન, માયા, લોભના છેલ્લા અંશો પોતાના બંધનું કારણ થતા નથી એટલે કે તે તે પ્રકૃતિનો નવો બંધ ( દ્રવ્યબંધ ) પડતો નથી. જેમકે; દશમે ગુણસ્થાને લોભ તે લોભ પ્રકૃતિના બંધમાં નિમિત્ત નથી.

એક અંશવાળા સિવાય બે પરમાણુઓ વચ્ચે બે અંશનો તફાવત હોય તો જ તેઓ બંધાય છે. બે કરતા વધારે કે ઓછા અંશનો તફાવત હોય તો બંધ થતો નથી. જેમકે પાંચ અંશવાળો સાત અંશવાળા સાથે બંધાય પણ આઠ અંશવાળા અથવા છ અંશવાળા સાથે બંધાય નહિ.

## પિંડોનું જ્ઞાન કરવાનું પ્રયોજન તથા ફળ.

નામું લખવાની અવસ્થા, ઠામવાસણ સાફ રહેવાની અવસ્થા, કર્મોની આવવા—જવાની અવસ્થા, શરીર, મન, વાણીના પરમાણુની અવસ્થા વગેરે બધી અવસ્થાઓ તે તે પરમાણુના લૂખાશ કે ચીકાશના કારણે બંધરૂપ અથવા છૂટા થવારૂપ થાય છે. જીવનો તેમાં બિલકુલ અધિકાર નથી. માટે પરનો અહંકાર ઉડાડી, પરજ્ઞેયોનું—સ્કંધનું જેવું છે તેવું સ્વરૂપ જાણી પોતાના આત્મામાં સમાઈ જવું – જ્ઞાતાદ્રષ્ટા થવું એ પ્રયોજન છે ને તે જ શાંતિ ને ધર્મનું કારણ છે. ।।૧૬૬।।

હવે આત્મા પુદ્ગલોના પિંડનો અકર્તા છે, એમ નક્કી કરે છે:-

**સ્કંધો પ્રદેશદ્વયાદિયુત, સ્થૂલ–સુક્ષ્મ ને સાકાર જે,**
**તે પૃથ્વી-વાયુ-તેજ-જળ પરિણામથી નિજ થાય છે. ૧૬૭**

**અન્વયાર્થ** :–સિદ્ધિપ્રદેશાદિક સ્કંધો (બેથી માંડીને અનંત પ્રદેશવાળા સ્કંધો) –કે જેઓ સુક્ષ્મ અથવા બાદર હોય છે અને આકારો સહિત હોય છે, તેઓ—પૃથ્વી, જળ, તેજ અને વાયુરૂપ પોતાના પરિણામથી થાય છે.

પાણીની વરાળ થાય, વરાળ પાછી વરસાદરૂપે થાય. તે પુદ્ગલો પોતાના પરિણામ–સ્વભાવના કારણે થયા જ કરે છે. અનંત પરમાણુ ભેગા થઈને ભાષારૂપે પરિણમે છે, બાદર શરીરરૂપે પરિણમે છે, વાદળાના જુદા જુદા આકારો થાય છે, પૃથ્વીના કટકા થાય છે, ફૂવારા ફાટે છે, વગેરે બધી અવસ્થાઓ તેની લૂખાશ-ચીકાશના કારણે થાય છે, કોઈ અજ્ઞાની જીવ તેને પરિણમાવતો નથી. આત્મા હતો માટે થયું, તે વાત તદ્દન ખોટી છે. પૃથ્વી, તેજ, આદિને ઈશ્વરે બનાવ્યા નથી, અજ્ઞાની જીવ અહંકાર કરે છે ને સંસારમાં રખડે છે. માટે સ્કંધોનું સાચું જ્ઞાન કરી આત્મા તેનો કર્તા છે જ નહિ, એમ જ્ઞાન કરવું તે શાંતિનું કારણ છે.

***